卐 તાલધ્વજ ગિરિમંડણ શ્રી સુમતિનાથાય નમઃ 卐

સ....મા.....ધિ.....સ્થ....સ્વ.....ર્ગ....ત

પૂ. સાધ્વીજી શ્રી અંજનાશ્રીજી સ્મારક

ગ્રંથમાળા નં. ૩

— શ્રી —

# રાસમાળા સંગ્રહ

ભાગ ૩ જો.

* શ્રી ચંદ્રશેખર રાજાનો રાસ *

સં....પા....દિ....કા :—

પરમ શાંતમૂર્તિ-અપ્રમત્ત સંયમમૂર્તિ-

પૂ. સા. શ્રી અંજનાશ્રીજી મ. ના શિષ્યરત્ના

પૂ. વિદુષી સાધ્વીજી શ્રી વિદ્યાશ્રીજી મહારાજ.

પ્રકાશક :—

પૂ. શ્રી શાસનકંટકોદ્ધારકસૂરિજી જૈન જ્ઞાન મંદિર.

જી. ભાવનગર, વાયા : તળાજા, મુ. ઠળીયા-૩૬૪૧૪૫

卐 રાણુપુર મંડન શ્રી શાંતિનાથાય નમઃ 卐

પૂ૦ સ...મા...ધિ...સ્થ-સ્વ...ર્ગ...ત.

સાધ્વીજી શ્રી અંજનાશ્રીજી સ્મારક

ગ્રંથમાલા નં. ૩

શ્રી

# રા....સ....મા....ળા....સં....ગ્ર....હ

# ભાગ ૩ જો

## શ્રી ચંદ્રશેખર રાજાનો રાસ

---

સં....પા....દિ....કા

પરમ શાંતમૂર્તિ-અપ્રમત્ત સંયમમૂર્તિ-પૂ. સાધ્વીજી
શ્રી અંજનાશ્રીજી મ૦ના શિષ્યરત્ના-વિદુષી-
પૂ. સાધ્વીજી શ્રી વિદ્યાશ્રીજી મહારાજ

પ્ર....કા....શ....ક અને પ્રા....પ્તિ....સ્થા....ન

પૂ૦ આ૦ શ્રી શાસનકંટકોદ્ધારકસૂરિજી જૈન જ્ઞાનમંદિર
જિ. ભાવનગર, વાયા-તલાજા મુ. ઠળીયા-૩૬૪૨૪૫

વીર સં. ૨૫૧૩ અને ૧૯૮૬ | કિંમત રૂા. ૧૧-૦૦ | વિક્રમ સં. ૨૦૪૩ કોપી ૫૦૦

# રાસ અને રાસકાર અંગે બે બોલ

શ્રી જિનેશ્વરદેવોએ મોક્ષમાર્ગ સાધક એવો સર્વવિરતિ અને દેશવિરતિ એમ બે પ્રકારે ધર્મ ઉપદેશેલ છે. તેમાં જેઓ સર્વવિરતિધર્મ સ્વીકારી શકવા અશક્તિમાન હોય છે તેવા આરાધકો માટે દેશવિરતિ ધર્મનું આરાધના અવશ્ય ઉચિત અને કરણીય છે. આ દેશવિરતિધર્મમાં પાંચ અણુવ્રત, ત્રણ ગુણવ્રત અને ચાર શિક્ષાવ્રતોનું પાલન, આત્મગુણવિકાસ તથા તેની વૃદ્ધિ તેમજ સર્વવિરતિ પ્રાપ્તિના દ્વારરૂપ છે.

આ બારવ્રત સ્વરૂપ દેશવિરતિધર્મના એકેક વ્રતના પાલનથી આત્માઓ કેવી રીતે લઘુકર્મી થઈ સંસારપારગામી થવા પામ્યા છે તે જાણવાની જિજ્ઞાસાવાળા મુમુક્ષુઓએ 'શ્રાદ્ધ દિનકૃત્ય-ધર્મસંગ્રહ-યોગશાસ્ત્ર-શ્રાવકધર્મવિધિ આદિ ગ્રંથો તથા **પૂ. શાસનકંટકોદ્ધારક ગુરૂ ભગવંત આ૦શ્રી હંસસાગરસૂરીશ્વરજી મ૦ કૃત-'શ્રાદ્ધપ્રતિક્રમણસૂત્ર-વંદિતુસૂત્રના ગુર્જર અનુવાદ ગ્રંથરત્નથી** દષ્ટાંતો જાણી લેવા.

આ બારવ્રતમાંનું છેલ્લું **અતિથિસંવિભાગવ્રત** છે. 'જેઓએ તિથિ-પર્વ-ઉત્સવો આદિનો ત્યાગ કર્યો છે તે મુનિઓ આદિને અતિથિ કહેવાય છે. તેવા ત્યાગી-તપસ્વીઓ રૂપ સુપાત્રને વિષે જે ન્યાયોપાર્જિત, પ્રાસુક (નિર્જીવ) અને એષણીય એવા આહાર-પાણી-વસ્ત્ર-પાત્ર-ઔષધ-ભેષજ આદિનું દેશ-કાળ-શ્રદ્ધા-ભક્તિ-સત્કાર-આનંદ-પ્રમોદપૂર્વક દાન આપવું તે અતિથિસંવિભાગવ્રત કહેવાય છે.

આ અતિથિસંવિભાગવ્રત આરાધક આત્માઓના અનેક દષ્ટાંતો પૈકી ચંદ્રશેખર રાજાના દષ્ટાંતની પણ નોંધ શાસ્ત્રોમાં

પરમ શાંતમૂર્તિ–અપ્રમત્ત સંયમ મૂર્તિ-

પૂર્ણ સમાધિસ્થ સ્વર્ગત–સ્થવિર

# પૂ. સાધ્વીજીશ્રી અંજનાશ્રીજી મહારાજ



જન્મ :– વિ. સં. ૧૯૬૩ના પો. શુ. ૧૩ (ત્રાપજ)

દીક્ષા :– વિ. સં. ૧૯૯૧ ના ફા. વ. ૧૩ સોમ (હળીયા)

વડીદીક્ષા :– વિ. સં. ૧૯૯૧ના વૈ. શુ. ૬ (પાલીતાણા)

સ્વર્ગવાસ :– વિ. સં. ૨૦૪૧ના અ. શુ. ૫ રવિ (તળાજા)

આવે છે. આ ચંદ્રશેખર રાજાનું અલૌકિક દૃષ્ટાંતને અને તેમાંની અવાંતરકથા=આડકથા આદિ પ્રસંગોની પૂરવણી કરવા પૂર્વક પંડિતશ્રી વીરવિજયજી મહારાજે લોકોપભોગ્યભાષામાં '**ચંદ્રશેખર નૃપરાસ**' રૂપે રચના, આજથી ૧૪૧ વર્ષ એટલે કે વિક્રમ સંવત ૧૯૦૨ના વિજયાદશમીએ કરી છે.

તપાગચ્છીય પં. વીરવિજયજી મહારાજ, આ ૨૦મી સદીના એક કવિરત્ન છે. તેઓની તત્ત્વભરપૂર કૃતિઓ આજે બીજા કવિઓની કૃતિઓ કરતાં સમાજમાં વધુ પ્રચલિત અને ભાવવાહી બનવા પામવા સાથે તત્ત્વાવબોધકારી થવા પામી છે. એવો જ તેમનો બનાવેલો આ '**ચંદ્રશેખર નૃપરાસ**' એકવાર હાથમાં આવ્યા પછી પૂર્ણ કર્યા સિવાય છોડવાનું મન થાય તેમ નથી.

## પંડિત વીરવિજયજી મ.નું જીવન વૃત્તાંત.

અમદાવાદ શાંતિદાસના પાડામાં ઘીકાંટા આગળ રહેતા જદ્રોસરનામા બ્રાહ્મણની વિજયાપત્નીની કુક્ષિથી **કેશવ** નામા પુત્રની પ્રાપ્તિ થઈ. આ પુત્રની સ્ત્રીનું નામ રલીઆત હતું. એક વખત પરગામથી ઘરે આવતા કેશવને માતાએ ઠપકો આપ્યો તેથી કેશવે નજીકના રોચકાગામે જઇ 'રાજનગર' ન જવાનો નિશ્ચય કર્યો. માતાને ખબર પડતાં ત્યાં આવી. મા-દીકરા ત્યાં રહેતાં ક્રમે માતા મૃત્યુ પામી એટલે તેનું કારજ પતાવી કેશવ, પાલીતાણે આવતાં માંદો પડયો, ગુરૂશુભવિજયે તેના રોગનો નાશ કર્યો.

ત્યારબાદ ખંભાત તરફ જતાં શુભવિજયજીએ પાનસર ગામે ખંભાતસંઘને બોલાવી સં. ૧૮૪૮ના કાર્તકમાં દીક્ષા આપી તેનું વીરવિજય નામ સ્થાપ્યું. પછી તેમણે શાસ્ત્રાભ્યાસ કર્યો. તેઓને ધીરવિજય અને ભાણુવિજય નામે બે ગુરૂભાઈઓ હતા. વીરવિજયજીએ સં. ૧૮૫૮માં સ્થૂલિભદ્રશીયલવેલ અને અષ્ટપ્રકારી પુજા રચી. પછી ગુરૂ સાથે અમદાવાદ આવ્યાં. ત્યાંથી વડોદરા આવ્યા અને ગુરૂએ યોગોદ્દહન કરાવી પંન્યાસપદ આપ્યું. સં. ૧૮૬૦ના ફાગણ શુદ ૧૨ના રોજ ગુરૂદેવ શુભવિજયજી મહારાજ સ્વર્ગવાસ પામ્યા.

ત્યારબાદ વીરવિજયજી પંન્યાસ, લીંબડી-વઢવાણ થઈ સુરત આવ્યા. ત્યા જતિઓ સાથે તિથિ અંગે શાસ્ત્રાર્થ થતાં અંગ્રેજ ન્યાયકારક ખુશ થયો અને તેણે તેઓને સુરતમાં ખુશીથી રહેવા દીધા. પછી રાજનગરમાં આવી સંઘે પૌષધશાળા કરાવી હતી તેમાં રહ્યા. સં. ૧૮૭૦માં કુમતિ (સ્થાનકવાસી)ઓ સાથે કજીઓ થયો. સરકારમાં વાત ગઇ. તે વખતે ભુજથી આણંદ-શેખરજી, ખેડેથી દલીચંદજી અને સાથે લબ્ધિવિજયજી, રાજનગર-માંના ખુશાલવિજયજી અને માનવિજયજી એ બધા ભેગા થઈ દરબારમાં (કચેરીમાં) ગયા ને ત્યાં પૂછાયેલ સવાલોના જવાબો પં. વીરવિજયે આપ્યા. ઢુંઢીયા સાધુ જેઠાઋષિ અને નરસી-ઋષિ શાસ્ત્રપ્રમાણથી પ્રતિમા અસિદ્ધિ કરી કરી ન શકયા. તેથી પરાભવિત થયાં.

અમદાવાદના ઓસવાલવંશીય શેઠ હઠીસીંઘે સં. ૧૮૯૩ના મહાવદ ૧૧ના રોજ અંજનશલાકા કરાવી. મુંબઈવાળા શાહસોદાગર મોતીશા શેઠે સિદ્ધગિરિ ઉપર ટુંક કરાવી ૫૦૦૦ પ્રતિમાની સ્થાપના કરી. અમદાવાદના હઠીસીંગ શેઠે અમદાવાદમાં મોટો જિનપ્રાસાદ કરાવવા માંડયો. પરંતુ પ્રતિમાની પ્રતિષ્ઠા કરાવતાં પહેલાં શેઠ સ્વર્ગત થયા. તેથી હરકોર શેઠાણીએ પ્રભુજીને પધરાવ્યા અને તેની અંજનશલાકા, ચરિત્રનાયક પં. વીરવિજયજી મહારાજે કરી. દીનાનાજ જોશીએ આપેલ સં. ૧૯૦૩ મહાવદ ૧૧ના મુહૂર્તે તે મંદિરમાં પ્રભુજીની પ્રતિષ્ઠા કરી. ત્યારબાદ પં. શ્રી વીરવિજયજી મહારાજ સં. ૧૯૦૮ના ભાદરવા વદી ૩ ગુરૂવારે સ્વર્ગસ્થ થયા.

આ મહાકવિ પં. શ્રી વીરવિજયજી મહારાજ, તપાગચ્છમાં ૬૦માં પટ્ટધર શ્રી વિજયદેવસૂરિજી મ૦ની પાટે (૬૧) પૂ. આ૦શ્રી સિંહસૂરિજી મ૦, (૬૨) પં. શ્રી સત્યવિજય (૬૩) પં. કર્પૂરવિ૦ (૬૪) પં. ક્ષમાવિજય (૬૫) પં. જશવિજય (૬૬) પં. શુભ-વિજયની પાટે ૬૭મા પટ્ટધર થયા હતા. તેઓની કૃતિઓની [illegible] યાદી આ પ્રમાણે છે:—

સુરસુંદરી રાસ ( સં. ૧૮૫૭ ) અષ્ટપ્રકારી પૂજા (૧૮૫૮) નેમિનાથ વિવાહલો (૧૮૬૦) શુભવેલી (૧૮૬૦) સ્થૂલભદ્રશીયલવેલ (૧૮૬૨) દશાર્ણભદ્રસજ્ઝાય ઢાળ ૫ (૧૮૬૩) વીરસ્તવન–કોણિક સામૈયું (૧૮૬૪) ત્રણ ચોમાસી દેવવંદન (૧૮૬૫) અક્ષયનિધિતપ સ્તવન (૧૮૭૧) ચોસઠ પ્રકારી પૂજા (૧૮૭૪) પીસ્તાલીશ આગમ અષ્ટપ્રકારી પૂજા (૧૮૮૧) નવાણું પ્રકારી પૂજા (૧૮૮૪) બાર વ્રતની પૂજા (૧૮૮૭) ભાયખાલા ઋષભદેવ સ્તવન (૧૮૮૮) પંચ કલ્યાણક પૂજા (૧૮૮૯) અંજનશલાકા સ્તવન ( મોતીશાનાં ઢાળીયાં ( સં. ૧૮૯૩ ) ધમ્મિલકુમાર રાસ (૧૮૯૬) હિતશિખામણ સ્વાધ્યાય (૧૮૯૮) મહાવીરના ૨૭ ભવનું સ્તવન (૧૯૦૧) ચંદ્રશેખરનૃપ રાસ (૧૯૦૨) હઠીસિંહ અંજનશલાકાનાં ઢાળીયાં (૧૯૦૩) સિદ્ધાચલગિરનાર સંઘ સ્તવન (૧૯૦૫) સંઘવણહરકુંવર સિદ્ધક્ષેત્ર સ્તવન (૧૯૦૮) તદુપરાંત સ્તવનો–સજ્ઝાયો–ગીતો–પદો વગેરે ઘણું સાહિત્ય તેઓએ નિર્માણ કરેલ છે.

આ ચંદ્રશેખર રાજાના રાસની હસ્તલિખિત પ્રતિઓ જ્ઞાન ભંડારોમાં તપાસ કરાવતાંય પ્રાપ્ત થઈ ન હોવાના કારણે સંશોધન થઈ શકેલ નથી. એટલે સવાઈભાઈ રાયચંદ તથા કેશવલાલ જેચંદભાઇએ સં. ૧૯૫૪ની સાલમાં જે મુદ્રિત કરાવેલ હતો તે જ પ્રમાણે આ પુસ્તકરત્ન, પૂ. સ્થવિર સાધ્વીરત્નશ્રી અંજનાશ્રીજી સ્મારક ગ્રંથમાળા તરફથી છપાતા ‘ રાસમાળા સંગ્રહ ’ના ત્રીજા ભાગરૂપે પ્રસિદ્ધ કરવામાં આવે છે.

પં. નરેન્દ્રસાગર, જોરાવરનગર
૨૦૪૨ ધનતેરશ–( આ. વ. ૧૩ )

---


| પ્રાપ્તિસ્થાન | મુદ્રક |
| --- | --- |
| શ્રી શાસનકંટકોદ્ધારકસૂરિજી | પ્રવીણચંદ્ર બી. શેઠ |
| જૈન જ્ઞાનમંદિર જી. ભાવનગર | શ્રી વિશાલ પ્રિન્ટરી |
| મુ. ઠળીયા ૩૬૪૧૪૫ | મુ. સોનગઢ–૩૬૪૨૫૦ |

# સહાયકોની શુભ નામાવલી

શ્રી રાસસંગ્રહ : ભા–૨ જામાં–પૂ. સા૦શ્રી વિદ્યાશ્રીજી મ૦ના ઉપદેશથી રૂા. ૧૦૩૦ અનેક સદ્‌ગૃહસ્થો તરફથી ભેટ મળ્યાની જે જાહેરાત થઈ હતી તેની શુભ નામાવલી.

રૂા. ૫૦૧, શ્રી મંજુલાબ્હેન નાગરદાસ ભાયખલા મુંબઈ
રૂા. ૧૨૫, શ્રી ખીમકોરબ્હેન નાગરદાસ મુંબઈ
રૂા. ૧૦૧, શા. રમણિકલાલ તલકચંદ હઃ મુક્તાબ્હેન મુંબઈ
રૂા. ૧૦૧, શ્રી ચંદ્રાવતીબ્હેન કાંતિલાલ પાલીતાણા
રૂા. ૧૦૧, વોરા કુસુમબ્હેન મહેન્દ્રભાઈ ભાવનગર
રૂા. ૧૦૧, શ્રી તાપીબ્હેન હરગોવનદાસ તલાજા

—૦—

'રાસસંગ્રહ ભા. ૩'માં

પૂ. સાધ્વીજી શ્રી વિદ્યાશ્રીજી મ૦ના શિષ્યા પૂ. સા. શ્રી ગુણોદયાશ્રીજી મ૦ના ઉપદેશથી–

રૂા. ૪૦૧, શ્રી દાદાસાહેબ શ્રાવિકા ઉપાશ્રયની બ્હેનો–ભાવનગર
રૂા. ૨૦૧, શ્રી હરિપુરા શ્રાવિકા ઉપાશ્રયની બ્હેનોના –સુરત
રૂા. ૧૦૧, શેઠશ્રી પન્નાલાલ લલ્લુભાઈ પટણી (દાદાસાહેબ) ભાવનગર
રૂા. ૧૦૧, શેઠશ્રી જયંતિલાલ કુંવરજી હઃ ગુણવંતીબ્હેન (દાદાસાહેબ) ભાવનગર
રૂા. ૧૦૧, વોરા છોટાલાલ મુળચંદ પરિવાર તરફથી–શ્રી મંગળાબેનના સહસ્રકુટ તપ નિમિત્તે–(દાદાસાહેબ) ભાવનગર
રૂા. ૧૦૧, સંઘવી વસંતલાલ ઠાંકરશી (શીહોરવાળા) હઃ સાંકળીબેન ભાવનગર

રૂા. ૧૦૧, શ્રી મધુકાંતાબ્હેન બકુભાઇ શેઠ ભાવનગર
રૂા. ૧૦૧, શ્રી ગજરાબ્હેન જયંતિલાલ [ શિલ્પીનગર ] ,,
રૂા. ૧૦૧, શ્રી જયાબ્હેન જયંતિલાલ [ વરલવાળા ]
દાદાસાહેબ ,,
રૂા. ૧૦૧, શ્રી શાંતાબ્હેન પોપટલાલ [ સત્યનારાયણ ] ,,
રૂા. ૧૦૧, શ્રી શારદાબ્હેન વિનુભાઇ તણુસાવાળાની–
નવપદજીની આરાધના નિમિત્તે ,,
રૂા. ૧૦૧, શ્રી અનોપબ્હેન ડાયાલાલભાઇ [ તણુસાવાળા ] ,,
રૂા. ૧૦૧, શ્રી મધુબ્હેન નગીનદાસ [ વાસણુવાળા ] ,,
રૂા. ૧૦૧, શ્રી હસુબ્હેન રમણિકલાલની નવપદજીની
આરાધના નિમિત્તે હઃ પુનીબ્હેન–પુષ્પંવાળા ,,
રૂા. ૧૦૧, શ્રી કમળાબ્હેન મોહનલાલ [ ત્રાપજવાળા ] ,,
રૂા- ૧૦૧, સ્વ. કમળાબ્હેન પોપટલાલ વોરાના સ્મરણાર્થે
હઃ કુસુમતી પોપટલાલ ,,
રૂા. ૧૦૧, શા. ફુલચંદ લાલજીભાઈ તરફથી શ્રી લીલા-
વંતીબ્હેનના સ્મરણાર્થે– જામનગર

---

રૂા. ૧૨૦૦, પૂ. પં. શ્રી નરેન્દ્રસાગરજી મ૦ના ઉપદેશથી શ્રી
જૈન સંઘ તરફથી કાગળના રીમના જોરાવરનગર
રૂા. ૫૦૧–સ્વ. પૂ. સા૦શ્રી સુરપ્રભાશ્રીજી મ૦ના શિષ્યા પૂ. સા૦શ્રી
રત્નત્રયાશ્રીજી મ૦ના ઉપદેશથી–શ્રી સાંકળી બાઈ જૈન
ઉપાશ્રયની બ્હેનોના જ્ઞાન ખાતેથી રાણુપુર
રૂા. ૫૦૧–પૂ. સા૦શ્રી રૈવતીશ્રીજી મ૦ના શિષ્યા પૂ. સા૦શ્રી
શમગુણાશ્રીજી મ૦ના ઉપદેશથી–અઠવા લાઇન્સ
જૈન સંઘ સુરત
રૂા. ૫૦૧–પૂ. સા૦શ્રી મલયાશ્રીજી મ૦ના શિષ્યા પૂ. સા૦શ્રી
હિતજ્ઞાશ્રીજી મ૦ના ઉપદેશથી–દરવાજાનો ખાંચો જૈન
સંઘ અમદાવાદ
રૂા. ૫૦૦–પૂ. સા૦શ્રી કીર્તિશ્રીજી મ૦ના શિષ્યા–પ્રશિષ્યા–પૂ.
સા૦શ્રી રાજીમતીશ્રીજી મ૦ પૂ. સા૦શ્રી લબ્ધિમતીશ્રીજી

મ૦, પૂ. સા.શ્રી મુક્તિમતિશ્રીજી મ૦, પૂ. સા. શ્રી મતિધરાશ્રીજી મ૦ તથા પૂ સા૦શ્રીશ્રુતધરાશ્રીજી મ૦ના ઉપદેશથી જૈન સંઘ ટાણા

રૂા. ૩૨૧–પૂ. સા૦શ્રી નિરૂજાશ્રીજી મ૦ના ઉપદેશથી–મોતી સુખીયાની ધર્મશાળાના આરાધક બ્હેનો પાલીતાણા

રૂા. ૩૦૦–પૂ. સા૦શ્રી પ્રવીણશ્રીજી મ૦ના ઉપદેશથી કૃષ્ણનગરની શ્રાવિકાબેનો અમદાવાદ

રૂા. ૨૫૧–સ્વ. પૂ. સા૦શ્રી સરસ્વતીશ્રીજી મ૦ના શિષ્યા પૂ. સા.શ્રી સદ્‌ગુણાશ્રીજી મ૦ના ઉપદેશથી એક સદ્‌ગૃહસ્થ પાટણ

રૂા. ૨૫૧–પૂ. સા૦શ્રી રાજેન્દ્રશ્રીજી મ૦ના શિષ્યા પૂ. સા.શ્રી લક્ષજ્ઞાશ્રીજી મ૦ના ઉપદેશથી–જૈન સંઘ ગારીયાધાર

રૂા. ૨૫૧–પૂ. સા૦શ્રી ચંદ્રોદયાશ્રીજી મ૦ (પંજાબી)ના ઉપદેશથી શ્રાવિકાસંઘની બ્હેનો થાણા (મુંબઈ)

રૂા. ૨૫૦–પૂ. સા૦શ્રી સુતારાશ્રીજી મ૦; પૂ. સા૦શ્રી કૈવલ્યશ્રીજી મ૦, પૂ. સા. ચારૂશીલાશ્રીજી મ૦, પૂ. સા.શ્રી અમિતગુણાશ્રીજી મ૦ તથા પૂ. સા૦શ્રી અમિતાશ્રીજી મ૦ના ઉપદેશથી–શ્રી જૈન સંઘ ખેડા

રૂા. ૨૦૦–પૂ. સા૦શ્રી વિનીતયશાશ્રીજી મ૦ના ઉપદેશથી–દાદાસાહેબની જૈન શ્રાવિકા બ્હેનો ભાવનગર

રૂા. ૧૦૧–પૂ. સા૦શ્રી આત્મપ્રભાશ્રીજી મ૦ના ઉપદેશથી–વડવા શ્રાવિકા સંઘ ભાવનગર

રૂા. ૧૦૧–પૂ. સા૦શ્રી વિપુલયશાશ્રીજી મ૦ના શિષ્યાઓ પૂ. સા૦શ્રી અભિજ્ઞાશ્રીજી મ૦ તથા પૂ. સા૦શ્રી આર્યવૃતાશ્રીજી મ૦ના સિદ્ધિતપ નિમિત્તે–મોટા ફળીયા. રળીયાતબાઈના ઉપાશ્રયની બ્હેનોના જ્ઞાનખાતેથી ભાવનગર

# પ્રકાશકીય નિવેદન

પૂ. સાધુ સંતો મહંતો સતા અને સતીઓ આદિનાં પુણ્ય જીવન વૃત્તાંતોને. આપણા ગ્રંથકારોએ વિદ્વદ્ભોગ્ય એવી ગીર્વાણ ભાષામાં કાવ્યો તથા ચરિત્રાદિરૂપે ગ્રંથીને અમરત્વ સમર્પેલ છે. પરંતુ સમાજના બધાજ જીવો સંસ્કૃત-પ્રાકૃતભાષાના જાણ હોઇ શકે જ નહિ. આથી તેવા અનભિજ્ઞ આત્માઓ પણ તે પુણ્ય-પુરૂષોનાં ઉજવલ અને આદર્શ જીવનચરિત્રોને સહેલાઇથી અવગાહી શકે, ગાઈ શકે, ગવરાવી શકે, અને શ્રોતાઓને પણ આનંદી શકે તે માટે ચાલુ ગુજરાતી ગેયભાષામાં વિક્રમની ૧૫મીથી વીશમી શતાબ્દિ સુધીમાં થયેલા આપણા પૂજ્ય ગુરૂભગવંતોએ રાસ-ચોપાઈ-લાવણી-છંદ-વિવાહ્લા આદિ વિવિધરૂપે સાહિત્ય નિર્માણ કરીને આપણા ઉપર મહાન્ ઉપકાર કરેલ છે.

આ લોકોપભોગ્ય વિશાળ સાહિત્યસર્જનમાંથી થોડું ઘણું જ સાહિત્ય પ્રસિદ્ધ થવા પામ્યું છે. અને ઘણું ખરૂં તો હજું અપ્રકટ જ રહેલ છે! પ્રકટ થયેલ સાહિત્યમાંનો જાજો ભાગ, શ્રાદ્ધરત્ન ભીમશી માણેકે પ્રાપ્ત પ્રતોના આધારે યથામતિ સંશોધન કરીને પહેલ વહેલાં પ્રસિદ્ધ કરેલ. તેવીજ રીતે પૂજ્ય આગમોદ્ધારક આ૦શ્રી આનંદસાગરસૂરીશ્વરજી મ૦શ્રી સ્થાપિત **શ્રી દેવચંદ લાલભાઈ જૈન પુસ્તકોદ્ધાર ફંડ સુરત**, પં. જિનવિજયજી, વોરા લલ્લુભાઇ મોતીચંદ શાહ આદિ દ્વારા પણ જુદું જુદું સાહિત્ય પ્રસિદ્ધ થવા પામેલ છે.

આ બધું પ્રસિદ્ધ થયેલ સાહિત્ય આજે મળવું પણ દુર્લભ થયેલ છે. અને જે છે તે પણ જીર્ણપ્રાયઃ પરિસ્થિતિમાં છે. આથી તેના ઉદ્ધારની જરૂર હતી જ તેવામાં નવામતી પૂ. આ૦શ્રી વિજયજિનેન્દ્રસૂરિજી મ૦શ્રીએ પોતાની "હર્ષપુષ્પામૃત જૈન ગ્રંથમાલા" તરફથી સંશોધન કરવાપૂર્વક નવી આવૃત્તિરૂપે થોડા ઘણાં રાસાં બહાર પાડયાં છે, જે પ્રશંસનીય છે.

'તો પછી તમો, તેનું તે સાહિત્ય કેમ ફરી છપાવો છો?' તેવી થતી આશંકા અંગે જણાવવું જરૂરી છે કે "પૂ. દીર્ઘ ચારિત્રી, સુગૃહીત નામધેયા, પૂર્ણસમાધિસ્થ સ્વર્ગતા એવા "પૂ. સાધ્વીજી શ્રી અંજનાશ્રીજી સ્મારક ગ્રંથમાલા" તરફથી પ્રકાશિત થતા 'રાસમાલા સંગ્રહ' અંગેના આ પ્રાચીન સાહિત્યનું કાર્ય એવી વિશિષ્ટ કોટીનું છે કે તે મુદ્રિત અને અમુદ્રિત રાસાઓને પ્રાપ્ય હસ્તલિખિત પ્રતિઓ સાથે મેળવી તેમાંનાં ઉપયોગી પાઠોને મુદ્રિત અનુપયોગી પાઠોને સ્થાને જ દાખલ કરીને, બીજા પાઠાંતરોને તથા કઠીન અર્થોને ફુટનોટમાં આપવાપૂર્વક તેમજ શકય તેટલું શુદ્ધ બનાવવા પૂર્વક અતિ પરિશ્રમે તૈયાર થતો આ રસથાળ પૂ. પ્રવ. શ્રી મુનીન્દ્રસાગરજી મ૦ તથા પૂ. પં. શ્રી નરેન્દ્રસાગરજી મ૦ આદિ પૂજ્યો તરફથી પીરસાય છે." જેથી આજસુધીની છપાયેલી અને અત્યારે છપાતી એવી આવૃત્તિઓમાં 'સુસાધ્વીજી શ્રી અંજનાશ્રીજી સ્મારક ગ્રંથમાલા'નું પ્રકાશન સહુથી આગવું સ્થાન ભોગવશે તેનું અમો ગૌરવ લઇએ છીએ.

# દીર્ઘચારિત્રી–શાંતમૂર્તિ–સ્થવિર પૂ. સુસાધ્વીજી
# શ્રી અંજનાશ્રીજી મહારાજની
# જીવન–સુવાસ

ભાવનગર જિલ્લાના ત્રાપજ નામે ગામના વારૈયા કુટુંબમાં વિ. સં. ૧૯૩૬ના પોષ શુદિ ૧૩ના શુભદિને તેમનો જન્મ થયેલ. તેમના પિતાશ્રીનું શુભનામ વારૈયા કલ્યાણજી દયાળભાઇ અને માતુશ્રીનું નામ હેમીબેન હતું. ચરિત્રનાયિકાનું નામ **અનુપમા** (અનોપ) રાખવામાં આવેલ. બાલ્યાવસ્થામાં પાંચ ચોપડીનો અભ્યાસ કરેલ; પરંતુ માતાપિતાના ધર્મસંસ્કારો તો ગળથુથીમાંથી જ સારા મળવા પામેલ હતા.

ક્રમે યૌવનાવસ્થાને પામેલી પોતાની પુત્રીની સગાઇ ધર્મનિષ્ઠ પિતાએ ધર્મીષ્ઠ કુટુંબ તરીકે પ્રખ્યાત એવા ઠળીયા નિવાસી દીપચંદ જેરાજભાઈના સુપુત્ર શા. હઠીચંદભાઈની સાથે કરી બોલ બોલેલ. આ વાતની મુંબઈ રહેલા ધર્મનિષ્ઠ શ્રીયુત હઠીચંદભાઇને ખબર પડતાં પોતાના ભાવિ સસરાને જણાવી દીધેલ કે—'મારી સંયમ લેવાની ભાવના હોવાથી હું રાજીખુશીથી કહું છું કે—આ સગાઇ ફોક કરશો.'

જેના જવાબમાં ધર્મરંગે રંગાયેલા વારૈયા કલ્યાણજીભાઇએ પણ જણાવી દીધું કે—'દીકરી એકવાર દેવાય અને મારી દીકરી અનુપમાના બોલ તમારી સાથે બોલાઈ ગયા છે તે ફોક નહિ

થાય. માટે એક વખત દીકરીનો હાથ ઝાલી લ્યો પછી તમારે જ્યારે ચારિત્ર લેવું હોય ત્યારે ખુશીથી લેશો.'

આમ પરિસ્થિતિ ઉભી થતાં સં. ૧૯૭૮માં તેઓના લગ્ન થયાં અને સં. ૧૯૮૪ સુધીના સંસારવાસમાં પરમાનંદ તથા મનસુખ નામે બે પુત્ર અને વિમલા નામે એક પુત્રીની પ્રાપ્તિ થયેલી. તેમાં નાના ચાલાક પુત્રનું અચાનક અવસાન થતાં હઠીચંદભાઈનો વૈરાગ્ય વધુ તીવ્ર બન્યો, અને તેથી સહધર્મચારિણી અનુપમાનું સ્નેહબંધન ઢીલું પાડવા માટે હંમેશા સંસારની અસારતા તથા ત્યાગ વૈરાગ્યની વાતો સમજાવવા માંડી. પરિણામે છ વરસના ટુંકા લગ્ન ગાળામાં દંપતિએ ચતુર્થવ્રત પણ ઉચ્ચરી લીધેલ. તેમજ સગાંસંબંધીઓનાં પણ પ્રેમબંધનને ઢીલું પાડવા અને ભવિષ્યમાં ચારિત્રમાર્ગમાં પોતાના આત્માની વધુ સ્થિરતા થાય તે માટે બધી ઈન્દ્રિયોમાં બળવાન એવી રસના ઈન્દ્રિય ઉપર કાબુ મેળવવા છ એ વિગઈઓનો પોતે ત્યાગ કર્યો !

પોતાના સ્વામીને રંગ-રાગ અને મોજશોખને બદલે ત્યાગ-વૈરાગ્યમાં ઝુલતાં જોઈને અનુપમાએ પણ ઉગતી યૌવનાવસ્થામાં પોતાની વાસનાઓ અને મોજશોખો ઉપર નિયંત્રણ મૂકી દીધું ! એટલું જ નહિ પરંતુ પોતાના બાળ-બચ્ચાંઓ સાથે પોતે પણ વૈરાગ્ય-ભાવમાં આવી ગયાં ! તે એટલે સુધી કે-પોતાનો સ્વામી, સં. ૧૯૮૭ના કારતક વદ ત્રીજના શુભદિને મુંબઈમાં દીક્ષા ગ્રહણ કરવા ઘરેથી પ્રયાણ કરે છે ત્યારે આ આદર્શનારી અનુપમાએ વ્હાલસોયી દીકરી વિમળાના હાથે સ્વામીના ભાલે કુંકુમનું તિલક કરાવીને પોતાના જ હાથથી રૂા. ૧૦૧ અને શ્રીફળ સ્વામીના હાથમાં મૂકી સંયમમાર્ગની અનુમતિ આપી !

ત્યારબાદ નાની કુમળીવયની એટલે ૧૧ વર્ષની પુત્રી વિમળા અને ૮ વર્ષથી વયનાં પુત્ર પરમાણુંદની સાથે સં. ૧૯૯૧ના ફાગણુ વદ ૧૩ને સોમવારના રોજ પોતાના સાસરીયાં-ઠળીઆ ગામમાં પોતાના જ સ્વામીના હાથે પ્રવજ્યા અંગીકાર કરીને

સાધ્વીજીશ્રી અંજનાશ્રીજી મ૦, સાધ્વીજીશ્રી વિદ્યાશ્રીજી તથા મુનિ શ્રી નરેન્દ્રસાગરજી નામે જગવિખ્યાત બન્યા.

ચારિત્ર સ્વીકાર્યા બાદ જેમ બને તેમ વધુ નિર્મળતા થાય તેમ શક્તિ અનુસાર તપ–ત્યાગ–સ્વાધ્યાય–સાધુ આચારોનું દત્તચિત્તે પાલન તેમજ વિષય કષાયથી અલિપ્ત રહેવાનું શીખ. તેમના પરિચયમાં આવેલા કોઈને પણ પૂછો તો એક જ અવાજ સાંભળવા મળશે કે–' જ્યારે જાઓ અને જૂઓ ત્યારે સાધ્વીજી શ્રી અંજનાશ્રીજી મહારાજ, પ્રસન્નચિત્ત અને પોતાની આત્મ-સાધનામાં જ મગ્ન,

આવાં સંયમી જીવનમાં માસખમણ, ૧૬–૧૫–૧૧–૮ ઉપ-વાસની તપસ્યા, વીશસ્થાનકની આરાધના, નવપદજીની નવેય ઓળી, પર અજવાળા, પર્વતિથિ આરાધના, રતનપાવડીના છઠ્ઠ–અઠ્ઠમ આદિ વિવિધ તપશ્ચર્યાઓ કરેલ છે. છેલ્લાં ચાર–પાંચ વર્ષથી પગનાં બબ્બે વખતનાં ફ્રેકચરનાં કારણે તેમજ નવ વર્ષથી લાગુ થયેલા કેન્સરની અસહ્ય પીડાને કારણે સંથારાવશ હોવા છતાંય જ્યારે જુઓ ત્યારે પ્રસન્નમુખ મુદ્રા ! તેઓશ્રીને શાતા પૂછવા આવનારા પૂ. આચાર્યવર્યો, સાધુઓ કે સાધ્વીજીઓને પણ છેવટની ઘડી સુધી કેન્સર રોગની જાણ થવા પામી ન હતી ! આવી તેમની સહનશક્તિ અને સમભાવ હતો !!

આવા પુણ્યશાળી ચરિત્રનાયિકા સાધ્વીજી મહારાજને છેલ્લાં ૧ા મહિનામાં તો કેન્સરના રોગે જોર પકડયું ! ક્ષણ પણ બેસી ન શકાય તેવી પરિસ્થિતિ હોવા છતાં તલાજા શ્રી સંઘની વિનંતિથી પોતાના વિશાળ સાધ્વીજી સમુદાયને લઈને ૨૦૪૧ના જેઠ વદી ૧૦ના રોજ પૂ. ગુરૂદેવો સાથે વાજતે ગાજતે ચાતુર્માસ માટેના પ્રવેશમાં લગભગ કલાક ડોળીમાં બેસીને શહેરમાં કર્યો. પ્રવેશ બાદ ડોકટરની સતત ટ્રીટમેન્ટ ચાલુ હોવા છતાંય દર્દ જરાય શાંત ન થતાં દિન પ્રતિદિન ગંભીરરૂપ પકડતું ગયું. તેની અસહ્ય વેદનામાંય તલાજા શ્રીસંઘે તેઓશ્રીની ગજબની સહનશીલતા અને સમતાભાવ નજરે નીહાળેલ છે.

જીવનયાત્રાના અંતિમ દિવસે એટલે કે અશાડ સુદિ ૫ને રવિવારે સવારે ૧૦ાા વાગે તો પોતાની લાડકવાયી પુત્રી-સાધ્વીજી શ્રી વિદ્યાશ્રીજીને હાથ પકડીને-' વિદ્યા! હવે હું જાઉં છું, તને અને સાધ્વીને મારો 'મિચ્છામિ દુક્કડં' એમ સ્પષ્ટ જણાવેલ, અને ત્યારબાદ ચરિત્રનાયિકા પૂ. બા મહારાજના ભત્રીજા અને પુત્રમુનિ આવતાં બંનેને ઓળખીને પુત્રમુનિને કહે છે કે—મને 'ધારણા પચ્ચક્ખાણ કરાવ.' આથી સમય પીછાણીને પુત્રે 'સંથારો-દવા અને પ્રવાહી' સિવાયના સર્વના પચ્ચક્ખાણ કરાવી આરાધના ચાલુ કરાવી હતી.

આ આરાધના પ્રસન્નચિત્તે સાંભળતાં હતા અને ખમાવવાના સ્થાનોને શારીરિક શક્તિ ન હોવા છતાંય આત્મબળે હાથ ભેગા કરી માથે અડાડવા પૂર્વક "મિચ્છામિ દુક્કડમ્" દઇ ખમાવતા તેમજ પાપસ્થાનકોને, આલોચના સ્થાનકોને વોસીરાવતા જતાં હતાં-આ અવસરે આરાધનાકારક શિષ્યાઓનું ગળું સ્નેહ તથા પ્રેમવશે રૂંધાતું તો તુરત જ અંતિમ અવસ્થાની ઘડીઓ ગણાઇ રહી હોવા છતાં સજાગ એવા તેઓશ્રી મક્કમ થઇને 'કેમ બોલતાં અટકયાં? ચાલુ રાખો' એમ પ્રેરણા આપી આપીને ૨ાા કલાકની ચાલુ સતત આરાધનામાં ચતુર્વિધ શ્રીસંઘે આપેલ વ્રત-તપ-જપ -ત્યાગ-યાત્રા-સ્વાધ્યાય આદિની અનુમોદના કરતાં કરતાં અપૂર્વ સમાધિમય દશામાં દીર્ઘચારિત્રી-સ્થવિર અને "પૂજ્ય બા મહારાજ"ના લાડીલા નામે પ્રખ્યાતિ પામેલા સુસાધ્વીજીશ્રી અંજનાશ્રીજી મ૦શ્રીને નિર્મળ આત્મા બપોરે ૧-૫૫ મીનીટે નશ્વર દેહને ત્યાગ કરી સ્વર્ગે સીધાવ્યો!

દશ જ દિવસની સ્થિરતા દરમ્યાનમાં તળાજા શ્રીસંઘે તથા તીર્થકમિટિએ ખડે પગે સેવાને લાભ ઉઠાવ્યો. એટલું જ નહિ પણ એક મહાન્ આચાર્ય મ૦ની પાલખી નીકળતી હોય તેવી રીતે પાલખી સાથેની સ્મશાનયાત્રામાં ૧૫૦૦ થી ૧૭૦૦ ભાઇ બ્હેનો જોડાયેલ. ચરિત્રનાયિકા પૂ. ગુરૂણીજીના સ્વર્ગવાસના

સમાચાર ફોનથી મળી જતાં ભાવનગર-પાલીતાણા-ઠળીયા-ત્રાપજ -તણુસા - દેવળીયા - સોનગઢ - દાઠા - મહુવા - પીપરલા - પાવઠી - કામરોળ વગેરે ગામોના ભાઇ બ્હેનો પણ સમયસર સ્મશાન-યાત્રામાં જોડાવા પામ્યા હતા.

આમ પચાસ વર્ષના દીર્ઘ સંયમપર્યાયવાળા પ્રાતઃસ્મરણીયા એવા પૂ. બા મહારાજના સ્વર્ગવાસ પછી તલાજા શ્રીસંઘે પદ્માવતી પૂજન તથા શાંતિસ્નાત્ર સહિતનો અષ્ટાહ્નિકા મહોત્સવ કરેલ અને તે અવસરે જીવદયાની છૂટે મને થયેલી ટીપમાંથી પૂ. બા. મ૦ની સ્વર્ગવાસની કાયમી તિથિ નિમિત્તે રૂા. ૧૦૦૧, છાપરીઆળી પાંજરાપોળમાં, ૫૦૧, સમઢીયાળા પાંજરાપોળમાં, ૫૦૧, પાલીતાણા પાંજરાપોળમાં, રૂા. ૧૦૭૧) તલાજા સંઘમાં તેમજ રૂા. ૧૦૦૧) પૂ. આ૦ દેવશ્રી હંસસાગરસૂરીશ્વરજી મ૦ની સ્વર્ગારોહણ તિથિની કાયમીતિથિ તરીકે છાપરીઆળી પાંજરાપોળમાં ભરાવેલ. તેવી જ રીતે જોરાવરનગરના શ્રીસંઘે પણ લખતર પાંજરાપોળમાં પૂ. બા. મ૦ની કાયમી તિથિ નોંધાવીતે પૂ. બા. મહારાજશ્રી પ્રતિના અંતરંગ ભક્તિભાવનાનું ચિત્ર ખડું કરેલ.

દીર્ઘસંયમી, શાંતિમૂર્ત્તિ, ચારિત્ર, પરાયણા, પ્રાતઃસ્મરણીયા પૂ. ગુરૂણીજી મ૦નું નામ અમર રાખવાના ઉદ્દેશથી પૂ. સાધ્વીજી શ્રી અંજનાશ્રીજી સ્મારક ગ્રંથમાળા ચાલુ કરીને તેનાં મણકાઓ રૂપે પુર્વ મહર્ષિઓનાં રચેલા અને હાલ અપ્રાપ્ય બનેલા એવા મુદ્રિત અને અમુદ્રિત પ્રાચીન રાસાઓનં પ્રકાશન કરવાનું અમારી સંસ્થાઓ નિર્ધારેલ છે. આવા અમારા ભવોદધિ તારક અને સંયમરક્ષા માટે અજોડ પગશ ધરાવનારા પૂ. ગુરૂણીજી શ્રી અંજનાશ્રીજી મહારાજશ્રીને અમારા કોટિ કોટિ વંદના.

લી.

આપના વિરહથી તરફડતી
આપની બાલ શિષ્યાઓ.



પંડિત શ્રી વીરવિજયજી વિરચિત-

# શ્રી ચંદ્રશેખર રાજાનો રાસ.

तत्र प्रथम मंगलाचरणम् (द्रुतविलंबितवृत्तता)

चतुरचित्तसरोजविकासकं, जनिजरामरणोद्भवनाशकम् ॥
अखिलविश्वविलोकनभास्करं, जयकरं प्रणमामि जिनेश्वरम् ॥१॥

परममंत्रमिमं स्मरणे नयत्, श्रुतमहोदधिपारगतोऽस्म्यहम् ॥
प्रतिदिनं प्रव्रजामि जयावहं, शुचितरं शुभवैजयनामकम् ॥२॥

जयति मे जननी विजयाभिधा, हृदयपद्मसुपद्मनिसंस्थिता ॥
गहनशास्त्रपथं विकटं मया, झटिति लंघितवानिव बान्धवत् ॥३॥

विधिसुतामभिनम्य सरस्वतीं, विबुधवृंदसदेष्ट विधायिनी ॥
रसिकशेखरबंधकथामिमां, विरचयामि महोदयहेतवे ॥४॥

॥ दुहा ॥

શ્રી શંખેશ્વર પાસજી, નામથી વિઘ્ન પલાય ॥
પ્રિયમેલક પરમેશ્વરૂ, નમી પદ્માવતી માય ॥૧॥

ઇષ્ટદેવ સમરણ કરી, વ્રત ફળનો અધિકાર ॥
જિમ શ્રુતસાગરે વર્ણવ્યો, તિમ કહું પર ઉપકાર ॥૨॥

કોસંબીપુરિ પરિસરે, સમવસર્યા જિન વીર ॥
રત્નગઢે દીયે દેશના, ધ્વનિ જલધર ગંભીર ॥૩॥

દુવિધ ધર્મ શિવસાધને, સર્વવિરતિ અણગાર ॥
દેશવિરતિ સુખપંથ છે, શ્રાવકનાં વ્રત બાર ॥૪॥

અતિથિ વિભાગ ચરમવ્રતે, દીયે શ્રાવક મુનિદાન ॥
ઉચિતાદિક બહુ ભેદમાં, અભય-સુપાત્ર પ્રધાન ॥૫॥

આશંસાદિ રહિત થકો, વિકસિત રોમ વદન ॥
ભક્તિવશે મુનિદાનથી, પરભવ સુખ સંપન્ન ॥૬॥
ન્યાયોપાર્જિત ધન થકી, અશન વસન અણગાર ॥
સુરસુખ ભોગવી તે નરા, શિવસુંદરી ભરતાર ॥૭॥
શાલિભદ્ર આદિક ઘણાં, તરીયાં ધણુ સંસાર ॥
વળી અચરિજચરિતે હુવાં, ચંદ્રશેખર નૃપ સાર ॥૮॥
પ્રેમ પૂછે પર્ષદા, તે કોણ રાજકુમાર ॥
જગતગુરૂ નવ ઉપદિસે, સુંદર તસ અધિકાર ॥૯॥

## ॥ ઢાળ પહેલી ॥

॥ રસીયાની દેશી. પ્રણમી પાર્શ્વજિનેશ્વર....

સયલ દ્વીપ સાગર વલયાકૃતિ, પરિકર જાણું વિશાલ-સલૂણા; જંબૂદ્વીપ જગતી ચઉદ્વારશું, સમવૃત્ત સોવનં થાલ-સલૂણા ॥૧॥ વીર વચન અમૃતરસ પીજીએ....એ આંકણી. રીજીએ ગુણિને રે નામ-સ૦; દ્વીપ [1]જહાજ સ્થિર નાંગર નાંખીને, રહ્યો ગુણીજન વિશ્રામ-સ૦ વીર૦ ॥૨॥ જલધિ લવણ વચાલે એ રહે, [2]કંચનગિરિ સ્થ ભકૂપ-સ૦; ચૂલા ચઉમુખ ચૈત્યે ચિત્ત-હરા, જુએ જગતનાં રૂપ-સ૦ વીર૦ ॥૩॥ [3]જયોતિષ-ચક્રપતિ સમકિતધરા, નિત્યપ્રદક્ષિણા દેત સ૦; આશા મ્હોટીએ ઉદ્યમ કરે, કોઈ દિન વિરતિને હેત-સ૦ વીર૦ ॥૪॥ સાત ક્ષેત્ર તિહાં ત્રણ ધર્મનાં, અવર યુગલનાં રે ઠામ-સ૦; ધર્મરાગી ભદ્રિક નર નારીઓ, સ્વર્ગ જતાં વિશ્રામ-સ૦ વીર૦ ॥૫॥ તિહાં આ દક્ષિણભરત મનોહરૂ, કાશી દેશ સુઠામ-સ૦; વારણ અસિ દો નદીય વચ્ચે વસી, વારાણસી પુરી નામ-સ૦

૧ વહાણ ૨ મેરૂ ૩ સૂર્ય-ચંદ્ર

વીર૦ ॥૬॥ ધનવંતા વ્યવહારી વસે ઘણા, શિલ્પીનો નહિં પાર-સ૦; દાની ભોગી વિવેકી વરનરા, સુખીયાં વર્ણ અઢાર-સ૦ વીર૦ ॥૭॥ સ્વર્ગવિમાન જ્યું મંદિર માળીયાં, દેવે રીસાવી રે નાર-સ૦, પુરશોભા યોગ્ય તે તે સર્જી, અપ્સરાના અવતાર-સ૦ વીર૦ ॥૮॥ ઝાઝવટીયો વાદ કરે ઘણાં, વાણિજ્ય અડસય જોડી સ૦; દેશવિદેશી ક્રય વિક્રય કરે, લાભ લહે લખ કોડી સ૦ વીર૦ ॥૯॥ વેશ્યા વિનયવતી વસતી ઘણી, સુંદર મંદિર ચિત્રામ-સ૦; ઈભ્યઘરે રથ હાથી ઝૂલતા, જિન-મંદિર સુરધામ-સ૦ વીર૦ ॥૧૦॥ મઠ બહુલાં વિદ્યા-ભ્યાસનાં, વળી વસતિનાં રે ગામ-સ૦; શોભા કેતિક કહું એ નયરની, તિલ પડવા નહિં ઠામ-સ૦ વીર૦ ॥૧૧॥ પાસે દેવનદી ગંગા વહે, માને સુરનર સર્વ-સ૦; જિહાં મુનિવર બહુલાં મુક્તે ગયા, માનું પુણ્યનું પર્વ-સ૦ વીર૦ ॥૧૨॥ મહસેન નામે રાજા રાજતો, હય ગજ સૈન્ય સામ્રાજ્ય-સ૦; ચોર [1]પિશુન શત્રુ [2]તિમિ-રને રવિ, ન્યાયે પાલે રે રાજ્ય-સ૦ વીર૦ ॥૧૩॥ રત્નવતી નામે પટ્ટરાણી છે, શીયલે સતીમાં રે ખ્યાત સ૦; રૂપે [3]રતિપતિ પ્રેમરસે ભરી, બીજી રાણી રે સાત સ૦ વીર૦ ॥૧૪॥ એક દિન પટ્ટરાણી રયણી સમે, સ્વપ્ને પૂનમચંદ્ર-સ૦; દેખી જાગી ગુણ જિન ગાવતી, મૌક્તિક શૌક્તિકાનંદ-સ૦ વીર૦ ॥૧૫॥ ધર્મ કરંતી ગર્ભને નિર્વહે, સંઘવત્સલ નિત્યમેવ-સ૦; ભક્તિભરે ગુરૂ ઘર પધરાવતી, પૂજંતી ગુરૂદેવ-સ૦ વીર૦ ॥૧૬॥ જીવ અમારપટહ વજડાવતી, વન જલ ક્રીડાએ રમંત-સ૦; ઉત્તમગર્ભે માયને ઉપજે, દોહલાં રાય પૂરંત-

૧ ચાડી ખાનાર ૨ અંધકાર ૩ કામદેવ

સ૦ વીર૦ ॥૧૭॥ અધમ માત લીહાલા ઠીકર ભખે, ઘરમાંથી ચોરી ખાય–સ૦; પરનિંદા કલહે રાતી રહે, પરઘર રોવાને જાય–સ૦ વીર૦ ॥૧૮॥ નવમાસાનંતર પુત્રજન્મ થયો, ઘર ઘર ઉત્સવ થાય સ૦; ચંદ્રશેખર અભિધાન સુજન ઠવે, સ્વપ્નપ્રમાણે રાય–સ૦ વીર૦ ॥૧૯॥ જિમ [1]ગિરિકંદરમાં સુખભર વધે, નિર્ભય કેસરી બાળ–સ૦; માત મનોરથ સાથે સુત થયો, આઠ વરસ સુકુમાર સ૦ વીર૦ ॥૨૦॥ ચંદ્રશેખરના રાસ રસાળની, પહેલી ઢળકતી ઢાળ–સ૦; શ્રી શુભવીર રસિક શ્રોતાઘરે, હોજો મંગળ માળ--સ૦ વીર૦ ॥૨૧॥

॥ દુહા ॥

તિણ અવસર માતા પિતા, ચિંતે ચિત્ત મોઝાર;
રાજ્ય દેવાને યોગ્ય છે, લક્ષણવંત કુમાર ॥૧॥
પણ વિદ્યાવિણ શોભે નહિં, શસ્ત્ર વિના ભટ જાત;
પય વિણ[2]ગો–નદી જલ વિના, ચંદ્ર વિના જિમ રાત ॥૨॥
એક નગર એક રાજવી, મૂરખમાં શિરદાર;
રાજ્ય ચલાવે મંત્રવી, ભૂપ કચેરી મઝાર ॥૩॥
એક દિન રાજકચેરીએ, આવ્યું આશ ભરાલ;
ટોળું નટનું નાચતું, ગાવે ગીત રસાલ. ॥૪॥
દાસી હજૂરી રાયની, બેસે ભૂપતિ પાસ;
ભૂલ ચૂક બતલાવતી, કાન ધરી મુખ પાસ ॥૫॥
રાગ રંગ કરી પૂછતાં, ભૂપને નર્ત્તકી જામ;
દાસી વયણે નૃપ કહે, રાગતણું તે નામ ॥૬॥
રાગ આલાપી પૂછતાં, નર્ત્તકી નૃપને જામ;
દાસીકથિત રાજા કહે, પંચમરાગ તે નામ ॥૭॥

૧ પર્વતની ગુફામાં ૨ દૂધવિનાની ગાય.

કાર્યવશે દાસી ગઈ, મંદિરમાંહિ લહી લાગ;
નૃપ કહે નર્તકી પૂછતાં, એ સહુ છઠ્ઠમ રાગ ॥૮॥
દાસી આવી ઉતાવળી, કહેણુ ગોડી રાગ;
વગતું રાય સભા વચ્ચે, બોલે મૂર્ખ પ્રવાદ ॥૯॥

॥ અત્ર ભાષા ॥

એહુ રાગ તો ગોડી, પણ જો તુમ નાયાત[1] દોડી;
બંદા વીસ તલક ચઢંતે, પણ નહિ પીછે વલંતે ॥૧॥
એમ સુણી સર્વ સભા હસી, એ મૂરખની રીતિ;
નાટકીયાં નાઠાં સવિ, જાણી મૂરખ ભીતિ ॥૧૦॥
તે માટે એ કુમારને, વિદ્યા ભણવા હેત;
પંડિત પાસે મૂકીયે, નરને વિદ્યા [2]નેત ॥૧૧॥
દિનશુદ્ધિ શશિબલ લહી, ભણવા મૂકયો બાળ;
શાસ્ત્રકળા બહુ છાત્રશું, શીખે એક નિશાળ ॥૧૨॥

## ॥ ઢાળ બીજી ॥

ચોરી વ્યસન નીવારીયે....અજીતજિણંદશું પ્રીતડી....એ દેશી.

ઈણ નગરે વ્યવહારીયો, ધનસાગરને નામે ધનવંત કે; પ્રીતિમતી નારી સતી, હોય નંદન રે તસ છે ગુણવંત કે– સુગુણ સનેહી સાંભળો....॥૧॥ તે ઉપર એક ઈચ્છતાં, થઈ પુત્રી રે લાવણ્ય રૂપધામ કે; સાત વરસની સા થઈ ગુણવંતી રે ગુણસુંદરી નામ કે– સુ૦ ॥૨॥ ચંદ્રશેખર ભણતો જિહાં, તિહાં ભણવા રે મૂકી સા બાળ કે; બુદ્ધિ ઉદ્યમ ગુરૂયોગથી, દોય શીખે રે કળા શાસ્ત્ર વિશાળ કે– સુ૦ ॥૩॥ ચાર વરસ ભણતાં ગયાં, એક દિવસે રે મધ્યાહ્નની વેળા કે; છાત્ર સર્વ પહેલા ગયા, કુંવર કુંવરી રે થયાં મઠમાં ભેળાં કે–

૧ ન આવી હોત ૨ નેત્ર.

સુ૦ ॥૪॥ શાસ્ત્ર વિનોદ કથારસે, રસ લાગ્યો રે બેહુ જણને ત્યાંહિ કે; પુછે કુંવરી કુંવરને, તસ ઉત્તર રે આપે ઉત્સાહે કે–સુ૦ ॥૫॥ 'મસ્તક ગંગા દેખીને, શિવ ઉપરે રે ગૌરી ધરે ખેદ કે; પ્રિયકંઠે ચૂંબન કરે શે કારણે રે ?' કહો તેનો ભેદ કે–સુ૦ ॥૬॥ 'ગૌરી [1]સપત્ની દુઃખે ભરી, [2]પ્રિયા મરણે રે વિષ ચૂસે એમ' કે; કુંવર પડુત્તર સા સુણી, અંતર ચિત્તશું રે ધરતી પ્રેમ કે–સુ૦ ॥૭॥ ચતુર મળે જો ચતુરને, કહે કુંવરી રે હોય ગુણની ગોઠ કે; રીઝરસે ભવ નિર્વહે, કાંઈ કહેણી રે નવિ આવે હોઠ કે–સુ૦ ॥૮॥ કુંવર વદે પરવશ સુતા, પશુચર પરણી જાવે પરદેશ કે; મનગમતો મેળો ત્યજી, મૂરખશું રે નિત્ય કરતી કલેશ કે–સુ૦ ॥૯॥ સા કહે હું તુમને વરી; વર બીજો રે વરવાનું નીમ કે; તિણ સમે છાત્ર મળ્યા સહુ, પાઠ દેવે રે પંડિત ધરી પ્રેમ કે–સુ૦ ॥૧૦॥ શાસ્ત્ર કળા ગુણ આગળા, દિન કેતે રે શીખ્યાં દોય સાર કે; એક દિન સહિ-વયણો કહ્યો, નિજ માયને રે વિવાહ વિચાર કે–સુ૦ ॥૧૧॥ શેઠે જણાવ્યું રાયને, નૃપ માની રે લઈ લગન તિવાર કે; ઉત્સવ કરી પરણાવીયાં, ગુણસુંદરી રે સહ રાજકુમાર કે–સુ૦ ॥૧૨॥ નૃપદત્ત વાસભુવન વસે, સુખ સ્વર્ગનાં રે વિલસે નૃપપુત્ર કે; નામે કાપાલિક એકદા એક આવ્યો રે યોગી અવધૂત કે–સુ૦ ॥૧૩॥ આશિષ દેઈ વિનય કરી, એકાંતે રે કરી કુંવરને સાન કે; વાત કહે કપટી નમી, જેમ [3]ચિત્રક રે નમે ઓર કમાન કે–સુ૦ ॥૧૪॥ સુવિદ્યા વિશ્વવશંકરી, સાધતાં રે ગયાં વરસ સાત કે; ઉત્તર સાધક નર વિના, ભૂત વ્યંતર

૧ શોક્યનું દુઃખ, ૨ બુદ્ધિથી, ૩ ચિત્રો.

રે બહુ કરત વિઘાત કે–સુ૦ ॥૧૫॥ તેને પણ મેં અવગણી, મૂલ સેવન રે એ સઘળું કીધ કે; કૃષ્ણ ચતુર્દશી રાત્રીએ, સમશાને રે કરવી છે સિદ્ધ કે–સુ૦ ॥૧૬॥ તેણે તમને કરી વિનતિ, આ પ્રાર્થના રે કરવી નવ ભંગ કે; ઉત્તરસાધક જો હુવો, થાય વિદ્યા રે સિદ્ધિ તુમ સંગ કે–સુ૦ ॥૧૭॥ ચંદ્રશેખરના રાસની, એ બીજી રે કહી સુંદર ઢાળ કે; શ્રી શુભવીર કહે હોજો, નિત્ય શ્રોતા રે ઘરે મંગલમાળ કે–સુ૦ ॥૧૮॥

॥ દુહા ॥

સાંભળી નૃપસુત ચિંતવે, કરવું એહનું કાજ;
આગે પણ ઉપગારમેં, દેત દેહ ધન રાજ ॥૧॥
નિર્ગુણ પરગુણ નવિ લીયે, સ્વારથરસીયા જેહ;
આશાભંજક ભૂતલે. ભારભૂત નર તેહ ॥૨॥
પ્રીત કરી પાળે સદા, પરદુઃખ દુખીયાં અન્ય;
વિરલા પર કારજકરા, કૃતગુણ જાણક ધન્ય ॥૩॥
યોગીને કુંવર કહે, એ કરશું તુમ કામ,
ઉત્તરે સાધક મુઝ પકે, કુણ લેવે તુજ નામ? ॥૪॥
નવ દિન અંતર ચૌદશે, આવીશું તુમ ગેહ;
સાંભળીને યોગી ગયો, રહ્યો વનાંતર તેહ ॥૫॥

## ॥ ઢાળ ત્રીજી ॥

કોઇલો પર્વત ધૂંધલો રે લો....એ દેશી.
જંબૂદ્વીપમાં દીપતું રે લો.... ,,

મંત્રીસુત તિણ અવસરે રે લો, કુંવરને પૂછે વાત રે ચતુરનર; યોગી ધૂર્ત્ત નિર્દય નરા રે લો, નીચશું શી એકાંત રે?....ચ૦ નીચ૦ ॥૧॥ નીચશું નેહ ન કીજીએ રે લો, દ્રાખ જ્યું જાંબુ પાસ રે–ચ૦; સ્તુતીનો

ગુણ ગળે રે લો, દીજે હીંગનો વાસ રે–ચ૦ નીચ૦ ॥૨॥ વળતું કુંવર કહે ઇચ્છ્યું રે લો, નહિં સંગતિ શ્રમ કીધ રે....ચ૦; પર ઉપકારપણે કરી રે લો, વિદ્યા કરાવું સિદ્ધ રે....ચ૦ નીચ૦ ॥૩॥ ઉપકાર કરતાં નીચને રે લો, મંત્રી વદે ઘટે સાખ રે....ચ૦; શીત ઠર્યો હંસે ધર્યો રે લો, ઉંદરે કાપી પાંખ રે....ચ૦ નીચ૦ ॥૪॥ કુંવર કહે જે વચન દીધું રે લો, પાળવું મત કરો ખેદ રે....ચ૦; ઉંચનીચ ઘરે ચંદ્રમા રે લો, કરત ઉદ્યોત ન ભેદ રે....ચ૦ નીચ૦ ॥૫॥ ચૌદશ દિન તે આવીયો રે લો, યોગી બીજોરૂં હાથ રે....ચ૦; ખડ્ગ સહાયી કુમર ચલ્યો રે લો, રાત્રે યોગીની સાથ રે....ચ૦ નીચ૦ ॥૬॥ વીરવેશ નિર્ભયપણે રે લો, પહોંચ્યો નૃપ સમશાન રે....ચ૦; યોગી તો મંડળ રચી રે લો, મેલે બહુ બલિદાન રે....ચ૦ નીચ૦ ॥૭॥ દુષ્ટ દેવી પૂજન કરી રે લો, ભાખે કુંવરને તેહ રે–ચ૦; શિખાબંધ મસ્તક કરૂં રે લો, રક્ષાકરણ તુજ દેહ રે–ચ૦ નીચ૦ ॥૮॥ રાય ભણે નિર્ભય રહો રે લો, તીખી મુજ તરવાર રે-ચ૦; શિખાબંધ મુજ ખપે નહિ રે લો, સત્વ બડો સંસાર રે ચ૦ નીચ૦॥૯॥ ખેંચી ખડ્ગ નૃપસુત ખડો રે લો, ચિંતે યોગી તામ રે....ચ૦; છલ કરીને હણું એહને રે લો, ગાફિલ દેખું જામ રે....ચ૦ નીચ૦ ॥૧૦॥ મુંગા ધ્યાન ધરી કરે રે લો, વિદ્યાસાધન મંત્ર રે-ચ૦; મણુઅમૃતક[1] પાસે ઠવી રે લો, તસ મુખ હવન કરંત રે....ચ૦ નીચ૦ ॥૧૧॥ તિણસમે વિદ્યા વ્યંતરી રે લો, તનુ [2]ઉન્નત વિકરાળ રે-ચ૦; કડકડ દંતે ગાજતી રે લો, કર કાતી[3] કપાલ

૧ મનુષ્યનું શબ, ૨ ઉંચુ, ૩ ફરસી

રે-ચ૦ નીચ૦ ॥૧૨॥ દેખી કુંવર [1]યમજીભશી રે લો, ખડ્ગે ધ્રુજતી તેહ રે ચ૦; ભય લહી ભક્ષણ માગતી રે લો, યોગી ક્રોધારૂણ દેહ રે ચ૦ નીચ૦ ॥૧૩॥ લેઈ ખડ્ગ કહે બાલકા રે લો, તુજ હાથે સુણ ગુઝરે ચ૦; નિજ મસ્તક દ્યીયો દેવીને રે લો, સુરી કરે મસ્તક તુઝરે ચ૦ નીચ૦ ॥૧૪॥ શત્રુજગત તુમને નમે રે લો, રવિસમ પ્રગટે રૂપ રે ચ૦; કુંવર કહે સુણ જોગટા રે લો, તું ભિક્ષુક અમો ભૂપ રે ચ૦ નીચ૦ ॥૧૫॥ નિર્દય પાપી તુમ હણી રે લો, દેવીને દ્યીયો ભોગ રે ચ૦; સુરી સંતોષવતી હુવે રે લો, જાય જગતનો રોગ રે ચ૦ નીચ૦ ॥૧૬॥ યોગીએ ઘા ખડ્ગે દીયો રે લો, કુંવરે વંચાવી લીધ રે ચ૦; ઉછળી સિંહપરે ચડયો રે લો, કુંવર યોગીને સ્કંધ રે ચ૦ નીચ૦ ॥૧૭॥ મૃતકે નૃપ ચરણે ગ્રહો રે લો, આકાશ નાખ્યો ઉછાળ રે ચ૦; ગગન ચલંતી ત્રિલોચનારે લો, દેવીએ કુંવર નીહાળ રે ચ૦ નીચ૦ ॥૧૮॥ કાતી ખડ્ગ લેઈ [2]ત્રિહું જણારે લો, ભૂતળ ઉભાં દીઠ રે ચ૦; યક્ષિણીએ [3]ભટ પાઠવી રે લો, હણીયો યોગી હેઠ રે ચ૦ નીચ૦ ॥૧૯॥ યક્ષિણી નૃપને લઈ ગઇ રે લો, રત્નગિરિને શૃંગ રે ચ૦; ક્રીડામંદિરમાં જઇ રે લો, આસન ઠવિ કહે રંગ રે ચ૦ નીચ૦ ॥૨૦॥ ક્રીડા-નિમિત્તે ઇહાં કરી રે લો, કનકમહેલ મનોહાર રે ચ૦; ત્રિલોચના નામે રહું રે લો, દાસ સખી પરિવાર રે ચ૦ નીચ૦ ॥૨૧॥ તુમ રૂપ રંગે મોહી રહી રે લો,



૧ યમની જીભસરખી ક્રોધથી હાલચાલ ૨ યોગી દેવી અને મૃતક એ ત્રણ.
૩ દેવીનો સુભટ દેવ

થઈ ધણીયાતી આજ રે ચ૦; પ્રેમરસે રસ કેળવો રે લો, છાંડી તન મન લાજ રે ચ૦ નીચ૦ ॥૨૨॥ કામને આણે હું હણી રે લો, તુમ વિન શરણ ન કોય રે ચ૦; પુરૂષોત્તમ બળીયો ધણી રે લો, પુણ્યવતીને હોય રે ચ૦ નીચ૦ ॥૨૩॥ એ પરિકર સવિ માહરો રે લો, તે તવ કિંકર જોગ રે ચ૦; જન્મલગેં લીજો કરી રે લો, મનગમતા સુખભોગ રે ચ૦ નીચ૦ ॥૨૪॥ તપ જપ કષ્ટ કરી મરે રે લો, પામે ન સુખ તે બાળ રે ચ૦; નરભવમાં સુરસુખ મળ્યું રે લો, તુમચો ભાગ્ય વિશાળ રે ચ૦ નીચ૦ ॥૨૫॥ નિશદિન કર જોડી રહું રે લો, સુણુ શુભ વીર દયાળ રે ચ૦; ચંદ્રશેખરના રાસની રે લો, એ કહી ત્રીજી ઢાળ રે ચ૦ નીચ૦ ॥૨૬॥

॥ દુહા ॥

કુંવર સુણી મન સ્થિર કરી, કહે દેવીને એમ;
મેં સદ્ગુરૂ પાસે લીઓ, પરનારીનો નેમ ॥૧॥

શકિત અગાધ છે દેવની, જો કરે કામ વિધાન;
પર્વત ઝુલે વાયુથી, (તો) તરૂવરની શી વાત ? ॥૨॥

મોહે મન માણસતણું, મુંઝાણા સંસાર;
વિરમ્યા વિષય કષાયથી, તે ગુણમણિ ભંડાર ॥૩॥

કૃત્યા કૃત્ય હિતા હિતે, કામવિવશ નર નાર;
ન સુણે ન જાણે દેખતાં, અપયશ મષી વિસ્તાર ॥૪॥

કામાંધી તે સુખ ગણે, વિષય વિપત્તિ સમાન;
ધત્તૂરિતનર લોહને, દેખે કનક સમાન ॥૫॥

જાય વિષય વિષસર્પનું, ગારૂડીમંત્રે જિનેશ;
રાખજો અહોનિશ હૃદયમાં, સદ્ગુરૂનો ઉપદેશ ॥૬॥

ત્રિહું અક્ષરે તુજ નામ છે, લોચન દેખણ હોય;
જ્ઞાન તૃતીય લોચન જુએ, નામ સફળ તો હોય ॥૭॥
તુષ્ટ થઈ દેવી કહે, તુમ વચ મંત્ર બલેણ;
મોહ મહાવિષ મિટ ગયો, ધર્મ લહ્યો આચરેણ ॥૮॥
તું મુજ બાંધવ ધર્મનો, તુંહી ગુરૂ તુંહી દેવ;
કામ પડે સંભારજો, કરશું નિત્ય તુમ સેવ ॥૯॥
વાત કરંતાં સાંભળી. શબ્દ મધુરતા તેણ;
કુંવર કહે કુણ એ ભણે? કોકિલકંઠ રવેણ ॥૧૦॥
સા કહે ચંદ્રગુફા વસે, કરતાં શાસ્ત્ર વિચાર;
ઉપવાસી ચઉમાસના, ચાર ચતુર અણગાર ॥૧૧॥
કુંવર કથનથી મેળવ્યો, વાંદી બેઠો જામ;
શ્રુત સુણતાં નિશિ નિર્ગમે, દેવી વિસર્જી તામ ॥૧૨॥

## ॥ ઢાલ ચોથી ॥

જુવો જુવો અચરિજ અતિ ભલું....એ દેશી

(જીવ! તું ઘેનમાં પડયો.)

મુનિ શાસ્ત્ર ભણે ગૃહિદાનનાં, તિહાં પાત્રદાન સુવિશેષ હો; ઉત્તમ મધ્યમ મુનિ શ્રાવકા, [1]અનુકંપા-દાન વિશેષ હો....જિનમત વિણ પાત્ર ન પામીએ ॥૧॥ તવ પૂછે કુંવર મુનિરાજને, દાન [2]લૌકિક દેવે પ્રચુર હો; શય્યા ગૃહ બ્રાહ્મણને દીયે, સંક્રાંતિ ગ્રહણ શશિ-સૂર હો....જિન. ॥૨॥ તેનું ફળ શાસ્ત્રે શું કહ્યું? વદે સાધુ સુણો [3]મહિકાંત હો; દેવશર્મા બ્રાહ્મણ શ્રીપુરે, પ્રિયા જિનમતી જિનમતવંત હો....જિન. ॥૩॥ મૃત-શય્યા [4]ગવિ ગુરૂ ગહુંરી, પાપઘટ તિલદાન વિશેષ હો; સંક્રાંતિ ગ્રહણ દિન આપતાં, જિનમતીએ નિજપતિ

૧ દીનદુઃખીને આપવું તે, ૨ મિથ્યાત્વી, ૩ રાજા, ૪ ગાય

દીઠ હો....જિન. ।।૪।। સા ભણે એ દુર્ગતિદાન છે, એ કુગુરૂતણો ઉપદેશ હો; મિથ્યાત્વીવાણી ડાકિણી, આ ભવ પરભવ સંકલેશ હો....જિન. ।।૫।। દાયક ગ્રાહક દુર્ગતિ વરે, તુજ ન ઘટે પાપનો ખેલ હો; ઉપદેશે પણ નવિ ભીંજીયું, [1]જલધરથી જિમ મગસેલ હો....જિન. ।।૬।। મરી દેવપુરે [2]કરહો થયો, ખાય કંટક વહેતો ભાર હો; પ્રિયા જિનધર્મ ભાવે કરી, રમાપુર માંહે અવતાર હો....જિન. ।।૭।। નૃપ અમર પ્રિયા કલાવતી, તસ પુત્રી સુરૂપા નામ હો; સુખભર યૌવનવય પામતી, ચોસઠ કળાનું ધામ હો.... જિન. ।।૮।। સ્વયંવર મંડપ મળિયાં તિહાં, લક્ષ્મીપુરી ધનભૂપાલ હો; તે દેખી સુરૂપા રીઝશ્યું, તસ કંઠે ઠવે વરમાળ હો....જિન. ।।૯।। લેઇ લગ્ન જનક પરણાવીને, વોળાવે દેઇ બહુ દામ હો; વરકન્યા ચાલતાં સૈન્યશું, ઉતરીયાં શ્રીપુર ગામ હો....જિન. ।।૧૦।। નિજ સૈન્ય સબળ ભારે ભર્યો, ઉંટ મૂર્છાણો તિણ વાર હો; થઇ ઉભો આંસુધારથી, તે આરડતો વારંવાર હો....જિન. ।।૧૧।। તિણ વનમાં જ્ઞાનધરા મુનિ, રાય રાણી નમે ધરી નેહ હો; પૂછતાં પૂરભવ કહ્યો, દેવશર્મા જિનમતી એહ હો....જિન. ।।૧૨।। મુનિવયણને શ્રીપુર દેખીને, દોય જાતિસ્મરણ લહંત હો; સુરૂપા આવી કહે ઉંટને, રહે છાનો પોકાર કરંત હો....જિન. ।।૧૩।।

।। દુહા ।।

કરહા મ કર કરક વડો, ભાર ઘણો ભરપૂર;
તું દેતા હું વારતી, રાહુ ગલંતે સૂર ।।૧।।

---

૧ મેઘ. ૨ ઉંટ

## ઢાળ પૂર્વની

સુરૂપા મુખથી માર્ગે જતાં, સુણી જૈનધર્મ ઉપદેશ હો; ઉંટ અંતે અણસણ આદરી, સૌધર્મે થયો સુરવેશ હો....જિન. ॥૧૪॥ સુરૂપા પણ અંતે અણસણી, તે દેવની દેવી થાય હો; જે પૂર્વ રાગે રાગી થયા, તે રાગદશા નવિ જોય હો....જિન. ॥૧૫॥ તિહાંથી ચવી નરભવ પામીને, લહી ચરણ મુક્તિપદ પાય હો; નબલે દાને નબલી ગતિ, ભાખે મુનિવર સુણ રાય હો....જિન. ॥૧૬॥ રવિ ઉદયે નમી મુનિ ચાલતાં, ગિરિ વન તરૂ શોભા દીઠ હો; એક ચૈત્યધ્વજા દેખી કરી, ધરી હર્ષ ઉતરીયો હેઠ હો.... જિન. ॥૧૭॥ નિસ્સિહી કહી પેઠે મંદિરે, દેખી મરૂદેવાનંદ હો; વિધિયોગે જિનવંદન કરી, ગુણ ગાતાં લહે આનંદ હો....જિન. ॥૧૮॥ ચંદ્રશેખરરાયના રાસની, કહી ચોથી ઢાળ રસાળ હો; શુભવીર વચન સુણતાં થકાં, નિત્ય લહીએ મંગલમાલ હો....જિન. ॥૧૯॥

॥ દુહા ॥

જિન વંદી વનમેં ગયો, સરોવર દેખી વિશાળ;
મુખશુચિ જળ ફળ ખાઈને, બેઠો સરોવર પાળ ॥૧॥

તવ જળ ભરવા કારણે, આવી દો વર નાર;
જળ ભરી બેડાં શિર ધરી, કરતી કલેશ અપાર ॥૨॥

એક કહે હું આગળ ચાલું, તું મુજ પૂંઠે ચાલ;
એક કહે હું આગળ ચલું, તું મુજ પૂંઠે [1]આલિ ॥૩॥

કુંવર કહે કુણ જાતિ છે, શે કારણ હુવે કલેશ;
એક કહે નર સાંભળો, મહારી વાત વિશેષ ॥૪॥

૧ સખી

લોહકારની જાતિ હું, ગુણ મંજરી મુજ નામ;
મુજ પતિ વિજ્ઞાને ભર્યો, રાજદ્વારે બહુ [1]મામ ॥૫॥
વિસ્મય લહી નૃપ પૂછતો, નામ કિશ્યું વિજ્ઞાન;
સા કહે મુજ ભરતારનું, રવિશેખર અભિધાન ॥૬॥
મત્સ્ય કરે એક લોહનો, ગગનપંથ જે જાય;
જલધિ મણિ મુક્તા ગળી, પાછો નિજ ઘર આય ॥૭॥
તે નિસુણી અપરા તિહાં, બોલી ગર્વ ભરેલ;
મુજ પતિ વિદ્યા આગળે. એ સવિ બાળક ખેલ ॥૮॥
નૃપ પૂછતાં બોલતી, સ્વામી મુજ રથકાર;
સુરદેવ વિદ્યાનિધ, રતિ સુંદરી ભરતાર ॥૯॥
અશ્વ ઘડે તે કાષ્ટનો, બેસી ચલત આકાશ;
જોઇ જગત આ શિવપુરે, ફરી આવે ખટમાસ ॥૧૦॥

## ॥ ઢાળ પાંચમી ॥

રામચંદકે બાગ, ચાંપો મોરી રહ્યો રી....એ દેશી.

(મારગ સનમુખ તામ....એ રાગ)

સાંભળી રાજકુમાર, કહે તુમ દોય ભલે રી; તુમ પતિ દો વિજ્ઞાન, જોતાં જોડી મળી રી ॥૧॥ વળગી અંગુલી દોય; સમગતિ ચાલો રમી રી; જાઓ હસી નિજ ગેહ, એ અમ વાત ગમી રી ॥૨॥ ઉકત રીતિ ચાલી દોય, પૂંઠે કુંવર ચલે રી; લોહકાર ઘર જાત, રવિશેખરને મળે રી ॥૩॥ પામી આદરમાન, પૂછી વાત સહી રી; તિણે પણ લહી પુણ્યવંત, સાચી વાત કહી રી ॥૪॥ દેખી લક્ષણવંત, રાખે તેહ ઘરે રી; દેઇ અમુલખ લોહ, મત્સ્ય સ્વરૂપ કરે રી ॥૫॥ પૂંઠે

[1] આબરૂ

[1]અપવર કીધ, નર દોય માવે સહી રી; પવન [2]કીલી દીયે પૂંઠ, શુભદિન વેલા લહી રી ॥૬॥ બીહુ જણ પેઠા માંહિ, ઉડ્યાં પંખી પરે રી; જોતાં નવનવાં ગામ, ખેચરપદવી વરે રી ॥૭॥ પહોંચ્યાં જલનિધિ મધ્ય, માનુ ગર્ભે રહે રી; [3]ગલરંધ્રે તે મીન, [4]જલતલ મોતી ગ્રહેરી ॥૮॥ મત્સ્ય ગળે લઘુ મત્સ્ય, તિણ પરે પેટ ભરેરી; મુક્ત ધનુઃશર તેમ, મીનશ્યું આવે ઘરે રી ॥૯॥ ખેંચી કીલિકા લીધ, મોતી શ્રેણી પડી રી; પૂછે નૃપ આ સિદ્ધ, વિદ્યા કિહાંથી જડી રી ॥૧૦॥ તે કહે સિદ્ધા દેવી; પૂજી એક મને રી; કુંચી બે વિદ્યા સાથ, બક્ષીસ કરી અમને રી ॥૧૧॥ પણ નરરાયની ભીતિ, મહોટી માથા પરે રી; જાણે જો ભૂપાલ, મોકલે જમને ઘરે રી ॥૧૨॥ તે નિસુણી નૃપનંદ, કહે સુખમાંહે રમો રી; જબ મુઝ પ્રગટે રાજ્ય, તવ તું બંધુ સમો રી ॥૧૩॥ નૃપસુત પાટવી જાણી, વિદ્યા તાસ દીયે રી; વિનયે નમી કર જોડી, સાંગોપાંગ લીયે રી ॥૧૪॥ નૃપ કહે રહેજો મિત્ર, ચિંતા જાળ કરે રી; આ મુજ વચન પ્રમાણ, દેશું પ્રધાનવટી રી ॥૧૫॥ જઇશું અમે પરદેશ, એમ કહી પંથે થયો રી; લઈ મુક્તા દસ શેર, રથકાર ગેહે ગયો રી ॥૧૬॥ મુક્ત ઠવે તસ પાસ, રતિસુંદરી તે લીયે રી; કુંવરને તત્ર સુદેવ, બહુ સન્માન દીએ રી ॥૧૭॥ વિશ્વે વશ નહિં કોણ, પૂરીયે વદન અદેરી; પિષ્ટમુખેથી મૃદંગ, મધુરી વાણી વદેરી ॥૧૮॥ ઉત્તમ રાસ રસાળ, પાંચમી ઢાળ ભણી રી; દાતા જગત શુભવીર, મેઘની ચાહ ઘણી રી ॥૧૯॥

---

૧ ઓરડો ૨ કુંચા ૩ ગળામાં રાખેલા છિદ્ર વડે ૪ સમુદ્રના તળીએથી

॥ દુહા ॥

કહો કુણ દેશથી આવીયા, મુજ મંદિર મહારાજ;
પ્રગટયાં પૂરવભવ કર્યાં, પુણ્ય અમારાં આજ ॥૧॥
સુર દેવ કહે તે કહો, જે અમ સરખું કામ;
વળતું કુંવર ભણે ઈસ્યું, કાશી વાણારસી ઠામ ॥૨॥
વર વિજ્ઞાનકલા સુણી, આવ્યો છું તુમ પાસ;
ભમી ભમરો આવી ઠરે, પામી [1]નલિન નિવાસ ॥૩॥
એ સુણી કાષ્ટ તુરગ ઘડી, ઉપર કુંવર ચઢાય;
કુંચી બિહું ગમનાગમી, દેઈ કીધ વિદાય ॥૪॥
દેશ ફરી એક માસમાં, પંખી પરે આકાશ;
પાછા ફરી આવી રહ્યો, રથકારક આવાસ ॥૫॥
કૌતુક દેખી નૃપસુતે, વિનયે વિદ્યા લીધ;
સેનાપતિપદ તુજ દીયો, એણીપરે વચન જ દીધ ॥૬॥
નીકલીયો તસ ઘરથકી, પ્રમુદિત રાજકુમાર;
નિશિ વિશ્રામ તરૂતળે, દેખી વડ વિસ્તાર ॥૭॥

## ॥ ઢાળ ૬ ઠી ॥

કેસરવરણો હો, કાઢ કસુંબો મહારા લાલ...એ દેશી.

[2]સવિતા સૂતો હો કે [3]વરૂણદિશાએ....મહારા લાલ, વડતળે સૂતો હો કે કુંવર નિશાએ....મહારા લાલ; ભય નિવારણ હો કે નૃપ સુત જાગે....મ૦, ઉદ્યમ કરતાં હો કે દારિદ્ર ભાંગે....મ૦ ॥૧॥ મધ્ય નિશાએ હો કે પંથ ચલંતા....મા૦, બે નર આવી હો કે પાય નમંતા....મા૦; હર્ષ ધરીને હો કે પાસે બેઠા....મા૦, મિત્ર પૂરવના હો કે કુંવરે દીઠા....મા૦ ॥૨॥ તેને પૂછે હો કે કયાંથી આવીયા....મા૦, કિએ દેશાવર હો કે દોય સીધાવ્યા....

૧ કમલ ૨ સૂર્ય ૩ પશ્ચિમ દિશામાં

માο; તવ તે બોલે હો કે નૃપ સાંભળીએ....માο, દૂર દેશાવર હો કે નવિ નીકલીએ....માο ।।૩।। પણ સંદ્યાએ હો કે તુમ વિણ સાથે....માο, ધરી [1]અસિ હાથે હો કે યોગી સાથે....માο; મળીયા જાણી હો કે તુમચે તાતે....માο, સઘળે જોયા હો કે વળી દિન રાતે....માο ।।૪।। શુદ્ધિ ન આવી હો કે કાંઈ તુમારી....માο, રાય ને રાણી હો કે બહુ દુઃખભારી....માο; તે સુણી ચિંતે હો કે તુમચી નારી....માο, સાથ સાહેલી હો કે વાત વિચારી....માο ।।૫।। બુદ્ધિ બલીયા હો કે દોય વડેરા માο, મિત્ર ભલેરા હો કે મુજ પતિકેરા....માο; જઈ દેશાવર હો કે ખબર તે જોશે....માο, મેળો કરશે હો કે જિહાં તે હોશે....માο ।।૬।। એમ ધારીને હો કે બિહું મોકલીયાં....માο, પૂર વન જોતાં હો કે રણમાં મળીયાં....માο; શતજોજની હો કે અટવી મહોટી....માο, તુમ મળવેથી હો કે તે થઇ છોટી....માο ।।૭।। અંગે અંગે હો કે ભેરી મળીયાં....માο, પ્રેમની વાતે હો કે રસમાં ભળીયા....માο; પણ પંથીને હો કે નિદ્રા ભેરે.... માο, નિંદવિસામે હો કે શ્રમ સવિ મેટે....માο ।।૮।। બિહુંજણ સૂતા હો કે નૃપ જાગંતા....માο, તે તરૂ ઉપર હો કે વાત કરંતા....માο, દંપતિ વ્યંતર હો કે પ્રેમગરિષ્ઠે....માο, વ્યંતરી પૂછે હો કે કોણ એ હેઠે.... માο ।।૯।। તવ સુર બોલે હો કે ક્ષત્તીપુત્તા....માο, એને મળીયાં હો કે એ દોય ધુત્તા....માο; વણિક ને [2]વાડવ હો કે એ બેહુ જાતિ....માο, મિત્રપણાથી હો કે થાય [3]અરાતિ માο ।।૧૦।। ઘાસનો અગ્નિ હો કે

૧ ખડ્ગ ૨ બ્રાહ્મણ ૩ શત્રુ

વાદળ છાયા....મા૦, વેશ્યાસંગતિ હો કે વણિકની માયા મ૦; જલની વૃષ્ટિ હો કે નીચની સેવા....મા૦ જલપરપોટો હો કે તુલ્ય ગણેવા....મા૦ ॥૧૧॥ વણિક જગતમાં હો કે [1]ત્રણે ભલેરો....મા૦, ગર્ભાવાસે હો કે ચિત્ર કરેલો....મા૦; મરણ થએલો હો કે ત્રીજે કહીએ મા૦, અવર ભરોસે હો કે કબહુ ન રહીએ....મા૦ ॥૧૨॥ તિમ વલી ભિક્ષુક હો કે બ્રાહ્મણ ભૂંડો....મા૦, દાન મૃતકના હો કે લેવે કૂડો....મા૦; ધનપતિ નરનાં હો કે મરણ જ વંછે....મા૦, એક દિન [2]નાપે હો કે તાસ [3]નિભ્રંછે....મા૦ ॥૧૩॥ એક દિન જમણે હો કે તિણ દિન લાંઘણ....મા૦, માગણજનમાં હો કે નબળો બ્રાહ્મણ....મા૦; તૃણથી હલકી હો કે તુલની જાતિ....મા૦, તેથી હલકો હો કે વિપ્ર વિજાતિ....મા૦ ॥૧૪॥ પવન ન ફરસે હો કે રખે મુજ આગે....મા૦, માગણટેવે હો કે કાંઈક માગે....મા૦; વિપ્ર સુદંત હો કે વણિક નરોત્તમ....મા૦, એ દોય મિત્ર હો કે દુઃખનો [4]સંક્રમ.... મા૦ ॥૧૫॥ કુંવર સુણંતા હો કે તે દોય જાગે....મા૦, સવિતા ઉદયે હો કે ચલિયા આગે....મા૦; રણમાં દીઠો હો કે વાઘ હરામી....મા૦, બિહું જણ નાઠાં હો કે તસ ભય પામી....મા૦ ॥૧૬॥ નૃપ એક બાણે હો કે વાઘને હણતો....મા૦, મિત્ર ન દીઠા હો કે રણમાં જોતાં.... મા૦; ફરતાં દીઠું હો કે એક સરોવર....મા૦, કમળે સેવિત હો કે હંસ-યુગલ વર....મા૦ ॥૧૭॥ ચિહું દિશિ પાળે હો કે તરૂવર ઘેરા....મા૦, ઉપર માળા હો કે પંખી-કેરા....મા૦; જાંબુ દાડિમ હો કે રાયણ [5]રંભા.... મા૦, જામ રામફલ હો કે ફુલ કેસુંભા....મા૦ ॥૧૮॥

---

૧ ત્રણ સ્થાને ૨ આપે નહિ ૩ નીંદે ૪ એકત્ર થવું ૫ કેળ

કિંશુક કુસુમે હો કે રાતી ધરતી....મા૦, આંબે કોયલ હો કે ટહુકા કરતી....મા૦; સુંદર શોભા હો કે કુંવર નિહાળે....મા૦, ફલ લેઈ આવે હો કે સરોવર પાળે.... મા૦ ॥૧૯॥ સ્નાન કરીને હો કે તે ફળ ખાવે....મા૦, વરૂણદિશાએ હો કે સૂર્ય સિધાવે....મા૦; પૂર્વદિશામાંહે હો કે વનમાં સુંદર....મા૦, કામદેવનું હો કે ઝળકે મંદિર....મા૦ ॥૨૦॥ ધૈર્ય કરીને હો કે એકુણ જાતે.... મા, તિહાં જઈ બેઠો હો કે કુંવર તે રાતે....મા૦; ઢાળ એ છઠ્ઠી હો કે લીલ વિલાસી....મા૦, શ્રી શુભવીરે હો કે તેહ પ્રકાશી....મારા૦ ॥૨૧॥

॥ દુહા ॥

યક્ષાલય ઉપર ચડયો, અપવર દેખી એક;
શયનયોગ્ય સમભૂતલી, મુદિત થયો અતિરેક ॥૧॥

દેઈ કમાડ જડી કરી, ભોગલ સાંકલ સાજ;
યક્ષ શરણ સૂતો થકો, ચિંતે મિત્રનું કાજ ॥૨॥

સત્યવચન વ્યંતરતણું, મિત્ર ગયા દો [1]વરાક;
કર્મજાતિ સમ ભાતિ એ, અવર ન બીજો વાંક ॥૩॥

પણ ઉત્તમ નર સંગ્રહે, ફરી ન કરે તે દૂર;
પુનરપિ મેળો જો મળે, તો હોય સુખ ભરપૂર ॥૪॥

[2]દોષાકર કુટિલાકૃતિ, અંગ કલંક ધરાય;
અસ્ત સમય લહી [3]મિત્રનો, નિખમુખ ઉજવલ થાય ॥૫॥

ચંદ્ર ધરયો પણ પ્રેમથી, શિવ ધરીયો નિજ શિશ;
નાગ ન કંઠથી પરિહરે કોઈ દિન ન કરે રીસ ॥૬॥

એમ ચિંતવતાં કુંવરને, રાતિ ગઈ ઘડી બાર;
મંદિર બાહિર જે બન્યો, તે સુણજો અધિકાર ॥૭॥

૧ રંકડા ૨ રાત્રિનો કરનાર ૩ સૂર્ય

## ॥ ઢાળ સાતમી ॥

હું તો મોહી છું તુમારા રૂપને રે લો...એ દેશી.
(શ્રી ચંદ્ર ચંદ્રપ્રભુ રે લો...એ રાગ)

વૈતાઢ્ય શ્રેણિએ ઉપરની રે લો, જોબનવય સમ રૂપની રે લો; કન્યાઓ વિદ્યાધર તણી રે લો, જ્યોતિએ જગ મણિ રૂપની રે લો ॥૧॥ ચોસઠ પ્રેમે એકતા રે લો, માનું ચોસઠ [1]હરિની સુતારે લો; નારી રૂપે નહિ માનવી રે લો, જાણે સ્વર્ગથી રીસવી રે લો ॥૨॥ વનદેવતા અનુત્તરી રે લો, ટોળી આકાશથી ઉતરી રે લો; ચારે વેદ ચોરી ગયા રે લો, બ્રહ્મા મૂર્ખમતિ થયો રે લો ॥૩॥ [2]જરસાએ કર કંપે સહી રે લો, સૃષ્ટિ તેણે સરખી નહિ રે લો; અપવાદ હરણ મેડિ ચઢી રે લો, ચોસઠ એકાંતે ઘડી રે લો ॥૪॥ રંભા શચી મૃદુતા હરી રે લો, ચિંતાએ નિંદ્ર ગઈ પરી રે લો; રૂપ રતિ પ્રીતિકો હરે રે લો, અંગ વિના સ્મર થઈ ફરે રે લો ॥૫॥ દેવદૂષ્ય ભૂષણ ધરી રે લો, રંગમંડપ આવી ઠરી રે લો; ચંપકમાલા છે વડી રે લો, નાટક હુકમ કરે ખડી રે લો ॥૬॥ સંગીતબદ્ધ કરે સુંદરી રે લો, વીણા મૃદંગ તાલ ઝલ્લરી રે લો, વાજિંત્ર વાજે બહુપરે રે લો, જોવે કુંવર રહી ઉપરે રે લો ॥૭॥ રાગ સારંગ રસ રીતશું રે લો, રીઝયો કુંવર નિજ ચિત્તશું રે લો; નૃત્ય વિસર્જી સર્વે રમીરે લો, યક્ષને જઈ ચરણે નમી રે લો ॥૮॥ હાથ જોડી કરી માગીયો રે લો, સુંદર વર અમને દીયો રે લો; મંડપમાં આવી રહે રે લો, ચંપકમાલા તવ કહે રે લો ॥૯॥ વસ્ત્ર

---

૧ ઈંદ્ર ૨ વૃદ્ધાવસ્થાથી

ભૂષણ અહિયાં મેલીએ રે લો, સરોવર જઇ જળ ઝીલીએ રે લો; એમ સવિ એકમતે થઈ રે લો, સ્નાન કરણ [1]સરસી ગઈ રે લો ॥૧૦॥ ચંદ્રશેખર માંહિ ઉતરી રે લો, વસ્ત્ર આભૂષણ લઈ કરી રે લો, મંદિરમાંહે સ્થિર થઇ રે લો, દેઈ કમાડ સૂતો જઇ રે લો ॥૧૧॥ નાહીને જલક્રીડા કરી રે લો; આવી મંડપ સુરસુંદરી રે લો; [2]ચેલ ભૂષણ નવિ દેખીને રે લો, દ્વાર જડયાં અવલોકીને રે લો ॥૧૨॥ ચતુરા કહે ચિત્તશું લગી રે લો, રે રે પુરૂષ ! અમને ઠગી રે લો; પણ એ ચિરાદિક [3]આમશો રે લો, નહિ તો મરણગતિ પામશો રે લો ॥૧૩॥ નૃપસુત ઉત્તર ના દીયે રે લો, તામ સકલ કહે બાંધીયે રે લો; પાદ પશુ લટકાવીયે રે લો, જલધિ જલે ઝંપાવિયે રે લો ॥૧૪॥ કેતી કહે સિંહ આલિયે રે લો, કાષ્ટ અગ્નિ કરી બાળીયે રે લો; સાંભળી નૃપસુત ના બીહે રે લો, ચંપકમાલા તવ કહે રે લો ॥૧૫॥ ઉત્તમ પરધન નવ લિએ રે લો, નીચ લીયે તો ફરિ ના દીએ રે લો; કોઈને અમે નવિ [4]ભાળવ્યાં રે લો, ઉત્તમ તમે જાળવ્યાં રે લો ॥૧૬॥ બાળા વચન નબળાં સુણી રે લો, મનમાં નવિ આણે મહાગુણી રે લો; કુંવર દયા ધરી ઉચ્ચરે લો, ગળે પડયે કાંઈ નવિ સરે લો ॥૧૭॥ કોઈક લઇ નાઠો હશે રે લો, અમને કહેથી કહો શું થશે રે લો ?; સા ભણે સિંહ નજર કરે રે લો, શીયાળ આડાં ન ઉતરે રે લો ॥૧૮॥ બોલ કિશ્યાં કહીએ ન રહી મણા રે લો, રાત થોડી ને છે વેશ ઘણાં રે લો; જે જે મુખથી માગો તમે રે લો, તે વર ચીજ આપું અમે રે લો ॥૧૯॥ કુંવર કમાડ

૧ સરોવર ૨ વસ્ત્ર ૩ આપશો ૪ ભળાવ્યાં

ઉઘાડીને રે લો, નિજ અપરાધ ક્ષમાવીને રે લો, તાસ ચીજ તેને દીએ રે લો, કાંઇ ન મુખ માગી લીએ રે લો ॥૨૦॥ ભાગ્યશાળી લક્ષણ ભર્યો રે લો, ખેચરી ચિત્તમાં ઉતર્યો રે લો; ચિંતે હૃદય વસ્તુ ગ્રહી રે લો, રાજાનો નંદન એ સહી રે લો ॥૨૧॥ ખડ્ગરત્ન મણિ-કંચૂઓ રે લો, દેઈ કહ મહિમા જુઓ રે લો; ખડ્ગે અજયપદવી થશે રે લો, ચકીસમા જન ગાવશે રે લો ॥૨૨॥ પટ્ટરાણી દીયો કંચુવો રે લો, રંભારૂપ [1]નીરજા જુઓ રે લો; અમ તુમ વેળા અવસરે રે લો, ભાવિ વાત જ્ઞાની [2]સરે લો ॥૨૩॥ એમ કહી સહુ નિજ સ્થાનમાં રે લો, બેસી ચલી વિમાનમાં રે લો; શ્રી શુભવીર કહે સાતમી રે લો, ઢાળ રસિકજનને ગમી રે લો ॥૨૪॥

॥ દુહા ॥

રવિ ઉદયે કુંવર ચલ્યો, સમરંતો નવકાર;
શૂન્ય નગર એક દેખીયું, તેહી અટવી મોઝાર ॥૧॥
ફરતી તસ નવ વાડીઓ, નહિ માણસનો ચાર;
કોશીસે કરી સોહતો, સુંદર [3]પૂર પ્રાકાર ॥૨॥
શરણુ કરી અરિહંતનું, પેઠો નયર મઝાર;
મહેલ અનોપમ માર્ગમાં, શૂન્ય પડી બજાર ॥૩॥
હાટની શ્રેણી ઉઘાડીયો, નર સીનું નહિ નામ;
ધાન્ય ચીવર ધન ભાજને, ભરિત નીહાળે ઠામ ॥૪॥
નવનવી કરત વિચારણા, કિમ સુનું પુર એહ?;
રાજપંથ જાતાં થકાં, દીઠું [4]ભૂપતિ ગેહ ॥૫॥
ધૈર્ય ધરી ઉપર ચઢયો, પહોંચ્યો સપ્તમ માળ;
દેખે ચિત્રવિચિત્રતા, સુંદર ભૂમિ વિશાળ ॥૬॥

૧ લક્ષ્મી. ૨ જાણે. ૩ કિલ્લો. ૪ રાજમહેલ.

કનકઘટિત એક ઢોલિયો, સુરશય્યાથી અનૂપ;
તસ ઉપર [1]માંજારિકા, દીઠી શ્યામ સ્વરૂપ ॥૭॥
ઓશીશે દોય ડાબલી, અંજન રક્ત ને શ્વેત;
રક્તાંજિત નયના લહી, શ્વેતાંજન કરે તેત ॥૮॥
તવ રંભા સમ કન્યકા, થઈ બેઠી ધરી લાજ;
નમ્રવદન આસન દીયો, કહે બેસો મહારાજ ॥૯॥
નૃપસુત બેસી પૂછતો, એહ કિશ્યો ઉત્પાત ?;
તવ વનિતા સા એમ ભણે, નિસુણો મુજ અવદાત ॥૧૦॥

## ॥ ઢાળ આઠમી ॥

દેશી. ગતિ હૈર રી રે... એ દેશી, ત્રીસ વરસ ઘરમાં વસ્યાં રે.... એ રાગ.

નગર કનકપુર એક છે રે, રાય જિતારિ નામ; જયમાળા રાણી સતી રે, [3]લાવણિમ લીલાધામ.... કર્મ-ગતિ કારમી રે; સુખ દુઃખ કર્મ કરંત ॥૧॥ એક અંગજ એક અંગજા રે, રતિસુંદરી તસ નામ; રૂપ કળા રતિ જ્યું જુવો રે, આ બેઠી તુમ પાસ.... કર્મ૦ ॥૨॥ એક દિન તાપસ તપ કરે રે, માસ માસ ઉપવાસ; આવી વસ્યો વનખંડમાં રે, ભક્તિ કરે જન તાસ.... કર્મ૦ ॥૩॥ મહિપતિએ મહિમા સુણી રે, તાપસ વંદન જાત; અમ ઘર કાલે પારણું રે, કરવું સહિ પરભાત.... કર્મ૦ ॥૪॥ એમ કહી નૃપ ઘર આવીયો રે, સકલ સજાઈ કીધ; તાપસ તેડી ઓચ્છવે રે, આસન બેસણ દીધ.... કર્મ૦ ॥૫॥ તાતહુકમે પરિવેષણે રે, હું ગઈ તાપસ પાસ; દેખી ચળ્યું ચિત્ત કામથી રે, કરતો હેઠ વિમાસ.... કર્મ૦ ॥૬॥ આ કુંવરી આલિંગને રે, સફળ હુવે અવતાર; આ ભવ એળે ગમાવતાં રે, તપસીને ધિક્કાર.... કર્મ૦ ॥૭॥ બાલરંડા [4]ક્લીબ તાપસાં રે

---

૧ બીલાડી ૨ નેત્ર ૩ લાવણ્ય ૪ નપુંસક

નારી અંતેઉર જાણ; હય [1]મંદુરા ચરકલાં રે, નિશ-દિન મૈથુન ધ્યાન....કર્મ૦ ॥૮॥ ભોજન કરી નિર્લજ કહે રે, રાયને કર્યું બહુમાન; સાચું પણ તમે જો દીયો રે, અમને કન્યાદાન....કર્મ૦ ॥૯॥ સાંભળી નૃપ રોષે કહે રે, રે રે અધમ! પાપિષ્ટ!; વેષવિડંબક તપ કરી રે, જાતિ હીન મતિ દુષ્ટ....કર્મ૦ ॥૧૦॥ એમ નિભ્રંચ્છી કાઢીયો રે ગત વન [2]આર્તિ વિશેષ; માળી પાસ ચીવરી લહી રે, માળણનો કરી વેશ....કર્મ૦ ॥૧૧॥ કુંવરીને મંદિર ગયો રે છાબ લેઇ ભૂરી ફૂલ; દાસીએ ઓળખી કાઢીયો રે, મુખ પર નાખી ધૂલ.... કર્મ૦ ॥૧૨॥ તોહિ નિર્લજ લાજ્યો નહિં રે, છંડી નારી વેશ; ખાન પાન તપ છંડીને રે, ધરતો ચિત્તે કલેશ....કર્મ૦ ॥૧૩॥ રાત્રે ચડયો મુજ મંદિરે, વંશે ચઢે જિમ નટ્ટ; સુભટ પહેરીએ ઝાલીયો રે, બાંધ્યો બંધ [3]નિઘટ્ટ....કર્મ૦ ॥૧૪॥ નિશિ નવિ દેખે વાયસા રે, દિવસ ન દેખે ઘૂક; અહોનિશ કામી આંધળો રે, મહોટી કામની ચૂક....કર્મ૦ ॥૧૫॥ રાય હજૂર આણીયો રે, સુભટે સુણાવી વાત; નૃપ હુકમે ધર્યો શૂળીએ રે, એણીપરે પામ્યો ઘાત....કર્મ૦ ॥૧૬॥ નીચ જાતિ રાક્ષસ થયો રે, જોઈ વિભંગે તેહ; ક્ષણ ક્ષણ છળ જોતો ફરે રે, મુજ પર લાગ્યો નેહ....કર્મ૦ ॥૧૭॥ ઇણ અવસર આકાશથી રે, વિદ્યાધર મુનિરાય; ઉતરીયા ચૈત્યસન્નિધે રે, ભૂપતિ વંદન જાય....કર્મ૦ ॥૧૮॥ ધર્મ સુણી નૃપ પૂછતો રે, મુજ પુત્રી ભરતાર; કુણ હોશે કહો નાથજી રે, જ્ઞાની વદે તેણિવાર....કર્મ૦ ॥૧૯॥ કાશીપતિ મહસેન સુત રે, ચંદ્રશેખર ગુણવંત;

---

૧ ઘોડાર ૨ પીડા ૩ મજબુત

ત્રિખંડનો ભોક્તા તે થશે રે, તુજ પુત્રીનો કંત.... કર્મ૦ ॥૨૦॥ પણ સુણ તાપસ તે મરી રે, રાક્ષસ વ્યંતર થાત; દિન ત્રીજે તુમ નયરીએ રે, સર્વનો કરશે ઘાત....કર્મ૦ ॥૨૧॥ કરુણા નજરથી ઉતરી રે, તુમને જણાવી વાત; ધર્મલાભ કહી મુનિવરે રે, ગગને કર્યો [1]ઉતપાત....કર્મ૦ ॥૨૨॥ રાયે કરી ઉદ્ઘોષણા રે, નવિ રહેજો ઈહાં કોય; આજ નિશાએ નાસજો રે; રાક્ષસનો ભય હોય....કર્મ૦ ॥૨૩॥ જો જાશો તો જીવશો રે, અમે પણ જઈશું આજ; જીવંતા જગ જોઈશું રે, તુમ સાથે સામ્રાજ્ય....કર્મ૦ ॥૨૪॥

भानोश्च पत्नी दयिता सरस्वती, मृत्युंगता सा नृपकौतुकेन ॥
वाराणसीं प्राप्य स एव योगी, जीवन्नरो भद्रशतानि पश्येत् ॥१॥

લોક સવે નાઠા નિશિ રે, મુજ જનકાદિ સમેત; રાક્ષસે લઈ મુજને ઠવી રે, ગિરિ વન કુંજ નિકેત....કર્મ૦ ॥૨૫॥ શૂન્ય નગર દેખી કરી રે, દિન કેતે વળી તેહ; પાણિગ્રહણ કરવા ભણી રે, મુજને ઠવી મુજ ગેહ....કર્મ૦ ॥૨૬॥ આજ લગન દિન જોઈને રે, કરણ સામગ્રી હેત; મુજ માંજારી કરી ગયો રે, ચાર ઘડી સંકેત....કર્મ૦ ॥૨૭॥ ચંદ્રશેખર પણ નાવીયા રે, દૈવે દીયો [2]રહ ઘાત; મૂળથકી માંડી કહી રે, મુજ વીતકની વાત....કર્મ૦ ॥૨૮॥ ચંદ્રશેખરના રાસની રે, એ કહી આઠમી ઢાળ; શ્રી શુભવીરના નામથી રે, ભય જાશે પાતાળ....કર્મ૦ ॥૨૯॥

॥ દુહા ॥

કહે કુંવરી હાખો તુમે કહાં આવ્યા કુણ કામ ?;
જેમ અમ જીવ સુખી હુવે, દેશ ગામ તુમ નામ ॥૧॥

૧ ગમન ૨ એકાંત

જ્ઞાની વચન જૂઠું નહીં, પણ એ દૈવ દુરન્ત;
તનુછાયા ઓલંઘવા, નહિં સમરથ બલવંત ॥૨॥
વામનયન મુજ ફરકિયું, તુમ દર્શનથી જેણ;
હું છું સતીની નંદના, પૂછું તમને તેણ. ॥૩॥
કુંવર કહે તેં સવિ કહ્યો, મૂળથી તુજ અધિકાર;
જ્ઞાનીવયણ જ સત્ય છે, જૂઠો દૈવ વિચાર. ॥૪॥
કુંવરી હરખી તે સુણી, રોમ રોમ વિકસંત;
સા કહે [1]કુસુમાંતર રહો, અવસર નર બળવંત ॥૫॥
માંજારી કરી કુસુમમાં, રહે અંતર્ગત તેહ;
મણનાણી મણનાણીશું, ભંજે શ્રુત સંદેહ ॥૬॥

## ॥ ઢાળ નવમી ॥

ધવલ શેઠ લઈ ભેટણું....એ દેશી.

ઇણ અવસર રાક્ષસ તિહાં, આવી ધરી બહુ પ્યાર રે; શ્વેતાંજને કુંવરી કરી, પૂછંતો તિણ વાર રે....પુણ્યે જયકમલા વરે ॥૧॥ નર સુખ લીલા પાવે રે; દુષ્ટમતિનું ચીંતવ્યું, કદીય સફળ નવિ થાવે રે.... પુણ્યે૦ ॥૨॥ માણસગંધ કીસી ઇહાં, સા ભણે એહ તમાસો રે; હું માણુસ ગંધ માહરી, હઈડે કાંઇ વિમાસે રે.... પુણ્યે૦ ॥૩॥ ગંધ મણુઅ ન ખમી શકો, તો મુજશું શું રાગો રે?; કોઈ દિન રૂસો તો ભખો, મહારે રમાડવો નાગો રે....પુણ્યે૦ ॥૪॥ પ્રીતિ કીશી પરજાતિની, એક અજા એક વાઘ રે; પ્રીતિ પરાણે જે હુવે, તે નિશદિન મન ડાઘ રે....પુણ્યે૦ ॥૫॥ નિસુણી પલાદ તે કોપીઓ, કહે જાણું નરરાગી રે; તો પ્રથમ જ ભક્ષણ કરૂં, રાગદશા ગઈ ભાગી રે....પુણ્યે૦ ॥૬॥

1 ફુલને વિષે.

કુંવર તદા ઉઠી કહે, શી ઇચ્છા કૃત વ્યર્થે રે; સ્ત્રી હત્યાના પાતકી, મુજ અસિધારા તીર્થે રે....પુણ્યે૦ ॥૭॥ ન્હવરાવી નિર્મળ કરૂં, લોકની ભાવઠ ભાંગુ રે; પાપીને હણતાં થકાં, પુણ્ય ઉદય બહુ જાગે રે....પુણ્યે૦ ॥૮॥ રાક્ષસ સુણી ક્રોધે ચડયો, તાડ જ્યું રૂપ બનાવે રે; ખેચરીદત્ત તલવારશું, ઢાલ ગ્રહી નૃપ ધાવે રે....પુણ્યે૦ ॥૯॥ ઝુઝંતા દોય દેખીને, રતિસુંદરી ભય પાવે રે; સમરે કુંવર ત્રિલોચના, તે બહુ પરિકરે આવે રે....પુણ્યે૦ ॥૧૦॥ દેવીભટે રાક્ષસ હણ્યો, તે શતખંડ જ થાવે રે; દેવયોનિથી જીવિયો, નારકી મલી સુર ધાવે રે....પુણ્યે૦ ॥૧૧॥ રાક્ષસ નાઠો ભય લહી, તન પીડિત મન કલેશે રે; દેવી સુભટના મારથી, લવણોદધિતલ પેસે રે....પુણ્યે૦ ॥૧૨॥ વ્યંતરસુર પાછા વળ્યાં, કુંવરને દેત વધાઈ રે; ત્રિલોચના નમીને કહે, મ્હોટી ધર્મસગાઇ રે....પુણ્યે૦ ॥૧૩॥ રાય પ્રજાશું તેડીયાં, નિર્ભયનગર વસાવે રે; કુંવર વિસર્જી ત્રિલોચના, રત્નગિરિએ સીધાવે રે....પુણ્યે૦ ॥૧૪॥ ચંદ્રશેખર નમે રાયને, નૃપ પણ હઈડે ભેટે રે; કહે અમ પુણ્યે આવીયાં, તુમ વિણ કોણ દુઃખ મેટે રે?....પુણ્યે૦ ॥૧૫॥ રતિસુંદરી દાસીમુખે, તાતને વાત જણાવે રે; ઉત્સવ કરી બહુ પ્રેમશું, પુત્રી નૃપ પરણાવે રે....પુણ્યે૦ ॥૧૬॥ કુંવરને રાજ્ય અરધ દીએ, કરમોચનની વેળા રે; સુખ વિલસે સસરા ઘરે, મનગમતા મનમેળા રે....પુણ્યે૦ ॥૧૭॥ રમતા સોવન સોગઠે, કોઈ દિન વન જળક્રીડા રે; ભાગ્યદશા જસ જાગતી, નહિં તસ તન મનપીડા રે....પુણ્યે૦ ॥૧૮॥ ખેટસુતા દત્ત કંચુઓ, રતિસુંદરીને આપે રે; રંભારૂપ

તિણે બન્યું, ઇંદ્રાણી કરી થાપે રે....પુણ્યે૦ ॥૧૯॥
રાયહજૂર કચેરીએ, કરતા શાસ્ત્રની વાતો રે; દોગુંદક-
સુરની પરે, નિર્ગમતા દિનરાતો રે....પુણ્ય૦ ॥૨૦॥
નવમી ઢાળ એ રાસની, પૂરણ ખંડે આખી રે; દુઃખભંજન
મનરંજની, શ્રી શુભવીરે ભાખી રે....પુણ્યે૦ ॥૨૧॥

॥ કળશ ॥

**વાતવિનોદે રચના ઘણી, ચંદ્રશેખરને રાસે ભણી ॥**
**ખંડ પ્રથમ એ પૂરણ કર્યો, શ્રી શુભવીર વચનરસ ઢાર્યો ॥૧॥**

**इतिश्री तपगच्छाधिराज भट्टारक श्री विजयसिंहसूरिसंतानीय-
संवेगिशिरोरत्न पंडित श्री यशोविजयगणिशिष्यरत्नपंडितश्री
शुभविजयगणिशिष्य पंडितश्री वीरविजयगणिभिर्विरचिते
प्राकृतप्रबंधे त्रिलोचनामीलन-अश्वविद्याग्रहण-
राक्षसपराजयेन रत्तिसुंदरीपाणिग्रहणाख्यो
प्रथमः खंडः संपूर्णः ॥**

॥ द्वितीयः खंडः प्रारभ्यते ॥

## ॥ દુહા ॥

જય જય તું જગદીશ્વરી, જગદંબા જગત્રાય;
અરિહા[1]મુખ કજવાસિની, વિદુષા માત કહાય ॥૧॥
તું ત્રિપદા ત્રિપુરા તથા, તું ત્રિરૂપમય દેવ;
શક્તિ સ્વરૂપે ખેલતી, નવ નવ રૂપ ધરેવ ॥૨॥
જે ત્રિભુવનમાંહિ ત્રિહું પદે, તે સવિ તુમ આકાર;
નિત્ય અનિત્ય તથા વળી, નિત્યાનિત્ય વિચાર ॥૩॥
અભિનવ આદિશક્તિ તું, તિહું કાળે સ્થિરભાવ;
તે સરસ્વતી નમીને નમું, મુજ ગુરૂ પ્રબલ પ્રભાવ ॥૪॥
પ્રથમ ખંડ અખંડ રસ, પૂર્ણ હુવો સુપ્રમાણ;
બીજો ખંડ કહું હવે, સુણજો ચતુર સુજાણ ॥૫॥
શ્રોતાજનની આગળે, વક્તા વચન પ્રમાણ;
સ્વાતિજલ [2]શુક્તિમુખે, મુક્તાફલ બંધાણ ॥૬॥
ઇક્ષુક્ષેત્ર મેઘજળ, પય સાકર સંકાસ;
ત્રણ સભા શ્રોતાતણી, નંદીસૂત્ર પ્રકાશ ॥૭॥
તે માટે ચિત્ત સજ્જ કરી, સુણજો શ્રોતા લોક;
[3]દક્ષ હશે તે રીઝશે, જેમ રવિ ઉદયે [4]કોક ॥૮॥
એક દિન દંપતી બેહુ જણાં, જલક્રીડા સંકેત;
તુરગ રથે ચઢી નીકળ્યાં, સાથે સુભટ બહુ લેત ॥૯॥
પુર પરિસર ઝરણાં નદી, તટ તરૂ શ્રેણિ વિશેષ;
એક તરુતલે તે ઉતર્યા, શીતળ છાયા દેખ ॥૧૦॥
રતિસુંદરી કંચુક પમુહ, ભૂષણ મેલી ત્યાંહ;
જલક્રીડા બહુવિધ કરે, નિજપતિશું ઉચ્છાહિ ॥૧૧॥

---

૧ મુખકમલ ૨ છીપમુખમાં ૩ હોંશીયાર ૪ ચકવાક

## ॥ ઢાળ પહેલી ॥

જુઓ અગમ ગતિ પુણ્યની રે...એ દેશી.

રાગે રંગિત રતિસુંદરી રે, ક્રીડા કરે સહ નાથ રે; રેવા નદી જલ ઝીલતાં રે, જિમ [1]કરિણી ગજ સાથ રે...રાગે૦ ॥૧॥ તેહવે કોલાહલ થયો રે, સુભટ દશે દિશ ધાય રે; બાણ ગગન ચલતાં ઝખે રે, દારૂ અવાજો થાય રે...રાગે૦ ॥૨॥ [2]શાખામૃગ હુકહુક કરે રે, દંપતિ ચિત્ત ડહોળાય રે; નદીતટ આવી પૂછતાં રે, કુંવરને ભટ ઉચરાય રે...રાગે૦ ॥૩॥ સાહિબ જલ ક્રીડાવશે રે, જોતાં ભટ પરિવાર રે; કંચૂક કપિ એક લઈ ગયો રે, પૂંઠે પડયાં અસવાર રે...રાગે૦ ॥૪॥ તે પણ પાછા આવીયાં રે, દીઠો કપિ નહિં કોય રે; વાત સુણી વિલખી થઇ રે, રાણી તિહાં ઘણું રોય રે...રાગે૦ ॥૫॥ કુંવર પ્રિયાને ઇમ કહે રે, જાઓ તમે સવિ ગેહરે; કંચુક સાતે માસમાં રે, આવશું લઈને તેહ રે...રાગે૦ ॥૬॥ એમ કહી કુંવર સીધાવીયા રે, ચંદ્રનાડી સ્વર જોય રે; શબ્દ શકુન પંખી તણાં રે, તે પણ સુંદર હોય રે...રાગે૦ ॥૭॥ સિંહ જ્યું માર્ગે મહાલતો રે, ચઢયો એક ગિરિશૃંગ રે; બહુવિધ કૌતુક દેખતો રે, વનફળ [3]જળસર રંગ રે....રાગે૦ ॥૮॥ વૃક્ષ અશોક ઘટાતળે રે; દીઠો સાધક એક રે; મૌનપણે ઉભો રહ્યો રે, કુંવર ધરીય વિવેક રે....રાગે૦ ॥૯॥ જાપ પૂરો કરી તે વદે રે, ભલે પધાર્યા આજ રે; આકૃતિએ ગુણવંત છોરે, લક્ષણથી નરરાજ રે....રાગે૦ ॥૧૦॥ કુંવર ભણે મુજને કહો રે, જે અમ

૧ હાથણી. ૨ વાંદરો ૩ સરોવર જળ.

સરખું કાજ રે; આગે ઉત્તમ ઉપકારમેં રે, દીધાં દેહ ધન રાજ રે....રાગે. ॥૧૧॥ તે કહે હું વિદ્યાધરૂ રે, દીયો કામિત ગુરૂરાય રે; મંત્રસાધન વિધિએ કરૂં રે, કોઈ સુર કરે અંતરાય રે....રાગે૦ ॥૧૨॥ ઉત્તરસાધક નર વિના રે, મન રહે નહિં ઠામ રે; તેણે કરૂં તુમ વિનતિ રે, અવધારો ગુણધામ રે....રાગે૦ ॥૧૩॥ કુંવર કહે સાધો સુખે રે, ચિત્ત કરી સ્થિર થોભ રે; ઉત્તરસાધક મુજથકાં રે, કોણ કરે તુમ ક્ષોભ રે?....રાગે૦ ॥૧૪॥ કુંવર પ્રબલ પુણ્યે કરી રે, વિદ્યા થઈ તસ સિદ્ધ રે; ઉત્તમપુરૂષ જે આદરે રે, તો હોવે નવ નિધ રે....રાગે૦ ॥૧૫॥ ગૌરી પન્નત્તી ખગામિની રે, રૂપપરાવર્તકાર રે; વિદ્યાધર એમે દીયે રે, કુંવરને વિદ્યા ચાર રે....રાગે૦ ॥૧૬॥ કુંવર ચાલ્યો ગિરિ ઉપરે રે, [1]ખેટ ગયો નિજ ઠામ રે; પર્વતશિખરે દેખીયું રે, કાલીદેવીનું ધામ રે....રાગે૦ ॥૧૭॥ નર દોય રોતાં સાંભળી રે, મંદિર પહોતો રાય રે; દીઠા તિહાં નિજ મિત્રને રે, ચંદનચર્ચિત કાય રે....રાગે૦ ॥૧૮॥ જોગી દોય જપી મંત્રને રે, બિહું શિર ઠવતા ફુલ રે; અદૃશ્ય રહી નૃપ ચિંતવે રે, કાંઈ કરે પ્રતિકૂલ રે....રાગે૦ ॥૧૯॥ મુંડમાળા ગળધારણી રે, દુષ્ટ નજર વિકરાળ રે; મહિષ ઉપર બેઠી થકી રે, કાલિકાદેવી નિહાળ રે....રાગે૦ ॥૨૦॥ રંગી રુધિરે ભૂતળાં રે, આગે અગ્નિનો કુંડ રે; હવન કરેવા ઉઠીયા રે, ધરી અસિ યોગી પ્રચંડ રે....રાગે૦ ॥૨૧॥ તે દોય રંકને ઈમ કહે રે, 'ઈષ્ટદેવનું કરો ધ્યાન રે; ખડ્ગે હણી

---

૧ વિદ્યાધર

શિખામાં ધરી રે, માતાને દેઉં બલિદાન રે....રાગે૦ ॥૨૨॥ તે કહે જૈનધર્મરૂચિ રે, ચંદ્રશેખર ભૂપાલ રે; તાસ ધર્મ સાર અમ કરે રે, સેવકની સંભાલ રે.... રાગે૦ ॥૨૩॥ યોગી કહે અમે ઓળખ્યો રે, અમ ગુરૂનો હણનાર રે; પણ ગુરૂએ ગગને ધર્યો રે, હજુઅ ન ભૂપ સમાચાર રે....રાગે૦ ॥૨૪॥ ભૂતભક્ષણ વહેંચી લીયો રે, તે તુમ શી કરે સાર રે ?; સાંભળી સિંહ જ્યું ગાજીયો રે, બોલે રાજકુમાર રે....રાગે૦ ॥૨૫॥ રે રે પાપી ! જોગટા રે !, પાપિણી સુરી તુજ માત રે; નિત્ય નિત્ય નિર્બળ નર ગ્રહી રે, ભક્ષ કરે કરી ઘાત રે....રાગે૦ ॥૨૬॥ વળી તુમ ગુરૂ એ વાટડી રે કરૂં મેળાવો આજ રે; ગગન ફરંત મેં પામીયા રે, જીમ પંખીને બાજ રે....રાગે૦ ॥૨૭॥ જોગી સુણી સન્મુખ થયા રે, કુંવરે ગ્રહી તવ દોય રે; દેવી દેખતાં નાખીયા રે, ભસ્મ હુતાશને હોય રે....રાગે૦ ॥૨૮॥ દોય મિત્ર લઈ નીકળ્યો રે, સરોવર સ્નાન કરંત રે; નૃપ પૂછતાં તે કહે રે, સાંભળો અમ વૃત્તાંત રે....રાગે૦ ॥૨૯॥ વાઘભયે નાઠા અમે રે, જોગી મળ્યા પાપ-યોગ રે; પૂછયો કહ્યો અમે મૂળથી રે, તુમ અમ યોગ વિયોગ રે....રાગે૦ ॥૩૦॥ તવ દોય કહે તુમને દીપું રે, સોવન સિદ્ધિ કરાય રે; લોભે અમે તસ વશ પડયાં રે, મધમાખીને ન્યાય રે....રાગે૦ ॥૩૧॥ દેવીભુવન ભેગા મળ્યા રે, નાથે દીયાં અમ પ્રાણ રે; પાપીએ જે ચિંતવ્યું રે, આપે લહ્યું નિર્વાણ રે.... રાગે૦ ॥૩૨॥ તિહું જણ રણ ઓલંઘતાં રે, દેખી અનોપમ ગામ રે; વનપરિસરે વિશ્રામતાં રે, યક્ષાલય શુભ ઠામ રે....રાગે૦ ॥૩૩॥ બીજે ખંડે એ કહી રે,

પહેલી ઢાળ રસાળ રે; શ્રી શુભવીર રસિકજનારે,
સુણજો થઈ ઉજમાળ રે....રાગે૦ ॥૩૪॥

॥ દુહા ॥

ગામલોક શ્રીફળ ગ્રહી, અશન વસન નૈવેદ્ય;
લેઈ જતા નર એકને, પૂછે કુંવર તે ભેદ ॥૧॥
તે કહે કિંશુકવન વસે, કરતી તપ ઉદ્દામ;
રૂપવતી સતી જોગણી, તાસ યશોમતી નામ ॥૨॥
અવધિજ્ઞાની તેહ છે, તસ વંદન જન એહ;
ભક્તિભરે તિહાં જાય છે, હરવા મન સંદેહ ॥૩॥
એમ નિસુણી નૃપ મિત્રશું, ગયા યશોમતી પાસ;
ચરણ નમી કરી બેસતો, પામી મન ઉલ્લાસ ॥૪॥
યૌવનવય તુમ ઝગમગે, લક્ષણ લક્ષિત દેહ;
પૂછે લઘુવય કિમ તપો? બીજો વળી સંદેહ ॥૫॥
એમ નિસુણી સા ઉચ્ચરે, મુજ વૈરાગ્ય નિવેશ;
એહ ઉત્તર દેતાં થકાં, તુમ ચિત્તે થશો કલેશ ॥૬॥
કુંવર ભણે માતા કહો, સઘળો એ અવદાત;
કલેશ શમે તુમ વચનથી, વળી લહીએ સુખશાત ॥૭॥

## ॥ ઢાળ બીજી ॥

સોના રૂપાકે સોગઠે, સાંઈયાં ખેલત બાજી....એ દેશી.

જોગણ કહે સુણ રાજવી! સંસાર અટાર અટારે, મોહે મૂંઝયા માનવી, ગુરૂવણી ન ધારે....મોહે૦॥૧॥ ગુરૂવાણીથી વેગળા, સો નગુરાં કહાવે; તપ જપ સાધન ધર્મનાં, ફળ તે ન હુ પાવે....તપ૦ ॥૨॥ સૌવીર નામે દેશ હે, સુભગાપુરી વાસી; ચિત્રસેન રાજા બળી, દૂર કોશ હે બ્યાસી....ચિ૦ ॥૩॥ તિનકું

રાણી આઠ હે, યશોમતી અળગોરી; વિનય કુશળ એક પુત્ર હે, દોય બેટી ભલેરી...વિ૦ ।।૪।। નૃપ સાથે લીલા કરે, તે સાતે રાણી; સયે માની સો રાણીયો, દૂજી ભરે પાણી...રાયે૦ ।।૫।। લઘુરાણી નિજમંદિરે, રહેતી ભર શોકે; માન વિહૂણી લોકમેં, નહિ નિંદ વિયોગે...માન૦ ।।૬।। સજ્જન મુક્ત વિદ્યાર્થી, રોગી ને સરોષી; પરદારાસંગી લોભીયા, વિરહી ને વિદેશી...પર૦ ।।૭।। એ સત નિદ્રા ન લહે, મેં બીયું રહતે; હમ દુઃખ સબહી વિભાગીયે; દોય નયના રોતે...હમ૦ ।।૮।। બાળ ચોર વૈદ્ય પ્રાહુણા, નૃપ ધૂર્ત ને વેશ્યા; પરપીડા નહુ જાણતે, હોત બહુત કલેશા..... પર૦ ।।૯।। નર નિજ સ્વાધીન નારીઓ, પરલલના લોટે; પૂર્ણોદક [1]સર ના ઈચ્છતો, કાકકુંભ જ બોટે..... પૂર્ણો૦ ।।૧૦।। [2]કૌશિક દિવસે ન દેખતો, વાયસા નિશિ-વેળા; નિશદિન કામી અંધ હૈ; કરે નીચસેં મેળા.... નિ૦ ।।૧૧।। એક દિન માતંગી મળી, ગાય ગીત રસાળા; હાવભાવ લટકા કરે, વલી નયનના ચાળા..... હાવ૦ ।।૧૨।। દેખી રાજા મોહીયો, રૂપ કંઠ નિહાળી; જન્મઠાણ નિર્મળ નહિ, વળી વર્ણે કાળી....જન્મ૦ ।।૧૩।। [3]પંકા શંકા તન ધરી, ભાગે લોક હજુરી; સૌગંધિક ગુણ દેખકે, લીએ નર કસ્તુરી....સા૦ ।।૧૪।। નિશિ માતંગી ભોગવી, નૃપ નીચ નીહાળ્યા; દિલ વૈરાગે ભેદીયું, મટી મોહકી જ્વાળા....દિલ૦ ।।૧૫।। જૈનમુનિ વનમાં સુણી, ગઈ સાખીઓ સાથે; સીંચી ચણ સુધારસે, કરી શીતળ નાથે....સીંચી૦ ।।૧૬।।

---

[1] સરોવર [2] ઘુવડ [3] કાદવ

દીક્ષા હુકુમ ર જેમ કી, હમ નાહિ પલાયા; સંસાર બૂરા છોરકે, હમ યોગ ધરાયા...સં૦ ॥૧૭॥ સમકિત મૂળ વ્રત પંચ એ, મેરે દિલમેં છાયા; જૈનજ્ઞાન તપ ધ્યાનથી, ઓહિનાણ ઉપાયા...જૈન૦ ॥૧૮॥ યોગીપણે વનવાસમેં, પાંચ વર્ષ તે જાતાં; અબ સુનહો તુમ રાજવી, પ્રિયા કંચુક બાતાં....અબ૦ ॥૧૯॥ એક દિન રાજકચેરીમેં, પરદેશી આયા; ભૂપ ભણે અચરિજ કહો, કોઇ ગામ દેખાયા....ભૂપ૦ ॥૨૦॥ સો કહે કનકપુર ધણી, જિતારિ કહાવે; તસ બેટી રતિસુંદરી, રૂપ રંભા ગાવે....તસ૦ ॥૨૧॥ દેવે દીયો એક કંચુવો, કહું શોભા કેતી; ગ્રહમંડળ ગગને રહી, જોવે તસ જ્યોતિ.... ગ્રહ૦ ॥૨૨॥ રાય સુણી સુર મિત્રકું, બલિદાને બોલાયા; કંચુક હરણકી બાતસેં, ઉનકું સમજાયા....કંચુક૦ ॥૨૩॥ સુર [1]કપિરૂપ બનાયકે, [2]નઇ તરૂ પર ગાજી; હરી કંચુક દેઇ ગયો, કીયા રાયકું રાજી...હરી૦ ॥૨૪॥ કંચુક દેખી ભૂપતિ, દિલમેં યું ધ્યાવે; કંચુકધર કાંતા કિસી, પુણ્યવંત જ પાવે....કં૦ ॥૨૫॥ મુજ ભાગ્યે એ ભામિની, જો દૈવ મિલાવે; તવ હમ જન્મ સફળ હુવે, જોડી જુગતિ થાવે....તવ૦ ॥૨૬॥ મિત્રદેવ બોલાય કે, ફેર કામ ભલાયા; પને [3]નિર્જર યું ભણે, કયા ફોગટ માયા....નૃપ૦ ॥૨૭॥ ફણિધરકા મણિકો ગ્રહે, સતી શીલ ન ભંજે; ઉસમેં કોઇ નફા નહિ, સતી સુરસે ન ગંજે....ઉ૦ ॥૨૮॥ રાય ભણે એક બેર તું, ઇનકું ઇંહા લાણા; હોનાર સો હોવગા, ખુશી યા પછતાણા....હો૦ ॥૨૯॥ તવ તે સુર રતિ-

---

૧. વાનર ૨. નદી ૩. દેવ

સુંદરી, સૂતી શય્યા લાવે; નિર્ભાગી કુશેવધિ, યું ભૂપકે દેવે....નિ૦ ॥૩૦॥ શિયલ અખંડિત સા રહે, ઘર પાસે પનોતિ; તુમ રૂપપટ્ટે આલેખ કે, કરે ભોજન જોતી....તુમ૦ ॥૩૧॥ શ્રી શુભવીર કુંવર સુણી, યોગણપદ પૂજી; લલિતપદે ભણી ઢાળ એ, ખંડ દૂજે દુજી....લલિત૦ ॥૩૨॥

॥ દુહા ॥

યોગણ વચન સૂણી ઈરયાં, હર્ષિત હુવો વિશેષ;
પણ કાંતાહરણે કરી, પામ્યો ચિત્ત કિલેસ ॥૧॥

તસ ઉપાય વિચારીને, કહે યોગણને તામ;
વિદ્યાવિધિ તુમ નજરથી, સિઝે વાંછિત કામ ॥૨॥

જોગણ અનુમતિ પામીને, જપ મંડલ બલિદાન;
એટકથિત વિધિ સાચવી, બેઠો કરી એક ધ્યાન ॥૩॥

ઉતરસાધક બિહું રહ્યા, યોગણની આશિષ;
પુણ્યબળે સિદ્ધિ થઈ, સાધન દિન એકવીશ ॥૪॥

રચિત વિમાને બેસીને, પ્રણમી યશોમતી પાય;
સુભગાપુરી વનખંડમાં, મિત્રસહિત તે જાય ॥૫॥

હવે રતિસુંદરી દેખીને, ચિત્રસેન ભૂપાળ;
રૂપે મોહ્યો એણીપરે, વચન વદે સુકુમાળ ॥૬॥

તુમ હમ મેળા મેળવ્યા, દૈવે સરખી જોડી;
પ્રેમે અમ સાથે રમો, પૂરૂં વાંછિત કોડી ॥૭॥

સા કહે તું કુણ રંક છે, મુજ પતિ સિંહસમાન;
સિંહની નારી સિંહ વિણ, ન ભજે ઓર કુઠામ ॥૮॥

સાંભળી એમ એક મંદિરે, રાખી તાસ નરેશ;
નિત્ય પ્રત્યે ઓલગ કરે, નવ નવ વચન વિશેષ ॥૯॥

## ॥ ઢાળ ત્રીજી ॥

દેશી કેરખાની.

પ્રેમે પનોતી પધારિયાં, દિલ હરણેવાલી કયું, રે રંગીલી ન હુ માનતી, સુણ હો રાજકી બેટી; તુમ હમ પુણ્યે ભેટી, આનાકાની અબ કયું કરે? દિલ હરણેવાલી; સાત રાણીકે શિરે, મેં તુઝ રાખું ઘરે, દુનિયા તુમ પાઉં પરે....દિલ૦ ॥૧॥ દાસ દાસી હજુરા, એ સબ સેવક તેરા, હુકમ તુમારા નવિ લોપતે દિલ૦; સબહી રાણી હમેરી, ભક્તિ કરેંગી તેરી, તુમ આણા શિર રોપતે....દિલ૦ ॥૨॥ રાજ એ તુમ સંગી, સેના એ ચતુરંગી, આણા ફેરાઉં સવિ દેશમેં.... દિલ૦; મેં બી કરત સેવા, ખાઓ મીઠાઈ મેવા, તેલ સુગંધી ધરો કેશમેં....દિલ૦ ॥૩॥ હમકું એક સુરે દીયો, કંચુક તુમ લીયો, રત્ન ભૂષણ સવિલાસમેં.... દિલ૦; તુંહી વિદેશી વરી, તે તુજ પરિહરી, ભટકત દેશ વિદેશમેં....દિલ૦ ॥૪॥ ચિત્ત ખુલાસે રહો, કહેના હોવે સો કહો, નીચી નજર કરી કયું રહો?....દિલ૦; સુંદરી બોલે ઇસ્યું, લોક વિરુદ્ધ કિસ્યું, ઉત્તમ કબહુ ન યું કહે....દિલ૦ ॥૫॥ હોવે દાસીકા જાયા, ઓર ધત્તુરા ખાયાં, દીવાના પણ યું ના કહે....દિલ૦; ધિક ધિક તેરી જાત, ક્ષત્રિયના માય તાત, તેરાં વચન સતી ના સહે....દિલ૦ ॥૬॥ અપયશ જગ લીયો, કુલે કલંક દીયો [1]મસીકૂર્ચક [2]પૂર્વજમુખે....દિલ૦; સતીકી લાજ લેવે, તે નર જીવ ખોવે, આ ભવ તે ન રહે સુખી....દિલ૦ ॥૭॥ કીયા મનોરથ મનકા, અબ ન-

૧ મેશનો કૂચડો ૨ પોતાના પૂર્વજોના મુખે

થારી નરકા, કબહુ સફલ હોવે નહિ....દિલ૦; તેં મુજ અપહરી, લુંચત કેશ હરિ, મહાસત નહિં જગમાં રહી...દિલ૦ ॥૮॥ મેરે પ્રીતમકે આગે, સિંહનજરસેં ભાગે, છાગ[2] સરિખે તુમ ભૂપતિ....દિલ૦; કંચુક લીયુ દિયા, ચોરીએ તુમને લીયા, ચોરીકા માલ હુવા છતા.... દિલ૦ ॥૯॥ સુરગિરિ[3] પત્રને ધ્રૂજે, જીવ અભવ્ય બૂઝે, લોક અલોકમેં જાવતાં....દિલ૦; રવિશશિ ચાલ ચૂકે, જલધિ મર્યાદા મૂકે, હું તુજ હાથ ન આવતી.... દિલ૦ ॥૧૦॥ એમ સુણી રાય ધ્યાવે, એ અબ કહાં જાવે? ચીઠી ધાગાં કરી વશ કરૂં....દિલ૦; ખાન પાન દીયું, ઘડી ઘડી ખબર લીયું, જ્યું ત્યું કરૂં મન પાસેરૂં....દિલ૦ ॥૧૧॥ ચિત્રપટે આલેખી, રૂપ પતિનું દેખી, પંચ કવલ પતિકું દીયે....દિલ૦; પાણીકા પ્યાલો ધરે, પીછે ભોજન કરે, યા રીત રહે ઉદાસી એ.... દિલ૦ ॥૧૨॥ મિત્ર દોનું વનવાસે, ચંદ્રશેખર પાસે, પુરજનકું સબ પૂછતે....દિલ૦; વાત સકલ જડી, તિહું એકમત ઘડી, વિદ્યાબળે નિશિ જાવતે....દિલ૦ ॥૧૩॥ મહેલ સત્તમ માળે, આપ પ્રિયા નિહાળે, પટપર સૂતી બેહાલસેં....દિલ૦; ક્ષણ ક્ષણ વિરહે તપે, નામ પ્રભુકો જપે, ચિત્ત જુવે એક તાલસેં....દિલ૦ ॥૧૪॥ મિત્રકું બાત કરી, આપ અદૃશ્ય રહી, તે દોય યા રીત બોલતા....દિલ૦; સુણ હો રાજાકી સુતા, ગુણવંતી અદ્દભૂતા, અમ દોય તુમ પદ ઢુંઢતા....દિલ૦; ॥૧૫॥ અમ દોય સેવક હું, તુમ પતિ સંગ રહું; દેવ સાંનિધ્ય ઇહાં આવીએ....દિલ૦; હુકમ દીયા હે નાથે, ચલો હમારી સાથે, તુમ માત તાત મીલાવીએ....દિલ૦ ॥૧૬॥

૧ સિંહ ૨ બકરં ૩ મેરૂપર્વત

કિસકા એ રૂપ પટે, સતીકું નાંહિ ઘરે, અન્ય પુરૂષકો પેખણો...દિલ૦; બોલે સતી યું વાચા, તુમે બીહુ તો સાચા, પટમેં કહો રૂપ કુણતણો? દિલ૦ ॥૧૭॥ હમ દિલ સાખ ભરે, તુમ સવિ વાત ઠરે, નહિંતર મુખ નવિ દેખણો...દિલ૦ તવ દોય પટ જુવે, કહે અમ સ્વામી હોવે, સા સુણી હરખ લહે ઘણો...દિલ૦ ॥૧૮॥ કુંવર પ્રગટ ભયે, વિયોગ પીડ ગયે, ચાર ચતુર નયના ઠરે...દિલ૦; બીજે ખંડે ઉત્સાહે, ત્રીજી એ ઢાળમાંહે, શ્રી શુભવીર મેળા કરે...દિલ૦ ॥૧૯॥

॥ દુહા ॥

કુંવર ભણે સુંદરી સુણો, દુઃખવેળાં ગઈ દૂર;
થોડા દિન આ મંદિરે, રહેજો આનંદપૂર ॥૧॥
એ દોય મિત્ર જ તુમ કને, મળશે અવસર દેખ;
તુમ આમ મનસુખાતણી, કહેશે વાત વિશેષ ॥૨॥
એમ કહી ત્રિહુ જણ વન ગયા, સુખભર વીતી રાત;
વિશ્રમભર તે ઉઠીયા, લહી નિર્મલ પર ભાત ॥૩॥
જલભાજન ભરી શિરધરી, દેખી આવત નાર;
પંથ સરે તે ચાલીયા, દીઠું સરોવર પાર ॥૪॥
તાસ તટે એક વડવૃક્ષ છે, વિપુલ શીતલ લહી છાંય;
વેશ કરી યોગીતણાં, બેઠાં ધ્યાન ધરાય ॥૫॥

## ॥ ઢાલ ચોથી ॥

સાહીયર પાણી સંચર્યા, યમુનાકે તીરે હાં હાં રે યમુના૦ એ દેશી.
શ્રી મહાવીર મનોહરૂં, પ્રણમું....એ રાગ.

નૃપ અવધૂત હુઆ ગુરૂ, દોય ચેલા પાસે....હાં હાં રે દોય૦; મૌનપણે ગુરૂ ધ્યાનમાં, રહી વયણ ન ભાસે...હાં૦ રહી૦ ॥૨॥ મહોટી જટા વડડાલસેં, બાંધી

જપ કરતાં....હાં૦ બાંધી૦; કુંડ અગ્નિએ ચેલા બહુ, [1]હૂત દ્રવ્ય જ ધરતાં....હાં૦ હૂત૦ ॥૨॥ વાત નગરનારી કરે, પ્રભુ આપ પધાર્યા....હાં૦ પ્રભુ૦; નર નારી આવી નમે, તસ કામ સુધાર્યા....હાં૦ તસ૦ ॥૩॥ કેઇ પતિ વશ કરવા ભણી, નિજ શોકયને સાલે....હાં૦ નિજ૦; કેઈ [2]અંગજ અથી૰ થઇ, તસ ચરણ પખાળે....હાં૦ તસ૦ ॥૪॥ કેઈ મૃતવત્સા દોષિત કોઈ રોગે આવે; હાં૦ કોઇ૦; મન ગમતાં ભોજન કરી, કોઈ પ્રેમે લાવે.... હાં૦ કોઇ૦ ॥૫॥ શિવધમી૰ કેઈ સ્ત્રી નરા, લેઈ ફુલ વધાવે....હાં૦ લેઇ૦; હવન વિભૂતિ શિર ધરી, કામ કરી ગુણ ગાવે....હાં૦ કામ૦ ॥૬॥ વેશ્યા વૃદ્ધા તેણે સમેં, દરબારસેં આવે....હાં૦ દર૦; શિર ફરસંતા ગુરૂ-પગે, નવયૌવના થાવે....હાં૦ નવ૦ ॥૭॥ રૂમઝુમ કરતી પ્રેમશું, દરબાર મેં આવે....હાં૦ દર૦; વાત કહી નૃપ પૂછતાં, યોગી ગુણ ગાવે....હાં૦ યોગી૦ ॥૮॥ તે દેખી નૃપ આવીયો, નમી શિષ્યને ભાસે, હાં૦ નમી૦; તમે યોગીશ્વર કિહાં થકી, આવ્યા એણે વાસે....હાં૦ આ૦ ॥૯॥ શિષ્ય કહે અમ [3]સુરગિરિ ઉપર વન ફરતે....હાં૦ ઉપર૦; બાર વરસ ભોજન વિના, ગુરૂજી તપ કરતે....હાં૦ ગુરુ૦ ॥૧૦॥ દેવ દેવી રવિ ચંદ્રમા, ગુરૂ હજાર રહેવે....હાં૦ ગુરુ૦; નૃપ કંચુકધર નારીની, સવિ વાત જ કહેવે....હાં૦ સવિ૦ ॥૧૧॥ તુમ ગુરૂ પાસે મોહિની, હોય તો કહો અમને....હાં૦ હોય૦; જે જે માગો તે દીયું, ગુરૂ છાનું તમને....હાં૦ ગુરૂ૦ ॥૧૨॥ વશ કરવી એક નારી છે, નહિં કારજ દૂજું....હાં૦ નહિ૦; નજર કરે ગુરૂ મુજ પરે, રયણે પગ પૂજું....

૧ હોમ ૨ પુત્ર ૩ કૈલાસપર્વ

હાં. ૨. ॥૧૩॥ શિષ્ય ભણે સુણ રાજવી, અમ ગુરૂ નિર્લોભી....હા. અમ.; તુમ ભાગ્યે ગુરૂ જો કરે, રંભા રહે થોભી....હાં. રંભા. ॥૧૪॥ વસ્તુ અધિક ગુરૂથી નહિ, હમ કહા તુમ દેવેં....હાં. હમ.; એમ કહી વિનવે થકે, ગુરૂ વચન કહેવે....હાં૦ ગુરૂ૦ ॥૧૫॥ હમ તુમ મંદિર આયકે, કરૂં કામ સવેરા....હાં૦ કરૂ૦; હમ વચને જો સ્થિર રહે, તો હોય ભલેરાં....હાં૦ તો૦ ॥૧૬॥ નૃપમંદિર જઈ ગોપમેં પદ્મમંડલ કીધાં....હાં૦ પદ૦; ધૂપ નૈવેદ્ય કુસુમ ભરે, બલિદાન પ્રસિદ્ધા.... હાં૦ બ૦ ॥૧૭॥ હું હું ફુદ્ સ્વાહા જપે, પદ્માસન બેઠે....હાં૦ પ૦; આડંબર બહુલાં કરી, દિન ચોથે ઉઠે....હાં૦ દિન૦ ॥૧૮॥ ભુજકેશ એક દેઈ કહે, માદલીએ રખના....હાં૦ મા૦; નારી સવિ વશ હોયગી, મિટ ગઈ તુજ ઝંખના....હાં૦ મિટ૦ ॥૧૯॥ પણ એ નારી જો કહે, એ રીતે ચલના....હાં૦ એ૦; જિહાં જાવે ઉહાં જાન દે, નવિ કરની સ્ખલના....હાં૦ નવિ૦ ॥૨૦॥ નિત્ય નિત્ય રાગ વધત હુવે, ઈમ દિન એકવીશે.... હાં૦ ઈમ૦; કરજોડી રહેગી સદા, સુણ વિશ્વાવીશે.... હાં૦ સુ૦ ॥૨૧॥ યોગીકે ઘર હે બડે, મત શંકા લાવે... હાં૦ મત૦; હમ તો રમતા રામ હે, ફિર વનમેં જાવે....હાં૦ ફિર૦ ॥૨૨॥ રાય કહે દિન દશ લગે, હમ દર્શન દેના....હાં૦ હમ૦; યોગી કહે અમ વશ નહિ, તેરી ખાતર રહના....હાં૦ તેરી૦ ॥૨૩॥ એમ કહેતાં ગગને ચલ્યા, નૃપ ઉંચું જોતાં....હાં૦ નૃપ૦; મહાવિદ્યા-ભંડાર એ, એમ સહુને કહેતા....હાં૦ એમ૦ ॥૨૪॥ રાતે રતિસુંદરી કને, દોય મિત્ર તે જાવે....હાં૦ દોય૦;

વાત બની તે સવિ કહી, પછી એમ સમજાવે....હાં૦ પછી૦ ॥૨૫॥ રાયશું મીઠી વારતા, કરજો જેમ રીઝે....હાં૦ ક૦; મુજ બાધા મૂકે થકે, તુમ કારજ સીઝે....હાં૦ તુમ૦ ॥૨૬॥ ઇત્યાદિક સવિ શીખવી, ગયા કુંવરની પાસે....હાં૦ ગયા૦; બીજે દિન સુંદરી-તણે, ગયો નૃપ આવાસે....હાં૦ ગયો૦ ॥૨૭॥ ઉઠી સા આદર દીએ, કરે વાત તે મીઠી....હાં૦ કરે૦; નૃપ જાણે યોગીશ્વરે, કરી સાચી ચીઠ્ઠી....હાં૦ કરી૦ ॥૨૮॥ રાય ભણે તુમે જે કહો, વંછા કરૂં પૂરી....હા૦ વં૦; સા કહે સુરગિરિજાત્રા, બાધા છે અધૂરી....હાં૦ બાધા૦ ॥૨૯॥ જો ઇચ્છા પૂરી કરો, તો રહેશું હજૂરી૦ હા૦ ૨૦; ચિંતે નૃપ યોગી વિના, એ વાત ન પૂરી....હાં૦ એ૦ ॥૩૦॥ નૃપ જઈ યોગીને નમી, કહે યાત્રા કરાવો....હાં૦ કહે૦; યોગી કહે ઘડી દોયમેં, યાત્રા કરી આવો....હાં૦ યાત્રા૦ ॥૩૧॥ રચી વૈમાન નરેશને, કહે સહુ જઈ બેસો....હાં૦ કહે૦; સુંદરીને નપ કહે, કરો વૈમાને વાસો....હાં૦ વૈ૦ ॥૩૨॥ સા ભણે હું નવિ એકલી, જાઉં યોગી સાથે....હાં૦ જા૦; રત્ન-ભૂષણ પુત્રી બીહું, દીયો સંઘાતે....હાં૦ દી૦ ॥૩૩॥ મુજ કંચુક દેઇ પગ નમી, તુમ સાથ ચાલીજે....હાં૦ તુમ૦; તો ચલું યાત્રા નહિ તદા, અશનાદિ તજી જે હો....અ૦ ॥૩૪॥ કંચુક આદે દેઈ નમી, નૃપ સજવા જાવે....હાં૦ નૃપ૦; શિષ્ય કહે ફોગટ અમુ, નવિ સાથ ચલાવે....હાં૦ નવિ૦ ॥૩૫॥ કોટિમૂલ્ય દોય હાર નૃપ, તાસ દીએ કામાંધી....હો૦ તાસ૦; વૈમાને સહુને ઠવી, નિજ કારજ સાધી....હાં૦ નિજ૦ ॥૩૬॥ નૃપ આવ્યા પહેલાં ચઢી, ગગને એમ બોલે....હાં૦ ગ૦; રાજાદિક

સુણજો સહુ મત ભૂલો ભોળે....હાં૦ મત૦ ॥૩૭॥ નૃપ કન્યા દોય અપહરી, જઇશું પુર બહારે....હાં૦ જ૦; રણસંગ્રામે આવજો, ક્ષત્રિયવટ ચારે હાં૦ ક્ષ૦ ॥૩૮॥ સાંભળી કોળાહળ થવે, નૃપ સુભટ જ આવે....હાં૦ નૃપ૦; ચંદ્રશેખર વિદ્યાબળે, સહુને સ્થંભાવે....હાં૦ સ૦ ॥૩૯॥ કનકપુરે જઇ સાસરે, કન્યા દોય ઠાવે.... હાં૦ કન્યા૦; લગન લેઈ બિહુ મિત્રને, કન્યા પરણાવે.... હાં૦ કન્યા૦ ॥૪૦॥ બીજે ખંડે એણી પરે, કહે ચોથી ઢાળ....હાં૦ કહે૦; શ્રી શુભવીર કહે સુણો, શ્રોતા ઉજમાળ....હાં૦ શ્રોતા૦ ॥૪૧॥

॥ દુહા ॥

કુંવર કહે નિજ મિત્રને, જાઓ તમે નિજ દેશ;
પિતર અમારાં અમ ઘરે, કરતાં હોશે કલેશ ॥૧॥

ખબર અમારી કાઢવા, મોકલીયા તુમ દોય;
જઈ પાછા અમ વારતા, કરતાં સુખી સહુ કોય ॥૨॥

દેશાંતર દેખી કરી, સાધી વાંછિત કામ;
રાજઋદ્ધિ લેઈ આવશું, માત પિતાને ગામ ॥૩॥

એમ કહી ધન દેઈ બહુ, કુંવર વિસર્જે જામ;
હાર દોય દોય રમણીને, ભૂષણશું દીએ તામ ॥૪॥

પરિકરશું વિમાનમાં, બેસારી ભલી ભાત;
કાશીપુરી બંગાતરે, મૂકી વળ્યાં પ્રભાત ॥૫॥

પગપાળે પાછા વળ્યાં, જોતાં વન ગિરિ ઠામ;
સિંહતણીપરે મલપતો, પામ્યો સુંદર ગામ ॥૬॥

એક વને યક્ષાલયે, હૃદયે ધરી અરિહંત;
[1]નિશીથસમય સૂતાં સુખે, નારી રૂદન કરંત ॥૭॥

---

૧ રાત્ર

મન ચિંતે દુઃખભર થકે, રોતી કુણ એ નાર ?;
દુઃખીયાનું દુઃખ ભાંગવું, એ ક્ષત્રિય આચાર ॥૮॥
એમ ચિંતીને ઉઠીયો, શબ્દતણે અનુસાર;
[1]પિતૃવને ઉભો જઈ, દેખી સુંદર નાર ॥૯॥

## ॥ ઢાળ પાંચમી ॥

કુંવર ગભારો નજરે દેખતાંજી....એ દેશી.

સાહસિક વંત શિરોમણિજી, બુદ્ધિ ધૈર્યબળ ભૂર હો; ઉદ્યમ પરાક્રમ જસ હુવેજી, દૈવ રહે તસ દૂર રે....સાહસિકવંત શિરોમણીજી ॥૧॥ ચંદ્રશેખર કરુણા-નિધિજી, દેખી રૂપની રેખ રે; દિવ્ય ભૂષણશું રસાદિકેજી; ભાલતિલક સવિશેષ રે....સા૦ ॥૨॥ કુંવર કહે સુણ-સુંદરીજી, રૂદન કરે શે કાજ રે ?; વનમાં રહી કિમ એકલીજી, નિજ કુલવટ તજી લાજ રે....સા૦ ॥૩॥ સા ભણે સુણ લઘુ બાળકાજી, તુજને કહ્યે શું થાય રે ?; મનની વાત બાહિર પડેજી, દુઃખ કશું નવિ જાય રે....સા૦ ॥૪॥ બોલે કુંવર લઘુ ગુરુતણુંજી, બોલવું એ અસરાળ રે; શિલા રત્ન અંતર જુવો જી, ગાય વાળે તે ગોવાળ રે....સા૦ ॥૫॥ ભંજે [2]કુલિશ ગિરિ-મોટકાંજી, અંકુશ ગજવશીકાર રે; તેજે અધિક તે ગુરૂ કહ્યોજી, દીપ હરે અંધકાર રે....સા૦ ॥૬॥ કહે તે તુમ વચને કરીજી, થઈ પરતીજ મુજ સાર રે; પાકે [3]સીશ ચાંપી લીયોજી, જાણીએ ભટ આકાર રે.... સા૦ ॥૭॥ વાત સુણો એક માહરીજી, આ નગરે અમ વાસ રે; સુજાપતિ નૃપસેવા કરેજી, નિશિદિન રહેતો પાસ રે....સા૦ ॥૮॥ શસ્ત્ર રમણી ને ભૂપતિજી, સ્થિર-

૧ સ્મશાન ૨ વજ્ર ૩ દાણો

પણે કદીય ન હોય રે; વાત [1]પિશુનમુખ સાંભળીજી, રીસે ચડયો નૃપ સોય રે....સા૦ ॥૯॥ હુકમ કરી કોટવાળને જી, શૂલિ ધર્યો મુજ નાહરે; અશન કરાવા નિશિ સમેજી, આવી ઇહાં ઉત્સાહ રે....સા૦ ॥૧૦॥ ઉંચી શૂળી પહોતી નહિંજી, હું અબળા બળ રોય રે; મુખ દેખી ભોજન કરૂંજી, ખંધ ચડાવે કોય રે....સા૦ ॥૧૧॥ ઇચ્છાપૂર્ણ મુજ શિર ચઢીજી, સ્થિર થઈ કરો કહે રાય રે; ખંધ ચઢી તવ સા તિહાંજી, કાતીએ કાપી માંસ ખાય રે....સા૦ ॥૧૨॥ માંસ તણો [2]ખંધ એક પડયોજી, કાપતાં નિજ ખંધ રે; કુવર તે લઇ નાસા ધરેજી, માંસ મૃતક દુર્ગંધ રે....સા૦ ॥૧૩॥ તવ ઉંચુ જોઇ ચિંતવેજી, હૈ હૈ વ્યંતરી કોય રે; છળ કરીને મુજ મારવાજી, ફંદ રચ્યો એ સોય રે....સા૦ ॥૧૪॥ કુંવર વદે રે પાપિણીજી, જાણ્યું તુજ ચરિત્ર રે; ખંધથી નાખી ભૂતળેજી, હિંસક સુરી અપવિત્ર રે.... સા૦ ॥૧૫॥ ખડ્ગ ગ્રહી જબ ઘા દીએજી, નાઠી લેઇ શરીર રે; ગગને જાતાં કુંવરે ગ્રહીજી, ખેંચી લીધું તસ ચીર રે....સા૦ ॥૧૬॥ સુરમંદિર સૂતો જઇજી, ચાલ્યો ઉઠી પ્રભાત રે; [3]જરણા પરણા ઉતરીજી, ચાલ્યો ઉઠી પરભાત રે....સા૦ ॥૧૭॥ તિહાં એક વન નિકુંજમાંજી, દીઠો જૈનપ્રાસાદ રે; કલ્પતરૂ મરુ-ભૂમિએજી, દેખી લહે આલ્હાદ રે....સા૦ ॥૧૮॥ શાંતિ-નાથ પ્રભુ દેખીનેજી, વાંદ્યા ધરીય વિવેક રે; રંગ-મંડપ જબ આવીયાજી, તવ દીઠો નર એક રે.... સા૦ ॥૧૯॥ કુંવર પૂછતાં તે કહેજી, મણિચૂડ ખેચ નરેશ રે; તસ સુત હું શંખચૂડ છુંજી, સુરમુખ સુણી

---

૧ ચાડીખોર ૨ કુકડો ૩ તે નામની નદી

ઉપદેશ રે....સા૦ ॥૨૦॥ યાત્રા જતાં ઇહાં આવીયોજી, ચૈત્ય ઉલ્લંઘ્યું અજાણ રે; આકાશથી ભૂમિ પર પડયોજી, વિદ્યાની થઈ હાનિ રે....સા૦ ॥૨૧॥ કુંવર કહે શંખચૂડનેજી, વિદ્યા લીયો મુજ પાસ રે; સાધો કહીને વધાવતોજી, વિદ્યા ફરી દેઇ તાસ રે....સા૦ ॥૨૨॥ ખેટ વિમાન રચી કરીજી, કુંવરનો લહી ઉપકારજી; વિદ્યા દીધી બહુરૂપિણીજી, દેઇ ગયો ગિરનારજી.... સા૦ ॥૨૩॥ ચંદ્રશેખરના રાસનીજી, એ કહી પાંચમી ઢાળજી; શ્રી શુભવીર કુંવરે તિહાંજી, સાધી વિદ્યા વિશાળ રે....સા૦ ॥૨૪॥

॥ દુહા ॥

સિંહ અને વળી પાખર્યો, તિમ લહી વિદ્યા સાર;
મલપંતો મારગ ચલ્યો, એકણ પિંડ કુમાર ॥૧॥
સાથ લેઈ પરિકર ઘણો, મળીયો એક સત્થવાહ;
પર્વતનિકટ સરોવરે, ઉતર્યો દેખી સુચ્છાંહ ॥૨॥
સાર્થપતિ ચિંતાતુરે, બેઠો તંબુ ગેહ;
પૂછંતાં કહે કુંવરને, છે અમ ચિંતા એહ ॥૩॥
ભિલની પલ્લી ગિરિ વચે, વસતા [1]સબર અનેક;
ભીમ નામ પલ્લીપતિ, લૂંટતો [2]અતિરેક ॥૪॥
ખબર વિના આવી ચડયા, હવે કોણ કરવુ કાજ ?;
તે ચિંતા ચિત્તમાં વસી, ઈહાં કિમ રહેશે લાજ ! ॥૫॥
કિહાં જાવું કુંવર ભણે, જવું કરણાટક દેશ;
નૃપ કહે નિર્ભય થઇ રહો, ન ધરો ભય લવલેશ ॥૬॥
કેસરી સિંહની આગળે, સબરા હરણ સમાન;
શેઠ વદે તુમ નજરથી, જેમ રવિતિમિર [3]વિતાન ॥૭॥
શેઠ વસુદત્ત ચિંતવે, ધૈર્યબળી નર એહ;
નમી તેડી સર ભોજને, રાત વસ્યા ધરી નેહ ॥૮॥

૧ ભિલ્લ ૨ અત્યંત ૩ વિસ્તાર ૪

## ॥ ઢાળ ૬ ઠી ॥

સુણ મેરી સજની રજની ન જાયે રે...એ દેશી

લોક સકલ નિદ્રા અનુસરતા રે, શેઠ સુભટશું ચોકી ફરતા રે; ભીલ્લ ઘણા ગિરિથી ઉતરતા રે, વાનર પરે કીકીયારી કરતા રે ॥૧॥ એક પહોર રાત્રિ જબ જાવે રે, મેઘનીર જ્યેં તીર વરસાવે રે; [1]શબરતિમિર ભર ચિહું દિશિ ધાવે રે, ઘુઅડ જ્યું ઘુઘવાટા કરી આવે રે ॥૨॥ દેખી કાયર દિલ કંપાવે રે, બળીયા સુભટ તિહાં જૂઝાવે રે; બહુલી બળતી મશાલો કરતા રે, ભટ જૂઝંતા પગ નવિ ડરતા રે ॥૩॥ કાળા ભિલ્લ ને કાળી રાતે રે, બાવળ [2]બદરી કંટક જાતે રે; તે સાથે રણ કરી ભટ તે જુઝે રે, દેખી શેઠ તે ઉભા ધ્રૂજે રે ॥૪॥ પલ્લીપતિ ભીમસેન તે આવે રે, શબર ઘણાંને રણમાં લાવે રે; શેઠના સુભટ રણેથી તૂટે રે, ભિલ્લ હકાર્યા સાથને લૂટે રે ॥૫॥ ચંદ્રશેખરને શેઠ જણાવે રે, તવ તે મેદાને આવે રે; કુંવર ઉપર તે ભીમ બાણ સાંધે રે, નાગપાશથી નૃપ તસ બાંધે રે ॥૬॥ બહુ રૂપિણી વિદ્યા ફેરવતાં રે, રૂપ [3]કપિંજલ લાખ તે કરતા રે; એક એક ભીલને ચાંચમેં લેતા રે, ગગને ઉડી તે સવિ જાતાં રે ॥૭॥ ભૂતળ ભિલ્લ રહ્યો નહિં કોઇ રે, સાર્થપતિ હરખ્યો તે જોઈ રે; સ્થિર કરી લોકને રાત ગમાવે રે, પલ્લીપતિ સહ પંથે જાવે રે ॥૮॥ સઘળા પંખીએ સંહાર્યા રે, ભિલ્લ દશોદિશ ઝાંખરે પડીયા રે; ખંડિત દેહે નિજ ઘર પામે રે, પંખી દેખી ધ્રૂજત ધામે રે ॥૯॥ ત્રીજે દિન કાંતિપુર

---

[1] ભિલ્લરૂપી અંધકારનો સમૂહ [2] બોરડી [3] ધોળાં તેતર

આવ્યા રે, સાથ સહુ વનમાં ઉતરાવ્યા રે; વિમલસેન પુરસ્વામી આવે રે, મુક્તાફલે કુંવરને વધાવે રે ॥૧૦॥ બોલે બાંધવ અચરિજ કીધું રે, પુણ્યતણું ફળ પરિગલ લીધું રે; કીધો બહુજનને ઉપકાર રે, મારગ વહેતો થયો સુખકાર રે ॥૧૧॥ એમ કહી તુરગ ચઢાવી તેહરે, બહુ ઉત્સવશું લાવ્યો ગેહ રે; નેહ ધરી કેતા દિન રાખે રે, પલ્લીપતિને કુંવર તે ભાખે રે ॥૧૨॥ જો જીવિતની આશા રાખો રે, તો તસ્કરપણું દૂરે નાખો રે; આપો પાકા તાસ જભાન રે, ફરી ન કરવું એ તોફાન રે ॥૧૩॥ દેઇ જભાન તે નિજ ઘર જાવે રે, શેઠ રજા લેઈ પંથે સધાવે રે; રાજા કુંવરની ભક્તિ કરતા રે, દિનદિન સ્નેહ અધિકો ધરતા રે ॥૧૪॥ શ્રી શુભવીર કુંવરશું મેળા રે, કરતા નવ નવ ભોજન ભેળાં રે; ચંદ્રશેખરનો રાસ રસાળ રે, બીજે ખંડે છઠ્ઠી ઢાળ રે ॥૧૫॥

॥ દુહા ॥

એક દિન રાજકચેરીએ, કુંવરને નૃપ પુચ્છંત;
વિદ્યારત્ન નિધિ તમે, દેશવિદેશ ફરંત ॥૧॥
મુજ માતુલ સુભગાપુરે, ચિત્રસેન છે રાય;
તસ કન્યા દો અપ્સરા, યૌવનવય જબ આય ॥૨॥
એક યોગી દોય શિષ્યશું, આવી કીયો વનવાસ;
ત્રણ ધૂર્ત્તશિરોમણી, રાયે કીયો વિશ્વાસ ॥૩॥
વેશ્યા તસ્કર અગ્નિ જલ, ઠગ ઠક્કર સોનાર;
એતા નવિ હુવે આપણા, મંકડ [1]બ્રહ્મ બિલાડ ॥૪॥
વિશ્વાસે તેઓ ગયા, લેઈ ગયા તિગ નાર;
ગામગામ ગિરિ જોવતાં, ન પડી ખબર લગાર ॥૫॥

1 બ્રાહ્મણ

જો જાણો વિદ્યા બળે, ભાખો અમને તેહ;
કન્યા લઇ ઘર આવીએ, જાય હૃદય સંદેહ ॥૬॥
તવ વળતું કુંવર કહે, અપહરી કન્યા હોય;
વરચિંતા ટાળી અમે, પરણ્યા બાંધવ દોય ॥૭॥
રાય ભણે એ ક્ષત્રીનો, નહિ રૂડો આચાર;
પરનારી પરધન ભણી, અપહરવું નિર્ધાર ॥૮॥
કુંવર કહે કન્યાતણા, સહસગમે ભરતાર;
જંબૂવતી રૂકિમણી હરી, કૃષ્ણે ક્ષત્રી વિચાર; ॥૯॥
પણ તુમ માતુલ [1]ખેચરપ્રિયા, હરતાં ગઈ તસ જાત;
મેં શઠશું શઠતા આદરી, સાંભળજો તે વાત ॥૧૦॥

## ॥ ઢાળ સાતમી ॥

સુતારીના બેટા તને વિનવું રે લો, મારે ગરબે માંડવડી લાવજે ...એ દેશી. અજિતજિનેશ્વર સાહિબો રે લોલ....એ રાગ.

વૈરીનું વચન ન વિસરે લો, અરિ કંટકની ગતિ દોય જો; બલ [2]પદત્રાણે મુખ ભાંગીએ રે લો, નહિં તો દૂર તજીએ સોય જો....વૈરી० ॥૧॥ લક્ષ્મીપુર અજિત નરેશરૂ રે લો, શેઠ ધનદ કરે નૃપકામ જો; દયા-ધર્મ તીર્થદાન વાવરે રે લો, ગુરૂ દેવગુણે વિશ્રામ જો.... વૈરી० ॥૨॥ શ્રીમતી વેશ્યા નૃપસંસદિ રે લો, કરે એક દિન નૃત્ય ઉદાર જો; દાન માન નૃપત્તિ મંત્રી દીએ રે લો, પણ શેઠ ન આપે લગાર જો....વૈરી० ॥૩॥ લોક બોલે તું સર્વને રંજતી રે લો, પણ ધનદત્ત રંજ્યો ન જાય જો; સુણી ચિંતે ચતુર હું તો ખરી રે લો, લેઉં ધન કરી કોઇ ઉપાય જો....

વૈરી૦ ॥૪॥ વળી નૃત્યે રંજ્યો નૃપ એમ કહે રે લો, મુખ માગે તે આપું તુજ જો; ભણે સા ભૂપને શેઠને કહી રે લો (ભણે સા નિશિ સુપને શેઠે કહ્યો રે લો), લાખ દ્રવ્ય અપાવો મુજ જો....વૈરી૦ ॥૫॥ ભૂપ ભાખે શેઠ ધન આપીએ રે લો, ભણે શેઠ દીયું મહારાજ જો; ઘેર જઇને શોકાતુર ચિંતવે રે લો, કેમ રહેશે કચેરીએ લાજ જો?....વૈરી૦ ॥૬॥ શુક પૂછે શેઠ-મુખથી સુણી રે લો, શુક [1]દક્ષમતિ દીએ તાસ જો; લાખ મૂલ્યનું રત્ન લેઈ કરી રે લો, ગયા શેઠ નરેસર પાસ જો....વૈરી૦ ॥૭॥ [2]આદર્શ સુખે મણિ ધારીને રે લો, ભણે શેઠ વેશ્યાને એમ જો; પ્રતિબિંબ રત્ન કર લીજીયે રે લો, વદે વેશ્યા લેવાયે કેમ જો?....વૈરી૦ ॥૮॥ ભણે મંત્રી સ્વપ્ન પ્રતિબિંબમાં રે લો, નહિં ફેર ઇહાં લવલેશ જો; ગઇ વિલખી ઘરે જનથી સુણ્યો રે લો, શુકરાજનો એ ઉપદેશ જો....વૈરી૦ ॥૯॥ અન્યદા વેશ્યા નૃપ રીઝવી રે લો, કહે શેઠનો શુક દીયો મુજ જો; શેઠ પાસેથી રાયે અપાવીયો રે લો, લેઈ નિજ ઘર ગઈ અબૂઝ જો....વૈરી૦ ॥૧૦॥ લાખ દ્રવ્ય ગયું તુજ બુદ્ધિએ રે લો, ફળ દેખાડું તુજ પ્રત્યક્ષ જો; પાંખ છેદી દાસીને કહે રે લો, કરો શાક પાક મુજ ભક્ષ જો....વૈરી૦ ॥૧૧॥ કહી વેશ્યા ગઈ સખીને ઘરે રે લો, ગઇ દાસી કામવશ બહાર જો; શુક હરખ્યો ભયે છાનો ચલી રે લો, એક પાંખે રહ્યો ખાળ દ્વાર જો....વૈરી૦ ॥૧૨॥ આવી દાસી જોતાં નવિ દેખીઓ રે લો, માંસ લાવી પચાવે શાક જો; આવી વેશ્યા ભોજન કરતી વદે રે લો, શુક પાપીનો

૧ ડે. શીયાર ૨ આરીસા નજીક

એ ભલો પાક જો....વૈરી૦ ॥૧૩॥ સુણી સૂડો ભયે મન ચિંતવે રે લો, જો જાણે તો હણશે એહ જો; ખાળ મધ્યે અન્નાદિક ખાવતાં રે લો, સજ્જ પાંખ-સહિત થઈ દેહ જો....વૈરી૦ ॥૧૪॥ શુક ચિંતે વૈર વાળું સહી રે લો, કરી બુદ્ધિપ્રપંચ વિચાર જો; જેમ સિંહને કૂપમાં પાડીયો રે લો, [1]શશકે કરી બુદ્ધિ ઉદાર જો....વૈરી૦ ॥૧૫ ચિત્ત ધારીને શુક ઉડી ગયો રે લો, જઈ વિષ્ણુ મંદિર કરે વાસ જો; નિત્ય વેશ્યા તિહાં મુજરો કરે રે લો, પછે જાયે નૃપત્તિ આવાસ જો....વૈરી૦ ॥૧૬॥ એક દિન વેશ્યા હરિમંદિર રે લો, કરી નાટક માગે એમ જો; મુજ વૈકુંઠના સુખ દીજીએ રે લો, મુને વૈકુંઠ ઉપર પ્રેમ જો....વૈરી૦ ॥૧૭॥ હરિપૂંઠે રહી શુક ઉચ્ચરે રે લો, મુજ વાક્યનો જો વિશ્વાસ જો; જિહાં દેવ દેવી સેવા કરે રે લો, તે વૈકુંઠે તુજ કરૂં વાસ જો....વૈરી૦ ॥૧૮॥ ભણે વેશ્યા હરિથી ન વેગળી રે લો, શિર મુંડાવી હરિ કહે આવ્ય જો; પછી મંત્ર દીયું તે જપો ઘરે રે લો, રૂંઢમાળા ગળે એક રાત જો....વૈરી૦ ॥૧૯॥ નાચ કરી નૃપ આગળે રે લો, કહે જઈશું અમો વૈકુંઠ જો; પછી નાચ કરત રાજ-માર્ગે રે લો, ગીત ગાતાં મનોહર વૈકુંઠ જો....રી૦ ॥૨૦॥ બહુ લોકે વરી ઈહાં આવજો રે લો, તુજ ઠવું વૈકુંઠ નિવાસ જો; મંત્ર આપો વદે સા સહુ કરૂં રે લો, સુણી મંત્ર દીયે શુક તાસ જો....વૈરી૦ ॥૨૧॥ ॐ રુંઢ मुंड गडबड गोटी थाउ मोहोटी नारायणाय नमः फुद फुद्द स्वाहा લેઈ મંત્ર ઘરે મુંડાવીને રે લો, કરી ક્રિયા હરિને ઘેર આય જો; નમી વંદી કરી હરિપૂજના રે લો, કહે

1 સસલે

વૈકુંઠ ચાલો હરિરાય જો.... વૈરી૦ ॥૨૨॥ શુક વૃક્ષે ચઢી તવ બોલીયો રે લો, જેમ સાંભળે બાલગોપાલ જો; રે રે મુંડા! વૈકુંઠ રહ્યું વેગળું રે લો, ગયા વાળ ને થઇ વિકરાળ જો....વૈરી૦ ॥૨૩॥ શઠ સાથે અમે શઠતા કરૂં રે લો, દેઉં સયણને માન વિશેષ જો; મુજ પાંખો વિચ્છેદન તેં કરી રે લો, તો મેં તુજ મસ્તક કેશ જો....વૈરી૦ ॥૨૪॥ શુક ઉડી ગયો શ્રેષ્ઠી ઘરે રે લો, કરી ધર્મ ગયા દોય સ્વર્ગ જો, પિતા પુત્ર થઇ નરભવ લહી રે લો, હણી કર્મ ગયા અપવર્ગ જો.... વૈરી૦ ॥૨૫॥ કહે ચંદ્રશેખર સુણ ભૂપતિ રે લો, સુણી વાત ન રાખશો રોષ જો; ખંડ બીજાની ઢાળ એ સાતમી રે લો, શુભવીરનો નહિ કાંઇ દોષ જો.... વૈરી૦ ॥૨૬॥

॥ દુહા ॥

કુંવર કથા કહી ચિંતવે, ઇહાં રહેવું નહિ સાર;
એ નૃપ માતુલકન્યકા, સમરે રિપુ હરનાર ॥૧॥
જિમ દ્વિજ મનસમરણ કરે, પુચ્છછેદ અહિશેષ;
ભાંગે મન શી પ્રીતડી?, તિણે જાવું પરદેશ ॥૨॥
એમ ચિંતી દક્ષિણદિશે, કુંવર ચલ્યા પ્રચ્છન્ન;
ગિરિપુર જોતાં પામીયા, વિંધ્યાચલ ઉપવન ॥૩॥
ગ્રીષ્મકાલ ભૂતલ તપે, તપતો રવિ આકાશ;
કુંવર તૃષાકુલ વન ગહન, પેઠો ધરી ઉલ્લાસ ॥૪॥
મુક્તાફલ જલકણ[1]તતિ, [2]પંકજ ભ્રમર ઉત્સાહ;
ક્ષીરજલધિ લઘુઅંકુ સમ, સરોવર દીઠું ત્યાંહ ॥૫॥
'શ્રમ [3]તપતાપિત પંથ ને, તરત ન પીવું નીર;
કર પદ મુખ નવિ ધોઈએ, કરવું ન સ્નાન શરીર' ॥૬॥

૧ શ્રેણી ૨ કમલ ૩ તાપથી વ્યાકુલ

એમ ચિંતવી વિશમી ઘડી, સ્નાન કરે જલપાન;
વૃક્ષલતામાં યક્ષઘર, પેઠો કરી બહુમાન ॥૭॥
જક્ષશિરે મુક્તામયી, અરિહંત પડિમા દેખ;
ઉદક પખાલ [1]કુસુમકજે, પૂજા કરત વિશેષ ॥૮॥
[2]સરસન્મુખ દૃષ્ટિ ગઈ, ચૈત્યથી વળતાં તાસ;
જળથી ઝળકે વીજળી, પ્રગટ્યો તાસ ઉજાસ ॥૯॥
કુંવર વિલોકી ચિંતવે, કોઈક કૌતુક એહ;
યક્ષાલય પાછળ રહી, જોવે પ્રચ્છન્ન દેહ ॥૧૦॥

## ॥ ઢાળ આઠમી ॥

શીરોહીના શાલુ હો, કે ઉપર રામપુરી....એ દેશી.
તે સુત પાંચે હો, કે પડન કરે નહિ....એ રાગ

સરોવર જલથી હો કે નારી નીસરી, રૂપ અનોપમ હો કે તેજે ઉદ્યોત કરી; ભૂષણ ચીવર હો કે, ઝળકત અંગ ગગરી, કુંવર તે દેખી હો કે ચીંતે ચિત્ત હરી ॥૧॥ સાગરપુત્રી હો કે વા વિદ્યાધરી, સિદ્ધ-વનિતા હો કે ઈંદ્રની અપ્સરા; નાગકુમારી હો કે અથવા વ્યંતરી, વનની દેવી હો કે સ્ત્રી લક્ષણભરી ॥૨॥ નયને કટાક્ષે હો કે નૃપ ચિત્ત ઉતરી, તેની પૂંઠે હો કે વળી એક નીસરી; દેવ પૂજવા હો કે દોય કરમાં ધરી, યક્ષને ચૈત્યે હો કે ગઈ અવનત કરી ॥૩॥ દેખી પૂજા હો કે કમળે અર્ચી, સખીને પૂછે હો કે કિણે પૂજા કરી ?; સા કહે પૂજિત હો કે [3]સબરા ને સબરી, સા કહે ભિલ્લની હો કે નહિ પૂજા[4] સખરી ॥૪॥ તેણે કોઈ ઉત્તમ હો કે નર મન સંવરી, પૂજા કીધી હો કે જિનહૃદયે ધરી; ભૂતળ રજમાં હો કે

૧ કમલપુષ્પ ૨ સરોવરસન્મુખ ૩ ભિલ્લ અને ભિલ્લડી ૪ સારી

પગશ્રેણિ પડી, શંખ [1]કજાંકુશ હો કે લક્ષણ રેખ ઠરી ॥૫॥ વાત કરતાં હો કે પૂજા પરહરી, કનકને કલશે હો કે સુરભિ જલભરી; જિન ન્હવરાવી હો કે પૂજે પ્રેમ ધરી; કર ધરી વીણા હો કે ગીત સુકંઠ વરી ॥૬॥ નાદે રીઝયો હો કે કુંવર પ્રગટ થયો, ઉઠી કુંવરી હો કે તસ આદર દીયો; સુરી સાધર્મિક હો કે જાણી નૃપ [2]નતિ કરે, તવ લજ્જવાણી હો કે તસ આસન ધરે ॥૭॥ બેસી પૂછે હો કે તુમે કુણ જાતિ હશ્યો ?, એ સરોવરમાં હો કે વા વનમા વસો ?; યક્ષદેવ થઇ હો કે કિમ જિનશિર ધરે ? સુણી તે નારી હો કે કુંવરને ઉચ્ચરે ॥૮॥ યજ્ઞદત્ત દ્વિજ હો કે માંકદીપુરે, દારિદ્રરાજા હો કે નિવસે તાસ ઘરે; પ્રિયમતી નારી હો કે દુઃખમાં કાળ ગમે, તસ મુખ આગે હો કે [3]નંદન તેર રમે ॥૯॥ સોમ લઘુસુત હો કે જ્યારે જન્મ થયો, દ્વાદશ વરસી હો કે તામ દુકાળ થયો; દાનની બુદ્ધિ હો કે લોકમેં દૂર ગઈ, સ્ત્રી સુત વંચી હો કે ખાય એકાંત જઈ ॥૧૦॥ ધાન તે એઠું હો કે મીઠું તેહ કરે, બાળક નારી હો કે વેચી પેટ ભરે; ઘર ને ઘરેણાં હો કે ધાન્યને તુલ્ય દીએ, પેટની વેઠયો હો કે કરી દિન નિર્ગમે ॥૧૧॥ ઘર તજી લાજે હો કે જઈ પરદેશ ફરે, વિષ ને ફાંસે હો કે નર ને નારી મરે; નર તિરિ માંસ જ હો કે ખાતાં ત્રાસ નહિ, વિપ્ર વણિક જ હો કે અસુરના દાસ સહી ॥૧૨॥ મિત્ર વિછોહી હો કે જાયે ભૂખ સરે, મહામૂછાળા હો કે દીનપણું ધરે; માત પિતા સુત હો કે ચૌદે મરણ કરે, સોમ લઘુ પરહો

[1] કમલ, અંકુશ [2] પ્રણામ [3] પુત્ર

કે લોક કરૂણા ધરે ॥૧૩॥ ભિક્ષાવૃત્તિએ હો કે કાળ તે દૂર હરે; યૌવનવય વેળા હો કે દુઃખે પેટ ભરે; જુગટીયાને હો કે ટોળે નિત્ય રમે, સ્મશાનના મોદક હો કે લાવી નિત્ય જમે ॥૧૪॥ સુરી આશાપૂરી હો કે દેહરે રાત ઠરે, હેઠી નાખી હોકે સુરીની પૂઠ કરે; અાટો મર્દન હો કે દીપક ઘૃત લેઇ, ભોજન કરતો હો કે સુરીશિર પગ દેઇ ॥૧૫॥ સોમની ઉપર હો કે એક-દિન ક્રોધભરી, [1]રસના કાઢી હો કે દીર્ઘ ભયંકરી; સોમ તે ઉપર હો કે થૂથૂકાર કરે, પાછી રસના હો કે સુરી નવિ સંહરે ॥૧૬॥ લોક પ્રભાતે હો કે દેખી ભય ધરતા, ચિંતે નગરે હો કે અપમંગલ કરતા; લોક મળીને હો કે તસ નૈવેદ્ય કરે, તોહે દેવી હો કે જીભ ન સંહરે ॥૧૭॥ સોમ લોકને હો કે કહે મુજ જો આલો, શત સોનૈયા હો કે તો હરૂં એ ચાળો; શત એક પરઠી હો કે તિહાં રહે નિશિભરે, કહે દેવીને હો કે રાંડ એ શું કરે ॥૧૮॥ પાખંડ છંડી હો કે જીભ તે સંવરૂ, આ મૂશલશું હો કે નહિં તો ચૂર્ણ કરૂં; દેવી બ્હીની હો કે રસના સંહરે, દેઇ સોનૈયા હો કે પૂરજન હરખ વરે ॥૧૯॥ પામી ઉપાય હો કે એક દિન દેવીઘરે, પત્થર મહોટો હો કે લઇ એમ ઉચ્ચરે; ચૂરણ કરશું હો કે તુજ મૂર્ત્તિતણું, નહિંતર મુજને હો કે આપો દ્રવ્ય ઘણું ॥૨૦॥ ભય પામીને હો કે દેવીએ હાર દીયો, હવે જો માગીશ હો કે જાણજે પ્રાણ લીયો; હાર લઇને હો કે જાતો હરખભરે, હાર સોનૈયા હો કે હાર્યો જૂગટડે ॥૨૧॥ ચાલ્યો વિદેશે હો કે ધન આશાભાવે, કે તે કાળે હો કે વિંધ્યાટવી પાવે; ભિક્ષાવૃત્તિએ હો કે

1 જીભ.

ચિંતે ભવ ગયો, સુખનો દહાડો હો કે હજીય ન કાંઈ થયો ॥૨૨॥ ભૂખ તૃષામાં હો કે ઉષ્ણ ઋતુ કાળે, અટવી ભમતાં હો કે સર એક નિહાળે; જળ ગળી પીને હો વન ફળ ખાવંતો, લવંગલતા ઘર હો કે દેખી જાવતો ॥૨૩॥ તિહાં લઘુ પડિમા હો કે રત્નની જ્યોતિ હસી, પ્રથમ જિણંદની હો કે દેખી ચિત્ત વસી; બીજે ખંડે હો કે આઠમી ઢાળ એસી, શ્રી શુભવીરની હો કે વાણી અમૃત શી ॥૨૪॥

॥ દુહા ॥

સોમદેવ મન ચિંતવે, માકંદીપુરી માંહિ;
દીઠી હતી પડિમા ઈસી, આજ વસી દીલમાંહિ ॥૧॥

એહવા દેવ ન સેવીયા, પરભવમાં એકચિત્ત;
ભીખતાં આ ભવ ગયો, વ્યસને ન પામ્યો વિત્ત ॥૨॥

કોઈ સખાઈ ન મુજ થયો, એકણુ પિંડ ભમંત;
કરુણા કરી પરમેશ્વરે, દર્શન દીધ એકાંત ॥૩॥

તાપસ પરે આ વન રહી, કરૂં સેવા હિતકાર;
ભક્તિવશે ભગવાન છે, ઉતારે દુઃખ પાર ॥૪॥

નામ ગોત્ર નથી જાણતો, પણ એ પ્રભુ નિરધાર;
જલ કુસુમે પૂજાય છે, કરશું ફળ આહાર ॥૫॥

એમ ચિંતી પ્રભુને કહે, સાહિબ હું છું અજાણ;
સર વન ફલિત સુસ્થાનકે, છે તુમચું અહિઠાણ ॥૬॥

તો મુજને તુજ સેવના, ફલશે નિશ્ચયે એહ;
એમ કહી ઉચ્ચાસને, બેસારી ધરી નેહ ॥૭॥

નિત્ય પૂજીને ઈમ ભણે, ચિંતામણિ સમ દેવ;
તુમ પૂજન ફળ જે હુવે, તે મુજ ફળજો સેવ ॥૮॥

## ॥ ઢાળ નવમી ॥

માડી અંબાના વડ હેઠ, ભર્યાં સરોવર લેહરો લીયે રે....એ દેશી.
વાલો વસે વિમલાચલે રે....એ રાગ.

સોમદેવ કરે જિન સેવ, પણ અરિહાને નવિ ઓળખે રે, ભદ્રિકપણે ભક્તિ કરેવ, વનફળ માધુરતા ભખે રે; નિશદિન ધરતો પ્રભુ ધ્યાન, વન વસંતો તપસી પરે રે, જાણે પામ્યો પરમનિધાન, મહારા પ્રભુ રખે કો હરે રે ॥૧॥ એમ કેટલોક કાળ ગમાય, વિષય વેળા ગઈ વિસરી રે, એક દિન અતિ આહાર કરાય, મીઠાં વૃક્ષફળ સંવરી રે; થઇ પેટપીડ મહાશૂલ, પણ મનથી પ્રભુ ન વિસરે રે, તેણે મરણ થયું અનુકૂળ, ધ્યાન સમાધિ અંતે વરે રે ॥૨॥ થયો પ્રથમ નિકાયે યક્ષ, વ્યંતરની રાજધાનીએ રે, લહે અવધિનાણ પ્રત્યક્ષ, રત્નશેખર નામે જાણીએ રે; તેણે આવી ઈહાં નિજ દેહ, અગને દહી શૌચ તનુ કરે રે, જિન આગળ વંદી તેહ, કર જોડી એમ ઉચ્ચરે રે ॥૩॥ દૂનીયાએ કીધો દૂર, સ્થાનક હાસ્યના લોકમાં રે, ભટકતો દેશ વિદેશ, હું રહેતો બહુ શોકમાં રે; પામ્યો સુરની ઠકુરાઇ, તે ઉપકાર પ્રભુ ! તુમ તણો રે, એમ કહી પૂજી જગનાથ, ચૈત્ય કરાવે સોહામણો રે ॥૪॥ નિજ પડિમા કરી થાપંત, ઉપગારી પ્રભુ શિર ધરે રે, જિનશેખર બીજું નામ, લોકમાંહે તે ખ્યાતિ કરે રે; હું કર્મકરી છું તાસ, કનકપ્રભા નામ માહરૂં રે, કહ્યું છે મુજ પૂજજો નાથ, સુંદર કામ એ તાહરૂં રે ॥૫॥ રત્ન શેખરને આદેશ, જિનભક્તિએ ઈહાં આવતી

રે, લેઈ પૂજાપો કરી સેવ, દાસીશું ઘર જાવતી રે; વળી હું બહુલે પરિવાર, આવું ઉજળી પાંચમે રે, કરૂં ઉત્સવ પૂજી નાથ, [1]ભૂતેષ્ટા દોય આઠમે રે ॥૬॥ રત્નશેખર બહુ પરિવાર, આવે દર્શન કારણે રે, નિજ મૂર્તિમુકુટ પર નાથ, દેખે ધ્યાનની ધારણે રે; પ્રભુ ભક્તિ કરંતાં મુજ, કેતા વરસ વહી ગયા રે, ચંદ્રશેખર સાંભળી વાત, મનમાંહે હર્ષિત થયા રે ॥૭॥ કહે કુંવર મહા અચરીજ, મહોટા નાથ નીહાલીયા રે, તુમ મુખ સુણતાં આ વાત, નયન કાન સફળાં થયાં રે; માગો ઇચ્છા અનુસાર તે તુમને દીયું રે, ભણે સો જિનમેળા ઉપરાંત, કાંહી એ નથી માગી લીયું રે ॥૮॥ સા વદે તુમ જાવું દૂર, અટવીપંથ વિષમ અછે રે, કહી કરથી ઉતારી દીધ, વિઘ્નહરા જડી એક છે રે; લેઈ દક્ષિણદિશિ ઉદ્દેશ, જોતો ચલે તરૂ વન ગિરિ રે; મુક્તાફળ જલકલ્લોલ, રેવાનદી વચ્ચે ઉતરી રે ॥૯॥ ચાલંતા નદી ઉપકંઠ, ભીની રેત સુકોમલી રે, [2]વાતાયુ વિમલ પદશ્રેણિ મધ્યે [3]નારીપદ એક છે રે; દેખી મન ચિંતે રાય, દીસે કૌતુક આગળે રે, પગલાં અનુસારે, શીઘ્રપણે જઇ ભેગાં મળે રે ॥૧૦॥ સસલાં હરણાં કપિવૃંદ, ટોળું દીઠું જાતું મોજશું રે, મધ્યે નવયૌવન નારી, રૂપવંતી ચલે રીઝશું રે; તાપસણીને વેશ, [4]વલકલ પહેરીને ચાલતી રે, એણિકા નામ ઠરાય, અંગ સુકોમલ મ્હાલતી રે ॥૧૧॥ તસ આગળ સૂડો એક, ચાલે શાસ્ત્ર ભણ્યો ઠર્યો રે, શુક સારિકા પરિવાર, જેમ ગુરૂ શિષ્યશું પરિવર્યો રે; ચિત્ત ચિંતે દેખી કુમાર, કૌતુક આ નવિ વિસરે રે, ઉપશામ પામી

૧ ચૌદશ ૨ હરણ ૩ નારીનાં પગલાં ૪ છાલનાં વસ્ત્ર

પશુજાતિ, તાપસણીની સેવા કરે રે ॥૧૨॥ તરૂ હેઠ લતાઘર પાસ, તે સર્વે મળી બેસીયાં રે, જઈ ભૂપ ભણે હે નારી, તેં પશુઆં કેમ ઇચ્છીયા રે ? માણસ ભયે ચંચળ નેત્ર, નાસંતાં શુક ઉચ્ચરે રે, નહિં શ્વાપદ એ નરજાતિ, છે મનમાં ભય શું ધરે રે ? ॥૧૩॥ પથશ્રાંત સમાગત તેણ, આગત સ્વાગત કીજીયે રે, તવ લાજ ધરી પૂછંત, પણ ભયથી તનુ ધ્રૂજીયે રે; કયાંથી આવ્યા કીયે દેશ જાવું ? ક્ષણ ઉપવેશીયે રે, તરૂપલ્લવ બેસી કુમાર, કહે અમે દૂરથી આવીયે રે ॥૧૪॥ જવું દક્ષિણ ઉત્તરપંથ, સુણી શુકવાકયે સા જાવતી રે, વનમાંથી મીઠાં ફળ સાર, જલ સાથે લેઇ આવતી રે; ખાઇ વિશમંત કુમાર, એણિકા શુકશું તિહાં રે, બીજે ખંડે નવમી ઢાળ, શ્રી શુભવીરે ભાખી ઈહાં રે ॥૧૫॥

॥ દુહા ॥

કુંવર કહે તમે કોણ છો, કેમ રહો પશુઆં પાસ;
લઘુવય તાપસ વ્રત ધરો, વૈરાગે વનવાસ ? ॥૧॥

તવ સન્મુખ સા નવિ જુએ, ન દીયે ઉત્તર જામ;
રાજ કીર તવ કુંવરને, ઉત્તર દેવે તામ ॥૨॥

સુણ ઉત્તમ ! અમ સ્વામિની, તુમથી બહુ લજવાય;
વળી સંગતિ પશુપક્ષીની, તિણે નરથી શંકાય ॥૩॥

પણ અચરિજ સુણવા ભણી, પૂછયાં પ્રાર્થનારંગ;
તસ ઉત્તર જો નવિ મળે, તો હોય પ્રાર્થનાભંગ ॥૪॥

તેણે તમને માંડી કહું, મૂળ થકી અધિકાર;
ગુણીના ગુણ સુણવા ભણી, સજ્જનને બહુ પ્યાર ॥૫॥

## ।। ઢાલ દસમી ।।

સાબરમતીએ આવ્યાં છે જળપૂર જો, ચારેને કાંઠે રે મોતી રમી રહ્યા....એ દેશી. પ્રભુ પડિમા પૂજીને પોસહ કરીએ રે...એ રાગ

નદી નર્મદા દક્ષિણતટે વિભાગે જો, દેવાટવી નામે મહા અટવી થએ; એક વડનો તરૂ શાખ પ્રશાખ વિશાળ જો, તે વડમાં બહુલા શુક માળા રચે, તે માંહે એક મહોટો શુકરાજ માળો રચે ।।૧।। જ્ઞાનીનાં મેળાં મળવા દોહિલાં, મૂરખના મેળાં પગ પગ સોહિલા....એ આંકણી. તે શુકસૂડીને સૂત જન્મ્યો રૂડો જો, સૂડો રે યૌવનવટ મ્હોટો થયો, ઉષ્ણઋતુને કાળે જળ અણપામ્યે જો, તાલુ કંઠશોષે તિમ તરશ્યો થયો, તરૂતળ શીતળ છાયા દેખી તિહાં ગયો.... જ્ઞાની૦ ।।૨।। આહેડી શુક ઝાલીને લેઈ ચાલ્યો જો, પલ્લીપતિને જઈ તેણે ભેટ જ કર્યો; રૂપે રૂડો સૂડો નીલ નીહાળી જો, રાજકીર નામ કરી પિંજર ધર્યો, તેણે ભરૂઅચ્ચ ભૃગુનૃપને ઘેર મોકલ્યો....જ્ઞાની૦ ।।૩।। રાજકીર તે હું શુક અહિયાં બેઠો જો, રાજસુતા મદનમંજરી એક છે; તેહને રમવા કારણ મુજને આપ્યો જો, તેણીએ તો શીખવ્યો મુજ વિવેક છે, થોડે દિનમાં શાસ્ત્રમાંહે મતિરેક છે....જ્ઞાની૦ ।।૪।। સ્થાવર જંગમ વિચિકિત્સા શીખ્યો જો, હય હસ્તિ પુરૂષ સ્ત્રી લક્ષણ ભર્યો, નીતિશાસ્ત્ર ભણાવી કીયો ઉપકાર જો, જૈનધર્મ પામી હું ભવજળ તર્યો, એકદિન દેવવૃંદ તે વનમાં ઉતર્યો....જ્ઞાની૦ ।।૫।। મુનિ કેવલ પામ્યા તસ ઉત્સવ કરતા જો, વનપાલક રાયને વાત જણાવતો; કેવલ પામ્યા સ્વામી! તુમારા તાત જો, સાંભલીને રાજા

વંદન આવતો, મુજ સાથે પુત્રીને પણ લાવતો....જ્ઞાની૦ ॥૬॥ તિણ સમે આવી નમી વિદ્યાધર દોય જો, પૂછંતા ભગવન્! [1]સા કા એણીપરે; ભૃગુનૃપ વિચમેં [2]ખેટને કહે સા કોણ જો?, તે કહે જિન વંદી સમેતશિખર ગિરે, વળતાં તે જાતાં શેત્રુંજય ગિરિવરે....જ્ઞાની૦ ॥૭॥ રેવાનદી દક્ષિણકુલ મૃગટોળામાં જો, નારી એક દીઠી યૌવન મદભરી; રે બાળા! એકાકી રણ કેમ ભટકે જો, મીઠાશે બોલાવી રણમાં ઉતરી, પણ અમને ન જોયા નવિ કાંઈ ઉચ્ચરી....જ્ઞાની૦ ॥૮॥ અમ ભયથી પશુઆંશું નાઠી જાય જો, અમને રે જોતાં અદૃશ્ય થઈ વળી, લહી વિસ્મય આકાશ અમે ચાલંત જો, સંશયભર આવંતા દીઠા કેવલી, સા કા એમ પૂછયું જ્ઞાનીને મળી....જ્ઞાની૦ ॥૯॥ એક સમયમાં જાણે ત્રૈકાલિક ભાવ જો, તે વળી શું ન જાણે પંડિત બાળના?; તે આગે રચો વાતતણો વિસ્તાર જો, મા આગે મોશાલતણી શી ચાલના?, સા કા એમ પૂછી સંશય ટાલના....જ્ઞાની૦ ॥૧૦॥ કેવલી ભાખે ખેટ સુણો તે વાત જો, ઉજ્જેણીપુરી વત્સાભિધ રાજીયો, વર્ધમાન પુત્ર શ્રીમતી પુત્રી તાસ જો, જયપુર રાજ-સુત સિંહકુંવર તે પરણીયો; વ્યસની જાણી જનકે દેશવટો દીયો....જ્ઞાની૦ ॥૧૧॥ સિંહ ને શ્રીમતી વસીયાં જઈ એક ગામ જો, પ્રેમભર્યાં દંપતી કાલ ગમાવીએ; શ્રીમતી બાંધવ લહી વૈરાગ્ય વિશાળ જો, જયભૂષણ મુનિ પાસે દીક્ષા લીએ, ગીતારથ થઇ વિચરે એકાકીએ....જ્ઞાની૦ ॥૧૨॥ માસખમણને પારણે તે વિચરંત જો, શ્રીમતીને ગેહે ગયા મુનિ ગોચરી;

૧ તેણી કોણ? ૨ વિદ્યાધરને

દૂરથી દેખી સા મન ચિંતે એમ જો, મુજ બાંધવ રાજ્ય તજી દીક્ષા વરી, ધૂતારે ધૂત્યો પાખંડે કરી.... જ્ઞાની૦ ॥૧૩॥ ચિરદર્શન ઉત્કંઠિત મન હરખંતી જો, ધરે તન ભીડી વળગી સા નેહે ભરી; તસ પતિ આવત ચિંતે ચેષ્ટા દેખી જો, ઉભી કોઇ નરનું આલિંગન કરી, નારી જાત ન રહે રાખી પાંશરી....જ્ઞાની૦ ॥૧૪॥ ક્રોધે ભર્યો કરે મુનિનો ખડ્ગે ઘાત જો, સા દેખી નિજ બાંધવને મારીયો, મૂશલ દેઈ કપાળે કંતને માર્યો જો, સિંહે નારી ખડ્ગે મારી ઘા દીયો, સાધુ સમાધિ પામી મરી સ્વર્ગે ગયો....જ્ઞાની૦ ॥૧૫॥ સૌધર્મે સાગર આયુ ભવ છંડી જો, ભરૂઅચ્ચ ભૂપ થઇને થયો હું કેવળી; સિંહ મરીને પહેલી નરકે પહોતો જો, ક્રોધ ભરી ગઇ નારી નરકે વળી, રત્નપ્રભાએ સાગર આયુ બિહું મળી....જ્ઞાની૦ ॥૧૬॥ દશવિધ વેદન છેદન ભેદન પામે જો, પામે રે ઋષિહત્યા પાપ જ કરી; બીજે ખંડે દશમી ઢાળ રસાળ જો, અંતે ક્રોધ કરતાં શ્રીમતી દુઃખ વર્યાં; શ્રી શુભ વીર વયણાં જો નવિ ચિત્ત ધર્યાં....જ્ઞાની૦ ॥૧૭॥

॥ દુહા ॥

જે મુનિની નિંદા કરે, હેલે બહુ શ્રુતવંત;
મુનિ હત્યા પાપે કરી, પામે મરણ અનંત ॥૧॥
તેમ અંતે ક્રોધ જ કરે, જાય સમાધિ દૂર;
પરમાધામી વશ પડે, પામે કલેશ પડૂર ॥૨॥
સિંહકુમાર હત્યાથકી, શ્રીમતી ક્રોધ ભરાય;
એક જ નરકાવાસમાં, સાગર આયુ ખપાય ॥૩॥
જ્ઞાની વિણ કુણ વાત એ, જાણે કર ઉપકાર;
ચંદશેખર શુકને કહે, આગળ કહો અધિકાર ॥૪॥

## ॥ ઢાળ અગીયારમી ॥

ઉંચો મહેલ ચણાવો, ઝરૂખે માળીયાં મારા લાલ....એ દેશી.
શાસન નાયક શિવસુખ દાયક જિનપતિ મારા લાલ....એ રાગ.

કેવલી કહે સુણ ખેચર! નરકથી નીસરી મ્હારા લાલ. સિંહ કુંવર નંદીપુર બ્રાહ્મણભવ કરી....મારા૦; તપસ્વી ત્રિદંડી અલ્પાયુ મરણે ગયો મા૦, જ્યોતિષ ચક્રે ક્રોધભર્યો નિર્જર થયો....મારા૦ ॥૧॥ કોઈક કેવલી પાસે નિજ પરભવ સુણ્યો, મા૦, ક્રોધ ભર્યા એ ચિંતે પ્રિયાએ મુજ હણ્યો મા૦; દુરાચરણી એ નારી કિહાં જઇ ઉપની. મા૦, હવે તે સુણજો વાત શ્રીમતી નારી તણી....મારા૦ ॥૨॥ કોઈ ભવાંતર પુણ્ય ઉદય સ્થિતિએ વળી મા૦, પાપતણાં ફલ ભોગવી નરકથી નીકળી....મારા૦; બાંધવમુનિ દર્શનથી નરગતિમાં ગઈ–માં૦, પદ્મપુરે નૃપ પદ્મતણી કન્યા થઇ.... મારા૦ ॥૩॥ દેખી વિભંગે સિંહદેવ જન્મી જી કા.... મા૦, લેઇ નાખી વિંધ્યા–ગિરિવન બાલિકા....મા૦; નિર્દય પાપીને નહિં કરૂણા એક ઘડી. મા૦, કિસલય કોમલ પત્રે પુણ્ય થકી પડી....મારા૦ ॥૪॥ શીતલ પવનની લેહેરે સજ્જક થઇ હતી. મા૦, દુશ્મન ચિંત્યું ન થાય રતિ જસ જાગતી....મા૦; એક સગર્ભા હરિણી તિહાં આવતી. મા૦, કન્યા પાસે પ્રસવ થવા વેદનવતી....મારા૦ ॥૫॥ જાણે જણ્યા હોય બાળ મેં સા આર્જવવતી. મા૦, બેહુને ધરી સ્તન નીચી પડી ધરાવતી. મા૦; મહોટાં કર્યાં હોય બાળ તિણે સ્થાનકે રહી. મા૦, કન્યા પુણ્ય પસાય થયો ભય કોઈ નહિં....મારા૦ ॥૬॥ હરણાં વાનર બાળકશું

ભેલી રમે. મા૦, વનફળ ખાતી યૌવન પામી તિમ ભમે....મા૦; વનકુંજે ઘર શયન વિશાળ શિલાતલે. મા૦, દેખી સબરી અંગ ધરી ફરે વલ્કલે....મારા૦ ॥૭॥ પંખી પશુસંગે રહે મણુઅથી નાસતી. મા૦, તે તુમે દીઠી મૃગટોળામેં જાવતી....મા; કેવલી કહે અમ પરભવની તે સહોદરી–મા૦, વિદ્યાધર દોય કેવલીને પૂછે ફરી....મારા૦ ॥૮॥ સ્વામી! કહો એ સમકિત પામશે કે નહિ? મા૦, જ્ઞાની વદે આ ભવ સમકિત લેશે સહી. મા૦; ખેટ ભણે કુણ એહનો ધર્મગુરૂ થશે? મા૦, મુનિ કહે મુજથી કીર એ શુકથી પામશે....મારા૦ ॥૯॥ ચંદ્રશેખર નૃપનંદ એણી નામ ટાળશે. મા૦, મદનમંજરી મૃગસુંદરી દોયને પરણશે. મા૦; મદનમંજરી કેવલીમુખથી એમ સાંભળે. મા૦, સત્ય વચન દાદાનું કરણ મુજ મોકલે.... મારા૦ ॥૧૦॥ તવ સુણ ઉત્તમ! રાજકીર હું નીકળ્યો–મા૦, વન ગિરિ ભમતાં રેવાતટ તસ જઈ મળ્યો. મા૦; મૃગટોળે ભમતી આ દીઠી એણિકા–મા૦, શુક જાણી મુજશું ધરે પ્રેમ એ બાલિકા....મારા૦ ॥૧૧॥ ભક્ષાભક્ષ વિવેક મણુઅ વ્યવહારમાં–મા૦, જૈનધર્મ સમજાવી સમકિત સારમાં–મા૦; પૂરભવની વાત સુણાવી અદ્‌ભુતા–મા૦, પદ્મરાયની પુત્રી તું નહિં હરણીસુતા....મારા૦ ॥૧૨॥ પૂર્વભવપતિ વૈરીએ વનમાં તજી–મા૦, ભટકે પશુવનવાસ પશુભેળાં ભજી–મા૦; યૌવનવય વહી જાય અરણ્ય જિમ માલતી–મા૦, આ વનવાસ તજી નરવાસે કરો રતિ....મારા૦ ॥૧૩॥ મદનમંજરીની ભેલી કરાવું મોજમાં-મા૦, ગીતવિનોદ તજી શું રહેવું રોઝમાં? મા૦; ચંદ્રશેખર

પણ મળશે પુણ્યદિશા બળે–મા૦, કેવલી વચણ ન જૂઠું જો મેરૂ ચલે–મારા૦ ॥૧૪॥ રાજાની થઈ રાણી સુખે લીલા કરો-મા૦, ગુરૂમુખ ધર્મ સૂણી પરભવ સફળો કરો–મા૦; એમ સુણી સા કહે મુજને આ વન સુંદરૂં–મા૦, ફાસુ મૂળ ફળ પત્ર પડયાં ભક્ષણ કરૂં....મારા૦ ॥૧૫॥ ચપળ વિષયબળ સંગતિ રહેવું લોકમાં–મા૦, વળી સંયોગ વિયોગે વસવું શોકમાં.... મા૦; એમ કહેતી રહે છે પશુ મેં ન તજે ગ્રહ્યું–મા૦, શુક વદે નર! તમે પૂછયું તે મેં સવિ કહ્યું....મારા૦ ॥૧૬॥ નૃપ કહે ઉઠશું તુમ સાધર્મી વંદીને–મા૦, એણિકા ભણે રાજન્! ન જાઓ છંડીને–મા૦; વન તપ કરતાં સમકિતધર શ્રાવક મળ્યા–મા૦, જિનપૂજન વનવાસ મનોરથ સવિ ફળ્યાં....મારા૦ ॥૧૭॥ થઈ મધ્યાહ્નની વેળા જલમજ્જન કરો–મા૦, વનચૈત્યે આદીશ્વર પૂજા અનુસરો. મા૦; અમે પણ જિનપૂજા કરશું વિધિએ ખરે–મા૦, એમ કહીને બિહુ જણ જઈ જિનપૂજા કરે....મારા૦ ॥૧૮॥ નિસ્સિહી પ્રમુખ દશ ત્રિક સાચવીને નીસરે....મા૦, રાજકીરદર્શિત તરૂ-ઘરમાં સંચરે-મા૦; એણિકા જળ ફળ લાવીને ભેટ જ કરે–મા૦, ખાન પાન ક્ષણ વિશ્રમી એણી ઉચ્ચરે.... મારા૦ ॥૧૯॥ સામુદ્રિક ભણી તુમ લક્ષણ શુક દેખીયાં–મા૦, લોહચમક પરે મુજ ચિત્તડાં સંહરી લીયાં.... મા૦; એમ કહી ભાષા કલા નીતિ શાસ્ત્ર કથા વતી–મા૦, એણિકા તિહાં કીર કુંવર મન રંજતી.... મારા૦ ॥૨૦॥ એણી કહે તુમ દેશ જાતિ કુલ વંશ રયો?–મા૦, સાધર્મિક આગે કહેતાં અંતર કિસ્યો?

મા૦; કુંવર કહે કાશીપતિ પુત્ર પીછાણજો-મા૦, કેવલીવચણથી નામ અમારૂં જાણજો....મારા૦ ॥૨૧॥ સુણી વિસ્મિત શુક એણિકા આનંદીયાં-મા૦, સમરી કુંવરે ત્રિલોચના દેવી આવીયાં-મા૦; વાત સુણી વર ભૂષણ વસ્ત્ર મગાવતી-મા૦, મૃગસુંદરી ધરી નામ એણી પહેરાવતી....મારા૦ ॥૨૨॥ વિરચી વિમાન સર્વને લાવે પદ્મપુરે-મા૦, આગળ જઇ નૃપ પદ્મને શુક વાત જ કરે-મા૦; રાજા રાણી સજ્જન સન્મુખ આવીયાં-મા૦, નયનાંશુ પિતરે પુત્રીને ન્હવરાવીયાં....મારા૦ ॥૨૩॥ ખોળે બેસારી માય હૃદય ભેટી મળે-મા૦, તુમ વિયોગના મેળા ક્ષણમાં ના વળે-મા૦; માત સુતા જનકાદિક એમ બહુ પરે-મા૦, ત્રિલોચના સમજાવી લાવે તસ ઘરે....મારા૦ ॥૨૪॥ દીયે બહુ માન કુંવરને નૃપ ભેળાં જમે-મા૦, ધૂપ દીપ નૈવેદ્ય સુરીને મન ગમે-મા૦; જન મહોત્સવ કરે ઘર ઘર તોરણ ભેટણાં-મા૦, બંદીખાના છોડી દીયે દાન જ ઘણાં....મારા૦ ॥૨૫॥ રાજકીર ભરૂઅચ્ચ ભૃગુરાયને જઇ કહે-મા૦, વાત સુણી શુકમુખશું હર્ષ ઘણો લહે-મા૦; રાયસુતા લેઈ સાથ પદ્મપુર આવતા-મા૦, પરમોત્સવ કરી કન્યા બિહુ પરણાવતા....મારા૦ ॥૨૬॥ કુંવરને હય ગય કંચન ગામ બહુ દીયા-મા૦, દેવી ત્રિલોચના કુંવરે વિસર્જન કીયા-મા૦; છળ કરતાં સુરીનું લીયું ચીર તે મોકલે-મા૦, ત્રિલોચના રતિસુંદરીને આપી ચલે....મારા૦ ॥૨૭॥ કામદેવ રતિ પ્રીતિશું જેમ સુખ વરે....મા૦, કુંવર ભુજાલ વિશાળ તિહાં લીલા કરે-મા૦; પૂરણ

બીજો ખંડ એ ઢાળ અગ્યારમી-મા૦, શ્રી શુભવીરની
વાણી ચતુરને ચિત્ત ગમી....મારા૦ ॥૨૮॥

॥ કલશ ॥

ખંડ ખંડ જીમ ઈક્ષુ ખંડ, ચંદ્રશેખરનું ચરિત્ર અખંડ;
શ્રી શુભવિજય ગુરૂથી લહ્યો, બીજો ખંડ તસ શિષ્યે કહ્યો ॥૧॥

इति श्री तपागच्छाधिराज भट्टारक श्री विजयसिंहसूरिसंतानीय पंडित श्री शुभविजयगणिशिष्य पंडित श्री वीरविजयगणिभिर्विरचिते चंद्रशेखरचरित्रे प्राकृतप्रबंधे कंचुकसहप्रियापालन, कन्याहरण, विद्याग्रहण, मदनमंजरीमृगसुंदरीपाणिग्रहण वर्णनो नाम द्वितीयः खंडः संपूर्णतां प्राप्तः॥ सर्वगाथा ३६३ ॥ प्रथमखंडगाथा २८२ ॥ द्वितीयखंडगाथा ३६३ द्वयखंडगाथा ॥६४५॥

॥ समाप्तोऽयं द्वितीयः खंडः ॥

॥ अथ तृतीयखंडः प्रारभ्यते ॥

॥ દુહા ॥

શ્રી શુભવિજયજી મુજ ગુરૂ, સુરગુરૂ સમ વિખ્યાત;
સમરંતા સુખ ઉપજે, જપતાં અક્ષર સાત ॥૧॥

બીજો ખંડ અખંડ રસ, પૂર્ણ હુવો મન રંગ;
ત્રીજો ખંડ કહું હવે, સુંદર શ્રોતા રંગ ॥૨॥

જો શ્રોતાજન મંડલી, વકતા સન્મુખ દ્રષ્ટ;
ચંદ્રથકી અમૃત ઝરે, કૈરવવન પ્રત્યક્ષ ॥૩॥

મૂરખશ્રોતા આગળે, વક્તાનો ઉપદેશ;
પાઠકવચણ સૂણી કરે, વૃથા ચિત્ત ક્લેશ ॥૪॥

વિપ્રભણે વૃથા તમે, સમજી રૂવો છો કેણ?
મુજ પાડું આરડી મૂવું, રખે તુમ પ્રગટે તેણ ॥૫॥

પડિક્રમણે ઠાઉં દેવસી, હું પણ 'ખીમસી' ઠાઉં;
ઝઘડે પડિક્રમણા વિના, બિહું કહે નિજ ઘર જાઉં ॥૬॥

અંધા આગે આરસી, કર્ણબધિર પુન ગાન;
મૂરખ આગળ રસકથા, એ ત્રણ એક જ તાન ॥૭॥

તેણે નિદ્રાદિક પરિહરી, સુણજો શ્રોતા દક્ષ;
જાણ હશે તસ રીઝવું, બાણી ન ભૂલે લક્ષ ॥૮॥

એકદિન ભૃગુનૃપ કુંવરને, ભણે ભરૂઅચ્ચ મહારાજ;
આવો તો વંછિત ફળે, પુણ્ય અમારાં આજ ॥૯॥

સુણી મૃગસુંદરીને કહે, રહેજો પિતાની પાસ;
જન્મવિયોગ મટયા પછી, સાસરે કરજો વાસ ॥૧૦॥

એમ કહીને સવિ સેનશું, ભૃગુનૃપ કુંવર ચલંત;
રાજકીર પંજર ધરી, ભરૂઅચપુર આવંત ॥૧૧॥

મદનમંજરી વર દેખવા, લોક ઘણા હુંશીયાર;
દેખે નગરી શણગારીને, આવ્યા રાજદુવાર ॥૨૧॥

વાસભુવન સુરભવન સમ, દીધું રહેવા તાસ;
દંપતી તિહાં સુખભર રહે, કરતાં લીલ વિલાસ ॥૧૩॥

એક દિન કુસુમોદ્યાનમાં, વિજય સેનસૂરિરાય;
સમવસર્યા મુનિમંડલે, પૂરવધર કહેવાય ॥૧૪॥

વનપાલક મુખથી સુણી, કુંવર નૃપાદિક જાય;
સૂરિ વંદી દેશના સુણે, બેસી યથોચિત ઠાય ॥૧૫॥

## ॥ ઢાળ પહેલી ॥

ઇડર આંબા આંબલી રે...એ દેશી

ધર્મ પરમગુરૂ ભાખીયો રે, તત્ત્વ રત્નત્રયી સાર; દુર્ગતિ પડતાં પ્રાણીને રે, ધર્મ પરમ આધાર.... સુગુણનર, સમજો હૃદય મઝાર૦ ॥૧॥ ધર્મ વિના પશુ પ્રાણીયાં રે, રૂલે આ સંસાર; શરણવિહૂણા પરભવે રે, દુઃખીયા દીન અવતાર....સુગુણ૦ ॥૨॥ દાન શીયલ તપ ભાવના રે, સમકિતમૂલ વ્રત બાર; મન વચ કાયાએ સેવંતા રે, સ્વર્ગગતિ અવતાર....સુગુણ૦ ॥૩॥ દાનાદિક ગુરુ ભક્તિથી રે, સુખ સંપદ સુવિશાલ; ચિત્રસેન પદ્માવતી રે, વરી શિવવહુ વરમાળ....સુ૦ ॥૪॥ ચંદ્રશેખર વિનયે કરી રે, પૂછે પ્રણમી પાય; તે પુણ્યશાળી કુણ થયો રે?, કહીએ કરી સુપસાય.... સુ૦ ॥૫॥ સૂરિ ભણે આ ભરતમાં રે, નામે કલિંગક દેશ; વસંતપુર પાટણ ધણી રે, છે વીરસેન નરેશ.... સુ૦ ॥૬॥ રત્નમાલા રાણી સતી રે, રૂપવંતી ગુણમાળ; ચિત્રસેન તસ પુત્ર છે રે, દાતા વીર દયાળ....સુ૦ ॥૭॥ બુદ્ધિસાગર મંત્રીશ્વરૂ રે, વિનયી [1]નયી મતિવંત; રાજકાજ ધુરંધરૂ રે, ગુણમાળાનો કંત....સુ૦ ॥૮॥

૧ ન્યાયવાન્

રત્નસાર સુત તેહને રે, જ્ઞાયક શાસ્ત્ર અનેક; સુશીલ સત્યગુણે જયો રે, ધરતો વિનય વિવેક....સુ૦ ॥૯॥ રાય સચિવ દોય પુત્રને રે, પ્રીતિ રાગ વિશેષ; નિરંકુશ નૃપસુત ભમે રે, નગરે ઉદ્ભટ વેશ....સુ૦ ॥૧૦॥ રૂપવંતી પુરનારીઓ રે, રંજન કરતો તાસ; ધન આપી ક્રીડા કરે રે, લેઈ જાયે વનવાસ....સુ૦ ॥૧૧॥ પ્રજાલોક ભેળાં મળી રે, વીનવતાં જઈ રાય; ચિત્રસેન [1]ચિત્રક જિસ્યો રે, દુનીયાને દુઃખ દાય.... સુ૦ ॥૧૨॥ પુત્રપરે પાળી પ્રજા રે, સાહિબ! તુમે ધરી નેહ; તુમ સુત ગજ ઉન્માદથી રે, રહીએ કેણી પરે ગેહ?....સુ૦ ॥૧૩॥ સુણી નૃપ વચન સુધારસે રે, સીંચી વિસર્જ્યા તેહ; ચિંતે નૃપ કુળ ઉજળે રે, મશી કૂર્ચક સુત એહ....સુ૦ ॥૧૪॥ [2]રહીયત ઉદ્વેગે કરી રે, જાય વિદેશ નિદાન; કાંચનથી શું કીજીએ રે, જેહથી ત્રૂટે કાન....સુ૦ ॥૧૫॥ આવ્યો કુંવર નૃપ અગળે રે, બેઠો કરીય પ્રણામ; બીડા ત્રણ અવળે મુખે રે, રાજા આપે તામ....સુ૦ ॥૧૬॥ ચિત્રસેન વિસ્મય લહે રે, એહ કિસ્યો ઉત્પાત?; ચિંતા ચિત્તમાં વ્યાપતી રે, જાણે વજ્રનો ઘાત....સુ૦ ॥૧૭॥ રાય કૃતાંત સમો કહ્યો રે, રૂઠયો કરત વિનાશ; એમ ચિંતી બીડાં ગ્રહી રે, પહોતો જનની પાસ....સુ૦ ॥૧૮॥ બીડાં ત્રણ તાતે દીયાં રે, શું કરવું હવે કાજ?; માત કહે દૂરે ટળો રે, તુમથી ગઈ અમ લાજ....સુ૦ ॥૧૯॥ એમ કહી અંગજ મોહથી રે, રત્ન દીયે તસ સાત; સંબલ દઈ માતા કહે રે, રહેશો નહિં પ્રભાત....સુ૦ ॥૨૦॥ ખડ્ગ ઢાલ લઈ નીકળ્યો

૧ અગ્નિ ૨ પ્રજા

રે, ચરણુ નમી નિજ માત; મંત્રીને મળવા કારણે રે, રત્નસાર ઘર જાત....સુગુ૦ ॥૨૧॥ ત્રીજે ખંડે એ કહી રે, ઢાળ પ્રથમ રસ લેશ; શ્રી શુભવીર કુંવર તણો રે, પુણ્ય ઉદય પરદેશ....સુ૦ ॥૨૨॥

॥ દુહા ॥

વાત સુણાવી મિત્રને, કહે જાઇશું પરદેશ;
ભુજબળથી લક્ષ્મી લહી, કરશું સકલ વિશેષ ॥૧॥
મુજ અવગુણ દેખી કરી, તાતે ન રાખ્યો હજૂર;
વ્યાધિ વ્યસની વિષધરા, માગણથી સવિ દુર ॥૨॥
આજ નિશાએ ચાલશું, સુખભર રહેજો આંહિ;
મુજ માતાની સેવના, કરજો નિત્ય ઉત્સાહિ ॥૩॥
રત્નસાર એમ સાંભળી, બોલે થઈ ઉજમાળ;
મિત્ર વિયોગે દેહ એ, ધરીએ કેતો કાળ? ॥૪॥
સુખ દુઃખ માંહે સખાયી જે, તે જગ મિત્ર કહાય;
તુમ સાથે અમે આવશું, દેહ જિહાં તિહાં છાય ॥૫॥
કાર્યા-કાર્ય વિચારણા, કરવી મિત્રને કામ;
પ્રીતિ કરીને જલાંજળી, દેશું સ્નેહને તામ ॥૬॥
બિહુ જણ એકમતો કરી, નિશિએ નિકાલીયા દોય;
શબ્દ શુકન શાસ્ત્રે કહ્યાં, તે પણ સુંદર હોય ॥૭॥

## ॥ ઢાળ બીજી ॥

તમે વસુદેવ દેવકીના જાયાજી. લાલજી લાડકડા....એ દેશી
રાગ:—અમે ધૂપની પૂજા કરીએ રે....

ભણ્યો શાસ્ત્રે શકુન વિચારોજી, ચતુરો ચિત્ત ચેતો; સુણો લેશથકી અધિકારોજી, ચ૦; 'પ્રાપય (૧) વિસર્જ (૨) ગચ્છ (૩) જી. ચ૦, સુખે જાવો (૪) વિમુંચ (૫) નર્ગચ્છ (૬) જી....ચ૦ ॥૧॥ કરો (૭)

સિદ્ધિ' શબ્દ એ રૂડોજી, ચ૦, વદે વિપરીત સાત એ ભૂંડોજી-ચ૦; તેલ મર્દન (૧) વમન (૨) મુંડાવે (૩) જી....ચ૦, કરી મૈથુન (૪) રોતો જાવે (૫) જી....ચ૦ ॥૨॥ મત્સ્ય (૬) પય (૭) મધ (૮) તક્ર (૯) ને દ.રૂ (૧૦) જી–ચ૦; "તેલ (૧૧) ખાઈ ગામ ન ધારૂંજી ચ૦; પન્નગ (૧) દેખી મંજાર (૨) જી ચ૦, કરી કલહ (૩) રજસ્વલા નારી (૪) જી....ચ૦ ॥૩॥ ઘરબળતે (૫) વૃષ્ટિ અકાળ (૬) જી ચ૦; શબ (૭) સૂતક (૮) સ્ત્રી પેટ બાળ (૯) જી....ચ૦; કરી સ્નાન (૧૦) રીસ મન ધારીજી (૧૧) ચ૦, કરી આક્રોશ (૧૨) નારીને મારીજી (૧૩)....ચ૦ ॥૪॥ કહે કોઇ જાં ! કિંહા (૧૪) ખાશે (૧૫) જી ચ૦, વળગે વસ્ત્ર (૧૬) નવિ જાશો (૧૭) જી ચ૦; કંટક ભાંગે (૧૮) પગ ઠેશ (૧૯) જી ચ૦, મળે સન્મુખ વિરૂએ વેશ (૨૦) જી....ચ૦ ॥૫॥ જાય અન્ન તજી (૨૧) થઈ સૂરોજી ચ૦, ઘર ઉત્સવ મેલી અધુરોજી (૨૨) ચ૦; કેશ છૂટે (૨૩) નગન [૨૪] ને યોગી [૨૫] જી ચ૦; ઇંધન [૨૬] ભૂખ્યો [૨૭] ને રોગીજી [૨૮]....ચ૦ ॥૬॥ અંધ [૨૯] કુબ્જ [૩૦] ને વંધ્ય [૩૧] કાણો [૩૨] જી ચ૦, દ્વિજ [૩૩] ધોબી [૩૪] ને કુલ હીણો [૩૫] જી ચ૦, સન્મુખ આવંતા ભૂંડાજી"....ચ૦ ॥૩૧॥ હવે શકુન કહીશું રૂડાંજી-ચ૦ ॥૭॥ "કુંભ [૧] કન્યા [૨] દધિ [૩] ફળ [૪] ફૂલ [૫] જી ચ૦, કટિસુત નારી [૬] અનુકુળજી ચ૦; વત્સસંયુત ગૌ [૭] મદ્ય [૮] માંસ [૯] જી ચ૦, [1]ક઼ી તુરગનો રથ [૧૦] પરશંસજી ચ૦ ॥૮॥ નિર્ધૂમ અગ્નિ [૧૧] [2]સિદ્ધ અન્નજી

૧ હાથી ૨ રાંધેલું

(૧૨) ચ૦, ધ્વજ (૧૩) મત્સ્ય યુગલ [1]અવિપન્ન (૧૪) જી ચ૦; વેશ્યા (૧૫) માટી (૧૬) ગુરૂ (૧૭) ભૂપ (૧૮) જી ચ૦, [2]નાપિત કર અરિસો અનૂપ (૧૯) જી ચ૦ ॥૯॥ કરદંડ જૈનમુનિ વેશ (૨૦) જી ચ૦, પંચ પરમેષ્ઠી નિવેશજી (૨૧) ચ૦; [3]ખર [4]શામ ચીડી વામ બોલેજી–ચ૦ [5]કૌશિક વાયસ શીયાલજી, ચ૦ ॥૧૦॥ પરભાતે તેત્તર વામજી ચ૦, અપરાહ્નને દાક્ષિણ ઠામજી ચ૦; ચીવરી કપિ દક્ષિણ વાચાજી ચ૦, તેમ નિલ [6]ચાષ પણ સાચાજી ચ૦ ॥૧૧॥ મૃગ દક્ષિણ શુભ પ્રભાતેજી ચ૦, સંધ્યાએ ડાબે જાતેજી ચ૦; એક છીકા કુતરકાનજી ચ૦, ગામ જાતાં ન મળે ધ્યાનજી ચ૦ ॥૧૨॥ શુદ્ર એક દોય વેશ્યા નારજી ચ૦, નવ નારી ને ક્ષત્રિય ચારજી–ચ૦; ત્રણ બ્રાહ્મણ ભેગા જાવેજી–ચ૦, ફરી નિજઘર વાસ ન આવેજી–ચ૦ ॥૧૩॥ દોય મિત્ર શકુન શુભ દેખીજી ચ૦, ચાલ્યા પર પંથ ગવેષીજી–ચ૦; દિન કેતે અટવી પહોતાજી, ચ૦, સંધ્યાએ તરૂતળ સૂતાજી–ચ૦ ॥૧૪॥ નૃપસુત શ્રમ નિદ્રા લાગેજી ચ૦, નિશિ રત્નસાર તિહાં જાગેજી ચ૦; દેવગીત સુણી મન ભાવેજી ચ૦, પછી કુંવરને તેહ જગાવેજી,–ચ૦ ॥૧૫॥ કહે કુંવર રહો મિત્ર ઇહાંજી ચ૦, દેવ ગાય જશું અમે તિહાંજી ચ૦; મંત્રી ભણે ભય નિશિ વેળાજી ચ૦, આપણ જઇ એ બેહુ ભેળાંજી ચ૦ ॥૧૬॥ નહિં ભય ક્ષત્રિયની જાતે જી ચ૦, કહી કુંવર ચાલ્યા દોય રાતેજી ચ૦; આદીશ્વર ચૈત્યે આવે જી ચ૦; જિહાં કિન્નર સુર ગીત ગાવેજી

૧ જીવંત ૨ હજામ ૩ ગધેડું ૪ દુર્ગા ૫ ઘુવડ ૬ બપૈયો

ચ૦ ॥૧૭॥ અઠ્ઠાઇ ઓચ્છવ મન સાચેજી ચ૦, સુર સુરી સંગીત બદ્ધ નાચેજી ચ૦; વિધિયુક્ત પ્રભુને નમીનેજી ચ૦, સાધર્મિક વિનય કરીનેજી ચ૦ ॥૧૮॥ દોય બેઠા દેવ વિચાળેજી ચ૦, મંડપે એક પુતળી ભાળેજી ચ૦; રૂપે રંભા અવતારીજી ચ૦, મોહ પામ્યો રાજકુમારજી ચ૦ ॥૧૯॥ ગયા દેવ તે પાછલી રાતેજી ચ૦ કુંવર ન ચલે પ્રભાતે જી ચ૦; જોતાં તૃપ્તિ નવિ હોવેજી ચ૦, ભણે મિત્ર કીશ્યું રૂપ જુવેજી ચ૦ ॥૨૦॥ કહે સો કુણ રંભા નારીજી ચ૦, ઘડી પૂતળી જસ રૂપ ધારીજી ચ૦; તે કન્યા મુજ પરણાવોજી ચ૦, નહિં તો ચય કાષ્ટ રચાવોજી ચ૦ ॥૨૧॥ મિત્ર જંપે કિશ્યું આ બોલોજી ચ૦, ચિત્તમાં કાંઈ વાત ન તોળોજી ચ૦; ભરે [1]નભકજ લેવા બાપજી ચ૦ મેરૂશિખર પસાર્યો હાથજી ચ૦ ॥૨૨॥ ચંદ્રશેખર રાસ રસાળ જી ચ૦; ખંડ ત્રીજે બીજી ઢાળ જી ચ૦; મળે પૂણ્ય ઉદયની વેળાજી ચ૦, શુભવીરને વાંછિત મેળાજી ચ૦ ॥૨૪॥

॥ દુહા ॥

ઈણ અવસર વન ખંડમાં, ચઉનાણી મુનિરાય;
રયણી રહ્યા જાણી કરી, બિહું જઈ વંદે પાય ॥૧॥
ધર્મ સુણી નમી વિનયથી, પૂછે મંત્રી તામ;
કુણ કન્યા અનુમાનથી, એ પૂતળીનું કામ ॥૨॥
મુનિ જંપે કંચનપુરે, વિશ્વકર્મા અવતાર;
ગુણશ્રી નારીશું રહે, ગુણદત્ત એક [2]સૂત્રધાર ॥૩॥
તસ લઘુ નંદન પાંચમો, ગુણવંત સાગર નામ;
જૈનધર્મ રાતો સદા, સકળ કળાનું ધામ ॥૪॥

૧ કાશકુસુમ ૨ સુતાર

પતિ ચિત્તાનુ ગામિની, કામિની છે તસ એક;
પતિવ્રતા વ્રત ધારિણી, સંયતી સુવિવેક ॥૫॥

## ॥ ઢાળ ત્રીજી ॥

રાગઃ—ક્યારે હું તો જળ ભરવાને ગઈ તી યમુના તીરજો....

હાંરે હવે રત્નપુરે પદ્મરથ રાજા નામ જો, તસ પદ્માવતી બેટી પેટી ગુણતણીરે લોલ; હાંરે હવે ચોસઠ કળા ગમ વરસતી સરસ્વતી ઠામ જો, ચરણતણી ચંચળતા ગઈ નયણા ભણી રે લો. ॥૧॥ હાંરે નિજ ઉદર [1]અલઘુતા ગઈ [2]કુચ દોય ઉત્તંગ જો, રમતખેલ વિરમી [3]સ્મરક્રિયા મનવસી રે લો, હાંરે લઘુબાળ કાજ હરી લાજ ધરી ઉછરંગ જો, વિનિયમ યૌવન વય વિકસી વલ્લી જીસી રે લો ॥૨॥ હાંરે એક દિવસે રાજ કચેરી માંહે તેહ જો, ધરી શણગાર જનક [4]અંકે ઉપવેશતી રે લો, હાંરે નવ યૌવન દેખી રાય ધરી બહુ નેહ જો, ચિંતે મુજ પુત્રીસમ કોણ હશે પતિ રે લો ? ॥૩॥ હાંરે કુળ શીળ રૂપ વય વિદ્યા દેહ સનાથ જો, સાત ગુણ વર જોઈ દેઊં નિજ સુતારે લો; હાંરે પરદેશી નિર્ધન રોગી મૂરખ સાથ જો, મોક્ષાથી સુરને ન દીયું એ અદ્ભૂતા રે લો ॥૪॥ હાંરે પુત્રી ગુણરંજિત નૃપસુત રૂપ અનેક જો, ચિત્રપટે મંગાવી સખીયોશું સૂચે રે લો; હાંરે તે કુંવરી દેખી માને સહુ અવિવેક જો, સ્નિગ્ધ ઘટે નવિ ભેદે જળ તિમ નવિ રૂચે રે લો. ॥૫॥ હાંરે એમ રૂપ નિભ્રંછી બહુ નર કેરાં તેહ જો, પુરુષ દ્વેષિણી થઇ તેથી પદ્માવતી રે લો; હાંરે તવ રાણી દુઃખભર રોતી નંદિની તેહ

૧ જાડાઇ ૨ સ્તનયુગલ ૩ કામચેષ્ટા ૪ ખોળમાં

જો, સજ્જન સાથે દુઃખ ધરતો વળી ભૂપતિ રે લો. ॥૬॥ હારે કંચનપુર સાગર નામે જેહ સુતાર જો, નિજનારીશું યાત્રા કારણ આવતો રે લો; હાંરે શ્રી શાંતિનાથની પૂજા કરી વિસ્તાર જો, વંદન કરી કાઉસગ્ગ ને ભાવના ભાવતો રે લો ॥૭॥ હાંરે તેણીવેળા પદ્માવતી કન્યા સવિ સાથ જો, આગળ ભટ નર વેષધારા નારીતણા રે લો; હાંરે હક્કા હક્કારવ કરતા નર અસિ હાથ જો, ભય પામી દિશિ ચારે નર નાઠા ઘણાં રે લો. ॥૮॥ હાંરે તવ સૂત્રધાર અંધારી મધ્ય પઇઠ્ઠ જો, સા દેખી વ્યામોહ્યો તે ચિંતા કરે રે લો; હાંરે સુર નાગખેચર કન્યાથી અધિક એ દીઠ જો, વિધિએ રૂપ બનાવ્યું પણ દૂષણ ધરે રે લો ॥૯॥ હાંરે થઇ પુરુષ દ્વેષિણી તેણે નિરર્થક અવતાર જો, પુત્ર વિના કુળ દીપક વિણ મંદિર યથા રે લો; હાંરે વિણ રાજા નગરી શશીવિણ નિશિ અંધાર જો, કંત વિના સ્ત્રી રૂપવતી શોભે તથા રે લો ॥૧૦॥ હાંરે પદ્માવતી જિન વંદીને ગઇ નિજ ગેહ જો, સાગર પણ યાત્રા કરી નિજ નગરે ગયો રે લો; હાંરે તેણે પુતળી કીધી પદ્માવતી સમ એહ જો, જ્ઞાની વયણ સુણી ચિત્રસેન હર્ષિત થયો રે લો. ॥૧૧॥ તવ મંત્રી મુનિને પૂછે એ મુજ મિત્ર જો, વિણ દીઠે એ ઉપર રાગદશા ધરે રે લો; હાંરે જંપે મુનિ સુણીએ પૂરવ-ભવ વિચિત્ર જો, ભવ પલટાયે રાગદશા નવિ ઓસરે રે લો. ॥૧૫॥ હાંરે આ ભરતે ચંપાપુરી છે દ્રાવિડ દેશ જો, તિહાં ચંપાવન તરૂફળ પત્રે અલંકર્યું રે લો; હાંરે તિહાં રમતા ચકવા સારસ હંસ વિશેષ જો, કમળે શોભિત સરોવર નિર્મળ જળ ભર્યું રે લો.

॥૧૩॥ હાંરે એક દિવસ વસે તિહાં કોઈક સારથવાહ જો, સરતીરે મધ્યાન્હે સાથશું ઉતરે રે લો, હાંરે કરી સ્નાન સરોવર જિન પૂજી ઉત્સાહ જો, ભોજન-વેળાએ અતિથિ મન સાંભરે રે લો. ॥૧૪॥ હાંરે ગોચરીએ માસ તપે અણગાર જો, વિનય કરી તેઓ ભક્તે પડિલાભતા રે લો; હાંરે તરૂપર બેઠાં હંસહંસી તે વાર જો, દેખી અનુમોદત શુભ પુણ્ય ઉપાવતાં રે લો. ॥૧૫॥ હાંરે તે હંસી [1]આસન્ન પ્રસવા જાણી હંસ જો, તે વનમાં વડ ઉપર કરી માળો રહે રે લો; હાંરે ઈંડા ઠવી સેવ્યા બાળ થયા દોય હંસ જો, ચણ લાવી પોષંતા રાગ ઘણો વહેરે લો, ॥૧૬॥ હાંરે તેહવે દાવાનળ જાલે વન દાહંત જો, તાપાકુળ થઈને હંસ તે હંસલીને કહે રે લો; હાંરે જળ કારણ જા તું હું બાળક રાખંત જો, હંસી ભણે માતા વિણ બાળક નવિ રહે રે લો. ॥૧૭॥ હાંરે હું રાખું છું જળ લાવો એમ સુણી તેહ જો, સર જઈ ચંચુ ભરી નેહે મારગ વહે રે લો; હાંરે તાપાકુળ હંસીચિંતે નર નિઃસ્નેહ જો, મુજ મુકી નાઠો કાયર તે કેમ રહે રે લો? ॥૧૮॥ હાંરે નિર્દય પાપી જગ પુરૂષની જાતિ અશેષ જો, મુખ નવિ જોવું પડશો આ ભવ પરભવે રે લો; હાંરે ચિંતવતાં લાગી અગ્નિની ઝાળ વિશેષ જો, માળો બળતાં ત્રણ્ય તણાં મરણ જ હુવે રે લો. ॥૧૯॥ હાંરે કરી દાન પ્રશંસા મુનિ દર્શન પરભાવ જો, રત્નપુરે નૃપ પુત્રી થઇ પદ્માવતી રે લો; હાંરે પછી આવ્યો હંસ તે દેખી બળીયો દાવ જો, સુત-નારી અતિ રાગે છાતી ફાટતી રે લો; હાંરે મુનિ

[1] નજદીક પ્રસવસમયવાળી

દર્શન દાન પ્રશંસાથી મરી તેહ જો, રાજકુંવર તું ચિત્રસેન રાજા થયો રે લો; હાંરે છે ત્રીજી ઢાળ તે ત્રીજે ખંડે એહ જો, શ્રી શુભવીર મુનિ જ્ઞાની જગમાં જયો રે લો. ॥૨૧॥

॥ દુહા ॥

મુનિ મુખ પૂરવભવ સુણી, જાતિ સ્મરણ લહંત;
હર્ષિત થઈ ચક્રનાણીને, પુનરપિ એમ પૂછંત ॥૧॥
કેમ મળશે પદ્માવતી, મુનિ કહે પટરૂપ દેખ;
કરત ઉહાપોહ પામશે, જાતિ સ્મરણ વિશેષ ॥૨॥
તવ મળશે પદ્માવતી, ફળશે વંછિત કામ;
મુનિવાણી અમૃત સમી, સાંભળી ઉઠયા તામ ॥૩॥
ચિત્રસેન કહે સચિવને, પરણવું કિણપરે થાય?;
તે વદે રત્નપુરે જઈ, કરશું સર્વ ઉપાય ॥૪॥
એમ નિશ્ચય કરી ચાલીયા, જોતાં કૌતુક સાર;
દિન કેતે બિહું આવીયા, રત્નપુરીની બહાર ॥૫॥
વાપી કૂપ તડાક વર, દેવાલય નર નાર;
વન તરૂ વાડી વિલોકતાં, પહોતા નયરદ્વાર ॥૬॥
સંધ્યા સમયે બારણે, સુર ધનંજય પ્રાસાદ;
એકાંતે સુતાં બિહું, પામી ચિત્ત આલ્હાદ ॥૭॥

## ॥ ઢાળ ચોથી ॥

સત્તરમું પાપનું સ્થાન. એ દેશી....

ધનંજય ચૈત્ય વિશાળ, ફરતું વનખંડ રસાળ, શુકકીર રમે સહ બાળ હો લાલ. ॥૧॥ પુણ્ય ઉદય ફળ જોજો, એ આંકણી, કાળી ચૌદશની રાતે, દોય મિત્ર કરતા વાતે, રજની દોય પ્રહર તે જાતે હો લાલ....પુણ્ય૦ ॥૨॥ ભૂત વ્યંતર ને વેતાળ, યક્ષદેવ

ને કિન્નર ભેળા, માસ માસે તિહાં મળે હો લાલ.... પુણ્ય૦ ॥૩॥ તે રાતે નાટક થાવે, વીણાનાદ મૃદંગ બજાવે, ગીત ગાન મનોહર ગાવે હો લાલ....પુણ્ય૦ ॥૪॥ દેખી કૌતુકને કુમાર, ધરી ધીરજ કર કરવાળ, જઈ બેઠો દેવ વિચાલ હો લાલ....પુણ્ય૦ ॥૫॥ લહી વિસ્મય સુર પરિવાર, કોણ અદ્દ્ભૂત રૂપ કુમાર? માંહો માંહે પૂછે તે વાર હો લાલ....પુણ્ય૦ ॥૬॥ ધનંજય કરે પ્રકાશ–અતિથિપણે અમ ઘર વાસ, પરોણાગત કરવી તાસ હો લાલ....પુણ્ય૦ ॥૭॥ પાણી વાણી મધુરાશન, વળી આદર સાથે અન્ન, એ દીજે ચાર રતન્ન હો લાલ....પુણ્ય૦ ॥૮॥ ભક્તિ માણસ ઘર ભાખી, નહિ દેવને એ કાંહિ દાખી, પણ શક્તિ યથારથ આપી હો લાલ....પુણ્ય૦ ॥૯॥ થઇ તુષ્ટ ધનંજય બોલે, સુણો કુંવર નહિ તુમ તોલે, પણ માગો ઇચ્છા અમોલે હો લાલ....પુણ્ય૦ ॥૧૦॥ એમ યક્ષનું વયણ સુણીને, થઈ ઉભો કુંવર નમીને, તિહાં બોલે મધુરસ લીને હો લાલ....પુણ્ય૦ ॥૧૧॥ આજ જન્મ સફળ થયો માહરો, આજનો દિન સફળો સારો, દીઠો દેદાર તમારો હો લાલ....પુણ્ય૦ ॥૧૨॥ તેથી અધિક શું માગું, તુમ ચરણે મુજ ચિત્ત લાગ્યું, તુમ દર્શનથી દુઃખ ભાગ્યું હો લાલ....પુણ્ય૦ ॥૧૩॥ સુર તૂઠો કહે વર લેજો, મુજ વયણ પસાઈ જોજો, સંગ્રામે તુમ જય હોજો હો લાલ....પુણ્ય૦ ॥૧૪॥ વર પામી કુમર તે આવે, નિજ મિત્રને તરત જગાવે, પછી સઘળી વાત સુણાવે હો લાલ....પુણ્ય૦ ॥૧૫॥ દેવ દેવી નિજ ઘર જાત, રજની ગઇ હુવો પ્રભાત, ચહુંટે દોય મિત્ર પ્રયાત હો લાલ....પુણ્ય૦ ॥૧૬॥ નૃપ નગરે

પડહ વજાવે, નર જે કોઇ દક્ષ કહાવે, મુજ નંદનીને સમજાવે હો લાલ....પુણ્ય૦ ॥૧૭॥ મંત્ર યંત્ર ને તંત્ર બનાવે, નરદ્વેષી પણું છંડાવે, તસ રાય સુતા પરણાવે હો લાલ....પુણ્ય૦ ॥૧૮॥ વળી રાજ્ય અર્ધ તસ દેશે, જગમાંહે સુયશ વરેશે, મનોવંછિત મેળા લેશે હો લાલ....પુણ્ય૦ ॥૧૯॥ કોઈ પડહ છબે નહિ લોક, નિત્ય પડહ વજાવે ફોક, રાજા મન ધરતો શોક હો લાલ....પુણ્ય૦ ॥૨૦॥ ચિત્રસેન તે પડહ સુણીને, નિજ મિત્રશું વાત કરીને, વળી જ્ઞાનીવયણ સમરીને હો લાલ....પુણ્ય૦ ॥૨૧॥ ચિત્ર કરને ઘર દોય જાવે, એક પટ્ટે રૂપ કરાવે, વન સરોવર પંખી મેળાવે હો લાલ....પુણ્ય. ॥૨૧॥ વડ ઉપર પંખીમાળા, હંસ-હંસલી બાળક બાળા, ફરતી લાગી દવની જવાળા હો લાલ....પુણ્ય૦ ॥૨૩॥ રહી હંસી બાચની પાસે ગયો હંસ ઉદકની આશે, પડી સા દવમાં શીશુ ત્રાસે હો લાલ....પુણ્ય૦ ॥૨૪॥ હંસ ચાંચભરી જળ લાવ્યો, પ્રિયામરણે મોહે મુંઝાવ્યો, છાતી ફાટી [1]શીખી ઝંપાવ્યો હો લાલ પુણ્ય૦ ॥૨૫॥ ચિત્રપટે સવિ આળેખી, દેખાવે લોક વિશેષી, કરે વાત સકલજન દેખી હો લાલ....પુણ્ય૦ ॥૨૬॥ કુંવરીની સખીઓ આવે, જોઈને તસ વાત સુણાવે, પદ્માવતી શીશ ધુણાવે હો લાલ....પુણ્ય૦ ॥૨૭॥ દાસીને કહે ઇહાં લાવો, નર દોય સુપટ્ટ દેખાવો; મુજને જોવા મન ભાવો હો લાલ....પુંણ્ય૦ ॥૨૮॥ સુણીને સખીઓ તિહાં જાવે, ભણે સ્વામિની તુમને તેડાવે, કહે સો ભયમાં કુણ આવે હો લાલ ?....પુંણ્ય૦ ॥૨૯॥ વદે દાસી ભય નવિ

૧ આગમાં

ધરશો, ચિત્રસેન સુણી મન હરખ્યો, ગયો કૂપની પાસે તરસ્યો હો લાલ....પુણ્ય૦ ॥૩૦॥ પદ્માવતી પાસે આવે, સખી હસ્તે પટ્ટ દેખાવે, જોતાં મનમાં લય લાવે હો લાલ....પુણ્ય૦ ॥૩૧॥ ચિત્રસેનશું નજર વલોવે, ચિંતે નર ખેદ એ ખોવે, પરભવને રાગે જોવે હો લાલ....પુણ્ય૦ ॥૩૨॥ પણ ચિત્ત ઠર્યું પટ્ટ સાથે, હંસ હંસલી બાળ સંઘાતે, વનદાવ જુવે ધરી હાથે હો લાલ....પુણ્ય૦ ॥૩૩॥ ચિંતે આ મેં કિહાં દીઠું, જોઇએ તેમ લાગે મીઠું, હંસ હંસી ચરિત્ત ઉક્કિઠું હો લાલ....પુણ્ય૦ ॥૩૪॥ લહી મૂર્ચ્છા નયણાં મીંચે, દોય ભયથી નાઠા નીચે, સખીઓ શીતળ જળ સીંચે હો લાલ....પુણ્ય૦ ॥૩૫॥ મૂર્ચ્છા વળી સખીઓ ટોળે, લહી જાતિ સ્મરણ એમ બોલે, જગ નહિં કોઇ પુરુષને તોલે હો લાલ....પુણ્ય૦ ॥૩૬॥ જે દેખી મનડું હીસે, પટ્ટધર નર તે નવિ દીસે, ઇહાં લાવો વિસવા વિશે હો લાલ....પુણ્ય૦ ॥૩૭॥ જોઈ સઘળે કહેતી દાસી, પટ્ટ આપી ગયો તે નાસી, સુણી સા રહે ચિત્ત વિમાસી હો લાલ.... પુણ્ય૦ ॥૩૮॥ ખંડ ત્રીજે નરખેદ જાવે, ઢાળ ચોથી સરસ કહાવે, શુભવીર વચન રસ ગાવે હો લાલ.... પુણ્ય૦ ॥૩૯॥

॥ દુહા ॥

કુમારી વિમાસે ચિત્તમાં, અહો જગ પુરુષ દયાળ;
ચાંચ ભરી જળ લાવીયો, જીવાડણ મુજ બાળ ॥૧॥
ત્રણ મૃત્યુ દેખી કર્યો, પાવક ઝંપાપાત;
હું નર ખેદ કરી મૂઇ, પણ નર જગ વિખ્યાત ॥૨॥

હંસ જીવ પટ્ટધર હશે, જાણું છું મતિસાર;
નહિં તો પરભવ ચિત્ર એ, કુણ દેવે ચિત્રકાર ॥૩॥
મુજ ચિત્તચોર એ કિહાં ગયો, મુજ મન માનસ હંસ;
સખીઓ લાવો એહને, પૂછો તસ કુળ વંશ; ॥૪॥
પરદેશીશું પ્રીતડી, કહે સખી તુંમ કરેશ;
આવ્યો તિમ જાશે વળી, ઉભી હાથ ઘસીશ. ॥૫॥
એવા ધૂર્ત જગત ફરે, કરતા નવા નવા વેશ;
તુમ સમ આર્જવ પામીને, જૂઠી દીએ ઉપદેશ ॥૬॥
ધૂર્તનું સૂતક ન વિસરો, તે ઉપર એક વાત;
સાંભળતાં મતિ ઉલ્લસે, હોય ન કપટી વિઘાત ॥૭॥

## ॥ ઢાળ પાંચમી ॥

રાગઃ–કરપી ભૂંડો સંસારમાં રે...વાહલોજી વાય છે.
વાંસળી રે....એ દેશી.

જૂઠો મીઠો સંસારમાં રે, સાચો ન જગમાં સોહાય; માને પરીક્ષક સાચને રે, જૂઠો જૂઠાને ગાય.... જૂઠો૦ ॥૧॥ વ્યવહાર પંથે સમાચારે રે, ન કરે તે જૂઠાનો સંગ; ધૂર્ત પાપે પેટ જ ભરે રે, તસ જૂઠા સાથે રંગ....જૂઠો૦ ॥૨॥ વેશ્યા ચોર ને વાણીયા રે, પરદારક ધૂતકાર: સ્વાર્થી ધૂર્ત નિદ્રાળુઓ રે, એ જૂઠ તણા ભંડાર....જૂઠો૦ ॥૩॥ ધૂર્ત વાત મીઠી કરે રે, પાડે પહેલો વિશ્વાસ; હૈડામાંહે વસી કરી રે, જાય દેઇ પછી ગળે પાસ....જુઠો૦ ॥૪॥ ક્ષારોદકે તૃપ્તિ નહિં રે, તેમ જુઠ ધૂર્તની વાત; સુણતાં ધર્મ દૂરે કરે રે, વળી ધન જીવિતનો ઘાત....જુઠો૦ ॥૫॥ બાળક ચોર ને પારધી રે, ગાંધી નૃપ નાગ ને ટીડ; વેશ્યા વૈદ્ય ધૂર્તાતિથિ રે, નવિ જાણે પરની પીડ....

જુઠો૦ ॥૬॥ સૂર્યપરે રતનાગર રે, નામ શેઠ અતિ ધનવંત; અંગજ એક વિમલાભિધ રે, એક દિન દોય વાત કરંત....જુઠો૦ ॥૭॥ શેઠ વદે બહુ ધન આપણે રે, જો જાણે ચોર ને રાય; વળી પિત્રાઈ ચાડી કરે રે, એક દિવસે સમૂળગું જાય....જુઠો૦ ॥૮॥ તે માટે એકાંતે જઈ રે, ધન ગોપવવું ઘટમાન; દ્રવ્ય વિનાના રામચંદ્રને રે, વશિષ્ટ દીએ અપમાન....જુઠો૦ ॥૯॥ એમ ચિંતી પુત્ર પિતા મળી રે, ધન લઈ ગયા સ્મશાન; ધન ગાડતાં કહે પુત્રને રે, કરો નજર થઈ સાવધાન....જુઠો૦ ॥૧૦॥ મધ્યનિશિની વેળા થઈ રે, નવિ કરશો શોર બકોર; પરધન લેવા ફરતા ઘણા રે, જગ ધૂર્ત ધુત ને ચોર....જુઠો૦ ॥૧૧॥ તવ સુત ચારે દિશિ જોવતો રે, નર સૂતો દીઠો એક; બોલાવ્યો પણ બોલ્યો નહિ રે, પગ ઝાલી તાણ્યો છેક....જુઠો૦ ॥૧૨॥ પણ તે શ્વાસ ઘૂંટી રહ્યો રે, તવ જાણ્યું મૃતક નિદાન; શેઠ કહ્યાથી ખડગે કરી રે, કાપ્યાં તસ નાક ને કાન....જુઠો૦ ॥૧૩॥ પુત્ર પિતા ધન દાટતાં રે, અહિનાણ કરી સવિશેષ; મંદિર જઈ સૂતા બીહું રે, ન રહિ શંકા લવલેશ....જુઠો૦ ॥૧૪॥ પાછળ ધૂર્તે ધન કાઢીયું રે, ચિંતે ગયા નાક ને કાન; પણ જો દ્રવ્ય ઘરમાં હશે રે, તો કરશે જગત બહુમાન....જુઠો૦ ॥૧૫॥ કાળો કાણો ને કૂબડો રે, જે નર અલંકરીયો [1]આથ; જગ કહે ભાઈ સોહામણા રે, પગ પગ નર ઝાલે હાથ....જુઠો૦ ॥૧૬॥ ધન લેઈ સવિ નિજ ઘર ગયો રે, વિલસે વેશ્યાદિક સાથ; મેળાખેળા કરતો ફરે રે, ઘણા મિત્ર તે વળગ્યા હાથ....જુઠો૦ ॥૧૭॥

૧ ધન

એક દિન શેઠ ધન કાઢવા રે, ગયા સુતશું લેવા [1]રોક; ખાલી ખાડો દેખી કરી રે, દોય મૂકે મ્હોટી પોક ....જુઠો૦ ॥૧૮॥ લઇ મૂર્છા વળી રોકી કરી રે, આવ્યા નિજ ગેહે રાત; વહાલી નિદ્રા ગઇ વેગળી રે, ચિંતાએ થયો પ્રભાત....જુઠો૦ ॥૧૯॥ બિહુ જણ ધારી નિર્ણય કિયો રે, નાક કાન ગયાં તે ચોર; એહ નિશાનીએ ઝાલવો રે, નહિ કરવું અવરશું જોર.... જુઠો૦ ॥૨૦॥ નગરે જોતાં ગણિકા રે ઘરે, દીઠો વિલસંતો તેહ; મહીપતિ માણસે ઝાલીયો રે, મળી કીધી નિશાની જેહ....જુઠો૦ ॥૨૧॥ ભૂપ ભણે ધન કિમ લહ્યું રે, હસી બોલે રાય હજુર; શેઠની પાસે મેં ધન લીયું રે, આપી કિંમત ભરપુર....જુઠો૦ ॥૨૨॥ રાય કહે તેં શું આપીયું રે ?, કહે મેં દિયાં નાક ને કાન; તે જો પાછા મુજને દીએ રે, કરી દેવે હતાં તે સમાન.... જુઠો૦ ॥૨૩॥ તો શેઠને ધન પાછું દેઉં રે, નથી બીજી કાંઇએ ભૂલ, વાત સુણી નૃપ બોલીયા રે, હુઆ ધૂર્ત તમો દોય તુલ્ય....જુઠો૦ ॥૨૪॥ શેઠ ગયા નિજ મંદિરે રે, ગયો ધૂર્ત વેશ્યાગેહ; ધૂર્ત્તવાત સુણી સ્વામિની રે, પટ્ટધરશું ન ધરશો નેહ....જુઠો૦ ॥૨૫॥ વાત વિનોદ અચરિજ ભર્યો રે, ચંદ્રશેખર રાસ રસાલ; ત્રીજે ખંડે એ પાંચમી રે, શુભવીરે વખાણી ઢાલ....જુઠો૦ ॥૨૬॥

॥ દુહા ॥

કુંવરી કહે સખી સાંભળો, વાત કહી તે સાર;
પણ જાણ્યા વિણ શું કરે, મુજ મન કેરો વિચાર ॥૧॥
ધૂરત તો ફરતા ઘણા, ધૂતે બાલીશ લોક;
સજ્જન રવિ દર્શન વિના, મુજ ન હસે ચિત્ત[2] કોક ॥૨॥

---

૧ રોકડા, ૨ કોકપક્ષી.

નારી ચરિત્રની આગળે, ધૂર્ત્ત કળા અપ્રમાણ;
મદ્દીલાએ મહિતળ વચ્ચે, રોળ્યા જાણ અજાણ ॥૩॥
તેમાં પણ સુશીલા સતી, બુદ્ધિમતી જે નાર;
કનક કસોટીસેં ઘસે, વરણવતાં સંસાર ॥૪॥
જેમ જગ રૂપવતી સતી, ધૂર્તાદિક સંયોગ;
યોગી કર્યા જણ ચારને, આપ વરી સુખ ભોગ ॥૫॥
કહે સખીયો અમને કહો, બુદ્ધિ પ્રપંચ વિચાર;
પદ્માવતી વળતું કહે, તેહ તણો અધિકાર ॥૬॥

## ॥ ઢાળ છઠ્ઠી ॥

રાગ :- સખરમેં સખરી કોણ જગતકી મોહની એ....રાગ

સુણ હો સખી લખી વાત પુરાણી ગ્રંથમેં, સતી કુમતિ ભેદ વિનોદ, બડા ગુણ પંથમેં; હાંહાં બડા૦ મેરી જાન બડા ગુણ પંથમે....એ આંકણી. કુડ કપટકી બાત મેં, દૂષણ ડોલ તે, વિધિ ઓર નિષેધ, ભદંત ન એકાંત બોલતે....હાં૦ભ૦ મે૦ ॥૧॥ વિશ્વપુરે ગુણસાગર, નામ શ્રેષ્ઠી સુતા, ગુણવંતી ગુણાવળી નામ સતીવ્રત અદ્‌ભૂતા....હાં૦ સ૦; રૂપ અનૂપ નીહાળત, તસ લઘુતા ભઇ, મેના ઔર રંભા ઉર્વશી, ઉર્ધ્વગતિ ગઇ....હાં૦ઉ૦મે૦ ઉર્ધ્વ૦ ॥૨॥ રાજપુરે ધનવંત, શેઠ ઘર સાસરા, જયવંત કુમારકે સાથ, ગમે સુખ વાસરા....હાં૦ગ૦; એક દિન સારથવાહ, ધનાભિધ આવતે, તસ ગેહ ઉતારા કીધ, રહે ખટમાસ તે....હાં૦ રહે૦ મે૦ ॥૩॥ ગુણાવળી રૂપવંત, નિધાસેં દેખતે, લગી કામ નરેન્દ્ર કી ચોટ, ઉસી પર મોહતે....હાં૦ ઉ૦; માલણ દૂતી કે સાથ, સદૈવ કહાવતે, સા નિધાસેં ન જોવે તાસ, તથાપિ ઇહાવતે....હાં૦ત૦મે૦ ॥૪॥ આપકે દેશ

જવાકી, તૈયારી જબ રહે, સોય તામ કહાવે તાસ, અબે તું કયાં રહે....હાં૦ અબે૦; આજ મુકામ કરી તુજ, પર મરણો કીયો, નહિં તો અમ સાથ ચલો, ધન માલ તુજે દીયો....હાં૦ધ૦મે૦ ॥૫॥ દૂતીકા વયણ સુણી કરી, સા ચિંતે વશા, કામી નર અંધ ન દેખે, વાસર ને નિશા....હાં૦વા૦; દ્રવ્ય હરૂં મેં તાસ, એસા ફેર ના કરે, યું ધારી વિચારી વાત, દૂતીકું ઉચ્ચરે....હાં૦ દૂ૦મે. ॥૬॥ જાય ઉસેં કહો એમ, આઊંગી નિશા સમે, હૂઆ શેઠ ખુશી સુણી વાત, ચલ્યો સંધ્યા સમે....હાં૦ચ૦; માલણ સાથ ગુણાવળી, યક્ષ નમન ગઈ, દૂતીને વિસર્જી ગેહ, ઉસેં ભેળી ભઈ....હાં૦ ઊ૦મે૦ ॥૭॥ સાંઢ ચડી ભણે શેઠકું મો વિસ્મૃત હુઇ, ચક્ષનેકી સિતાબીસેં ઝાંઝર એક ભૂલ ગઇ....હાં૦એ૦; ઓ નેઉર વિણ ન ચલુંગી, તુમ લાઓ જઈ, શેઠ દેખી ગયા તસ ગેહ, પીછેસેં કયા હુઈ....હાં૦પી૦ મે૦ ॥૮॥ વનમધ્યે એક તસ્કર, સા દેખી કરી, રૂપ કેરે બાણે વિંધાણો, રાગદશા ધરી....હાં૦રા૦; સાંઢ ઉપર ચઢી હલકારી, મારગ સંચરૂ સો કહે જાલિ લગામ જોરૂ, મીલી સુંદરૂં....હાં૦મી૦ મે૦ ॥૯॥ બોલે સતી મનવંછિત, ભાગ્યદશા ફળી, હીરા માણેક મોતી ભર્યાં, તુમસેં પ્રીતિ મળી....હાં૦તુ૦; એક પુર પરિસરે વનતરૂ, હેઠ વિસામતી, દેઈ વિશ્વાસને ભોજન, કારણ ભેજતી....હાં૦કા૦ મે૦ ॥૧૦॥ વનપાલક તે દેખી વદે, નૃપ આગળે, યુવતી રૂપવંતી ભરી ધન, એકલી ભાગોળે, હાં૦એ૦; લંપટીરાય સદ્રવ્ય, નારી અણાવહી, [1]કરભી સહ ભૂપસેં બોલે, હસંત ખડી રહી....હાં૦

૧ ઉંટડી

હ૦મે૦ ॥૧૧॥ તુમ સ્વયંવર વરણેકું, હમું ઇહાં આવીયાં, તુમ કાયકું સેવક સાથ, હમકું બોલાવીયાં.... હાં૦હ૦; મંદિર દેઇ ઉતારી, ખાન પાન મોકલે, મન મેળણ ખેલણ તાકું, બોલાવનસેં ચલે....હાં૦બો૦ મે૦ ॥૧૨॥ બોલે સતી રહો દુર મેરી બાતાં સુણો, કામદેવકે મંદિર યાત્રા, કરણકું જાત્રણો....હાં૦ક૦; તુમ મુખ દર્શન સુખભર, મેં પાયા સહી, જઇ રાજપુરે સોય મંદિર, પૂજું ખડી રહી....હાં૦પૂ૦ મે૦ ॥૧૩॥ કોટિ મૂલ્ય તુમ ભૂષણ, પહેરી જાવણા, કરી પૂર્ણ અભિગ્રહ શીઘ્ર, પીછે ઈહાં આવણા....હાં૦પી૦; માલ સહિત કરભીકું, ઊહાં કરણી ખડી, કામદેવ ચરણરજ તિલક, કરું પાયે પડી....હાં૦ક૦ મે. ॥૧૪॥ રાય સુણી નિજ સૈન્યકું, સાથે મોકલે, કરભી કરી અગ્ર, સુખાસન બેસી ચલે....હાં૦સુ૦; રાજપુરી નગરી, વન સેના ઉતરે, કરભી ભૂષણ સુગુણાવળી, ગઇ નિજ સાસરે.... હાં૦ગ૦ મે૦ ॥૧૫॥ સૈન્ય વિલક્ષ જઈ, નૃપને કહેતા વળી, તુમે સાસરવાસો કરીને, તસ ઘરે મોકલી.... હાં૦ ત૦; રાજ તજી તસ મોહે, નૃપ યોગી થયો, રાખ ચોળી ધરી કર ઝોળી, વને ચરમેં ગયો....હાં૦ વ૦ મે. ॥૧૬॥ ભોજન લાવત ચોર ન દેખી સાવ ને, તવ રાગે વાહ્યો તે પણ, વન યોગી બને....હાં૦ વ૦; સાર્થપતિ લઈ ઝાંઝર, દૂતી હાથસેં, વનમધ્ય નિહાળી શોકે, ભયો તે અનાથસે....હા૦ ભ૦ મે. ॥૧૭॥ દૂતીકુ દેઈ ઝાંઝર, તે રોતે ગયે, નિજ અંગ વિભૂતિ લગાય, દુઃખે યોગી ભયે.... હાં૦ દુઃખે૦; નારી ગઇ સુણી તસ [1]ધવ વૈરાગ્યે ભર્યો, શગડી ધરી હાથ જયંત, યોગીશ્વર થઈ ચાલ્યો....હાં૦

[1] ધણી

યો૦ મે. ॥૧૮॥ ચાર યોગી થઈ ગામ, વને ફરી તે ફરે, એક દિન વન સરોવર પાળે, તે ભેગા મળે.... હાં૦ તે૦; પાય પડી એક એકકું, અલ્લેક બોલતે, યોગી કુળકેરા મંત્ર, વિભૂતિકા ખોલતે....હ૦ વિ૦ મે. ॥૧૯॥ ધૂણી લગાઇ સખાઇસે, રોટી પકાવતે, કેળપત્ર શંકોરે દાળસે, ભોગ લગાવતે....હાં૦ભો૦ હોકા પાણી લેકર, ગાંજા ચડાવતે, ભાંગકો રંગ કાઢી કરી એક એકકું પાવતે.... હાં૦ એમે.૦ ॥૨૦॥ બાત કરતા ભાઈ, યોગ તમે કયું લીયા, કોણ ગુરૂ મિલિએ સાએ નામ, તુમ્હારા દીયા....હાં૦ તુત; સાર્થપતિ કહે ભાઇ, મળી એક બાળિકા, હીરા માણેક મોતી લેં ગઇ, તવ ધરી ઝોળિકા....હાં૦ ત૦ મે. ॥૨૧॥ ઘરકા નખોદ વાળકર, ભસ્મ લગાવતે, તેણે નામ નખોદ પુરી કહી, દુનિયા ગાવતે....હાં૦ દુ૦; નારીસે ત્રાસત નાસત, ઘર ઘર જાવતે, માઇ માઇ કહી કરી ભિક્ષા લેકર ખાવતે....હાં૦ લે૦ મે૦ ॥૨૨॥ ચોર કહે મેં સોર કરૂ, કેઇ નારમે, મુઝે મોહ લગાઈ ખરાબ, કિયા સંસારમેં હાં૦ કી૦ કરભીકે ઉપર પૈસા, ભરેલા લે ગઈ, વિશ્વાસે ભમાડી યોગીપણા, હમ દેખી ગઇ....હાં૦ ૫૦ મે. ॥૨૩॥ રાય ભણે સુણ ભાઇ અમે તો રાજીયા, ઓઈ નારી ગઇ લેઈ કોડિ, હસું તો લાજીયા....હાં૦ હ;૦ સૈન્ય સુભટ જોતાં ગઈ, સાસર મોજમેં હમ યોગી હુવા તસ મોહે રહું રણરોઝમેં.... હાં૦ ૨૦ મે. ॥૨૪॥ ચોથે બીચારે નારી મળી, મુજ મહાસતી, ભણે સોય સુણો હમું યોગી, હુવા નારી વતી....હા૦ હુ૦; એમ કહી ઊઠી જયંત, નિજઘર જાવતે, સતીનારી ગુણા વળી સાથ, પ્રેમ મીલાવતે....

હાં૦ પ્રેમે૦ મે. ॥૨૫॥ સદ્‌ગુરુ પાસે ધર્મ સુણી વ્રત પાલતે, દોય દંપતી ગુરૂ ગુણ ભક્તિએ, સ્વર્ગ સિધાવતે....હાં સ્વ.; ત્રીજે ખંડે ઢાળ એ, છઠ્ઠી સંવરી શ્રી શુભવીર વિનોદ, વચન રસ મંજરી....હાં૦ વ૦ મે૦ ॥૨૬॥

॥ દુહા ॥

પદ્માવતી કહે સુણો સખી, નહિ પરધર એ ધૂર્ત્ત;
કરીય પરીક્ષા પરણુશું, મનવાંછિત વરજુત્ત ॥૧॥
દાસી મુખે નરપતિ સુણી, હર્ષ લહે સુવિશેષ;
સ્વયંવરા મંડપ રચ્યો, કરી સામગ્રી અશેષ ॥૨॥
ગામ નગરના ભૂપને, તેડે કરી બહુ માન;
રાજસુતાને સ્વયંવરે, આવો સપુત્ર [1]સયાન ॥૩॥
ઋદ્ધિ સહિત આવ્યા સવિ, રત્નપુરી ઉદ્યાન;
ગૌરવ તસ ભૂપતિ કરે, તૃણ અશનાદિ [2]વિતાન ॥૪॥
સ્થંભ સ્ફટિકમય ઝગમગે, પૂતળી નાટારંભ;
પંચવર્ણ ચિત્રામણે, સ્વર્ગ વિમાન અચંભ ॥૫॥
પંક્તિ સિંહાસન શોભતી, ચંદરૂવા ચોશાલ;
ધૂપઘટા ગગને ચલી, દ્વારે કુસુમની માળ ॥૬॥
દેખી નૃપ સવિ હરખીયા, મંડપ રચના સાર;
મુહુર્તસર તિહાં આવીને, બેઠા સહુ પરિવાર ॥૭॥

## ॥ ઢાળ સાતમી ॥

સોગઠડાં તે માંડયા સોલ રે....એ દેશી

મળી મંડપમાંહે કચેરી રે, છૂટાં નાંખ્યાં ફૂલ

---

૧ વાહન સહિત ૨ વિસ્તાર

વેરી રે, શોભા સ્વર્ગની રે; કહે પદ્મરથ તે વેળા રે, ભાઇ સર્વ મળ્યાં ઇહાં ભેળા રે....શોભા૦ ॥૧॥ મુજ ઘર એક [૧]ચાપ ઉદાર રે, નામ છે તસ વજ્રસાર રે....શો૦; તસ પણછ ચઢી ન વિલોકી રે, તે ઉપર દેવની ચોકી રે....શો૦ ॥૨॥ કરી પૂજા થાપું કચેરી રે, જે ચઢાવે નર એક ફેરી રે....શો૦; પદ્માવતી પુત્રી બાળા રે, તસ કંઠે ઠવે વરમાળા રે....શો૦ ॥૩॥ સુણી બોલે ગર્વ ભરેલા રે, એ કામમાંહે શી વેળા રે ?....શો૦; ધરી પદ્માવતી શણગાર રે, સાથે સખીનો પરિવાર રે....શોભા૦ ॥૪॥ પાલખીએ બેસી ચલંતી રે, જાણે ઇન્દ્રની પુત્રી જયંતી રે....શોભા૦; હેમકંબા કર ઝલકાર રે, ચલે આગળ દાસી ચાર રે....શો૦ ॥૫॥ દોય પંખાએ પવન કરેવે રે, દોય તાંબૂલ બીડાં દેવે રે....શો૦; મંડપ છાયો અંધાર રે, તિહાં વિજળીનો ઝમકાર રે....શોભા૦ ॥૬॥ વળી સાથે સુભટ હજાર રે, મંડપ આવી તેણી વાર રે....શો૦; પણ મનમાં ચિંતા એક રે, પટધરની રહેજો ટેક રે....શોભા૦ ॥૭॥ એક બોલ્યો મંગળ પાઠ રે, સા શકુન નમી બાંધે ગાંઠ રે....શો૦; ઉતરી સખીઓને વિચાલે રે, પૂરવભવ કંત નિહાળે રે....શોભા૦ ॥૮॥ એક દિશિ દોય મિત્ર તે બેઠા રે, રાજપુત્રીએ નયણે દીઠા રે....શો૦; દાસી વચને નૃપ નંદ રે, ધરી ધીરજ ઉઠે આનંદ રે....શો૦ ॥૯॥ લાટ દેશનો રાય અગંધ રે, ચાપ દેખી થયો તે અંધ રે....શોભા૦; લજવાણો ગયો અણભાળી રે, સભાલોક હસે દેઇ તાળી રે....શોભ૦ ॥૧૦॥

---

૧ ધનુષ

આગ્યો રાજા કરણાટ રે, નાગ ફણીએ પડ્યો ચત્તો-પાટ રે....શોભા૦; જે નૃપસુત થઈ ઉજમાળ રે, દેવ રૂઠ્યાં [1]શીખી કરે ઝાળ રે....શોભા૦ ॥૧૧॥ નીચું જોઈ સવિ નૃપ બેઠા રે, મુનિરાજ જયું ધ્યાનમાં પેઠા રે....શોભા૦; હુઓ નૃપ ચિંતાતુર જામ રે, ચિત્રસેન ઉભો થઈ તામ રે....શોભા૦ ॥૧૨॥ વદે મિત્રને ધૈર્ય પ્રચંડ રે, તુમ સાહાય્યે ધરૂં [2]કોદંડ રે....શોભા૦; અસિ કર ધરી મિત્ર તે ભમતો રે, ચિત્રસેન ધનુષને નમતો રે....શોભા૦ ॥૧૩॥ ધનુર્વેદકળાએ દક્ષ રે, સમરંતો ધનંજય યક્ષ રે,....શોભા૦; તે શીઘ્ર સહાય કરાવે રે, લીલાએ ધનુષ ચઢાવે રે....શોભા૦ ॥૧૪॥ કુંવરી હરખી તેણીવેળા....રે, તસ કંઠે ઠવે વરમાળા રે....શોભા૦; અજ્ઞાત કુળે નૃપ રૂઠ્યા રે, સાયુધે રણ કરવા ઉઠ્યા રે....શોભા૦ ॥૧૫॥ રે રાંક! તું નહિં નૃપબાળ રે, તસ કંઠ થકી વરમાળા રે....શો૦; ભણે કુંવર તમો શીયાળ રે, હું કેસરીસિંહનો બાળ રે....શોભા૦ ॥૧૬॥ કન્યાની યાચના સારી રે, નવી માગ્યે આવે નારી રે....શો૦; પરનારીતણા અભિલાખી રે, પાપપંકિલ દુર્ગતિ દાખી રે....શોભા૦ ॥૧૭॥ મુજ કર અસિધારા ગંગ રે, કરો સ્નાને નિર્મળ અંગ રે....શોભા૦; એણે બોલે મચ્યો સંગ્રામ રે, સુર સહાયથી નાઠા તામ રે....શોભા૦ ॥૧૮॥ વીરસેન વસંતપુરીંદ્ર રે, ચિત્રસેન જયો તસ નંદ રે....શો૦; અણચિંતી અમૃત તોલે રે, બિરૂદાવળી [3]માગધ બોલે રે....શોભા૦ ॥૧૯॥ સુણી નૃપ સહુ વિસ્મય પામેરે,

---

૧ અગ્નિ ૨ ધનુષ્ય ૩ ભાટ-ચારણ

બળવંત લહી શિર નામે રે....શો૦; વિસ્તારે વિવાહ કીધોરે, પદ્મરથનો કારજ સીધો રે....શોભા૦ ॥૨૦॥ ગજ વાજી રથાદિક દીધાં રે, ચિત્રસેન કુમારે લીધાં રે....શો૦;વળી યાચક ને બહુ દાન રે, રાય રાણાને બહુ માન રે....શોભા૦ ॥૨૧॥ વિલસે આવાસ ઉત્તુંગ રે, રસભર પદ્માવતી સંગરે....શોભા૦; પરભવની વાત સંભારે રે, રાગ પૂરવનો ન વિસારે....શોભા૦ ॥૨૨॥ ગીત ગાન ને નાટક જોતાં રે, સુખભર વીત્યા દિન કેતાં રે....શો૦; ખંડ ત્રીજે સાતમી ઢાળ રે, શુભવીર વચન રસાળ રે....શોભા૦ ॥૨૩॥

॥ દુહા ॥

એક દિન મિત્રને એમ કહે, જઈશું હવે નિજ દેશ;
[1]વ્યસન તજ્યાં સુખ સંપજ્યાં, સદ્ગુરૂને ઉપદેશ ॥૧॥

માતા મન આશીષથી, પામ્યો ઋદ્ધિ વિશાળ;
મચ્છી સ્મરણ માત્રથી, જળમાં જીવે બાળ ॥૨॥

નાગણી આલિંગન કરે, પન્નગ હુવે અદ્ભૂત;
[2]કૂર્મી અવલોકન કરે, તિણે જળ જીવે પુત્ત ॥૩॥

તાત સ્નેહથી માતનો, લક્ષગણો છે સ્નેહ;
ખેદ ભરી ગાળો દીએ, તો પણ સુતનો મેહ ॥૪॥

માત પિતા ચરણે જઇ, વિનયે નમું એક વાર;
માત તાત સેવન થકી, લહું શોભા સંસાર ॥૫॥

સસરા ઘર વસતા થકાં, નિર્લજનો અવતાર;
પીયર ભલું નહીં નારીને, દુર્બળ વર ભરતાર ॥૬॥

આપગુણે ઉત્તમ કહ્યા, મધ્યમ જનકને નામ;
અધમ કહ્યા [3]માઉલ ગુણે, અધમાધમ આ ઠામ ॥૭॥

---

૧ દુઃખ ૨ કાચબી ૩ મામા

રત્નસાર સુણીને જઇ, કહે નૃપને તે વાત;
ઉત્કંઠા અમને ઘણી, મળવા માતને તાત ॥૮॥
રાય સુણી મન ચિંતવી, રાણી સાથ વિચાર;
સામગ્રી સવિ સજ કરી, પુત્રીશું ધરી પ્યાર ॥૯॥

## ॥ ઢાળ આઠમી ॥

વીરજીણંદ જગત ઉપકારી...એ દેશી

પુણ્ય કરો જગમાં સહુ પ્રાણી, પણ સદ્ગુરુ ઉપદેશજી; ગુરુ ઉપદેશે આ ભવ સુખીયા, પરભવ નહિ દુઃખ લેશ જી....પુણ્ય૦ ॥૧॥ ચિંતે રાય જે પુત્રી જોઇ, જાણો નેટ પરાઇજી; ઘેંશ શીરામણ [1]છાલી દુઝણું, જેવું બદામનું નાણુંજી....પુણ્ય૦ ॥૨॥ કાંસા કૂટ કરે ધનની ગણતી, પ્રાહૂણે ઘર કરે વસતીજી; રક્ત ચણોઠીનો અલંકાર, પુત્રીનો પરિવાર જી....પુણ્ય૦ ॥૩॥ રાજા રાણી કરત સજાઇ, દેતાં દ્રવ્ય અપારજી; વસ્ત્રાભૂષણ રત્ન દીયે વળી, હય ગય રથ પરિવાર જી....પુણ્ય૦ ॥૪॥ નૃપ રાણી બેટીને ભાખે, હીત શિખામણ સારી જી; સસરા સાસુનો વિનય કરજો, દેવસમો ભરતાર જી....પુણ્ય૦ ॥૫॥ દેવગુરુની ભક્તિ કરજો, પાળજો વ્રત નિયમ જી; સર્વ સાહેલી કરે મિલણા, પદ્માવતીશું પ્રેમ જી....પુણ્ય૦ ॥૬॥ વોળાવી નૃપ પાછા વળીયા, કુંવર કરે પરીયાણ જી; નવ નવ કૌતુક જોતાં પામ્યું, મનોરમા ઉદ્યાન જી....પુણ્ય૦ ॥૭॥ વડ એક મ્હોટો વિસ્તૃત શાખા, ચિહું દિશિ સૈન્ય વસાયજી; દંપતી મિત્ર રહ્યા વડ

1 બકરી

હેઠે, પામી શીતળ છાંય જી....પુણ્ય૦ ॥૮॥ સૈન્ય સુભટ સૂતા સંધ્યાએ, શ્રમહર થઈ મધ્યરાતીજી; દંપતી સુતાં ભર નિદ્રા એ, બોલે વ્યંતર જાતિજી.... પુણ્ય૦ ॥૯॥ મિત્ર ખડ્ગ કર ચોકી કરતાં, સાંભળતો તે વાતજી; ગોમુખ યક્ષ ચક્રેશ્વરી દેવી, વૃક્ષ વસે દિન રાત જી....પુ૦ ॥૧૦॥ દેશે રાજ્ય કે વા નહિં દેવે; આ નરને નિજ તાતજી ?; દેવી પૂછે યક્ષ ભણે એમ, એ છે વિષમી વાતજી....પુણ્ય૦ ॥૧૧॥ આપણો એ સાધર્મિક જાણી, વાત કહું ઉપકારજી; કુંવર ચલ્યા પછી માતા એહની, મરણ ગઇ નિર્ધાર જી....પુણ્ય૦ ॥૧૨॥ માત સપત્ની વિમળા નામે, વશ થયો તસ રાયજી; ગુણસેન નિજસુત રાજ્ય સ્થાપવા, કરતી બહુલ ઉપાય જી....પુણ્ય૦ ॥૧૩॥ ચિત્રસેનને હણવા કારણ, શીખવ્યું નૃપને એમજી; આવે કુંવર તદા એ ઘોડો, બેસણ દેજો પ્રેમજી,....પુણ્ય૦ ॥૧૪॥ તુરગથી ન મરે તો દરવાજો, યંત્ર પ્રયોગે કીધ જી; હેઠળ જાતાં પડશે ઉપર, થાશે મનોરથ સિદ્ધ જી....પુણ્ય૦ ॥૧૫॥ તેથી ન મરે તો વિષમોદક, એ ત્રણ આવળી જાસજી; નારી પ્રેર્યો [1]સુવંશ રવૈયો, કરે દધિની છાશ જી....પુણ્ય૦ ॥૧૬॥ ચોથી આવળી શય્યાં સૂતાં, ભય છે ભુજંગનો દેહ જી; જો મૂકાશે મંત્રી મતિથી, તો થાશે રાજા એહ જી....પુણ્ય૦ ॥૧૭॥ કરી ઉપકાર વાત જો કહેશે, તો નિજ પથ્થર રૂપ જી; રત્નસાર સુર વાત સુણીને, ધારી ઠવે મનઃકૂપ જી....પુણ્ય૦ ॥૧૮॥ પરભાતે સવિ સૈન્યશું ચલિયા, કરત અખંડ પયાણુ જી; આવ્યા

---

૧ સારા વાંસનો રવૈયો

નિજપુર સાંભળી સન્મુખ, આવ્યા સજ્જન રાણ જી....પુણ્ય૦ ॥૧૯॥ અશ્વથી ઉતરી તાતને નમતાં, દીયે આલિંગન રાયજી; કૃત્રિમ સ્નેહે કુશળ તે પૂછી, દુષ્ટ તુરંગ ધરાય જી....પુણ્ય૦ ॥૨૦॥ મિત્રે બુદ્ધિબળે કરી દૂરે, બીજે અશ્વે ચઢાયજી; ઓચ્છવશું પોળ હેઠળ આવત, હયમુખ દીયે મિત્ર[1]ધાયજી, પુ૦ ॥૨૧॥ પાછે પગે હય દૂરે જાતાં, તતક્ષણ પોળ પયાતજી; મુહૂર્તવેળા પડચો દરવાજો, લોકતણો થયો ઘાતજી.... પુણ્ય૦ ॥૨૨॥ પાપ પ્રગટ થયું નર મુખ બોલે, રાયે કીધ ઉપાયજી; ચિત્રસેન જીવ્યો તે સુંદર, સ્નેહી મિત્ર પસાયજી....પુ૦ ॥૨૩॥ નિજઘર આવી તાતને વિનયે, રંજે સુખની રાશજી; નિર્મળ જળ ખારે વસ્ત્રાદિક, જાય ન ગળીનો પાસજી....પુ૦ ॥૨૪॥ વિમળામાત નમી સુખ પૂછી, દંપતી નિજઘર જાયજી; તે દિન વિમળા નિજઘર જમવા, તેડે કપટ ધરાયજી....પુણ્ય૦ ॥૨૫॥ રાય સ્વજન કુંવરાદિક બેઠા, જમવા ધરી ઉલ્લાસજી; રત્નસાર દોય મોદક લાવી, છાના રાખે પાસજી....પુણ્ય૦ ॥૨૬॥ પીરસવા રાણી લેઈ થાળ, મોદક ભરિયા સારજી; રાજા લઘુસુત ભેગા બેઠા, પીરસતી તેણીવારજી....પુ૦ ॥૨૭॥ દોય મિત્ર ભેગા દેખીને, વિષમોદક દીયે દોયજી; મિત્ર દૂર તજી સાર તે ખાવે, જે રહે ધરીઆ સોયજી....પુ૦ ॥૨૮॥ ખટરસપાક જમીને બેઠા, તાંબૂળ બીડાં ખાયજી; વસ્ત્રાભરણ લહી સન્માને, નિજ મંદિરીએ સધાય જી,...પુણ્ય૦ ॥૨૯॥ પદ્માવતી સન્માની સાસુ, કરતી

[1] ઘા દીધો.

ગેહ વિદાયજી; શ્રી શુભવીરે ત્રીજે ખંડે, આઠમી ઢાળ કહાયજી....પુણ્ય૦ ॥૩૦॥

॥ દુહા ॥

એકદિન નિશિ નૃપ ચિંતવે, અહો મુજ બુદ્ધિ પલાય;
કુળ અવતંસ સુતોપરિ, કીધો મરણ ઉપાય ॥૧॥
ધિક ધિક મુજ પૌરુષપણું, ધિક ધિક રાજ્ય વિલાસ;
સ્ત્રીવશ પુત્ર રતનતણો, ચિંતવ્યો ચિત્ત વિનાશ ॥૨॥
એમ વૈરાગ્યરસેં ભર્યો, રવિ ઉદયે ભૂપાળ;
સમવસર્યા વનમેં તદા, વીરજીણંદ દયાળ ॥૩॥
દેવે સમવસરણ રચ્યું, તખત બીરાજે નાથ;
વનપાલક મુખ સાંભળી, આવે નૃપ સહુ સાથ ॥૪॥
વંદી દેઈ પ્રદક્ષિણા, બેઠા યથોચિત ઠામ;
પ્રભુવાણી અમૃત સમી, સુણી પામ્યા વિશ્રામ ॥૫॥
લહી વૈરાગ્ય ઘરે જઇ, મેળવી મંત્રી સાથ;
ચિત્રસેન પદ થાપીને, લીયે દીક્ષા પ્રભુ હાથ ॥૬॥
વિમળા પણ સંયમ લીયે, લહી સંસાર અસાર;
ગ્રહણ આસેવન શીખતાં, ભૂતળ કરત વિહાર ॥૭॥
ચિત્રસેન રાજા થયો, પાળે રાજ્ય મહંત;
પંચસયાં મંત્રી શીરે, રત્નસાર સ્થાપંત ॥૮॥
દિન કેતા વિત્યે થકે, રત્નસાર કરે ચિંત;
આવળી ત્રણ વળી ગઇ, પણ નવિ હુવા નચિંત ॥૯॥
કહે નૃપને પુણ્ય જ કરો, પુણ્યથી પાપ પલાય;
તુમ શિર કષ્ટ છે મોટકું, ટળશે તવ સુખ થાય ॥૧૦॥
તવ રાજા ગુરુદેવની, ભક્તિ કરે એક ચિત્ત;
જીવ અમારી પળાવતા, દાન દીયે બહુ વિત્ત ॥૧૧॥

પણ મંત્રી નૃપ પાસથી, ન રહે ક્ષણ એક દૂર;
ભોજન પણ ભેગા કરે, રાત્રે ચોકી હજુર ॥૧૨॥

## ॥ ઢાળ નવમી ॥

વ્રજના વહાલાની વિનંતિ રે...એ દેશી.

રાગ :-લાલ ગુલાબી આંગી રચી રે........

અન્યદિને મધ્ય નિશાસમે રે, સૂતાં નિદ્રાએ રાયા લાલ; મંત્રી ચોકી ભરે તે થકી રે, દીઠી ચંચળ છાયા લાલ ॥૧॥ અમરની વાણી અમોઘ છે રે...એ આંકણી. ઉર્ધ્વ નજર કરી જોવતાં રે, દીઠો પન્નગ કાળો લાલ; ખંડો ખંડ મંત્રી કરી રે, ગુપ્ત કર્યો લઇ થાળો લાલ....અમર૦ ॥૨॥ રાણી જેવો ઉપર પડયો રે, રૂધિરનો બિંદુ એક દીઠો લાલ; વસ્ત્રે મંત્રી લૂહતાં થકાં રે, જાગત દેખી નૃપ રૂઠયો હો લાલ.... અ૦ ॥૩॥ મંત્રીને કહે શું કરો રે, મંત્રી વિચારે ભયભ્રાંત હો લાલ; ઉત્તર શો દીયું શંકા પડી રે, વાઘ નદીને દૃષ્ટાંતે હો લાલ....અ૦ ॥૪॥ પથ્થર થઉં સાચું વદે રે, જૂઠે રાજા નવિ માને રે લાલ; કૃત ઉપકાર દૂરે કરી રે, દુર કરે કરી અપમાને લાલ.... અ૦ ॥૫॥ પાવઇને નવિ પાનો ચઢે રે, સો સો બાળક રોવે લાલ; જન્મ લગે જો સેવા કરે રે, રાજા મિત્ર ન હોવે લાલ....અમર૦ ॥૬॥ અ૦ યતઃ ॥

काके शौचं द्यूतकारेषु सत्यं, क्लीबे धैर्यं मद्यपे तत्वचिंता ॥ सर्पे क्षान्तिः स्त्रीषु कामोपशान्ती, राज्ञा मित्रं केन दृष्टं श्रुतं वा ? ॥१॥

પૂર્વ ઢાળ :—સત્યનો બેલી છે સાહિબો રે, જૂઠાનો

યમરાય લાલ; સાચું બોલવું મુજ ઘટે રે, દીઠું જ્ઞાનીનું થાય લાલ....અમર૦ ॥૭॥ મંત્રી કહે સાચું ભણ્યા થકી રે, થાઇશ હું પથ્થરરૂપો લાલ; રાય વદે જૂઠ એ વારતા રે, ખાડ ખણે નહિ કૂપો લાલ....અમર૦ ॥૮॥ સત્વ ધરી તવ મંત્રી ભણે રે, પદ્માવતીશું આવંતાં લાલ; વડ હેઠે તુમ નિદ્રા વરી રે, દેવદેવી બોલંતા લાલ....અમર૦ ॥૯॥ આવળી જીવિત વાતની રે, ચાર સુણી તુમ કેરી લાલ; જનની જાતાં તાત રીપુ થયો રે, કટિસમ પોળ નિપાતે લાલ....અ૦ ॥૧૧॥ નૃપ દેખે પણ હઠથી કહે રે, બોલો આગળ ચોંપે લાલ; વિષમોદક ત્રીજી ભણે રે, કંઠે લગે પથ્થર રૂપે લાલ....અમર૦ ॥૧૨॥ તો પણ નૃપ કહે ચોથી કહો રે, જબ અહિબિંદુ કહેવાણો લાલ, પથ્થરની પંડિમાં થયો રે, દેખી ભૂપ મૂર્ચ્છાણો લાલ....અ૦ ॥૧૩॥ મૂર્ચ્છા વળી તવ રોતો ઘણું રે, મિત્ર તણા ગુણ સંભારી લાલ; એ વિણ રાજને શું કરું રે, વાત કરી ન વિચારી લાલ અમર૦ ॥૧૪॥ મરણ શરણ હવે માહરે રે, વચન સુણીને પટ્ટરાણી લાલ; ચિંતે હા! રાજ્ય સકળ ગયું રે, લોકમાં હાંસી ને હાણી લાલ....અમર૦ ॥૧૫॥ કરીએ કાળ ઉલ્લંઘનારે, નૃપને કહે શું વિમાસો લાલ; રાંક પરે શું રૂદન કરો રે, અવળો નાખીને પાસો લાલ....અમર૦ ॥૧૬॥ કરી ઉપાય સજ્જ કીજીએ રે, મંડાવો દાનશાલા લાલ; દેશી વિદેશી મંત્રે ભર્યા રે, કાનફટા જોગી જટાળા લાલ....અમર૦ ॥૧૭॥ અન્નમિષે કેઇ આવશે રે, કરશે તે ઉપગારો લાલ; તત્ક્ષણ દાનશાલા કરી

રે, આવે લોક હજારો લાલ....અમર૦ ॥૧૮॥ ખાખી યોગી જે જે કહે રે, તે તે કીધ ઉપાયો લાલ; પણ એક લેશ ગુણ નવી થયો રે, તવ નૃપ શોકે ભરાયો લાલ....અ૦ ॥૧૯॥ બેસે ન રાજ્ય કચેરીએ રે, ગીત ને નૃત્ય ન સુહાવે લાલ; દંપતી દોય ચિંતા ભરે રે, દિવસનિશા નવિ જાવે લાલ....અ૦ ॥૨૦॥ એક દિન ચિંતે એ દેવની રે, માયા દેવ સમાવે લાલ; જઇ વડ હેઠે કરું વિનતિ રે, કરુણાએ કાંઇ એ બતાવે લાલ....અ૦ ॥૨૧॥ એમ ધારી શુભ વેળા લહી રે, ચાલ્યો રાય એકાકી લાલ; દિનકેતે વડ પામીઓ રે, રાત્રે સૂતો તે થાકી લાલ....અ૦ ॥૨૨॥ અતિ ચિંતાએ નિદ્રા નહિ રે, દેવી યક્ષને ભાખે લાલ; કોણ દુઃખીયો નર એકલો રે?, તવ સુર ઉત્તર દાખે લાલ....અ૦ ॥૨૩॥ મિત્ર વિયોગે એ દુઃખ ભર્યો રે, સા ભણે કેમ વિયોગી લાલ?; સો કહે પૂર્વે આવ્યા હતા રે, પત્ની મિત્રશું ભોગી લાલ....અ૦ ॥૨૪॥ તે દિન મેં તુજને કહી રે, એહને આવળી ચારે લાલ; મિત્રે ટાળી તે આવળી રે, પણ મેં ના કહી તે વારે લાલ....અ૦ ॥૨૫॥ તે લોપી નૃપ આગળે રે, વાત કરી તેણે તેહો લાલ; દેવનું વાકય ન અન્યથા રે, પથ્થરમય થઈ દેહો લાલ....અ૦ ॥૨૬॥ તાસ વિયોગે સૂતો ઇહા રે, સુણી દેવી તવ પૂછે લાલ; જિમ પાછો નર રૂપે હુવે રે, તે પ્રતીકાર કિશ્યો છે લાલ?....અ૦ ॥૨૭॥ અ૦ યક્ષ કહે શીયળે સતી રે, સુત ઉત્સંગે કર ફરસે લાલ; તવ મંત્રી નર રૂપે હુવે રે, સુણી રાજા મન હરખે લાલ....અમર૦ ॥૨૮॥ ઉઠી પ્રભાતે માર્ગે ચલે રે,

પહોતો વસંતપુર ગેહે લાલ; હરખે લોક પદ્માવતી રે, દેખી રાયને નેહે લાલ....અ૦ ॥૨૯॥ ગર્ભવતી સ્ત્રી વાતજ સુણી રે, દિન દોય ચાર હર્ષ ભરાવે લાલ; શુભવેળાએ સુત જન્મ્યો તદા રે, દિન દસ ઉત્સવ થાવે લાલ....અમર૦ ॥૩૦॥ ધર્મસેનાભિધ સ્થાપતાં રે, ધર્મપસાયે સુખ પાવે લાલ; સજ્જન સાથે દિન બારમે રે, દાનશાળાએ નૃપ આવે લાલ....અ૦ ॥૩૧॥ મંત્રી મૂર્તિ તિહાં લાવીને રે, રાણી સ્નાન કરંતી લાલ; સુત ઉત્સંગે ધરી બોલતી રે, પરમેષ્ઠી સમરંતી લાલ....અ૦ ॥૩૨॥ સુણજો સૂર્ય વૈમાનિકા રે, વ્યંતર ને લોકપાળા લાલ; મન વચ કાયા નિર્મળપણે રે, જો મુજ શીળ ઝાકઝમાળા લાલ....અ૦ ॥૩૩॥ નૃપ અરિકેસરીની પ્રિયા રે, રાણી ચંપક માળા લાલ; શીયળ સુધારસ છાંટતાં રે, વિશમી પાવક જ્વાળા લાલ....અ૦ ॥૩૪॥ હું પણ એહવી જો સતી રે, તો મુજ હાથ ફરસંતે લાલ; મંત્રી સાજા થઈ ઉઠજો રે, સજ્જન સર્વે વિકસંતે લાલ....અ૦ ॥૩૫॥ સર્વાંગે ફરસે એમ કહી રે, ઉઠ્યા મંત્રી તે વેળા લાલ; નરરૂપે જિમ નિદ્રા તજી રે, કરતા રાયને મેળા લાલ....અ૦ ॥૩૬॥ ત્રીજે ખંડે નવમી કહી રે, શ્રી શુભવીરે એ ઢાળો લાલ, ધર્મથકી દુઃખવેળા ટળે રે, પામે મંગળ માળો લાલ....અમરની૦ ॥૩૭॥

॥ દુહા ॥

નૌતન જન મહોત્સવ કરે, દેતા જાચક દાન;
ચૈત્ય અઠ્ઠાઇ મહોત્સવે, ધરતાં ધર્મનું ધ્યાન ॥૧॥

તીર્થનમન ગુરુવંદના, પદ્માવતી સંઘાત;
શાસન જૈન પ્રભાવતો, મેલે શિવપુર સાથ ॥૨॥
મંત્રી સહિત લીલા કરે, પાળે રાજ્ય મહંત;
કેતે કાળ ગયે થકે, ત્રિહું વૈરાગ્ય ધરંત ॥૩॥
મનોરમ વનમાં તિણુ સમે, કેવળી શ્રી દમસાર;
આવ્યા મુનિવંદન ગયા, પામી હર્ષ અપાર ॥૪॥
કેવળી મુખ દેશન સુણી, લહી સંસાર અસાર;
ઘર જઇ નિજ નિજ પુત્રને, સોંપે રાજ્યનો ભાર ॥૫॥
નૃપ મંત્રી પદ્માવતી, બીજો પણ બહુ સાથ;
કરી ઉત્સવ લેતાં સવે, દીક્ષા કેવળી હાથ ॥૬॥
ત્રિહું એક ધર્મ આરાધિયા, જ્ઞાનક્રિયા તપ સાર;
અચ્યુત કલ્પે ઉપન્યા, કરી તિહું એક અવતાર ॥૭॥
સ્વર્ગથી ચવી નરભવ લહી, લેશે પદ મહાનંદ;
ભાવી કથા સુણી ચિત્ત ધરો, ચંદ્રશેખર નૃપનંદ ॥૮॥

इति चित्रसेन पद्मावती कथा समाप्त।

વિજયસેનસૂરિ વંદીને, ચંદ્રશેખર ભૂગુરાય;
ઘર આવ્યા સૂરિ તેડીને, બહુ વિધ ભક્તિ કરાય ॥૯॥
એકદિન રાજકચેરીએ, બેઠા કુંવર નરેન્દ્ર;
નર એક આવી તિણુ સમે, કહે નમી પદ અરવિંદ ॥૧૦॥
હું છું પદ્મરથ રાયનો, ભૃત્ય નામે હરિદાસ;
પદ્મપુરીથી મોકલ્યો, વિકટ કામ તુમ પાસ ॥૧૧॥
સપ્તમ માળે ખેલતી, મૃગસુંદરી સખી સાથ;
અપહરી વ્યંતર ખેચરે, લેઇ ગયો ગ્રહી હાથ ॥૧૨॥
ગ્રામવનાંતર જોઇ વળ્યાં, ન જડી શુદ્ધિ કાંહિ;
સાંઢ ચડી એક રાતમાં, હું આવ્યો છું આંહિ ॥૧૩॥

## ॥ ઢાળ દશમી ॥

કામણગારો એ કૂકડો રે....એ દેશી
ત્રીશ વરસ ઘરમાં વસ્યાં રે...એ રાગ

વનિતાશું ચિત્ત વિંધીયું રે, વંદી સાંભળી વાત; વસા વસી જઈ વેગળી રે, વિષમી વજની ઘાત વિરૂઈ વેળા વિયોગની રે....એ આંકણી ॥૧॥ વિરૂઇ વાળા વિયોગની રે, વેધકથી ન ખમાય; વિયોગી વનમાં ફરે રે, ઝંપાપાત કરાય....વિ૦ ॥૨॥ જિમ ચકલો ચકલી બિહું રે, ઉષ્ણ ઋતુ ને કાળ; તૃષાવંત વિલોકતાં રે, સહેતાં તાપની ઝાળ....વિ૦ ॥૩॥ ઉદક વિના રજની ગઈ રે, પડિયો વાદળ ઠાર; કુશાગ્ર જળ બીંદુઓ રે, દેખંતાં તેણીવાર....વિ૦ ॥૪॥ પ્રેમ વિયોગે દોય ચિંતવી રે, એક એકને કહે ત્યાંહિ, તું પી તું પી કરતાં પડયું રે, પવને જળ રજમાંહિ....વિ૦ ॥૫॥ મરણ ગયાં દોય નિરાશથી રે, એ નરનારી વિયોગ; ઇંદ્ર રીસાણી મનાવતાં રે, જો છે બહુલા ભોગ....વિ૦ ॥૬॥ ચંદ્રશેખર મન ધ્યાવતાં રે, રણુથી મળીયું રતન્ન; રાંકતણો ઘર પાઠવ્યું રે, ન કર્યું કાંહિ જતન્ન....વિ૦ ॥૭॥ ભોજન શય્યા આસન વસુ રે, રાજ્ય રમણી ઘર પ્રાય; સૂનાં મૂકતાં એટલાં રે, અન્ય અધિષ્ટિત થાય....વિ૦ ॥૮॥ એમ ચિંતી નિજ ઘર જઇ રે, વાત કરી સ્ત્રી પાસ; કરવા ગવેષણા એણીની રે, જઇશું જ્ઞાનીની પાસ....વિ૦ ॥૯॥ ગગને ગયાં ઘડી એકમાં રે, યશોમતી યોગણી પાસ; વંદી નમી પૂછત સા કહે રે, મ કરો ચિત્ત

ઉદાસ....વિ૦ ॥૧૦॥ મનોવેગ વિદ્યાધરૂ રે, વિદ્યા સાધન હેત; નારી પદ્મિની ખોળતો રે, ઠામ ઠામ ધરી નેહ....વિ૦ ॥૧૧॥ તુજ નારી લહી પદ્મિની રે, હરીને ગયો હિમવંત; [1]અદ્રિગુફામાંહે જઇ ઠવી રે, કહે તસ નિજ વૃતંત....વિ૦ ॥૧૨॥ સાંભળ નારી નિર્ભય થઇ રે, સાધવી વિદ્યા દોય; નગ્ન થઈ સન્મુખ રહો રે; જેમ એમ સિદ્ધિ હોય....વિ૦ ॥૧૩॥ અમોઘ બાણ ને મોહની રે, સિદ્ધ થશે દિન બાર; પટ્ટરાણી તુજને કરી રે, વિલસીશું સંસાર....વિ૦ ॥૧૪॥ સુણી મૃગસુંદરી મહાસતી રે, પામી ચિત્ત કલેશ; ખેટને સા એમ ઉચ્ચરે રે; ધૈર્ય ધરી અવિશેષ....વિ૦ ॥૧૫॥ લાવો માત સહોદરી રે, નગન કરી એણે ઠાય; વિદ્યા સાધી કરો રાણીઓ રે, સહજ મેળાવા થાય.... વિ૦ ॥૧૬॥ ફણિધરનો મણિ કોણ લીએ રે, અગ્નિમેં ઘાલે હાથ ?; કેસરી કેસર કુણ ગ્રહે રે ?, હું રે સતી છું સનાથ....વિ૦ ॥૧૭॥ વહાલો વિદેશે નહિં વેગળો રે, હરિસમ મુજ ભરતાર; તુજ સરીખાં હરણાં ફરે રે, લંપટીને ધિક્કાર....વિ૦ ॥૧૮॥ પરમેષ્ટી મંત્ર મહાબળી રે, પાઠ સિદ્ધ મુજ પાસ; જ્ઞાની ગુરુજી પાસે લીયો રે, જેથી શત્રુ વિનાશ....વિ૦ ॥૧૯॥ જો મુજ સાથે તું બળ કરે રે, તો સતી કરે શાપ; બાળી ભસ્મ ક્ષણમાં કરું રે, રોશે પ્રિયા મા બાપ....વિ૦ ॥૨૦॥ ખેટ સુણીને ક્રોધે ચડી રે, બહુલી દેખાવે ભીતિ; પણ સા નિશ્ચય થઈ રહી રે, રાખી કુલવટ રીત....વિ૦ ॥૨૧॥ યોગિણીનાં વયણાં સુણી રે,

૧ પર્વતની ગુફામાં

ચાલ્યો ચંદ્રકુમાર; પલકમાંહે ગુફા પામીયો રે, તવ દીઠી નિજ નાર....વિ૦ ॥૨૨॥ કુંવર કહે રે! રે! પાતકી રે, પરનારી હરનાર; રૂઠયો દેવ તુજ ઉપરે રે, કોણ ઇહાં રાખણ હાર....વિ૦ ॥૨૩॥ સાંભળી ખેચર ઉઠીયો રે, લાગ્યું યુદ્ધ પ્રચંડ; કુંવર અજેય ખડ્ગે કરી રે, કીધો ખંડો ખંડ....વિ૦ ॥૨૪॥ વિદ્યાબળે એક રથ કરી રે, બેસી દંપતી દોય; કૌતુક જોતાં ગગને ચલે રે, પહોતા પદ્મપુર સોય....વિ૦ ॥૨૫॥ રાજારાણી સાજન સહુ રે, ભેટે સુતા જામાત; ઘેર લાવ્યા બહુ ઉત્સવે રે, પૂછે સકળ કહી વાત....વિ૦ ॥૨૬॥ રંગરસે તિહાં લીલા કરે રે, સુખભર દંપતી તેહ; કોઇ દિન સોવન સોગઠે રે, રમતાં ધરી નેહ....વિ૦ ॥૨૭॥ શાસ્ત્ર કથા ગીતગાનમેં રે, કોઇ દિન નાટક શાલ; દેવ દોગુંદકની પરે રે, ભોગવે સુખ રસાળ....વિ૦ ॥૨૮॥ ચંદ્રશેખર તણા રાસનો રે, ત્રીજે ખંડ રસાળ; શ્રી શુભવીરની વાણીએ રે, તેની દશમી ઢાળ. વિ૦ ॥૨૯॥ (૪૬૫)

॥ દુહા ॥

એકદિન દંપતી પરિકરે, પરિવરિયા વનમાંહ;
કેલિ કરતાં મોજશું, શીત તરૂ વન છાંય ॥૧॥
મયૂર કનકમય તિણ સમે, રમતો દીઠો દૂર;
મૃગસુંદરી મન મોહિયું, બોલી આનંદપુર ॥૨॥
મનમોહન મુજને દીયો, આણી એહજ મોર;
રમવા કારણ દિલ લગ્યું, એ મુજ ચિત્તનો ચોર ॥૩॥
ચંદશેખર તવ ચાલીયો, મયૂર લેવાને કામ;
નાઠો મોર વનાંતરે, નૃપ પણ પુંઠે તામ ॥૪॥

આંતરીયો તવ ઉડતાં, ઝાલ્યો મોર મહંત;
ઉપર અસ્વારી કરી, તવ ગંગને ઉડંત ॥૫॥
કુંવર વિચારે ચિત્તમાં, એહ કિશ્યો ઉત્પાત;
જોઊં કિહાં એ જાય છે, એ પક્ષી કોણ જાત? ॥૬॥
વનગિરિ ગામ ઓલંઘીયાં, ક્ષણમાં કોશ હજાર;
યમુના નદી જળધિ લહી, નાખે તાસ મઝાર ॥૭॥
કુંવર તરી કાંઠે જઈ, કરતો ચિત્ત વિચાર;
ક્ષણ સંયોગ વિયોગ મય, શ્રુતધર કહે સંસાર ॥૮॥
મથુરાપુરી દેખણ ગયાં, તિહાં જિન ચૈત્ય નિહાલ;
પંચ અભિગમ સાચવી, વાંદ્યા જગત દયાળ; ॥૯॥
એક શ્રાવક મુખથી સુણી, તિહુનાણી અણગાર;
મનોરમ વનમાં આવીયા, વંદન જાત કુમાર ॥૧૦॥
વંદી નમી મુનિને સ્તવી, બેઠા ધર્મ સુણંત;
અવસર પામી વિનયથી, એણીપરે પ્રશ્ન કરંત ॥૧૧॥

## ॥ ઢાળ ૧૧મી ॥

થાં પરવારી માંકા સાહિબા, કાબુલ મત જાઓ....એ દેશી.
(રાગઃ- સોના રૂપાકે સોગઠે)

પૂછે કુંવર મુનિરાજને, કોણ મોર રૂપાળો; કનકમય પીછાં ઝગે, ગતિએ લટકાળો? ॥૧॥ વિસ્મય વાત ન વિસરે, જો ચતૂર નિહાળો; મધુર રસિક ફળ ઔષધિ, મુખમાં ઓગાળે....વિ૦ ॥૨॥ દેખી વને હું શિર ચઢ્યો, ઘડી દોય ખેલાવ્યો; નભ ચઢી નદી જળે નાંખીયો, ફરી નજર ન આવ્યો....વિ૦ ॥૩॥ જ્ઞાની કહે ભવ તેરમે, તું સુરપુર વાસી; વસુદત્ત નામે શેઠીયો, પ્રિયા ચાર વિલાસી....વિ૦ ॥૪॥ તેહમાં

એક અપમાનીતી, નવી નજરે જોવે; દુઃખ ભર રહેતી વેગળી, દિન રાતે રોવે....વિ૦ ॥૫॥ તપ જપ કષ્ટે ભવ ભમી, થઇ વ્યંતર દેવી; ભવ ભવ તે તુજને નડે, ઘણી વાત શું કહેવી?....વિ૦ ॥૬॥ મૃગસુંદરીશું દેખીને, આકાશે જાતી; પૂરવ વૈર સંભારતાં, ભરી ખેદે છાતી....વિ૦ ॥૭॥ મોરરૂપ કરી તુજ હરી, સરિતામાં ધરિયો; ખેદ ઘણો હણુવા તણો, તુજ પુણ્યે સરીયો....વિ૦ ॥૮॥ કલેશ ન ધરવો નારીશું, ઘરમાં કોઇ વેળા; જો વાંછે સુખ સંતતિ, લક્ષ્મીના મેળા.... વિ૦ ॥૯॥ લલના લક્ષ્મીરૂપ છે, નરને ઘરમાંહે; રીસવતાં રીસાઇને, જાય અંતર દાહે....વિ૦ ॥૧૦॥ નારીને ઘરથી કહાઢતાં, લક્ષ્મીને કહાડી; સુખ નવિ પામે તે કદા, વાવી વિષની ઝાડી....વિ૦ ॥૧૧॥ સંસાર દાહે ત્રણ છે, વિશ્રામની છાયા; પુત્ર કલત્ર ને ગુણ ભર્યા, સજ્જનની માયા....વિ૦ ॥૧૨॥ વળી નિશિ દિન નારી વડે, નહિ ઘરની ચિંતા; ચાકર શત સેવા કરે, પણ નિજની ચિંતા....વિ૦ ॥૧૩॥ જગમાં દુર્લભ નારીઓ, ગુણ ત્રણે વખાણી; સહસ્ર દૂષણ દૂરે તજો, એ પંડિતવાણી....વિ૦ ॥૧૪॥ સુત ઉત્પતિ નારીથી, ઘરભાર ઉઠાવે; પતિ મરણે ભેગી બળે, તસ કેમ દુહવાયે?....વિ૦ ॥૧૫॥ સરસ અશન દીએ કંતને, લૂંખું પે તે ખાય; દુઃખની વેળા સખાઇ છે, પણ દૂર ન જાવે....વિ૦ ॥૧૬॥ તે સ્ત્રી જો બળતી રહે; નહિ પુત્રના મેળા; વેપારે લાભ ન નીપજે, રહે દારિદ્ર વેળા....વિ૦ ॥૧૭॥ વૈર હુવે અતિ આકરું, બહુ ભવ દુઃખ પાવે; વીર પ્રભુને વ્યંતરી, શીતલ

જળ છંટકાવે....વિ૦ ॥૧૮॥ જે નર ઘરનારી તજી, કરે પરઘર મેળા; ધનહાનિ પ્રિયા સવિ, તસ વંઠી વેળા....વિ૦ ॥૧૯॥ એક ગામે એક રાજવી, તસ પુત્ર ભલેરો; ખચ્ચર ઘોડી જનમીયો, ઘર મ્હોટો વછેરો....વિ૦ ॥૨૦॥ નામ ઉજાગરો તેહનું, ઘરે બાંધ્યો ખાવે; મધુભટ વિપ્ર તે ગામમાં, પરિકરશું રહેવે.... વિ૦ ॥૨૧॥ ઉંઘ નામે મહિષી ઘરે, બહુ દૂધ કરંતી; તસ ઘૃત વિક્રયતા વશે, આજીવિકા ચલંતી....વિ૦ ॥૨૨॥ ઘૃત વેચણ દરબારમાં, એક દિવસ જાવે; ઘૃત દેઈ નાણું માગતો, તે દર રહાવે....વિ૦ ॥૨૩॥ નાખ્યા [1]રૂકમ ઊંચા માળથી, અશ્વલાદે તે પડિયા; વીણી લઈને આપતાં, દ્વિજ નજરે ચડિયા....વિ૦ ॥૨૪॥ પૂછંતા કુંવર ભણે ઈશ્યું, લાદ રૂકમમયી છે; એહ વછેરા ભાગ્યથી, અમ લચ્છી ભઈ છે....વિ૦ ॥૨૫॥ તે કહે બ્રાહ્મણને દીયો, તુમ પુણ્ય જ હોવે; નૃપ સુત કહે મહિષી દીયો, અમ તુમ [2]હરિ દેવે....વિ૦ ॥૨૬॥ વિપ્ર લોભ વશે [3]સૈરભિ, દેઈ લીયે વછેરો; ઘર જઈને સેવા કરે, દાણો દેઈ ઘણેરો....વિ૦ ॥૨૭॥ આજીવિકા મૂળથી ગઈ, ઘર દુર્બળ કીધો; મંદમતિ ઊંઘ વેચીને, ઉજાગરો લીધો....વિ૦ ॥૨૮॥ નારીશું રસ પ્રેમથી, જગ શોભા વાધે; સ્થિરચિત્તે ગુરુસેવના, સુખે ધર્મ તે સાધે....વિ૦ ॥૨૯॥ એમ જ્ઞાની વયણા સુણી, ઊઠી કુંવર સિધાવે; નદી ઉપકંઠ તરુ ઘટા, વન જોતો જાવે....વિ૦ ॥૩૦॥ દૂર વનાંતર ખાવતાં, દાખ રાયણ મીઠી; એક તરુડાળે ઝૂલતી, તરવાર તે

૧ રૂપાનાણું   ૨ ઘોડો   ૩ ભેંશ.

દીઠી....વિ૦ ાા૩૧ાા કનક મૂઠ રત્ને ઝડી, લંબી અહિનારી; ચિંતે કુંવર કોઈ ખેચરે, વનમાંહે વિસારી ....વિ૦ ાા૩૨ાા અથવા ખડ્ગ આ વન ધરી, કોઈ સુભટ પઇઠ્ઠો; એમ ચિંતી વનમાં ફર્યો, પણ કોઈ ન દીઠો....વિ૦ ાા૩૩ાા આવી ખડ્ગ લેઇ જોવતો, જાણે મોતીનો હાર; મ્યાન રહિત કરી ઝગમગે, શ્વેત તેલની ધાર....વિ૦ ાા૩૪ાા અતસી કુસુમ સમ છે પ્રભા, વિજળી દૂર પેખ; દેખી અચંભો પામીયો, લેઇ ખડ્ગ વિશેષ....વિ૦ ાા૩૫ાા જોવા પરીક્ષા તે ગયો, વાંકાં વૃક્ષ છે મૂળ; ગુલ્મ વિંટાણા પરસ્પરે, ઘન વંશના મૂળ....વિ૦ ાા૩૬ાા વૈશાખ ઠાણ કુંવર રહી, છેદે બળ સાર; પામી અચંભ ખડ્ગ જુવે, દીઠી રૂધિરની ધાર....વિ૦ ાા૩૭ાા વંશ જાળ જોવે ફરી, ધૂપ કુંડે ઘૃત પૂરે; નર એક કર માળા રહી, પડ્યું મસ્તક દૂરે....વિ૦ ાા૩૮ાા રૂધિર ઝરતું દેખીને, કરે પશ્ચાતાપ; વિણ અપરાધી મારીયો, કરતો મંત્ર જાપ....વિ૦ ાા૩૯ાા હાહાકાર કરતો ગયો, વનખંડ વિચાળ; ઉભી દીઠી યૌવના, વળગી તરૂડાળ....વિ૦ ાા૪૦ાા સરોવર તીરે દેખીને, ચિત્ત ચિંતે કુમાર; વન રખવાળી દેવતા, વા વ્યંતર નાર....વિ૦ ાા૪૧ાા અથવા જોવા ઉતરી, વિદ્યાધર બાળ; ચંદ્રવદન કાંતિ ઝગે, હોઠ લાલ પ્રવાળ....વિ૦ ાા૪૨ાા વા યમુના જળ દેવતા, સરોવરમાં નાહી; લીલ વિલાસે ખડી રહી, તરૂશાખા સાહી....વિ૦ ાા૪૩ાા એમ ચિંતી ધૈર્યજ ધરી, ગયો તેહની પાસે; સા તસ દેખી મોહી રહી, ચિત્ત પ્રેમ વિલાસે....વિ૦ ાા૪૪ાા વળી ચિત્ત ચોરી

ચિંતવે, વન રૂપે રૂડો; પણ સતી નારી ચિત્તમાં, એ ભાંડથી ભૂંડો....વિ૦ ॥૪૫॥ રાજકુંવર ભૂલો પડયો, આવ્યો એણે ઠામ; ન ઘટે મુજ તસ પૂછવું, કોણ દેશને ગામ....વિ૦ ॥૪૬॥ પૂછયે પડુત્તર આપશું, તે પણ ન વિશેષ; ગુણિજન પૂછયાં બોલતાં, સતી દોષ ન લેશ....વિ૦ ॥૪૭॥ ચિંતી મૌનપણે રહી, નીચી નયન નિવાસ; ચંદ્રશેખર તિહાં આવીને, બોલાવે તાસ....વિ૦ ॥૪૮॥ ઉત્તમ રાસ રસાળનો, ખંડ ત્રીજે વિશાળ; શ્રી શુભવીરે તસ ભણી, અગ્યારમી ઢાળ....વિ૦ ॥૪૯॥ સર્વગાથા ૫૨૫

॥ દુહા ॥

કુંવર કહે સુણ સુંદરી, તું કાણ ઉત્તમ જાત;
ગામ નગર કિહાં વાસ તુમ, કુણ વળી માતને તાત ? ॥૧॥

શ્યા હેતે સરોવરતટે, વન તરૂ કુંજ નિવેશ;
નિર્ભય ઉભી એકલી, યૌવન બાળે વેશ ॥૨॥

મેં તુજને વન દેવતા, જાણી આવ્યો પાસ;
[1]ભ્રૂ પગ દૃગ ચળ જોવતાં, મણુઅ જાતિ વિશ્વાસ ॥૩॥

વળતું તવ સા એમ ભણે, સુણ ઉત્તમ ગુણવંત;
મૂળ થકી વિવરી કહું, સઘળું અમ વિરતંત ॥૪॥

## ॥ ઢાળ બારમી ॥

સાહિબા મોતીડો હમારો...એ દેશી

મધુર બોલે અમૃતવચણે, વૈતાઢયે છે દક્ષિણ શ્રેણે; વિજયાપુરીનો હરિબળ રાજા, જાતિ કુળે તસ બિહુ પખ તાજા ॥૧॥ સાહિબા મનગમતા મેળા

૧ ભ્રમર-ચક્ષુ અને પગ ચલિત જોવાથી

દોહિલા મળવા એણી વેળા; ભાગ્યને વશ ભેળા....એ આંકણી. રાણી ગુણાવળી ગુણની પેટી, દોય સુત ઉપર આઠ છે બેટી; અડસિદ્ધિ જસ વહેંચી દીધી, સૃષ્ટિ વિધાતા એકાંતે કીધી....સા૦ ॥૨॥ વિકસિત વયણે ફૂલ ખરંતાં, લોચન જેહના અમિય ઝરંતા, પૂર્વ દિશા સમ ચંપકમાળા, સાત દિશા સમ સાત વિશાળા.... સા૦ ॥૩॥ ખેટ ચતુર નૃપ ચોવીશ જાણી, કન્યા મોહતણી રાજધાની; ચોવીશ કન્યા શ્રીપુર રાય, ગગનગતિ નૃપની કહાય....સા૦ ॥૩॥ કન્યા આઠ સહોદરી મ્હારી, તાત અમારો રાય જીતારી; ચંદ્રાવળી હું આઠે વડેરી, ચોસઠ જણની એક કચેરી... સા૦ ॥૪॥ એક દિન ચંપકમાળા બોલી, આપણા ચોસઠ જણની ટોળી; બાળપણાનાં પ્રેમ વિલુદ્ધાં, ઠામ ઠામ વરને જો દીધાં....સા૦ ॥૫॥ તો પછી મળવું નહોયે કદાપી, તેણે ઉઠો એક વાત જ થાપી; વર વરવો સર્વને એક, જૈનમતી પુણ્યવંત વિવેક.... સા૦ ॥૬॥ શૂરવીર બહુ બુદ્ધિ બળીયો, સહેજે જાય નવિ અટકળીયો; જીવે તિહાં લગે પ્રેમ નિવાહે, તે વર વરવો સહુને ઉત્સાહે....સા૦ ॥૭॥ એક મતો કરી ભેળા જમીયે, વન જળ ક્રીડાએ નિત્ય રમીયે; એક દિન શંખપુરીનો રાય, મણિચૂળનો તિહાં દૂત તે આય....સા૦ ॥૮॥ હરિબળને કહે દેઈ તાપો, તુમ આઠ કન્યા અમને આપો; જો ન દીયો તો થજો રણ કરવા, સજ્જ અમે રણ કરવા હરવા....સા૦ ॥૯॥ સુણી હરિબળ કહે માગ્યું ન મળશે, અમ પુત્રી ઇચ્છા વર વરશે; દૂત મુખે સુણી મણિચૂળ આવે,

સૈન્યશું યુદ્ધ કરી જય પાવે....સા૦ ॥૧૦॥ હરિબળને ગ્રહી નિજપુર જાવે, કારાગારમેં નિત્ય વસાવે; એક દિન વિજયપુરીને બાર, આવ્યા ચઉનાણી અણગાર....સા૦ ॥૧૧॥ રાણી ગુણાવળી વંદન જાવે, દુઃખભરી ગુરુને પ્રશ્ન કરાવે; મુજ પુત્રી આઠે ભરતાર, કુણ થાશે ભાગ્યવંત કુમાર....સા૦ ॥૧૨॥ વળી અમ પુણ્ય ઉદય કેમ થાશે, મુજ પતિ શત્રુથી કેમ મૂકાશે; વળતું તસ ભાખે ચઉનાણી, રાણી સુણ ચિત્ત ધીરજ આણી.... સા૦ ॥૧૩॥ વિદ્યા વિહુણા તુમ સુત હોય, ચંદ્રોદય વિણ રજની જોય; તે હોય બાંધવનો હણનારો, જે નર તે હોશે ભરતારો....સા૦ ॥૧૪॥ તુજ પતિને મૂકાવશે તેહ, તુમ શત્રુનો કરશે છેહ; નિજ તનુ છાયા લંઘે જેહ, ભાવીભાવ મિટાવે તેહ....સા૦ ॥૧૫॥ સાંભળીને એહ હરખ ભરાણી, મુનિ વંદી ઘેર આવી રાણી; એક સમે અમ ચોસઠ બાળ, કામદેવ ઘેર કરી નૃત્યશાળા....સા૦ ॥૧૬॥ સરોવર નાંહી ચૈત્યે બેઠાં, તવ ભૂષણ વસ્ત્રાદિ ન દીઠાં; ગુપ્તે રહ્યો નર ક્ષત્રિય જોતે, વસ્ત્રાદિક તેણે લીધાં રાતે....સા૦ ॥૧૭॥ પાછા આપ્યા તે અમે લેઈ, ખડ્ગ રતન મણિ કંચુક દેઈ; કીધી પરીક્ષા સાહસિક દેખી, ધાર્યું અમે કરું એહવો ગવેખી....સા૦ ॥૧૮॥ અનુસારે લહું તુમહી જ એહ, કુંવર કહે અમે નહિ અછું તેહ; વળતું ભણે સા સુણો ચિત્ત લાઇ, ચંપકમાળાના હોય ભાઇ.... સા૦ ॥૧૯॥ શત્રુ હઠાવન વળી ઉન્મત્ત, વિદ્યા સાધન કરે નિમિત્તે; યમુના કિનારે મહેલ બનાવી, રાખી નિજ બહેનો ઇહા લાવી....સા૦ ॥૨૦॥ પદ્મણી લાવી

ગિરિદરિ માંહે, વિદ્યા મનોવેગ સાધે ઉત્સાહે; સાધે વાયુવેગ ઇહાં વંશજાળે, ચંદ્રહાસ વિદ્યા ઉજમાળે.... સા૦ ॥૨૧॥ તે ખટમાસે સિદ્ધ જ થાવે, તવ શત્રુને તુરત જીતાવે; મોકલી મુને ખબર જ લેવા, તુમશું ઉભી વાત કરેવા....સા૦ ॥૨૨॥ ચંદ્રશેખર સુણી ચિંતે મનમાં, તે નર માર્યા મેં દરી વનમાં; ધૈર્ય ધરી નિજ ચિત્ત વિમાસી, તે આગળ દોય વાત પ્રકાશી ....સા૦ ॥૨૩॥ ચંદ્રાવળી સુણી દુઃખ ધરે મ્હોટું, ચિંતે હૃદય મુનિ વચન ન ખોટું; શ્રી શુભવીર વચન રસાળ, ત્રીજે ખંડે બારમી ઢાળ....સા. ॥૨૪॥ (૫૫૩)

॥ દુહા ॥

ક્ષણભર ખેદ કર્યા થકી, સો ચિંતે તિણવાર;
વિષમી કર્મતણી ગતિ, વિષમો આ સંસાર ॥૧॥

કુંવર વદે સુણ સુંદરી, મ ધરો મનમાં ખેદ;
જ્ઞાનીનું દીઠું હુવે, તિહાં નહી કાંઇ વિભેદ ।૨॥

સા કહે ઉત્તમ નર તુમે, રહેજો ઇહાં ક્ષણમાત્ર;
ચંપકમાળાને જઇ, સંભળાવું આ વાત ॥૩॥

જો તુમપર રાગી હશે, તો વેગે ધ્વજ રક્ત;
મંદિર ઉર્ધ્વ હલાવશું, પીત ધ્વજાએ વિરક્ત. ॥૪॥

રહેજો રક્તે સ્થિર થઇ, પીતે જાજો દૂર;
એમ સંકેત કરી ગઇ, ચંપકમાળા હજૂર. ॥૫॥

તસ સંકેતે દોય ઘડી, તદ્ગત ચિત્તકુમાર;
ઉપશમ ગુણઠાણે ચઢી, ધ્યાન કરે અણગાર. ॥૬॥

પીળી તામ પતાકિકા, હાલતી દીઠી ત્યાંહ;
જાણી વિરક્ત નારીઓ, શીઘ્ર ચાલ્યો વનમાંહ. ॥૭॥

કેસરીસિંહ જયું મલપતો, વનફળ કરત આહાર;
કેતે દિવસે પામીયા, દેવ અરણ્ય મઝાર. ॥૮॥
શીતળ જળ નિર્મળ ભર્યું, સરોવર દેખી તામ;
જળ પીને નિદ્રા લીયે, તિલક તરૂફળ ઠામ. ॥૯॥
પુણ્ય મિત્રબળ જાગતે, ન કરે અનરથ કોય;
વન રણ ગિરિ અરિ જલધિએ, પણ મનોવાંછિત હોય. ॥૧૦॥

## ॥ ઢાળ તેરમી ॥

જીરે દેશના સુણી રઢ લાગશે....એ દેશી.
રાગ:—હવે સુબાહુકુમાર એમ વિનવે,.......

જીરે જાગ્યો કુંવર જિસ્યે તદા, જીરે દેખી ઋદ્ધિ વિશાળ; જીરે હય ગય સુભટ મળ્યાં ઘણાં, જીરે બોલે વચન રસાળ. ॥૧॥ જીરે પુણ્ય કરો જગ પ્રાણીયા.... એ આંકણી. જીરે પૂણ્યે દારિદ્ર દૂર, જીરે મનોવાંછિત મેળા મળે, જીરે પૂણ્યે સુખ ભરપૂર....જીરે૦ ॥૨॥ જીરે કરત પટાવત વિનતિ, જીરે વૈતાઢ્યે રહેઠાણ; જીરે કુસુમપુરી વિમળાપુરી, જીરે અલકાપુરી સમજાણ....જીરે૦ ॥૩॥ જીરે રત્ન કનકચૂળ બાંધવા, જીરે રાજ્ય કરે વર નિત્ય; જીરે શ્રીમતી ધીમતી પટપ્રિયા, જીરે અવરપ્રિયા ઘણી પ્રીત....જીરે૦ ॥૪॥ જીરે પ્રીતિ પસરે છે ઘણી, જીરે [1]જીવન મત્સ્ય સરીસ; જીરે કન્યા બિહુ જણની મળી, જીરે ષટ્શત ને છત્રીશ....જીરે૦ ॥૫॥ જીરે ચૌમાસા દિન વીતતે, જીરે રાજકચેરી માંહે; જીરે શીતળ જિન પધરાવીને, જીરે ઉત્સવ આઠ દિન ત્યાંહે....જીરે૦ ॥૬॥ જીરે કાર્તિક વદ પંચમી દિને,

૧. પાણી.

જીરે વિદ્યાધર મુનિરાય; જીરે ગગનમાર્ગથી ઉતરી, જીરે વંદે તસ સહુ પાય....જીરે૦ ॥૭॥ જીરે દેવ રચિત સિંહાસને, જીરે પ્રભુ વંદી બેસત; જીરે રાય પ્રમુખ પર્ષદ ભણી, જીરે દેશન ધર્મ દીયંત....જીરે૦ ॥૮॥ જીરે રત્નચૂળ અવસર લહી, જીરે મુનિને એમ પૂછંત; જીરે અમ દોય બાંધવની સુતા, જીરે કોણ હશે તસ કાંત....જીરે૦ ॥૯॥ જીરે કેમ મળશે કેમ જાણશું, જીરે કોણ સ્થાનક મહારાજ ?; જીરે ભૂચર ખેચર ભૂપતિ, જીરે તવ ભાખે મુનિરાજ....જીરે૦ ॥૧૦॥ જીરે દેવાટવીમાં શરતટે, જીરે સૂતો તિલકતરૂ હેઠ; જીરે બત્રીશ લક્ષણ કર પદે, જીરે છાયા સ્થિર તનુ ઠેઠ....જીરે૦॥૧૧॥ જીરે ષટ્શત છત્રીશનો થશે, જીરે ભૂચર એક ભરતાર; જીરે ક્ષત્રિય ત્રિખંડનો રાજવી, જીરે વિનય બહુ ભંડાર....જીરે૦ ॥૧૨॥ જીરે માધવ ઉજ્જવલ પંચમી, જીરે લગ્નદિવસ ઉત્સાહ; જીરે દશ ઘડી દિવસ ચઢતે થકે, જીરે જોજો જઇ વનમાંહે....જીરે૦ ॥૧૩॥ જીરે પૂરવધર કહી ઉત્પત્યા, જીરે વિચર્યા પંથ વિહાર; જીરે ખેચર કન્યા મંડલી, જીરે લેઇ ઇહાં નિવસાય.... જીરે૦ ॥૧૪॥ જીરે આજ વાત તે સવિ મળી, જીરે થાઓ પ્રભુ અસવાર; જીરે કહી એમ અશ્વરતન ધર્યો, જીરે કુંવર ચલ્યો તે વાર....જીરે૦ ॥૧૫॥ જીરે આગળ જાતિ વધામણી, જીરે આવ્યા સન્મુખ રાય; જીરે જંગલમાં મંગલ ભયો, જીરે મહેલ રચ્યાં તિહાં જાય.... જીરે૦ ॥૧૬॥ જીરે ચોરી ચિહુંપખ ચિતરી, જીરે તેહજ રયણીમાંય; જીરે કરી ઉત્સવ પરણાવતાં, જીરે સઘળી કન્યા ત્યાંય....જીરે૦ ॥૧૭॥ જીરે રસમંજરી ગુણમંજરી,

જીરે તેમાં વડેરી હોય; જીરે વૈતાઢયે સહુ તે ગયા, જીરે બીજદિન સહુ કોય....જીરે૦ ॥૧૮॥ જીરે ખેચર બહુ જોવા મળે, જીરે ખેચરી ગાવે ગીત; જીરે નાટકશાળા નિત્ય હુવે, જીરે રાગ રંગ રસ રીત.... જીરે૦ ॥૧૯॥ જીરે સાસય ચૈત્ય જુહારતા, જીરે કરતા નવનવા ખેલ; જીરે કુસુમ કદલી ઘર સ્ત્રી ગણે, જીરે રમતાં જળવન કેલ....જીરે૦ ॥૨૦॥ જીરે નંદીશ્વર દ્વીપે જતાં, જીરે સાથે રમણીના વૃંદ; જીરે સાસય પડિમા વંદતાં, જીરે પામે અતિ આનંદ....જીરે૦ ॥૨૧॥ જીરે મેરૂ પમુહ સાસય જિના, જીરે યાત્રા કરી ઘર જાય; જીરે બેહુ સસરા પાસે થકી, જીરે વિદ્યા બહુલ ગ્રહાય....જીરે૦ ॥૨૨॥ જીરે પશુઆને નરભવ કરે, જીરે નરને પશુ અવતાર; જીરે પરવિદ્યા છેદનતણી, જીરે એમ સવિ એક હજાર....જીરે૦ ॥૨૩॥ જીરે નારીગણુ તિહાં સંઠવી, જીરે સુંદર નર પરીવાર; જીરે પંચતીર્થ યાત્રા ભણી, જીરે ચાલ્યો વિચત કુમાર.... જીરે૦ ॥૨૪॥ જીરે સમેતશિખર જઇ ઉતર્યા, જીરે વંદી વીશ જીણંદ; જીરે સીતા નાળ નિહાળીને, જીરે મધુવન જાતો નરિંદ....જીરે૦ ॥૨૫॥ જીરે નંદનવન સમ મધુવને, જીરે મંડપ દ્રાખ રસાળ; જીરે સીતાફળ દાડમ તરૂ, જીરે જાંબુફળ હીંતાલ....જીરે૦ ॥૨૬॥ જીરે ફણસાં લીંબુ હરીતકી, જીરે રાયણને સહકાર; જીરે કદલિકુસુમ સુરભિ તરૂ, જીરે રામ જામફળ સાર....જીરે૦ ॥૨૭॥ જીરે અંજિર નારિંગ કરમદા, જીરે કિંશુક ચંપક ફુલ; જીરે કેતકી માલતી વિકસિયાં, જીરે પામી તીર્થ અમૂલ....જીરે૦ ॥૨૮॥ જીરે વડતરૂ મ્હોટો એક છે,

જીરે શાખા પ્રશાખા વિશાળ; જીરે હંસ મોર શુક સારિકા, જીરે યુગલ વસે કરી માળ....જીરે૦ ॥૨૯॥ જીરે જાગતા ભૈરવ દેવનું, જીરે સુંદર ચૈત્ય વિશાળ; જીરે માનતા માને તેહને, જીરે દીયે વાંછિત તત્કાળ.... જીરે૦ ॥૩૦॥ જીરે યાત્રિક પરદેશી જના, જીરે રહેવાનાં બહુ ઠાણ; જીરે કુંવર નીહાળી નિશિ વસ્યા, જીરે કરતા તીર્થ વખાણ જીરે૦ ॥૩૧॥ જીરે સરોવર કૂપક વાવડી, જીરે પીધા નિર્મળનીર; જીરે; ત્રીજે ખંડે તેરમી, જીરે ઢાળ કહે શુભવીર....જીરે૦ ॥૩૨॥

(૫૯૫)

॥ દુહા ॥

વડતરૂ હેઠે મુનિવરા, ચાર રહ્યા છે રાત;
લઘુવય યૌવન તપ કરે, ઉત્તમ ક્ષત્રિય જાત. ॥૧॥

ચઉનાણી ગુરૂ પાસથી, ભણિયા સવિ સિદ્ધાંત;
કામ વિડંબણ ચૂકીયા, ઉપશમ શાંત પ્રશાંત. ॥૨॥

ચંદ્રકિરણ અમૃત ઝરે, ઉજળી પૂનમ રાત;
દેખી શ્રાવક શ્રાવિકા, આવે તજી પરતાંત. ॥૩॥

મુનિ વંદી ટોળે મળી, કરતા ઉત્સવ ત્યાંહિ;
ચંદ્રશેખર તે સાંભળી, આવી નમત ઉત્સાહ. ॥૪॥

મુનિમુખ અમૃતની છટા, પામી પૂછે એમ;
લઘુવય તુમ વૈરાગ્યનું, કારણ પ્રગટ્યું કેમ ? ॥૫॥

મુનિ કહે આ સંસારમાં, વિરૂઆં વિષય કષાય;
રાગ વિવશ જગજીવડા, ચિહું ગતિમાં રોલાય. ॥૬॥

કુંજર ફરસેન્દ્રિય વશે, બંધન પામે દીન;
અજ પણ અજ સરિખા હુવે, મરે રસનાએ મીન. ॥૭॥

ભ્રમર સુગંધી કમળથી, નયને જલત પતંગ;
હરણ મરણ શ્રવણેંદ્રિયે, એકેક ઇંદ્રિ પ્રસંગ ॥૮॥
પાંચ ઇંદ્રિય વશ પડ્યા, તેહની શી ગતિ હોય ?;
કામ વિવશથી વેગળાં, સુખીયાં જગમાં સોય. ॥૯॥
નવિ પલટાયે રાશિથી, માર્ગી વક્રિય ન હોય;
અભિનવ કામગ્રહ કહ્યો, સહુને દીએ દુઃખ સોય. ॥૧૦॥
શીયળવતી શીયળે સતી, સુણતાં તસ દૃષ્ટાંત;
ભય તજી સંયમશ્રી વરી, આવશે અમવૃત્તાંત ॥૧૧॥

## ॥ ઢાળ ૧૪ મી ॥

મન મળવા મુજ અલજીયો....એદેશી.

રાગઃ—વાલમ વેલેરા આવજો,....

નંદનપુરવર રાજીયો, અરિમર્દન ગુણધામ રે; તિહાં રત્નાકર શેઠ છે, શ્રી દેવી પ્રિયા નામરે૦ ॥૧॥ રસીયા રસભર સાંભળો, સતીય તણા ગુણ સારરે; શત્રુપણું અમશું કર્યું રે, પણ અમ તસ ઉપકાર રે....રસીયા૦ ॥૨॥ શેઠે શક્તિ સુરી ભજી, તેણે પ્રગટ્યો સુર એક રે; વિદ્યા શાસ્ત્ર કળા ભણ્યો, વિનયવંત સુવિવેક રે....રસીયા૦ ॥૩॥ અજિતસેન નામે થયો, પામ્યો યૌવન વેશ રે; પણ કન્યા નહિં એ સમી, જોઈ દેશ વિદેશ રે....રસીયા૦ ॥૪॥ એક દિન દેશાવર થકી, વાણોતર ઘર આતરે; એકાંતે કહે શેઠને, કન્યા કેરી વાત રે....રસીયા૦ ॥૫॥ હું આવ્યો મંગળપુરી, દત્તશેઠ વસે તિહાંય રે; ભોજન કારણ તેડીયો, તેણે મુઝને ઘરમાંહી રે....રસીયા૦ ॥૬॥ દેખી મેં તસ અંગજા, કન્યા કોણ તણી એહરે; પૂછંતા મુજને કહે,

અમ પુત્રી ગુણગેહ રે....રસીયા૦ ॥૭॥ શીયલવતી અભિધાન છે, ચોસઠ કળા નિધાન રે; સ્થળચર પંખી જીવની, વાચાનું જસ જ્ઞાન રે....રસીયા૦ ॥૮॥ પણ એ સરીખો વર નહીં, વરતે ચિત્ત કલેશ રે; સુણી મેં મિત્રપણે કહ્યું, મ કરો ચિંતા લેશ રે....રસીયા૦ ॥૯॥ અમ શ્રેષ્ઠીસુત એ સમો, અજિતસેન તસ નામ રે; મુજ સાથે નર મોકલો, જો કરવું હોય કામરે....રસીયા૦ ॥૧૦॥ સાંભળી નિજ સુત મોકલ્યો, મુજ સાથે ધરી પ્રેમ રે; શેઠ સુણી ને આદર દીએ, તે કરે તિલક એ ઠામ રે....રસીયા૦ ॥૧૧॥ પરિકરશું સુત મોકલે, તે જિનશેખર સાથ રે; વરઘોડે ચડી ચોરીએ, ઝાલ્યો કન્યાનો હાથ....રસીયા૦ ॥૧૨॥ શીયળવતીશું નિજ ઘરે, આવ્યા પરણી તેહ રે; સુખમાં કાળ ગમે સદા, સસરા સાસુને નેહ રે....રસીયા૦ ॥૧૩॥ ભાંગતી રાત્રે અન્યદા, [1]શીવા શબ્દ સુણંત રે; પતિ નિદ્રાભરમેં લહી, જળઘટ હાથ લીયંત રે....રસીયા૦ ॥૧૪॥ શીયળવતી ઘરથી ગઇ, એકલી પુર બહાર રે; સસરે દીઠી જાવતાં, વળી આવી ઘણીવાર રે....રસીયા૦ ॥૧૫॥ શેઠ કહે નિજ નારીને, સાંભળો વહુનું ચરિત્ર રે; આજ ગઈ મધ્યરાત્રીએ, પરઘર રમવા વિચિત્ર રે....રસીયા૦ ॥૧૬॥ કુળમર્યાદા ગણે નહિં, તું નહિં જાણે કાંઈ રે; મેં નજરે દીઠી સહી, પરનર ભોગ પણાયે રે....રસીયા૦ ॥૧૭॥ નારી કહે કહેશો નહિં, કોઇ આગળ એ વાત રે; ઘરનું છિદ્ર પ્રકાશતાં, થાશે કોઇની ઘાત રે....રસીયા૦ ॥૧૮॥ આયુ ધન

૧ શીયાલણી.

ઘર છિદ્ર ને, ઔષધ મૈથુન મંત્ર રે; દાન માન અપમાન એ, નવ નર દક્ષ ગોપંત રે....રસીયા૦ ॥૧૯॥ રવિ ઉદયે સુતને કહે, સાંભળ તુજ વધુ વાત રે; જળ ભરવા મસલું કરી, આજ ગઈ મધ્ય રાત રે....રસીયા૦ ॥૨૦॥ એક પ્રહર પર ઘર રહી, આવી પાછી ગેહ રે; મેં દીઠી નજરે સહી, મ ધરો એહશું નેહરે....રસીયા૦ ॥૨૧॥ પુત્ર વિનીતે માનીયું, તાતજી વચન પ્રમાણ રે; એમ કહી તાત ચરણુ નમી, પહોતો તે નિજઠાણ રે.... રસીયા૦ ॥૨૨॥ મનસૂબો કરી શેઠ તે, વહુને કહે તુજ માત રે; રોગે ગ્રહી મરવા પડી, આવી ખબર આજ રાત રે....રસીયા૦ ॥૨૩॥ ચાલો તુમ સાથે ચલું, તેડાવે તુમ માયરે; વયણ સુણી સસરા તણું, માય મીલન મન થાયરે....રસીયા૦ ॥૨૪॥ રથ બેસી દોય નિકળ્યા, મારગ ચાલ્યા જાય રે; જળ વહેતી નદી દેખીને, રથથી બીહુ ઉતરાય રે....રસીયા૦ ॥૨૫॥ શેઠ ભણે વત્સ! સાંભળો, મોજડી જળે વિણસેઈ રે; પગપાળે નદી ઉતરો, મોજડી કરમાં લેઇ રે.... રસીયા૦ ॥૨૬॥ સાંભળી સા રથથી ગ્રહી, મોજડી પગ દોય પહેરી રે; વાળી ખડા નદી ઉતરી, જળ મોજડીનું વિખેરી રે....રસીયા૦ ॥૨૭॥ રથ બેસી ચલતાં થકાં, દેખી નગર વિખ્યાત રે; શેઠ ભણે આ શહેરમાં, રહો સુખમાં આજ રાત રે....રસીયા૦ ॥૨૮॥ સા કહે ઉજ્જડ ગામ એ, નહી વસતી લવલેશ રે; સાચી તે વક્ર જડ વહુ, હિતશિક્ષા હુએ કલેશ રે....રસીયા૦ ॥૨૯॥ હિત ઉપદેશથી વાંદરે, સુગૃહી નીગૃહી કીધ રે; ધારી એમ શેઠે તદા, ફરી ઉપદેશ ન દીધ રે....

રસીયા૦ ॥૩૦॥ ચાલતા એક ગામડું રે, જીર્ણકુટીર પચાસ રે; જોઈ સા વદે શેઠને, દેખો શહેર આવાસ રે....રસીયા૦ ॥૩૧॥ શીતળછાયા વૃક્ષની, સુંદર માણસ જાત રે; રયણીએ વાસો વસી, ચાલીશું પ્રભાત રે....રસીયા૦ ॥૩૨॥ ઇણ અવસર કૂપને તટે, જળ ભરવાને આઈ રે; માતુલપુત્રી દેખીને, તાતને દેતી વધાઇ રે....રસીયા૦ ॥૩૩॥ માતુલ સન્મુખ આવીને, તેડી ગયો ઉત્સાહી રે; અશન વસન ભક્તિ કરે, રાત વસ્યા સુખ માંહી રે....રસીયા૦ ॥૩૪॥ ચંદ્રશેખરના રાસનો, ત્રીજે ખંડે રસાળ રે; શ્રી શુભવીરે તેહની, ભાખી ચૌદમી ઢાળ રે....રસીયા૦ ॥૩૫॥

સર્વગાથા-૬૪૧

॥ દુહા ॥

મામો મામી હરખશું, શીયળવતીને દેખ;
ભક્તિ કરે નવ નવ પરે, શેઠની વળી વિશેષ. ॥૧॥
ભાણેજીને પૂછતો, પીતા ઘરે કેમ જાત ?;
સા કહે મુજ માતા [1]રૂજા-ક્રાંત સુણી મેં વાત ॥૨॥
સો કહે મિથ્યા વારતા, પણ મળો જઈ ઉત્સાહે;
પાછા વળતાં આવવું, મુજ સંભારી આંહિ. ॥૩॥
શીયળવતી તે સાંભળી, કરતી ચિત્ત વિચાર;
રાતની વાત વિલોકીને, કપટ રચ્યું નિર્ધાર. ॥૪॥
સાચી પણ અવસર વિના, વાત કરી વા ખાય;
જેમ શલ્યા (શિલા) સાયર તરી, નિત્ય કપિ ગુણ ગાય. ॥૫॥
ઉઠી પ્રભાતે ચાલતાં, મિલણાં કરે સસનેહ;
માતુલ વેળાવી વળ્યા, પંથ ચલંતા તેહ. ॥૬॥

૧. રોગવ્યાપ્ત.

## ॥ ઢાળ ૧૫મી ॥

રાગઃ—કપુર હુવે અતિ ઉજળો રે.......

વહુ સસરો રથ બેસીને રે, ચાલ્યા માર્ગ નિવાસ; મગ ઉગ્યા એક ક્ષેત્રમાં રે, દેખી પંથની પાસ રે....રાજા, સુણજો સતી વડ ભાગ્ય, અમ પ્રગટયો વૈરાગ્ય રે રાજા, સુ૦ ॥૧॥ શેઠ ભણે આ ક્ષેત્રમાં રે, થાશે મગ બહુ મૂલ; સા ભણે હોશયે ફોતરાં રે, ધાન્યની હોશે ધૂળ રે રાજા....સુ૦ ॥૨॥ વચન વિઘાતી આ વહુ રે, અવળી ને અવિનીત; શેઠ ચલે ચિંતાભરે રે, વહુ પર ખેદિત ચિત્તરે રાજા....સુ૦ ॥૩॥ નર એક નજરે દેખીયો રે, લાગ્યા અંગ પ્રહાર; શેઠ કહે આ સુભટ વડો રે, સા વદે રાંક એ ધાર રે રાજા....સુ૦ ॥૪॥ છંડી રથ પગ ચાલતાં રે, દીઠી વડની શ્રેણિ; શેઠ ચલે વડ છાંયડી રે, સા ચલે તાપ સરેણુ રે રાજા....સુ૦ ॥૫॥ શીતળ છાંયે બોલાવતાં રે, પણ ચલતી દેઈ પીઠ; ફરતી ચંચળ હંસલી રે, બોલતી નજરે દીઠ રે રાજા....સુ૦ ॥૬॥ હરખ ભરી રમે એકલી રે, હંસી શેઠ વદંત; સા ભણે શોકથી એ ફરે રે, રોતી વિલાપ કરંતરે રાજા....સુ૦ ॥૭॥ નર એક આવતો દેખીને રે, શેઠ વખાણે સોય; સા કહે નહિ નર નારી છે રે, વેશ પુરુષનો હોય રે રાજા....સુ૦ ॥૮॥ એક ગામે વન પરિસરે રે, યક્ષાલય રહી રાત; રથ બેસી બિહુ જણ ચાલ્યાં રે, જબ પ્રગટયો પરભાત રે રાજા....સુ૦ ॥૯॥ કૂપકે જળ ભરતી સ્ત્રીયો રે, દેખી ચકવી એક; ઉચ્ચ સ્વરે

કરી બોલતી રે, ચકવા સહ અવિવેક રે રાજા.... સુ૦ ॥૧૦॥ શેઠ કહે રવિ દેખીને રે, બિહુ જણ હરખે લવંત; સા કહે શોક ભરે બિહું રે, કૂપકે રૂદન કરંત રે રાજા....સુ૦ ॥૧૧॥ પીયર ગામ હવે રહ્યું રે, વેગળું કોશ તે ચાર; પંથ વચાળે દેખીયો રે, તરુવર લિંબ વિશાળ રે રાજા....સુ૦ ॥૧૨॥ તેહ તળે રથ છોડીયો રે, ભોજન ભક્ષણ હેત; બેઠા શેઠ તરુતળે રે, સા દૂર અશન કરંત રે રાજા....સુ૦ ॥૧૩॥ [2]કરીર તરૂ મૂળ સેવતી રે, શેઠ લિંબતળ શ્રાંત; વાયસ એક સતી આગળે રે, વાણી મધુર વદંત રે રાજા....સુ૦ ॥૧૪॥ વાયસ વાણી સાંભળી રે, શીયલવતી ભણે એમ; છાનો રહે તું [1]મૌકુલી રે, પશુ વયણે નહિં પ્રેમ રે રાજા....સુ૦ ॥૧૫॥ સા કહે એકને વયણ થયો રે, કંતની સાથે વિયોગ; વળી તુજ વયણા ચિત્ત ધરૂં રે, તો મળે પૂરણ ભોગ રે રાજા....સુ૦ ॥૧૬॥ પૂછે શેઠ વત્સ! શું કહે રે, એ વાયસની જાત; સા કહે સસરાજી સુણો રે, સત્ય વચન દુઃખ દાતરે રાજા....સુ૦ ॥૧૭॥ કૂડ કપટ છળ ભેદીયા રે, તેહને જૂઠ સુહાય; ગંગાજળ સમ સજ્જના રે, સત્ય વચન સુખદાય રે રાજા....સુ૦ ॥૧૮॥ કંટકતરૂ [2]કરહા રૂચે રે, ખાતા છંડી દ્રાખ; મૌકુલી કુળ [3]પિચુમંદશું રે, તજી આંબાફળ શાખ રે રાજા....સુ૦ ॥૧૯॥ શેઠ વદે સત્ય બોલીયે રે, ભૂલચૂક કરી દૂર; સા કહે લઘુવય વિનયથી રે, રહી ગુરુ ચરણ હજૂર રે, રાજા....સુ૦ બાંધવ સાથે હું ભણી રે, કાકરૂત [5]મુહગ્રંથ; સુગુરુ

૧. કેરડો, ૨. કાગડો, ૩. ઊંટ, ૪. લીંબડો, ૫. પ્રમુખ.

પસાયે મેં લહ્યા રે, પશુ પક્ષી વચપંથ રે રાજા.... સુ૦ ॥૨૧॥ કાક કહે મુજને દીયો રે, ખાવા કરંબો ભક્ષ; તો તુજને આપું સહી રે, કંચન વર દશ લક્ષ રે રાજા....સુ૦ ॥૨૨॥ શેઠ વચને તસ સા દીયે રે, કાક ભખી ભણે વાચ; કરીર તરૂતળ છે ચરૂ રે, કંચન કેરા સાચ રે રાજા....સુ૦ ॥૨૩॥ શીયળવતી વચને સુણી રે, શેઠ ભણે શું સત્ય ?; સા કહે શાસ્ત્ર-ગિરા નહિં રે, હોયે કદાપિ અસત્ય રે રાજા....સુ૦ ॥૨૪॥ શેઠે ખણાવી ભૂમિકા રે, લીધા ગણી દશ લક્ષ; શેઠ પ્રમોદ ઘણો ધરે રે, દેખી કનક પ્રત્યક્ષ રે રાજા.... સુ૦ ॥૨૫॥ રથમાં ઠવી રથ વાળીયો રે, તવ સા ભણે સુણો તાત; મુજ પીયર છે ઢુંકડું રે, પાછાં વળી કેમ જાત રે ? રાજા....સુ૦ ॥૨૬॥ તે કહે બેટા ! સાંભળો રે, વાંક ઘણો મુજ માંહિ; માફ કરી ઘર આવીયે રે, વાત કહીશ પછી ત્યાંહિ રે રાજા....સુ૦ ॥૨૭॥ તેં અમને સુખીયાં કર્યાં રે, તું ઘર લક્ષ્મીરૂપ; તું તૂઠી થકી જે દીયે રે, તે ન દીયે વર ભૂપ રે રાજા....સુ૦ ॥૨૮॥ નિજ અપરાધ ખમાવીને રે, રથે બેસારી તેહ; કૂળદેવીપરે પૂજતાં રે, સુખભર આવ્યા ગેહ રે રાજા....સુ૦ ॥૨૯॥ ચંદ્રશેખરના રાસનો રે, ત્રીજે ખંડ રસાળ; શ્રી શુભવીરની વાણીએ રે, પન્નરમી કહી ઢાળ રે રાજા....સુ૦ ॥૩૦॥ સર્વગાથા-૬૭૭

॥ દુહા ॥

નિજપત્ની સુત આગળે, શેઠ કહી સવિ વાત;
હરખ્યાં વળી સુખીયાં થયાં, સતીયપણે કરી ગાત. ॥૧॥

અવસર પામી પૂછતાં, નિશીથ સમય કિહાં જાત ?;
જળમાં પહેરી મોજડી, નગરને ઉજ્જડ ખ્યાત. ॥૨॥

ગામ ને નગર તે કેમ કહ્યું ? ક્ષેત્રે મગ નહિં થાય;
સુભટને કાયર કેમ કહ્યો, શીતળ છંડી છાંય ? ॥૩॥

રોતી હંસી કેમ કહી, નરને કેમ કહી નાર ?;
ચકવા ચકવી રોવતાં, તરૂતળ તજત આહાર. ॥૪॥

એ એકાદશ પ્રશ્નનો, ઉત્તર આપો સાર;
પંડિતને પૂછ્યાં વિના, પામે ન તત્વ વિચાર ॥૫॥

એમ નિસુણી સતી સાસુ ને, સસરો કંત સુણંત;
મૂળથકી વિવરો કહી, કહેતી હર્ષ ધરંત ॥૬॥

## ॥ ઢાળ ૧૬મી ॥

રાગ :- મારા વાલાજી હો, હું રે નહીં જાઉં
મહી વેચવા રે લો........

મોરા સાસુજી હો સસરા ન સમજે સાનમાં રે લો....એ આંકણી–દીયર દેરાણી દીવાનીયો રે લો, તુમને કાં નવિ સાન....મો૦; જે કુળવંતી મહાસતી રે લો, રાત્રે ન જાયે રાન....મો૦ સ૦ ॥૧॥ રયણીએ રણમાં એકલી રે લો, જાયે જો સહસની સાથ–મો૦; સતીને કોણ લોપી શકે રે લો, જો દિલ હોવે સાથ.... મો૦ સ૦ ॥૨॥ વ્યવહારથી શોભે નહિ રે લો, નિશ્ચય કોઈક વાર મો૦; વિધિ નિષેધ નવિ બોલતા રે, એકાંત જિન ગણધાર....મો૦ સ૦ ॥૩॥ તુમ ઘર સુખ કરવા ભણી રે લો, [1]શિવાનો શબ્દ સુણંત–મો૦; મધ્યનિશાએ હું ગઈ રે લો, ઘટ એક હાથ ધરંત.... મો૦ સ૦ ॥૪॥ કુંભવડે સરિતા તરી રે લોલ, જળથી

૧ શીયાલણી

મૃતક સ્થળ કીધ મો૦, કટિએ ભૂષણ હીરે જડ્યા રે લો, તે સવિ ઘટમાં લીધ....મો૦ સ૦ ॥૫॥ મૃતક શીયાળ લેઇ ગયો રે લો, હું રે આવી નિજ ગેહ મો૦; ગુપ્ત ભૂષણ દાટયાં હતાં રે લો, સાસુને દીધાં તેહ....મો૦ સ૦ ॥૬॥ શેઠ ખુશી થઇ બોલીયો રે લો, વહૂએ કર્યો ઉદ્ધાર મો૦; આળ દીધી મેં પાપીએ રે લો, ઘરજન સર્વ ગમાર....મો૦ સ૦ ॥૭॥ વહૂ કહે નદીજળ ઝાંખરાં રે લો, કંટક વીંધે પાય....મો૦; પછી મોજડી શા કામની રે લો?, પંથ વિષમમેં રખાય....મો૦ સ૦ ॥૮॥ મોટે નગર નહિ સજ્જના રે લોલ, જણ જણ પૂછે કોણ–મો૦; ઉજ્જડ આપણાં ચિત્તશું રે લો, માગ્યું મળે નહિ લૂણ....મો૦ સ૦ ॥૯॥ ગામડે પણ મોજ મળી રે લો, કીધા સુખી એક રાત, મો૦; ગામ એ નગરથી મોટકું રે લો, પામ્યા જિહાં સુખશાત....મો૦ સ૦ ॥૧૦॥ કોમળ [1]સંબા લેઇ ગયા રે લો, જંતુ પડ્યા પ્રતિકૂળ મો૦; મૂર્ખ માલધણી મળ્યો રે લો, તેણે કાં ધાનની ધૂળ....મો૦ સ૦ ॥૧૧॥ સુભટ તે સન્મુખ ઘા લીએ રે લોલ, કાયર પૂંઠે ઘાય મો૦; તેણે રાંક નર મેં કહ્યો રે, નાઠો છૂટાયો જાય....મો૦ સ૦ ॥૧૨॥ વિષ્ટા કરે સ્ત્રી મસ્તકે રે લો; વડ પર વાયસ હોય મો૦; ભર્તા મરે ષટ્ માસમાં રે લો, તાપે ચલત તિણે જોય....મો૦ સ૦ ॥૧૩॥ હંસ વિયોગે હંસલી રે લો, રોતી વચન ભરશોક મો૦; વયણા સુણી મેં ભાખીયું રે લો, જગતમાં ભૂંડો વિયોગ....મો૦ સસરો૦ ॥૧૪॥ કોઈ

૧ શીગ

કારણ વશ નારીએ રે લો, લીધો છે નરનો વશ મો૦; વામ પગ સ્ત્રી આગળ ચલે રે લો, જાણી મેં ગુરુ ઉપદેશ....મો૦ સ૦ ॥૧૫॥ મુકતાહાર તારા જગે રે લો, જાણી મેં ગુરુ ઉપદેશ, મો૦ ॥૧૫॥ મુક્તાહાર તારા જગે રે લો, સ્ત્રી મુખચંદ્ર વિલોક મો૦; રાત્રિ ફરી ભ્રમણા ભજી રે લો, ચકવી રૂવે ધરી શોક....મો૦ સ૦ ॥૧૬॥ કાક [1]શકુની લીંબે રહે રે લોલ, [2]વિટ [3]અહિગરલ નિપાત, મો૦; તરૂતળે અશન ન કીજીએ રે લો, એકદિન જીવિત ઘાત, મો૦ સ૦ ॥૧૭॥ શીયળવતી મુખ સાંભળી રે લો, હરખ્યા સહુ અતિરેક મો૦; વિદ્યાનિધિ પદવીવરે રે લો, સ્વામીની કીધી છેક....મો૦ સ૦ ॥૧૮॥ માતપિતા સ્વર્ગે ગયાં રે લો, અજીતસેન પદ ઠાય મો૦; ઘરમેં હુકમ સતીનો વહે રે લો, માન દીયે નરરાય, મો૦ સ૦ ॥૧૯॥ પાંચશે મંત્રી નૃપે કીયા રે લો, ઓછો છે મંત્રી એક....મો૦; એક દિન રાજકચેરીએ રે લો, પ્રશ્ન કરે નૃપ [4]છેક.... મો૦ સ૦ ॥૨૦॥ રાયને જે પગથી હણે રે લો, કીજે કીશ્યો તસ દંડ? મો૦; ઉત્તર કોઈએ ન આપીયો રે લો, વાત થઈ પ્રચંડ....મો૦ સ૦ ॥૨૧॥ શેઠ પૂછે નિજનારી-ને રે લો, ઉત્તર શ્યો શ્રીકાર, મો૦; સા કહે તેહને દીજીએ રે લો, રત્નતણા અલંકાર....મો૦ સ૦ ॥૨૨॥ અજીતસેને નૃપને કહ્યું રે લો, ભૂપતિ તૂઠો અપાર, મો૦; મંત્રીમાં મુખ્ય મંત્રી કર્યો રે લો, સોંપ્યા સકળ અધિકાર....મો૦ સ૦ ॥૨૩॥ સિંહ સામંતને જીતવા રે લો, રાય ચાલ્યા બળ લેત....મો૦; મુખ્ય સચિવ સાથે લીયે રે લો, શેઠ પ્રીયાને વદેત....મો૦

૧ કાગડાનો માળો, ૨ વિષ્ઠા, ૩ સર્પનું ઝેર, ૪ હોંશીયાર

સ૦ ॥૨૪॥ એકલી ઘર તું કયું રહે રે લો, મુષક ને ભય માંજાર....મો૦; વિદ્યા નૃપતિ નારી તિહું રે, લો, સ્થિર ન રહે નિર્ધાર....મો૦ સ૦ ॥૨૫॥ સા કહે કદીય ન લોપીએ રે લોલ, રાય હુકમ અહોનીશ, મો૦; હું રે સતી સતીયો શિરે રે લો, જાણજો વિશ્વાવીશ....મો૦ સ૦ ॥૨૬॥ ઇંદ્ર સમર્થ નહિં કદા રે લો, મુજ શીલ કરે વિસરાળ....મો૦; તુમને પ્રતીત જો ના હુવે રે લો, તો દઉં ફુલની માળ....મો૦ સ૦ ॥૨૭॥ કરમાયે ફુલ માળા તણાં રે લો, તવ જાણજો પડી ચુક....મો૦; કંઠે માળા ધરી નીકળ્યો રે લો, સૈન્યમાં પોહોતો નિઃશંક....મો૦ સ૦ ॥૨૮॥ ખંડ ત્રીજે કહી સોળમી રે લો, ઢાળ રસાળ સુરીત....મો૦; શ્રી શુભવીર સતી તણી રે લો, સાનિધ્ય સુર કરે નિત્ય, મો૦ સસરો૦ ॥૨૯॥ સર્વગાથા-૭૧૨

॥ દુહા ॥

સૈન્ય પડ્યું કુસુમાટવિ, અરિશું બન્યો સંગ્રામ;
મંત્રી ગળે માળા લહી, પૂછે ભૂપતિ તામ ॥૧॥

કુસુમમાળ નિત્ય નવ નવી, કંઠ ઠવો શે કાજ?;
સો ભણે એ વાત જ કર્યે, આવે મુજને લાજ ॥૨॥

ભૂપ ભણે મુજ અંતરો, રાખવો ન ઘટે તુજ;
પ્રીતિ પટંતર જ્યાં હુવે, ત્યાં નવિ કહીયે ગુજ્જ ॥૩॥

અજિતસેન વળતું કહે, મુજ સતી નારી પ્રભાવ;
ફૂલમાળ વીકસિત રહે, સરસ સદા સદ્ભાવ ॥૪॥

સાંભળી રાજા ચિંતવે, આ શી અદ્ભુત વાત?;
શ્રી પુરતક ચોકૂખા નહિ, તો કેમ સતીની ખ્યાત? ॥૫॥

ફરીય પરીક્ષા તેહની, કરશું પછી તે વાત;
લોભે જગત વશી હુવે, તો પ્રમદા કુણ માત્ર? ॥૬॥

ચિંતવી એમ એક મંત્રવી, નામે અશોકકુમાર;
શીયળવતીના શીલને, ભ્રંશ કરી એક વાર ॥૭॥

આવો એમ કહી મોકલ્યો, દેઇ કનક એક લક્ષ;
તે પહોતો સતીઘર સમીપ, ગુપ્ત રહ્યો લહી લક્ષ ॥૮॥

## ॥ ઢાળ ૧૭મી ॥

રાગ :- લાલ જૈસી તેરી અખીયાં રે, જેસી જલતી મશાલ....

ઉદ્ભટ વેશે જોવતો રે, ક્ષણુ ક્ષણુ કોઇ વાર; સતીયાં ઉપર નજરાં કરે, તે અશોક ગમાર ॥૧॥ ધિક્ ધિક્ વિષયી લોકને....એ આંકણી. તંબોળ બીડાં દાસીકું રે, દેઇ ભેજત સોઈ; સાપિ ન લેવે પ્રેમસે, ફેર નજરે ન જોય....ધિક્૦ ॥૨॥ ચિંતે સતી સિંહ કેસરા રે, લેણી ચાહત એહ; નામ અશોક પણ શોક-સેં રે, એહી ધરતા નેહ....ધિ૦ ॥૩॥ મેં બી નિધા ઊનસેં કરૂં રે, જાને સાચોહી પ્રેમ; બુદ્ધિકો બળ કેતા કરે રે, ગઢ લેતા હે કેમ....ધિક્૦ ॥૪॥ મૂઢકું કૂડસેં દેખતી રે, બહિર રાગસેં નેત; તવ સો દૂતીકું પાઠવે રે, સા એકાંતે વદેત....ધિક્૦ ॥૫॥ ભદ્રે! પતિ ગ્રામાંતરે રે, ગણુકીનો વિયોગ; જાતિ યૌવન વય નિઃફળી રે, પીછે કયાં સુખભોગ?....ધિક્૦ ॥૬॥ મંત્રી અશોક તુમ ઉપર રે, રાગ ધરતા હે ખાસ; અવસર વેળા ન ભૂલણાં રે, કરો ભોગ વિલાસ.... ધિક્૦ ॥૭॥ સા કહે કુળવતી નારીકું રે, નહિ પર-નરકો સંગ; લક્ષ તથાપિ ધન જો દીયે, તવ કરીયે

બીરંગ....ધિક્૦ ॥૮॥ દૂતી અશોકકું જા કહે રે, મેંને કદે મનાઇ; લાખ સોવન સતાબીસેં રે, દેત હોત સગાઇ....ધિક્૦ ॥૯॥ લાખ દિયા લેઈ દૂતિકા રે, દેઈ પાઊં લગીશ; સા કહે પંચમ વાસરે રે, નિશિ આશા પૂરીશ....ધિક્૦ ॥૧૦॥ ઘરમેં અવટ ખોદાવીયો રે, ઉપર શય્યા બિછાય; શીયલવતી દિન પાંચમે રે, નિશિ ઉનકું બોલાય....ધિક્૦ ॥૧૧॥ તાંબૂલ દેઇ ઉપવેશીયો રે, પડચો કૂપ મઝાર; ખાન પાન ચોથે દિને રે, રહે ચોકી તે ચાર....ધિક્૦ ॥૧૨॥ કેતે દિન નૃપ ચિંતવે રે, હજુઅ ન આવ્યો અશોક; નિજઘર મોજમેં જા રહે રે, હરામખોર હે લોક.... ધિક્૦ ॥૧૩॥ લાખ દેઇ રતિકેલીને રે, ફેર મોકલે રાય; ઓ બી બડે કૂપમેં પડે રે, લાખ દ્રવ્ય ગમાય.... ધિક્૦ ॥૧૪॥ સુમતિ હરિદત્ત યા રીતે રે, કૂપે ભેલા મિલાય; જય કરી રાજા આવીયા રે, પણ શંકા નવિ જાય....ધિક્૦ ॥૧૫॥ કૂપે પડચા રાંકા કહે રે, હમ કાઢોહિ બાર; સા ભણે હમ કહ્યા જો કરે રે, હોયે છૂટક બાર....ધિક્૦ ॥૧૬॥ અમે અથવા નૃપ પૂછતે રે, એવમસ્તુ વદેત; એમ શીખાઇ પીછે કંતને રે, સવિ વાત કહેત....ધિક્૦ ॥૧૭॥ ગુપ્ત ભોજન કરી રાયને રે, તેડે જમવાને તેહ; ભૂપ અશન નહુ દેખતે રે, ભયા દિલમેં સંદેહ....ધિક્૦ ॥૧૮॥ બહુ પરિકરસેં ભૂપતિ રે, બેઠે ભોજન હેત; અવટે જઈ સતી માગતી રે, બહુ ભોજન દેત....ધિક્૦ ॥૧૯॥ ચાર ભણે એવમસ્તુ તે રે, રાજવર્ગ સુણંત; રસવતી ઘરમેંસી લાય કર રે, સબી ભાણે ઠવંત....ધિક્૦ ॥૨૦॥

ભોજન મનગમતાં કરી રે, નૃપ બેઠા સચિંત; મંત્રી-
તણે ઘર દેવતા રે, જાણું ભોજન દીયંત....ધિક્૦ ॥૨૧॥
વસ્ત્ર અલંકાર રાયકું રે, લીયા જે લખ ચાર; દેઇ
વિસર્જે ભૂપકું રે, તવ પૂછે વિચાર....ધિક્૦ ॥૨૨॥
સા ભણે અમ ઘરમાં રહે રે, યક્ષ દેવતે ચાર; અશન
વસન માગ્યાં દીયે રે, કરૂં પૂજા ઉદાર....ધિક્૦ ॥૨૩॥
લક્ષ પસાય સતીકું દીયો રે, ગણી બહેન સમાન; રાય
ભણે હમ દીજીએ રે, ચાર યક્ષનું દાન....ધિક્૦ ॥૨૪॥
બોલે સતી તુમ આધીને રે, છે અમ જીવિત પ્રાણ;
યક્ષતણી શી વારતા રે, કરું ભેટ વિહાણ....ધિક્૦
॥૨૫॥ ભૂપ ગયે નિજ મંદિરે રે, હુઓ જામ પ્રભાત;
ચારે નિકાલ્યાં કૂપસેં રે, જળ સ્નાન કરાય....ધિક્૦
॥૨૬॥ ચંદન કેસર લેપીને રે, ફૂલ પૂજા વિશેષ; વંશ
કરંડે બાંધીને રે, રથ મધ્યે નિવેશ....ધિક્૦ ॥૨૭॥
વાજિંત્ર ગીત મહોત્સવે, રાજદ્વારે ચલંત; સન્મુખ
આયે ભૂપતિ રે, નિજ ઘરમેં સ્થાપંત....ધિક્૦ ॥૨૭॥
નૃપ કહે રસવતી ના કરો રે, ભોજ્ય દેવેગા યક્ષ;
વેળાએ પૂજી માગતો રે, દીયો ખટરસ ભક્ષ....ધિક્૦
॥૨૯॥ બોલત તે "એવમસ્તુ" તે રે, કછુ દિયા
ન ધાન્ય; ભોજનવેળા વહી ગઈ રે, હુઆ ભૂખે
હેરાન....ધિક્૦ ॥૩૦॥ ખોલી કરંડમેં દેખીયા રે,
મુખ ફાટાં કૃશાંગ; નૃપ વદે એ રાક્ષસા રે, નહિ યક્ષનું
અંગ....ધિક્૦ ॥૩૧॥ તે ભણે યક્ષ અમો નહિં રે,
અમો તુમચા દીવાન; શીયલવતીએ બનાઇયા રે,
અતિ રાંક વિણુ ધાન....ધિક્૦ ॥૩૨॥ દંપતીને નૃપ
તેડીને રે, કરે બહુત પ્રશંસ; સત્કાર કરી ઘેર

મોકલે રે, લહે ધર્મ નરેશ....ધિક્૦ ॥૩૩॥ ચઉનાણી મુનિ તિહાં આવિયા રે, જઇ વંદે નરેશ; ચઉ પણ ગયે લજ્જા ભરે રે, સુણી ગુરૂ ઉપદેશ....ધિક્૦ ॥૩૪॥ સતી પતિ દીક્ષા લહી રે, ગયે પંચમ સ્વર્ગ; નરભવ નૃપકુળ રાજવી રે, થઈ લહે અપવર્ગ....ધિક્૦ ॥૩૫॥ વૈરાગ રંગે રંગીયા રે, લીયે સંયમ ચાર; બહુશ્રુત હુઇ એ આયે ઇહાં રે, અમો ચઉ અણગાર....ધિક્૦ ॥૩૬॥ કુંવર સુણી મુનિને સ્તવી રે, કરે ભકિત ઉદાર; સંસારે સંગતિ સાધુની રે, લહે પુણ્ય વિશાળ.... ધિક્૦ ॥૩૭॥ પૂરણ ત્રીજા ખંડની રે, કહી સતરમી ઢાળ; વીર કહે શ્રોતા ઘરે રે, હોજો મંગળમાળ.... ધિક્૦ ॥૩૮.......સર્વગાથા–૭૫૮

॥ કલશ ॥

ખંડ ખંડ મધુરતા ભરી, ત્રીજો ખંડ પૂરણુતા કરી ॥
શ્રી શુભવિજય ગુરૂ મુખ કરી, આકર દ્રાખ સુધારસભરી ॥

इत्याचार्यश्री सिंहसूरिसंतानीयसंवेगिगिरिशिरोरत्नपंडित श्री शुभविजय गणि शिष्य भुजीष्य पंडित श्री वीरविजय गणिभिर्विरचिते चंद्रशेखरचरित्रे प्राकृतप्रबंधे चित्रसेनपद्मावतीकथा कथन-मृगसुंदरीहरणे खेटमारण-द्वितीयखेटघातेन चंद्रहासखड्ग-प्रापण चंद्रावलीमुखात् खेटांगजाचतुःषष्टिवार्ताश्रवण-षट्त्रिंशोतरषट्शतखेटसुतापाणिग्रहण-शाश्वत जिन-यात्रा-करण-सहस्रविद्याग्रहण-समेताद्रौ चतुर्मुनि-चरित्रे शीयळवती प्रबंधवर्णननामा तृतीयः खंडः संपूर्णः ॥३॥ सर्वगाथा ७५८॥ प्रथम द्वितीय-खंडगाथा ६४५॥खंडत्रय मिळि गाथा १४०३॥

॥ अथ चंद्रशेखर रासस्य
चतुर्थ: खंड: प्रारभ्यते ॥

॥ दुहा ॥

સરસ વચન રસ વરસતી, મુખ તંબોળ રસાળ;
નયન યુગલ કજ્જળ કળા, કંઠે મુક્તામાલ ॥૧॥
[1]કાશ્મીર અર્ચા ભાલમેં, કટિતટ [2]કાંચી ધરાય;
હંસાસન કંકણ વલય, તિલક નેપૂર પાય ॥૨॥
પુસ્તક વીણા ધારિણી, પ્રણમી સરસતી માય;
શ્રી શુભવિજય સુગુરુ તણા, પ્રેમે પ્રણમી પાય ॥૩॥
ત્રીજો ખંડ અખંડ રસ, પૂર્ણ થયો સુપ્રમાણ;
ચોથો ખંડ કહું હવે, સુણજો શ્રોતા જાણ ॥૪॥
જાણ જ શ્રોતા આગળે, વકતા સફળ પ્રયાસ;
મૂર્ખ સભામેં કવિકલા, કુસુમ કુટુંબી આસ ॥૫॥
ક્ષુલ્લક કરથી ટોપરી, પડી સુણી શબ્દ અગાધ;
નિદ્રાએ ભરી ડોકરી, કરે મહસેં હાડ હાડ ॥૬॥
ઊંઘે તે સુંઘે મહી, ચૂસેં નહિ રસ ઘૂંટ;
સાકર દ્રાક્ષ ને પરહરી, કંટક રાતો ઊંટ ॥૭॥
વિકસિત નયન વદન કરી, પંડિત ગુણ પરખંત;
ભક્તિ રૂચિ નિદ્રા તજી, શ્રોતા વિનય કરંત ॥૮॥
તે માટે સજ્જ થઇ સુણો, આગળ વાત રસાળ;
મુનિ નમી ચંદ્રશેખર હુવે, સુંદર ઠાણ નિહાળ ॥૯॥

---

૧ કેસર ૨ કટીમેખલા

રવિ ઉદયે ચલતા સવે, ગગને બેસી વિમાન;
જિનવર ચૈત્ય નિહાળી ને, ઉતર્યા રણ ઉદ્યાન ॥૧૦॥
વિમળજીનેશ્વર વંદી ને, કુંવર નીકળીયા બહાર;
પાસે [1]પંથગશાળમેં, દીઠા એક અણગાર ॥૧૧॥
કાઉસ્સગ્ગ ધ્યાન દીક્ષા રહ્યા, વંદી બેઠા જામ;
જયપુર રાજા એકલો, આવી પ્રણમે તામ ॥૧૨॥
તે દેખી મુનિ પારીને, કાઉસ્સગ્ગ એમ બોલંત;
આવ્યા વક્રાશ્વે હર્યા, તવ તે નૃપ પૂછંત ॥૧૩॥

## ॥ ઢાળ પહેલી ॥

મધુબિંદુ સમો સંસાર, મુંઝાણા મહાલતા....એ દેશી.

ભર યૌવન વેળા સંયમ મેળા કિમ થયાં, હર્યો અશ્વે હું જાણ્યો, કેમ? કહીએ કરી દયા; મુનિ ભાખે તુમારે નિમિત્તે, અમે સંયમ લીયો, હર્યા અશ્વે તે જાણું એમ, પૂછે [2]ઓહી થયો. ॥૧॥ મધુબિંદુ વિષયારસ લેશ ભવકૂપે પડે; સદ્ગુરુનો સુણી ઉપદેશ, વિમાને નવિ ચઢે....જિમ વણિકની નારી, નણંદીપર મત્સર ધરી, ઉદ્વેગ લહી તે નંદ, વોળાવે સહોદરી; કપટે શકટે બેસારી સ્વસુર ગેહે ધરી, જાણી બાત લહી મૂળઘાત, રોતી સુંદરી.... મધુ૦ ॥૨॥ યતઃ—

॥ પ્રાકૃતભાષા ॥

"મહુનું ગાડલું ને ગોળની ગોળી, મુંજડી ગાયને વાછડી ગોરી;
આઈજી ને ચિંતવ્યું તે બાઈજીને થયું, સાળા સાટે
સમૂળગું ગયું. ॥૧॥"

૧ વિશ્રાંતિગૃહ ૨ અવધિજ્ઞાન

॥ પૂર્વઢાળ ॥ મોહે મુંઝાણી, સંસારી કરી ચેતના, પામે વિષયારસ લીન, નરકની વેદના; યૌવન મદ મત્સર મદિરા, છાકનેં મેં તજ્યો, ઘરવાસ થકી વનવાસ, લઘુવય મેં ભજ્યો....મધુ૦ ॥૩॥ ચંદ્રશેખર પૂછે સ્વામી, કોણ એ ભૂપતિ, થયો કેમ તુમ નિમિત્ત, એહ ચરણ મહાવ્રતી ?; તવ બોલે મુનિવર એમ, સુણો ખેચરપતિ, મહિલાશું મુંઝાણા મૂઢ, વાત કહું છતી....મધુ૦ ॥૪॥ જયપુર નગરે જયરથ, રાજા ત્યાંહિ વસે, દત્ત મંત્રી વડો છે તાસ, મતિ ગુણ ઉલ્લસે; તસ પુત્રી અતિ રૂપવંતી, શણગાર મંજરી, માત તાતને બહુળ સ્નેહ, રાજ મદે ભરી....મધુ૦ ॥૫॥ વય પામી જુવાની દીવાની, બની ઘેર ખેલતી, છે કુમારી પણ નરપંથે, જાતાં વીંધતી; મર્કટ ને મદિરા પીધીને, વૃશ્ચિક ડંશીયો, શી શી ચેષ્ટા ન કરે એહ, વળી ભૂત વળગીયો....મધુ૦ ॥૬॥ અસતી જુવે પુંઠે ને કેડ, ચલાવત ચાલતી, શણગારી રહે દિને રાત્ત, પુરુષ હસાવતી; જાય પરઘર નિશિ અંધાર એ, પુરુષ ધકાવતી, એકલી ચહૂટે ખડી પંથ, પાન મગાવતી.... મધુ૦ ॥૭॥ નરને રાખે ગ્રહી વસ્ત્રને, દ્વારે ઉભી રહે, ખેંચી બાંધે [1]કુચ બેરબેર, વળી હાથે ગ્રહે; મારી કાંકરી નટવિટ નર, સંકેત જણાવતી, ઊંચે હાથે આળસ દેત, તાળી વજાવતી....મધુ૦ ॥૮॥ મોચણ કંદોઇ કુંભારણ, નાઈ સોનારણી, સખીયો કરી નિત્ય ઘર જાત, નર ખુંખારણી; ધણી રહેતી પીયર નિજ, તનુ દેખાવતી, કર ઊંચા કરી ઘરબાર, બાળ ખેલા-

[1] સ્તન

વતી....મધુ૦ ॥૯॥મુખ મચકોડી કરકંકણ, આછોટન કરે, ડસે હોઠ બજાવે દંત અંચળો વા ધરે; ઘર દેઈ બારણે સુતી, ઝાંઝર ઝમકાવતી, દેઈ ચુટી જગાવે કંત, અંગ ધ્રુજાવતી....મધુ૦ ॥૧૦॥ બાલ ચુંબી લગાવે કંઠ, અધર શિર ઢાંકતી, કરે કોગળા ઉભી ગોખ, નરને છાંટતી; એકદિન નિજ ગોખે ઉભી, નજર ચિહું દિશિ જડી, રયવાડીથી વાળીયો રાય, તસ નજરે પડી....મધુ૦ ॥૧૧॥ રાગ લાગ્યા સચિવશું માગું, કરી નૃપ પરણતો, સાત ભૂમિ આવાસે ઠવંત, નૃપ નિત્ય જાવતો; પટરાણીને કરી દૂર, રમે તેહશું અતિ, તસ અવગુણ નવિ દેખંત, જાણે મહાસતી....મધુ૦ ॥૧૨॥ શેઠ પુત્ર ધનંજય નામ, મહેલ અધ જાવતી, હોય નયને નયન મીલંત, પત્ર સા નાખતી; ચિઠ્ઠી વાંચી કામાતૂર તેહ, જઈ ચિંતવી, કરી વનથી સુરંગા એક, તસ મહેલ ઠવી....મધુ૦ ॥૧૩॥ ભૂમિ મધ્ય ગતાગત કરતી, રમતી નેહશું, સુખ માને ધનંજય નારી, મળી મુઝ તેહશું; રયવાડી ગયો નૃપ દેખે, શેઠશું ખેલતી, સા તત્ક્ષણ નિજ ઘર જાય, ગોખે બેસતી....મધુ૦ ॥૧૪॥ નૃપ શંકાએ ઘરજાત, તથાવિધ દેખતાં, મન હરખ્યો વળી દિન એક, નાટક નાચતાં; તિહાંપણ સા પરનર સંગે, ભૂપતિ જોવતાં, શકિત ઘર દેખે તામ, શય્યાએ ઊંઘતા....મધુ૦ ॥૧૫॥ નૃપ શંકા ટાયણ પ્રેમે, વદે આંસુ ભરી, એકલા નવિ મુજ રહેવાય, તુમ જબ જાઓ ઘરી; ધત્તુરકભક્ષી નરપરે, નૃપ સાચું ગણે, એક દિવસે દંપતિ જાત, વનક્રીડાભણી....મધુ૦ ॥૧૬॥ નિશિ વેલડી મંડપ

સૂતાં, સા સર્પે ડશી કીધા ઉપચાર અનેક, મૂર્ચ્છા નવિ ખસી; જનતા મળે 'સા સહ કાષ્ઠ, ભક્ષણ ભૂપતિ કરે, જતો યાત્રા ખેચર એક, દેખી ત્યાં ઉતરે....મધુ૦ ॥૧૭॥ કરુણાએ નિષેધી ભૂપને, તસ જળ છાંટીયો, મંત્રબળથી સા થઈ સજ્જ, સહુ ચિત્ત હરખીયો; સત્કાર કરીને ખેચર, વિસર્જે નમી કરી, બિંહુ સૂતાં નિશિ વનમાંહિ, નૃપ નિદ્રા વરી....મધુ૦ ॥૧૮॥ તિહાં આવ્યો ધનંજય દેખી, સા એમ વિનવે, નૃપ ઊંઘતાં સુખ હેત, ચલો દેશ પુર નવે; સો ભણે સુણ ભોળી નારી, નરેશ્વર જીવતાં, નવિ રહી શકીએ પરદેશ, પગેરૂં કાઢતાં....મધુ૦ ॥૧૯॥ સુણી સા કર ધરી તરવાર, ભૂપાળને મારતી, તવ લેત પડાવી શેઠ, ઉગાર્યો ભૂપતિ; ચિત્ત ચિંતે ધનંજય, પાવકમાં પ્રેમે વસે, કરી પટરાણી હસે તાસ, મહારી કિમ થશે? મધુ૦ ॥૨૦॥ વૈરાગ્ય લહી જઇ દૂર, અમે વ્રતધર થયા, શણગારમંજરીશું રાય, પ્રભાતે ઘર ગયા; વંઠેલી સાથ વિલાસે, વરસકેતાં રહ્યો, અમે સદ્ગુરુ સંગે ધ્યાન, જ્ઞાન ઓઢી લહ્યો....મધુ૦ ॥૨૧॥ અરિ ભેટ ધરી વક્રાશ્વે, હર્યો એ આવીયો, સંયમનું નિમિત્ત એ રાય, મુજને ભાવીયો; ચંદ્રશેખર પૂછે નારી, મરી એ કિહાં જશે, મુનિ બોલે નરક મઝાર, ભવ બહુલા થશે....મધુ૦ ॥૨૨॥ નૃપ પૂછંતો મુજ આગળ, ભવ હોશે કિશ્યો? જંપે મુનિ આ ભવમાંહિ, તમે મુક્તિ જશો; ખંડ ચોથે પહેલી ઢાળ, સુણી ચિત્ત ધારીએ, શુભવીર વિવેકી લોક, વિષય નિવારીયે....મધુ૦ ॥૨૩॥

॥ દુહા ॥

જયરથ કહે ભવ નાટકે, વિષયીને ધિક્કાર;
ગુરુ ઉપદેશ લહ્યા વિના, રોળે આ સંસાર ॥૧॥
નારી અસારી રાગથી, મેં ભવ નિષ્ફળ કીધ;
તુમે મુજને જીવિત દીયો, સાધું વંછિત સિદ્ધ ॥૨॥
વિષય તજી સંસાર એ, તજવો મુજ નિર્ધાર;
આપ સવારથ સાધશું, લેઈ સંયમસાર ॥૩॥
પણ પટ્ટરાણી એક છે, વનમાળા અભિધાન;
ગુણવંતી દુરે તજી, પામી કાચ નિધાન ॥૪॥
વળી તસ કન્યા હોય છે, રતિ પ્રીતિ સુંદરી નામ;
રૂપ કળા ગુણ આગળી, [1]લવણિમ લીલા ધામ ॥૫॥
પ્રાકૃત સંસ્કૃત શાસ્ત્રમાં, શબ્દવેધ અનેકાંત;
નિપુણ થઇ પણ નિપુણ વર, મળતાં સુખ અત્યંત ॥૬॥
ચતુરાને મૂરખ મળે, વિણ પરખ્યો ભરતાર;
જાય જન્મારો ઝુરતાં, તોડલ રાગ વિચાર ॥૭॥
ચતુરા ચતુર મિલાવડો, અહોનિશ કરતાં ગોઠ;
પયમાંહે સાકર ભળી, કથની નાવે હોઠ ॥૮॥
તે માટે મુજ પુત્રીએ, કીધી પ્રતિજ્ઞા એમ;
પ્રશ્નોત્તર દીયે તસ વરું, બીજો વરવા નેમ ॥૯॥
તે પરણાવ્યા વિણ લઉં, જો હું સંયમભાર;
તો સંસારે હેલણા, કરતાં અધમ ગમાર ॥૧૦॥
દયા કરી મુજને કહો, કુણ હોશે તસ કંત !;
મુનિ કહે એ બેઠા ગુણી, ચંદ્રશેખર મતિવંત ॥૧૧॥

૧ લાવણ્ય

આવ્યું સૈન્ય તિણુ સમે, પગલાને અનુસાર;
ઊઠી રાજા કુંવરને, વિનવે કરીય જૂહાર ॥૨૨॥
દયા કરી મુજ ઘર ચલો, મ કરો યાચના ભંગ;
કુંવરે ૧વિયતે મોકલે, સંગ હતા જે સંગિ ॥૨૩॥

## ॥ ઢાળ ૨ જી ॥

રાગ :- સાંભળતું રે સજની મોરી, રજની ક્હિાં રમી આવીજી

નિજ પરિવાર વિદાય કરીને, નૃપશું કુંવર સિધાવેજી રે; બેસી સુખાસન સૈન્યશું ચલતાં, જયપુર નગરે આવે ॥૧॥ જગ જયવંતાજી રે, પુણ્યતણા ફળ જેય, જ૦....એ આંકણી....રાજદ્વારે ઉતારો કરતાં, એક દિન રાજસભાએ જીરે; મંત્રી સેનાપતિ શેઠ પ્રમુખ સવિ, સજ્જન ભેળાં થાયે....જગ૦ ॥૨॥ રાજારાણી તખત બિરાજે, ગાયક નરગીત ગાવે જીરે; સોળ શણગાર સજી રતિ પ્રીતિ, સખીઓ સંયુત આવે....જગ૦ ॥૩॥ જોશી પંડિત શાસ્ત્ર વિશારદ, સઘળી સભા પૂરાણી જીરે; પંચ પંચોળી તેર તિલંગા, આવ્યા ઉલટ આણી....જ૦ ॥૪॥ કન્યાએ પ્રશ્નો જે પૂછયા, ઉત્તર કો નવિ થાવે જીરે; સહુ બોલે પર મનોદ્રહ મહોટો, તાગ કહો કુણ પાવે?....જગ૦ ॥૫॥ તેજ ઝળામળ ભાણુ સરીખો, કુંવર સભામાં બેઠો જીરે; તે દેખી હોય કન્યા અંગે, કામ અનંગી પેઠો....જગ૦ ॥૬॥ કુંવરને પૂછે નજર હસંતે, સહુને અંતર પાડી જીરે; ભરડા બ્રાહ્મણ શાસ્ત્ર ભણેલો, કરતો ખેતરવાડી....જગ૦ ॥૭॥ યમુના નામે ગ્રંથ ભણેલી,

૧ આજ્ઞા

પુણ્યવિહૂણી નારી જીરે; ક્ષીપ્ર ચટી લઇ પાત્ર ભરેલી, આવી તક્ર સમારી....જગ૦ ॥૮॥ પન્નર પ્રશ્ન કર્યા તવ પતિએ, ખીચડી કેમ બહુ રાંધી (૧) જીરે; આજ મધુરિમા તક્રે થોડી, (૨) તુજ તનુ આજ સમાધિ (૩)....જગ૦ ॥૯॥ શ્મશ્રુવતી પડોશણ ઘર (૪) છે, મહિષી સગર્ભા જાતાં (૫) જીરે; કંકોડા શાકે કેમ આખા, આજ તમે તલીયાતાં (૬)....જગ૦ ॥૧૦॥ આ કેમ કૂતરી પેટ દેખાવે (૭), વેણી સજી કહો કાંતા જીરે (૮); સત્રાગારે દાન દીયે છે (૯), પંથ ચલત શું શ્રાંતા (૧૦)....જ૦ ॥૧૧॥ પાણી પ્રચુર ઈહાં કેમ આવે છે (૧૧), કુંડળ ન ધર્યાં કાને જીરે (૧૨); પંથે નાપિતનું ઘર દીઠું (૧૩), લ્યો આ ફળ બહુમાને (૧૪)....જ૦ ॥૧૨॥ પુર બાહિર બકરીનું ટોળું (૧૫), કહો ગણી સંખ્યા કેતી જીરે; એ પન્નરનો એકપદે ઉત્તર, "પાલી નથી" સા કહેતી....જગ૦ ॥૧૩॥ યમુના કથિત પદ અર્થ જ કરવો, યમુના તરી ઉતરવું જીરે; કુંવર કહે સુણો રાજકુમારી, પદ ઉત્તર ચિત્ત ધરવો....જગ૦ ॥૧૪॥ કણ માપું કરવાની પાલી, ન જડી ઘરમાં ખોળી જીરે, [1]ક્ષિપ્રચટિકા માન વિહૂણી, તેણે રંધાણી બહોળી....જગ૦ [૧] ॥૧૫॥ [2]કકર્ંધુ બાવળની પાલી, વીણમીઠા છાશ જીરે; [૨] પાળી નથી આજ તાવ ચતુર્થની, તેણે મુજ તનુ સુખવાસ [૩]....જગ૦ ॥૧૬॥ ઘરે નથી પાલી નામ પડોશણ [૪], મહીષી સગર્ભા પાલી જીરે [૫], ઘર નથી હમણાં પાળી છુરી વિણ, શાક કરું શ્યે મોળી? [૬]....

૧ ખીચડી ૧ બોરડી,

જગ૦ ॥૧૭॥ પાળી શુની તસ ભક્ષણુ પાળી, [૭] તે વિણુ પેટ દેખાવે જીરે, પાલી નામ [1]ષટ્પદી નથી મસ્તકે, વેણી સજિત નિત્ય ભાવે [૮]....જગ૦ ॥૧૮॥ દાનશાળાએ દાનની પાળી, આજ નથી નવિ દેતા જીરે [૯]; ગાડી મળી બેશી આવી પગ, પાળી નથી [૧૦] જેણે શ્રાંતા....જગ૦ ॥૧૯॥ પાળી નથી સરોવર તિણે ફાટયું, વર્ષાજળ ઇંહા આવ્યા જીરે [૧૧]; કર્ણલતિકા પાળી નથી તેણે, કુંડળ હો ન ધરાવ્યાં [૧૨]....જગ૦ ॥૨૦॥ પાળી કહેતાં ચિહ્ન લહ્યા વિણુ, નાપિત ઘર નવિ દીઠાં જીરે, [૧૩], પાલી તે [2]ઉત્સંગ નથી તેણે, કિહાં રાખું ફળ મીઠાં? [૧૪].... ॥૨૧॥ પાલી શબ્દે શ્રેણી કહીજે, તે નહિં પ્રાતઃકાળે જીરે, ઘરઘરથી બહુળી નીકળતી, અજા ગણતી ન નિહાળે[૧૫]....જગ૦ ॥૨૨॥ એમ પદ અર્થ સુણી દોય, કન્યા, કુંવરગળે વરમાળા જીરે; ઠવતાં ફુલની વૃષ્ટિ ગગનથી, દેવ કરે ઉજમાળા....જગ૦ ॥૨૩॥ દેવી દેવતા પ્રગટ આવી, સોવન ચોરી બનાવી જીરે; અનુપમ ઓચ્છવ મોચ્છવ કરીને, બેહુ કન્યા પરણાવી.... જગ૦ ॥૨૪॥ દેવદુષ્ય ચીવર ને ભૂષણ, રત્નજડિત દીયે દેવા જીરે; ભૂપતિ હય ગય રથ ભટ દેવે, દાસી દાસ કરે સેવા....જગ૦ ॥૨૫॥ વાસભુવનમાં સુખ વિલસંતાં, દોગંદુક સુર જેમ જીરે; દેવ ગયા અદૃશ્ય થઇ ગગને, જુવે કૌતુક જન એમ....જગ૦ ॥૨૬॥ ચોથે ખંડે બીજી ઢાળે, સુંદર રાસ રસાળે જીરે; શ્રી શુભવીર વિવેકી દેવા, અવસર સમય નિહાળે....જગ૦ ॥૨૭॥

[1] ભ્રમર. [2] ખોળો.

॥ દુહા ॥

શણગાર મંજરીને હવે, નૃપે તેડાવી હજૂર;
કહે તુમ ચરિત્ર સુણી થયો, વૈરાગ્ય અમ ભરપૂર ॥૧॥
માતપિતા ઘર જઈ રહો, સુખભર કુળવટ રીત;
એમ કહી એકલી મોકલી, ગુપ્ત વાત હોય ચિત્ત ॥૨॥
ચંદ્રશેખર રાજા બિહું, નવ નવ ગોઠ કરંત;
વાત વિનોદે શાસ્ત્રની, રસભર કાળ ગમંત ॥૩॥
ગીતને શાસ્ત્ર વિનોદથી, સજ્જન કાળ ગમંત;
મૂરખ નિદ્રા કલહથી, વ્યસને દિન નિગમંત ॥૪॥
હોય ચાર પંડિત મળે, ધર્મવાત શુભ થાત;
હોય ચાર ગદ્ધા મળે, વિકથા લાતો લાત ॥૫॥

## ॥ ઢાળ ત્રીજી ॥

દેશી ચોપાઈની

એકદિન રાય ને ચંદ્રકુમાર, કેલિ કરતા ચલ્યા પૂર બહાર; શીતજળા નદી આવ્યું પૂર, લોક જુવે બહુલા રહી દૂર ॥૧॥ તારૂ લોકની ન ચાલે હામ, ઉછળે જળ કલ્લોલ ઉદ્દામ, જાણે [1]વસુમતી ડુબાવશે, શ્રી-ફળ લેઇ પૂજન ધસે ॥૨॥ કુંવર નૃપ જુવે તિણે સમે, સરિતાપુર તદા ઉપશમે; રાય ભણે નર એકને ત્યાંહિ, નાવા વર એક લાવો આંહિ ॥૩॥ તે પણ લાવ્યા બેઠા દોય, નદી જળક્રીડા કરતા સોય; નદીપુર સન્મુખ જળમાં એક, દિવ્યાભરણ વિભૂષિત છેક ॥૪॥ નર જાતો દેખી નૃપ ભણે, એહને ઝાલી લીયો આપણે; નાવ હંકારી જેમ જેમ ધાય, તેમ તેમ તે

૧. પૃથ્વી.

નર દૂરે જાય ॥૫॥ રાયતણે મન વિસ્મય થયો, કુંવર કહે સુરક્ષોભન ભયો; કેટલો પંથ તે નાવા ગઈ, તવ ઉભો રહ્યો તે સ્થિર થઈ ॥૬॥ તે નરની પૂંઠે નૃપ રહી, વેણીદંડ નિજ હાથે ગ્રહી; ઊંચો ખેંચીને લાવીયો, તવ કેવળ મસ્તક આવીયો ॥૭॥ અંગ ઉપાંગ ન દીઠું જશ્યે, મસ્તક જળમાં નાખ્યું તિસ્યે; પુનરપિ શિરસંયુત દેખીયો, પણ તે દોય મસ્તક યુત થયો ॥૮॥ લહી વિસ્મય શંકા મન વસી, દેવ વિના શક્તિ નહિ ઇસી; કોણ તમે છો પૂછે ભૂપ, એ શિર કહે અમે દેવસ્વરૂપ ॥૯॥ બીજું શિર કહે તું કોણ થાય ?, નૃપ વદે હું નગરીનો રાય; નર ભણે નૃપ થઇ વિણ અન્યાય, મુજ વીણા ગ્રહી કેમ ખેંચાય ? ॥૧૦॥ ધર્મી તપસ્વી એકલી નાર, વૃદ્ધ અનાથ ને દુર્બળ બાળ; તાસ પરાભવે નૃપ રખવાળ, દયાવંત પંચમ લોકપાળ ॥૧૧॥ રાજા અન્યાયે અનુસરે, તાસ [1]બુંબ કોણ આગળ કરે ?; સાંભળી નૃપ [2]ધમ્મિલ મૂકીયો, તવ તે નર ગજરૂપે થયો ॥૧૨॥ ઉપર નૃપ અસ્વારી થયા, ચંદ્રશેખર પણ સાથે ગયા; [3]વારણ ઉત્પતીયો આકાશ, સસરો જમાઈ બેઠા પાસ ॥૧૩॥ લોક સવે વાચા ઉચ્ચરી, જાય જમાઈ શ્વસુર અપહરી; કૌતુક જોતાં સર્વ નગરી, એક વને [4]સામજ ઉતરી૦ ॥૧૪॥ હસ્તી ગયો બિહુંને ત્યાં ઠવી, દોય જુવે વન લીલા નવી; ધર્મઘોષ દેખી મુનિરાય, વંદી બેઠા શીતળ છાંય ॥૧૫॥ પૂછે ગુરુને સંશય ભર્યાં, સ્વામી અમને કોણે સંહર્યા ?; ગજરૂપે ઇહાં મૂકી ગયો, તવ તે દેવ

૧. રાવ, ૨. ચોટલી, ૩. હાથી, ૪. હાથી,

પ્રગટપણે થયો. ॥૧૬॥ સાધુ કહે સુણ જયરથ રાય, એ સુર તુજ ગુરુ બાંધવ થાય; દેશવિરતિ લહી દેવ એ હુઓ, શ્રાવક ધર્મનો મહિમા જુવો ॥૧૭॥ અવધિનાણે તુજને દીઠ, વિષય પ્રમાદે ¹રક્ત વિશિટ્ઠ; રખે સહોદર નરકે જાય, પ્રતિબોધન લાવ્યો અમ પાય ॥૧૮॥ ઘણા દિવસ તુમ ગેહે રહી, દોય સુતા પરણાવી સહી; કન્યાદાન વિશેષે દીયો, બાંધવ જાણી નચિંતો કિયો ॥૧૯॥ દેવ કહે સંયમ સાધશો, તો અમથી પણ સુખીયો થશે; સાંભળી એમ નૃપ દીક્ષા લીએ, વેશ ઉપધિ સઘળી દેવ દીએ ॥૨૦॥ ગુરુકુળવાસે બહુશ્રુત થયા, કામ વિડંબણ ચૂકી ગયા; કેવળ પામી વિચર્યા બહુ, સાદિ અનંત વર્યા શિવવહુ. ॥૨૧॥ જયપુર આવી દેવકુમાર, રાજ્યે નૃપ સુત થાપ્યો સાર; દેવ અદૃશ્ય થયો તિણવાર, કુંવર ગયા નિજ મહેલ મઝાર ॥૨૨॥ રૂપ કુંવરનું દેખી વિશાળ, કવિ ઉપમા દેવે તત્કાળ; મકરધ્વજ રહે સ્વર્ગમઝાર, તેહને છે રતિ પ્રીતિનાર ॥૨૩॥ કામદેવ વંઠ્યો જગ ભમે, દેવ નર તિરિ ઘર ઘર રમે, અંગ વિહૂણો પંડિત કહે, એ સાથે ઘર કેમ નિર્વહે. ॥૨૪॥ રતિ પ્રીતિ પતિક્લેશે કરી, રોષભરી ઘરથી નીસરી; ખીર સમુદ્રે ઝંપો કરી, જયરથ રાજ કુળે અવતરી. ॥૨૫॥ અનંગ તાસ વિયોગે ભર્યો, નંદનવન જઇ બહુ તપ કર્યો; કાશી તીર્થ લહ્યો અવતાર, કામદેવ રૂપ ચંદ્રકુમાર. ॥૨૬॥ ચંદ્રશેખરનો રાસ રસાલ, ચોથે ખંડે ત્રીજી ઢાળ; શ્રી શુભવીર વચન રસ ભર્યાં, શ્રોતા લોક સુણી ચિત્ત ધર્યાં. ॥૨૭॥

૧. આસક્ત.

॥ દુહા ॥

સુખ વિલસંતા કુંવરને, આવ્યો વર્ષાકાળ;
વાદળ ગર્જારવ કરે, વીજળીઓ ઝબકાર ॥૧॥
શ્યામ ઘટા ગગને ચડી, વરસંતો જળધાર;
વસુધા નવપલ્લવ થઈ, મોર કરે ટહુકાર ॥૨॥
પંખી માળા તરૂવરે, [1]પંથી નિજઘર જાય;
ખેતી કરતાં કર્ષણી, સુખીયા સુખ વિલસાય ॥૩॥
ચિત્રશાળી એ તિહું જણા, ખેલંતા સુખવાસ;
વર્ષા વીતી આવીયો, શારદ આસો માસ ॥૪॥
દંપતી રમતાં એક દિને, સોગઠબાજી વિશાળ;
નગર તણી રચના જુવે, બેઠા સપ્તમ માળ ॥૫॥
તેહવે ગગનથી ઉતર્યો, તાપસ એક જુવાન;
કુંવરે આદર બહુ દીયો, તે દીયે આશીષ દાન ॥૬॥
પૂછે કુંવર કિહાં થકી, આવ્યા કહો કુણ કાજ ?;
જોઈએ તે માગો વળી, નવિ ધરશો કાંઇ લાજ ॥૭॥
વળતું પરિવ્રાજક કહે, ભદ્રદત્ત મુજ નામ;
વિશ્વદત્ત મુજ ગુરુતણું, ગંગાતટ વિશ્રામ ॥૮॥
ગુરુદત્ત ઔષધિ કલ્પ છે, ઓળખાણ મુજ સાર;
મલયદુર ગિરિ ઉપરે, છે તે વિવિધ પ્રકાર; ॥૯॥
સાધન વિધિ મેં બહુ કરી, નવિ થઇ સિદ્ધિ લગાર;
ક્ષેત્રપાળ કરે વિઘ્ન તે, એ ગિરિને રખવાળ ॥૧૦॥
શત યોજન [2]પય ક્ષેપથી, ગુરુ ફરતા આકાશ;
ગુરુ આજ્ઞા એ હું કરું, યોજન એક સરાશ ॥૧૧॥
એક એક [3]ઉત્પાતથી, વસુધા માંહે ભમંત;
જસ કીર્તિ તુમચી સુણી, આવ્યો આશા ધરંત ॥૧૨॥

૧. મુસાફર, ૨. પાદક્ષેપથી ૩. ઉડ્ડયનથી.

શત યોજન ગિરિ દુર છે, સાધન છે દિન સાત;
અષ્ટમી આદિ પૂર્ણ દિન, કૃષ્ણ ચતુર્દશી રાત ॥૧૩॥
કૃષ્ણ ચતુર્થી આજ છે, જો આલો મુજ સાથ;
વિશ્રામે પહોંચી શકું, જો ઝાલો મુજ હાથ ॥૧૪॥
કુંવર કહે જાઓ સુખે, સાતમ નિશિ તુમ પાસ;
આવીશું એમ વચન તે, લેઈ ગયો આકાશ ॥૧૫॥
નારીને કહી સાતમે, ગિરિ જઈ મળી કહે એમ;
મુજ સાનિધ્ય નિર્ગ્રંથ જપો, મુનિ પણ જપતો તેમ ॥૧૬॥

## ॥ ઢાળ ૪થી ॥

રાગ :- વોડી તો આઇ થારા દેશમાં મારૂજી, પરણી દે પાછી વાળ હો નણદીરા વીરા, થાસે હું શું નહિ બોલું હો મારૂજી.

ચંદ્રશેખર ફરે સાયુધે, રાજાજી, વાણી હુવે આકાશ હો, ગુરુલોપીને વાંછિત નહિ ફળે, રાજાજી-એ આંકણી-ભૂતેષ્ટા રાત્રિ સમે, રાજાજી, ભીમ અટ્ટ કીયો હાંસ હો....ગુરૂ૦ ॥૧॥ ઉત્તર સાધકને ભખું રાજાજી, અથવા સાધક ભક્ષ હો....ગુરૂ૦ ॥૨॥ કુંવર કહે પથ્થર ભખો રા૦, પગ પગ પડીયા લક્ષ હો ગુ૦; મૃગ સિંહને ન ભખે કદા રા૦, મુજ પર ઇંદ્ર નિરાશ હો, ગુ૦; તુજ જીતવાની શી કથા રા૦, ફરી થઇ વાણી આકાશ હો....ગુરૂ૦ ॥૩॥ પરહેતે મૂરખ મરે, રા૦, દેવ જીત્યા નવી જાય હો, ગુ૦; તજીય રહે તું વેગળો રા૦, અપરાધ વિણ કોણ ખાય હો?....ગુરૂ૦ ॥૪॥ મુજગિરિ ઔષધિ ચોરટો રા૦, નિશ્ચય હણશું તાસ હો, ગુ૦; કુંવર સુણી હસીને કહે રા૦, ફોગટ બળ પ્રકાશ....ગુ૦ ॥૫॥ અદૃશ્ય થઈ ગગને લવો રા૦,

વીરપણું જુવો મુજ હો, ગુ૦; યુદ્ધ કરે ઈંહા ઉતરી રા૦, દેખું દેવપણું તુઝ....ગુરૂ૦ ॥૬॥ [1]ક્રોડરૂપ ધરી ઉતર્યો રા૦, કુંવર સુવર રૂપ કીધ હો, ગુ૦; ધુર ધુરાવે ગાજતા રા૦, બિહુંનું બન્યું બહુ યુદ્ધ હો.... ગુરૂ૦ ॥૭॥ દંતે નખે હણતાં બિહુ રા૦, ઉડે પડે ગિરિકંપ હો, ગુ૦; દંતે હણ્યો સુર ભાગતાં રા૦, ગજરૂપ ધરતો અજંપ હો....ગુરૂ૦ ॥૮॥ કુંવર [2]કરિરૂપે ઝુઝતો રા૦, નાઠો સુર થયો સિંહ હો....ગુ૦; નૃપે સિંહને હરાવીયો, રા૦, રૂપ પિશાચ ધરેહ....ગુ૦ ॥૯॥ ઊંચો તાડ સ્થૂળ જંઘ છે રા૦, પેટ ગુફા રૂસ ખંધ હો, ગુ.; [3]કુદ્દાલ રદ [4]નયનાગ્નિભા, રા., વટ શાખા ભુજ દ્વંદ્વ....ગુરૂ૦ ॥૧૦॥ ફણિમણિધર કંઠે ધર્યા રા., મોઘર કર કરવાલા હો, ગુ.; જંપે મૂઢ કાં [5]મુધા મરે રા., નહિં જસ મુજ હણ્યે બાલ....ગુરૂ૦ ॥૧૧॥ નૃપ ભણે લઘુ ગુરુ શું કરે, રા. ?, ગજ અંકુશ ને ન્યાય ગુ૦; સુણી સુર ક્રોધાતુર થયો રા૦, કરી કિકિયાટો ધાય હો....ગુરૂ૦ ॥૧૨॥ કુંવર સવાઈ તે રૂપે, રા., યુદ્ધ ભયંકર કીધ હો, ગુ.; સહસ વિદ્યા સમરણ કરી રા., કુંવરે જીતી લીધ હો....ગુરૂ૦ ॥૧૩॥ તેજ પરાક્રમ દેખીને રા., તૂઠો કહે સુણ સંત હો, ગુ૦; તુજ માથે બળ કોણ તણું રા., જાસ બસે બળવંત હો....ગુરૂ૦ ॥૧૪॥ ચંદ્ર કહે ગુરુ દેવનું રા., બળ સમકિત રૂપ ધર્મ હો, ગુ.; પરમેષ્ઠિમંત્રે કરી રા., જીતું સુરાદિક મર્મ હો....ગુરૂ૦ ॥૧૫॥ ધર્મ સુણી સુર બુઝીયા રા., બોલે તજી મિથ્યાત્વ હો, ગુ.; હું

1 સુવર. 2 હાથી 3 કુહાડા જેવા દાંત 4 અગ્નિ સરીખા નેત્ર. 5 ફોગટ.

શ્રાવક પરભવ હતો, રા., સુણી મિથ્યાત્વની વાત હો....ગુરૂ૦ ॥૧૬॥ વિરાધક પણે સુર થયો, રા., તુમથી લહ્યો પ્રતિબોધ, હો, ગુ.; બાંધવ મિત્ર ગુરુ તમે રા.; પામ્યો સમકિત શુદ્ધ હો....ગુરૂ૦ ॥૧૭॥ કાંઈક વર માગો મુદા રા., નૃપ કહે આપો એક હો, ગુ.; ઔષધિ સાધકને સધે, રા., તો રહે મારી ટેક હો.... ગુરૂ૦ ॥૧૮॥ સુર ભણે સાંભળ સાહિબા, રા., એ છે ગુરુનો ચોર હો, ગુ.; ધૂરત છળભેદી ઘણો, રા., લંપટી હરામખોર હો....ગુરૂ૦ ॥૧૯॥ જૂઠો ગુરુનો નિંદકી રા., વિશ્વાસઘાતી એહ હો, ગુ૦; નીચ મૂર્ખ-સંગે ચલે, રા., પંડિતશું નહિં નેહ હો....ગુ૦ ॥૨૦॥

यतः लोभी मत्सरी नैकदूषणपरो नीच प्रसंगी सदा छिद्रान्वेषकधा दुरो ह्यविनयी द्वेषी गुरुणामपि ॥ धूर्तो ऽसत्यप्रजल्पाको ऽतिखलःस्तेयी कुवादाग्रही, तेषां यंत्रकमंत्रसाधनविधिः सिध्यंति नो कर्हिचित् ॥१॥

પૂર્વઢાળઃ—

લઘુપણાથી મ્હોટો કર્યો રાજાજી, ગુરુએ ઉછેર્યો સાપ, ગુ.; અવિનયી દેખી ઉપન્યો રા., ગુરુને અતિ પરિતાપ હો....ગુરુ૦ ॥૨૧॥ ઔષધિ કલ્પ ગુરુકને રા., છાનો ઉતારી લીધ ગુ.; ગુરુએ પ્રસન્ન થઈ કદા રા., મંત્રાદિક નવિ દીધ હો....ગુરુ૦ ॥૨૨॥ મહાતપસી ગુરુ લોકમાં રા., પૂજ્યપદે કરી ગાય હો ગુ.; ચંદ્રને વળગ્યો રાહુઓ રા., એમ સવી લોક ઠરાય હો....ગુરુ૦ ॥૨૩॥ અહોનીશ ગુરુને શેકવું રા., પૂરવભવને પાપ હો ગુ.; ગુરુ તજી સ્વેચ્છાએ નીકળ્યો રા., ગુરુને પ્રગટયો સંતાપ....

ગુરુ૦ ॥૨૪॥ ભિક્ષા ભમે ચોરી કરે રા., ધૂતી હરે પરવિત્ત હો ગુ.; ઘર કરી રાખી ભીલડી, રા., તસ ઘર ભરતો નિત્ય....ગુરુ૦ ॥૨૫॥ ગુરુ લોપી મહા-પાપીયો, રા., પંડિત એમ ઉચ્ચરાય હો, ગુ., તુમ વચને મેં ઔષધિ, રા., દીધી પણ ન ફળાય, હો, રા. ગુરુ૦ ॥૨૬॥ ચોથે ખંડે ઢાળ એ, રા., ચોથી ચતુરને શીખ હો, ગુ.; શુભગુરુ વચનથી વેગળા, રા. ઘર ઘર માગે ભીખ હો....ગુરુ૦ ॥૨૭॥

સર્વગાથા ૧૬૧

॥ દુહા ॥

ગુરુદ્વેષી અતિ લોભીયો, ધરે મિથ્યા મુનિવેષ;
ગુરુએ અયોગ્ય કરી તજ્યો, યોગ્ય નહિ ઉપદેશ ॥૧॥
કપટે લોકના ધન હરી, [1]સબરી ઘર સંતાત;
કરશે સા પૂરણ ધને, વેગે એહનો ઘાત ॥૨॥
જિમ અતિલોભે શૃંગદત્ત, પડીયો જલધિ મોઝાર;
ધર્મ વિહુણો દુર્ગતિ, પામ્યો બહુ અવતાર ॥૩॥
રાજકુંવર કહે તે કહો, કોણ એ શૃંગદત્ત શેઠ ?;
દેવ વદે સુણો મૂળથી, કહું દૃષ્ટાંત જ ઠેઠ ॥૪॥

## ॥ ઢાળ ૫ મી ॥

ઇણ અવસર તિહાં ડુંબનું રે....એ દેશી

રોહણપુર નગરે વસે રે, શૃંગદત્ત એક શેઠ રે, ચતુરનર; બત્રીશકોડી સોવનધણી હો લાલ, તોયે વણિજ કરે બહુ રે, કરે પરાઇ વેઠ રે....ચ. ધાસે ન

1 ભીલડી

કોઇને ખાપણી હો લાલ૦ ॥૧॥ નંદન ચાર છે તેહને રે, તાસ વધૂ છે ચાર રે, ચ.; શેઠ કૃપણ અતિશે ઘણો હો લાલ, રાત દિવસ નિદ્રા નહી રે. લોભ તણો નહી પાર રે....ચ. ધર્મની વાત ન ચિત્ત રૂચે હો લાલ૦ ॥૨॥ જૈન મુનિ ઘર નહિ કદા રે, દાન માન સન્માન રે....ચ.; પંથે દેખી દૂરે ટળે હો લાલ, વસ્ત્ર જીર્ણ વહુરો ધરે રે, ભોજન લખું ધાન રે, ચ. પૂર્વે સગા નવિ ઘર જુવે હો લાલ૦ ॥૩॥ બ્રાહ્મણ શરવણ કાપડી રે, ભિક્ષાચરની જાત રે, ચ.; ઘરમાં પ્રવેશ ન કો કરે હો લાલ, ખડકીએ અટકી જાત રે, યષ્ટિએ કરત વિઘાત રે ચ. ત્યાગ ભોગ વારતા ક્રીશી હો લાલ૦ ॥૪॥ પંચ દાન શેઠ નિત્ય [1]હસ્તક-પોળ ને ગાળ રે, ચ.; દોય કમાડને અર્ગળા હો લાલ, કરપી ત્રિહું ઉપગારીયા રે, નૃપ (૧) ચોર (૨) અગ્નિઝાળ (૩) રે....ચ. અદ્રશ્ય રૂપ સિદ્ધિ વરી હો લાલ૦ ॥૫॥ દાતા જસ [2]કરપી વડે રે, વંછે દિવસ જબ રાત રે, ચ.; ફરસે ન ઘર જિમ મ્લેચ્છનું હો લાલ, યમસમ દૃષ્ટિ ધન હરૂ રે, વક્રગતિ અહિ જાત રે....ચ. અવગુણનો મેળો મળ્યો હો લાલ૦ ॥૬॥ ઘરથી ઘેંસ ભખી નીસર્યો રે, વલગી ઘેંસ મુખશ્વાન રે, ચ.; ઝાલી શેઠ લુશી લીયે હો લાલ લુહીને મુખ ધોવતાં રે, શ્વાન તે વલગ્યો કાન રે....ચ., રૂધિર ઝરંત મૂકાવીયો હો લાલ૦ ॥૭॥ એક દિન ગગનથી જોગણી રે, ઉતરી ધરી સ્નેહ રે, ચ.; ચારે વહુ પાયે પડી હો લાલ, ભોજન ભક્તિ કરાવીને રે, પૂછતી

૧ મારે તમાચો, ૨ લોભી,

તુમ અમ ગેહ હો ચ.... [1]સસરોદ્ર [2] કેમ આવીયા હો લાલ૦ ॥૮॥ સા કહે ગગનથી ઉતર્યા રે, વિસ્મય પામી ચાર રે, ચ.; ભક્તિ કરી રોઈ પડી હો લાલ, પૂછે પુત્રી કેમ રૂઓ રે, સા ભણે દુઃખ અપાર રે.... ચ. સા સુણી કરુણા ચિત્ત ધરી હો લાલ૦ ॥૯॥ વિદ્યા આકાશ ગામિની રે, પાઠ સિદ્ધ તસ દીધ રે, ચ.; ભૂષણ દેઇ વિનયે ગ્રહી હો લાલ, જોગણ ગગને ઉત્પતી રે, એકમતો નિશિ કીધ રે....ચ. કાષ્ઠે ચડી ચઉ [3]ખે વહી હો લાલ૦ ॥૧૦॥ દિનખેદે નિશિ શ્રમ ભ રે, નિદ્રાભર પતિ જાણ રે, ચ.; રયણ દ્વિપ જઇ ખેલતી હો લાલ, શેષ નિશા ઘર આવીને રે, સૂતી નિજ નિજ ઠાણ રે....ચ. એણીપેરે દિન કેતા ગયા હો લાલ૦ ॥૧૧॥ કાષ્ટઠાણ ભ્રંશ દેખીને રે, જે ઘરનો મુખ્ય દાસ રે, ચ૦; જાગતો રાત્રિ વિલોકતો હો લાલ, કાષ્ટકોટરે એક દિન રહે રે, વહુ સાથે આકાશ રે....ચ. સોવન દ્વિપે જઈ ઠવે હો લાલ. ॥૧૨॥ ચારજણી રમવા ગઇ રે, નવ નવ ખેલ તે કીધ, ચ.; દાસ વિસ્મય લહી નિકળ્યો હો લાલ, તેણે પાછા વળતા થકા રે, દોય સોવન ઇંટ લીધ રે....ચ. ઘર આવી સૂતો સુખે હો લાલ૦ ॥૧૩॥ નિર્ધન ધન થોડે મળ્યે રે, માને જગત [3]તૃણભૂત રે, ચ. તેણે તે ગર્વરસે ભર્યો હો લાલ, કામવશે પ્રેર્યો થકો રે, બોલે થઇ ઉન્મત્ત રે ચ.; શેઠની આણા નવિ ધરે હો લાલ૦ ॥૧૪॥ શેઠ ઇશ્યું મન ચિંતવે રે દાસની પાસે વિત્ત રે, ચ.; દ્રવ્ય છાક મદિરા જિશ્યો હો લાલ,

૧ સસરો બારણે હોવા છતાં, ૨ આકાશે. ૩ તૃણ સમાન,

ઉત્તર ન દીયે પાંસરો રે, ફરતો ફરે ચળ ચિત્ત રે.... ચ. મીઠે વયણે તસ વશ કરૂં હો લાલ૦ ॥૧૫॥ અવસર પામી પૂછતો રે, વત્સ! સુણો એક વાત રે, ચ.; જાય ન કેમ પશુ ચારવા હો લાલ, તે કહે હું પણ તુમ સમો રે, થોડે દિન 'વિખ્યાત' રે....ચ. ચારે પશુ ગોવાળીઆ હો લાલ૦ ॥૧૬॥ ચાર શેર સોવન છે રે, નહિં કોઇની ઓશીયાળ રે, ચ.; ધનવંત થયો એક રાતમાં હો લાલ, સેવ મીઠાઈ જમાડીને રે, પૂછંતા તત્કાળ રે....ચ. વાત સકળ માંડી કહી હો લાલ૦ ॥૧૭॥ શેઠ અતિલોભે કરી રે, ચિંતે જવું એકવાર રે, ચ.; વહુનાં ચરિત્ર વિલોકશું હો લાલ. કાષ્ઠકોટર પેસી ગયો રે, તેહજ રયણી મઝાર રે....ચ. રયણદ્વીપ ચઢી ખેલતી હો લાલ૦ ॥૧૮॥ શેઠ નિકળી [1]વસુધા ખણે રે, રત્ન જડીયાં એકવીશ રે, ચ.; વહુશું લેઇ ઘર આવીયો હો લાલ. એક દિન સોવનદ્વીપમાં રે, કાષ્ઠાંતર [2]ઉપવાસ્ય રે, ચ. વહુતો ચિંહુ રમવા ગઈ હો લાલ. ॥૧૯.॥ પાછળ નીકળી જોયતાં રે, સોવનમાટી દીઠ રે ચ.; સરજલશું ઇંટો કરી હો લાલ, કાષ્ઠ કોટર ભરી તે સહુ રે, શેઠ પ્રદેશ પઇઠ રે....ચ. કષ્ટે કરી વળગી રહ્યો હો લાલ૦ ॥૨૦॥ વન ફરી જલ ક્રીડા કરી રે, પાછી આવી ચાર રે ચ.; કાષ્ઠે ચઢી ગગને ચલી હો લાલ, જલધિ વચાળે આવતાં રે, થયો અતિઘણો ભાર રે, ચ. વેગે કાષ્ઠ વહે નહી હો લાલ૦ ॥૨૧॥ ધનશ્રી કહે વહુરો સુણો રે, કાષ્ઠ ન ચલે એક ધાર રે ચ.;

૧ પૃથ્વી, ૨ બેસીને.

ચિંતી લઘુ ત્રણુ એમ ભણે હો લાલ. બહુકાળનું જીરણુ થયું રે, નાખો સમુદ્ર મઝાર રે ચ. એક દિન સુષિર પવન ભરી હો લાલ૦ ॥૨૨॥ વળગી અંગુળી વ્યોમે ચલો રે, આપણું નગર ન દૂર રે, ચ.; કાષ્ઠ નવું વળી લાવશું હો. ચારે એકમતો કર્યો રે, સાંભળી શેઠ હજૂર રે ચ.; ચિંતે વિણુ ખુટયે મુઆ હો લાલ૦ ॥૨૩॥ વહાલી ચઉ વહૂરો સુણો રે, શેઠ કહે તજી લાજ રે ચ.; કાષ્ઠ સમુદ્રે ન નાંખશો હો લાલ. તુમ આભૂષણુ કારણે રે, હું આવ્યો છું આજ રે, ચ. બહુ કનકે કોટર ભર્યું હો લાલ૦ ॥૨૪॥ ચારે વિમાસે ચિત્તમાં રે, દીઠો આપણો ખેલ રે ચ.; છેડયો સાપ ન છોડીએ હો લાલ, કેશ સમારણુ મસ્તકે રે, નાપે ટીપું તેલ રે....ચ. નવીન ભૂષણુ આશા ફીશી હો લાલ૦ ॥૨૫॥ રોવું કૂટવું નવિ પડે રે, ખારે જળે ખસ જાય રે, ચ.; ચિંતી જલધિ તજી ગઈ ઘરે હો લાલ, શૃંગદત્ત અતિ લોભથી રે, મરણુ સમુદ્રે થાય રે, ચ. તિમ પરિવ્રાજકની ગતિ હો લાલ૦ ॥૨૬॥ દેવવચન સુણીને બિહુ રે, પહોતા સાધક પાસ રે ચ.; તાપસને સુર એમ કહે હો લાલ, ચંદ્રશેખર સુપસાયથી રે, ઔષધિ લિયો સુવિલાસ રે....ચ. ફળશે ગુરૂભક્તિ જીસી હો લાલ૦ ॥૨૭॥ અવસરે મુજને સંભારજો રે, કુંવરને કહી ક્ષેત્રપાલ રે, ચ.; ચાર ઔષધિ આપી ગયો હો લાલ; ચોથે ખંડે પાંચમી રે, બોલી ઢાળ રસાળ રે, ચ. શ્રી શુભ વીર વિનોદથી હો લાલ૦ ॥૨૮॥

—૦—

॥ દુહા ॥

ઓષધિ આપી ગુરૂપદ, અક્ષરે કુંવરને જેહ;
તાસ પ્રભાવ સુણો હવે, ભાખું વિવરી તેહ. ॥૧॥
જંગમ સ્થાવર વિષ હરે, જાય જન્મના રોગ;
ઓષધિ નામ વિરોચની, પામે વાંછિત ભોગ ॥૨॥
ચક્ષુ જનમની જસ ગઈ, દિવ્ય નયન હોય તાસ;
રસ ભરી પારો બાંધતાં, બીજી બૂટી પ્રકાશ ॥૩॥
જીવ અજીવને શિર ધરે, વાંછિત બોલ દીયંત;
સજીવા બૂટી અજીવને, વન તરૂ ફળ વિકસંત ॥૪॥
[1]તુરીય પશુ તિર્યંચને, સુંઘે મણુષ્ય કરંત;
પુનરપિ મણુઅને સુંઘતાં, તિર્યંચરૂપ ધરંત ॥૫॥
ચારે ઓષધિ લેઈને, ઉતરીયા ગિરિહેઠ;
ભૂતળ ચલતાં પામીયા, ભૂતાટવી વન ઠેઠ ॥૬॥

## ॥ ઢાળ ૬ ઠી ॥

મદનમંજરી મુખ મોહી રહ્યો રે...એ દેશી.

ત્યાં તરૂશાખા અવલંબીને, એક બાંધી હીંચોલા ખાટ; હીંચતી દીઠી અપછરા, નૃપ ચિંતે કિશ્યો એ ઘાટ ? ॥૧॥ મોહીની મુખસેં મોહી રહ્યો. ॥ અનુપમ કુંવરી અમરીસમી, ચંદ્રવદની નયન વિશાળ; ચંપક કુસુમ તનુ વર્ણ છે, વળી અધર અરૂણ પ્રવાલ.... મો૦ ॥૨॥ ગજ કુંભ અંકુશ કુંડળ ધજા, મેરૂ છત્ર કમળ ચક્ર જોય; દશમો તુરંગ જસ કરતળે, તે સ્ત્રી નૃપરાણી હોય....મો૦ ॥૩॥ દોય લક્ષણ હુવે કરપદ તળે, થયો નિર્ધન ઘર અવતાર; પણ પટ્ટરાણી નૃપ

૧. ઘોડા.

ઘરે, હોય તોરણ ગઢ આકાર....મો૦ ॥૪॥ મોર છત્ર રેખા હોય હાથમાં, સુર પુત્ર પ્રથમ જણે નાર; મૃગ મીન નયનોદર તણું, મૃદુ ધનવંત હુવે અવતાર.... મો૦ ॥૫॥ શિર રોમ સુંહાળા પાતળા, નાભિ દક્ષિણ વલયે જાસ; મુખ ગોળ લાંબી કરાંગુળી, રૂપવંત પતિ ચિરવાસ....મો૦ ॥૬॥ હસતાં નીલવટ સાથીયો, પતિઘર ગજ ઘોડા શાલ; મસ તિલક બહુ ડાબે ગળે, સુત પ્રથમ જણે સા બાળ....મો૦ ॥૭॥ ઉરૂ કેળ [૧]અરોમ પગ હાથ છે, સ્વેદ રોમ ને નિદ્ર આહાર; અલ્પ અને કટિ પાતળી, ભાલ છે અર્ધચંદ્રાકાર.... મો૦ ॥૮॥ ઉર ઉંચું પશ્ચિમ ભાગ પુષ્ટતા, પ્રિયા લક્ષ્મી ભરે ઘરબાર; અધમ લક્ષણ હવે બોલીએ, પ્રતિપક્ષે ગુણનો પ્યાર....મો૦ ॥૯॥ પ્રિયા સાથળ હો પયો-ધરે, રોમરાજી બહુળી હવંત; જસ મુખ પળીએ પંડુરૂં, વિધવા પણું શીઘ્ર લહંત....મો૦ ॥૧૦॥ પગજંઘા જાડી જેહની, તે વિધવા અથવા દાસી; કે દુઃખિણી દારિદ્રણી, રામા–હૃદયે વિમાસ....મો૦ ॥૧૧॥ અત્ર ચોપાઈ" "જેહને પૂંઠે હોય આવર્ત્ત, તે મારે ભરતાર મહંત; નાભિતણા આવર્ત્ત વિચાર, મારે દેવસમો ભરતાર. (૧) કટિ આવર્ત્ત હુવે જેહને, તે છંદે ચાલે આપણે; લંબ લલાટ ઉદર ભગ જાસ, સસરો દિયર કંત વિનાશ. (૨) લંબ હોઠ જીભ કાળો છરો, પીળી આંખ સાદ ઘોઘરો; અતિ ગોરી અતિ કાળી નાર; નિશ્ચે વર્જવી તે ઘરબાર. (૩) હસતાં ગાલે ખાડા પડે, રામા રંગે પરનર ચડે; ચાલંતા

૧ રૂંવાટીવિનાના.

ભૂકંપ અપાર, કામણ ઉચ્ચરણ કરનાર. (૪) પાયતણી વચલી આંગુળી, ટૂંકી ભૂસાથે નવિ મળી; તે દુર્ભાગણી જાણો સહી, અસતી નારી શિરોમણિ કહી. (૫) અનામિકા પગની અંગુળી, જાય કનિષ્ઠા પાસે મળી; તે ટૂંકી ને ઉન્નત રહે, કંત હણીને અનેરો લહે. (૬) અંગૂઠાની પાસે અડી, કે ટૂંકી કે ઉંચી ચડી; તે અંગુલિનો એહ વિચાર, નારી નવિ માને ભરતાર. (૭) કહી કનિષ્ઠા ચીટાંગુલિ, ઉન્નત ભૂમિ ન ફરસે વળી; જારની સાથે રમતી તેહ, મનમાં નવી આણો સંદેહ. (૮) અતિ ઉંચી ને નીચી વળી, અતિ જાડી ને અતિ પાતળી; અતિ રોગી અતિ વક્રા નાર, તે નારી તજિએ ઘરબાર. (૯) વાયસ જંઘા નારી મ રાખ, ઘોઘર સ્વર ને પીળી આંખ; દારિદ્ર ઘર લાવે ઉત્સાહ, પતિ મારે દશ માસજ માંહ. ॥૧૦॥ અંગ અઘોર નાક વાંકડું, જાણે રોમરાયનું થડું; ઉભી રાખી જિસી ત્રાજુવી, એ વનિતા ઘર વેરણ હુઈ. (૧૧) પીળું વદન દેહ ભૂતડું, છપ્પર પગ ને મુખ સાંકડું; રાયતણે ઘરજાઇ હોય, પણ દાસીપણું પામે સોય. (૧૨) લાંબે દાંતે લાડી મળી, કાકસ્વર ઉછાંછળી; હાથ પગે ઠુંઠી પાંગળી, મૂછાળી રાંડે વહેલી. (૧૩) થોયરપાય ને થોબડી, બાંગડબોલી ને બોબડી; બાડી કાણી ને અધર મોકળી, બેઠે નાક મ પરણો વળી. (૧૪) હડહડ હસે ભૂંડણીશું ભસે, દુર્ગંધિ પરસેવો ઝસે; સુખ પામી જે દૂરે રહ્યા, નિર્ભાગી સ્ત્રી લક્ષણ કહ્યા. (૧૫)" ॥ પૂર્વઢાળ ॥

ઉત્તમ લક્ષણવંતી હીંચતી, ધર્યા વલકલ જોબન વેશ;

કુસુમદડે રમતી થકી, થઇ કુંવરને ચિત્ત પ્રવેશ.... મો૦ ॥૧૨॥ ચતુરાએ ચતુરચિત્ત ચોરીયું, ચોરની પેરે નાઠી તામ; કુંવર બોલાવણ આવતો, કુંવરીની પાસે જામ....મો૦ ॥૧૩॥ વનતરૂ ઘેરે અદૃશ્ય થઇ, તસ પગલે ચડ્યો કુમાર; તાપસણી ફળ ચુંટતી, કુંવરી સહ દીઠી ચાર....મો૦ ॥૧૪॥ પ્રણમી પૂછે આ બાળિકા, લઘુવય તપ સાધે કેમ ?; સા ભણે કુળ-પતિને જઈ, પૂછો અમ કહેવા નેમ....મો૦ ॥૧૫॥ તવ વૃક્ષ અનેક નિહાળતો, દીઠી તપસી વસતી ત્યાંહિ; પાંચસે તાપસ આશ્રમ્યા, તિંહા પહોત્યો ચિત્ત ઉત્સાહ....મો૦ ॥૧૬॥ બેઠો સુઅર એક ઢોલીએ, કરે સેવા તાપસવૃંદ; વિસ્મય પામી તિહાં ગયો, દેખી તાપસ લહે આનંદ....મો૦ ॥૧૭॥ આવો આવો કુંવર સુત રાજવી, તુમ દર્શને અમૃત નેત્ર; એમ કહી સંભ્રમે ઉઠીયા, તપસી આલિંગન દેત....મો૦ ॥૧૮॥ ધરી પ્રીતિ બેસાર્યા આસને, તવ પૂછે કુંવર ધરી પ્રેમ; થઇ તપસી [૧]ક્રોડસેવના, કરો શું તમને છે નેમ ?....મો૦ ॥૧૯॥ વળી સૂઅર તમને નવી હણે, કેમ પ્રતિબોધ્યો છે એહ; અથવા મંત્ર બળે કરી, વશ કરી રાખ્યો ધરી નેહ ?....મો૦ ॥૨૦॥ એ વાત સકળ અમને કહો, વળી આવતાં દીઠી એક; બાળકુંવારી તપાસી, કેમ પ્રગટયો તાસ વિવેક.... મો૦ ॥૨૧॥ તવ તપસી કહે એ વાતનો, છે મહોટો અતિ વિસ્તાર; ભોજન કરી સ્થિર થઇ સુણો, અમે કહેશું સકલ અધિકાર....મો૦ ॥૨૨॥ એમ કહી ગૌરવ

૧. સુઅરની સેવા

બહુધા કરી, જલસ્નાન કરાવે સાર; ભોજન મીઠાં ફળ વળી, કદલીફલ દ્રાખ રસાલ....મો૦ ॥૨૩॥ રણગો મહિષી પય પાચવી, પરમાન્ન તાપસણી દેત; જમતાં અવર પંખા કરે, દીયે જલ કુસુમે વાસિત.... મો૦ ॥૨૪॥ પછી બેસારી વર આસને, તપસી વીરસેન જુવાન; કહે પૂછી વાત સવે કહું, સુણજો મૂલ ચૂલ વિધાન....મો૦ ॥૨૫॥ ચંદ્રશેખરના રાસમાં, ખંડ ચોથો છઠ્ઠી ઢાળ; શ્રી શુભવીર કહે હજો, શ્રોતાઘર મંગલ-માળ....મો૦ ॥૨૬॥

॥ દુહા ॥

વીરસેન કહે કુંવરને, કર્મગતિ અસરાળ;
ચિંતિત ચિત્ત મનોરથા, કર્મ કરે વિસરાળ. ॥૧॥
એક વનમાં તરૂ ઉપરે, માળો કરી વિલસંત;
પંખી કપોત કપોતિકા, બાળક દો પ્રસવંત. ॥૨॥
કંતને કહેતી કપોતિકા, આવ્યો તુમ કુળ અંત;
વ્યાધ ચાપ શર સાંધી અધ, શકરો ઉર્ધ્વ ભમંત. ॥૩॥
આહેડી સાપે ડસ્યો, છૂટ્યું ધનુષથી બાણ;
લાગ્યું શકરાને તદા, બેહું પામ્યા નિર્વાણ. ॥૪॥
રવિ ઉદયે નિશિ નિર્ગમે, જલશું [1]કજ વિકસંત;
ભ્રમર મનોરથ કોશગત, ગજ કજ આહાર કરંત. ॥૫॥
તેમ અમ પ્રગટી વાત જગ, કહેતાં આવે લાજ;
પણ સજ્જન પૂછે થકે, કહેવું કરવા કાજ. ॥૬॥

## ॥ ઢાળ ૭મી ॥

સુંદર પાપસ્થાનક તજો સોલમું એ....દેશી

સુંદર. રાજપુરીનો રાજીયો, સૂર્યકાંત અભિધાન

---

૧. કમળ.

હો સુંદર; રૂપ ધીરજ બળ વૈભવે, શોભે શક્ર સમાન હો....સુંદર વાત વિવેકી સાંભળો. ાા૧ાા સું. ક્ષત્રી શિરોમણી એહને, વીરસેન પ્રધાન હો સું.; રાયને સ્નેહ અતિ ઘણો, જ્ઞાનીને જેમ જ્ઞાન હો....સું. વાત૦ ાા૨ાા સું. મંત્રી નૃપ આણા લહી, યાત્રા ગયા ગિરનાર હો સું.; તીર્થ સકળ પ્રણમી કરી, ખરચી દ્રવ્ય અપાર હો....સું૦ વાત૦ ાા૩ાા સું૦ વળતા વિજયપુરે ગયા, ઉતરીયા ઉદ્યાન હો સું; તસ પુર બળરાજા તણો, જયમતિ નામે પ્રધાન હો....સું. વાત૦ ાા૪ાા સું. મળણા કરી ઘેર તેડીયા, જમવા કારણ તેહ હો સું; વાત વિનોદે બેસતાં, બેહુને બન્યો અતિ નેહ હો....સું. વાત૦ ાા૫ાા સું. અતિ આગ્રહ કરી રાખીયા, પક્ષ લગે નિજધામ હો સું. નિજઘર કન્યા એક છે, રૂપાળી તસ નામ હો....સું. વાત૦ ાા૬ાા સું. યૌવન વય તનુ ઝગમગે, વરચિંતા દિન રાત હો સું.; વીરસેન દેખી કરી, ધારી મનમાં વાત હો.... સું. વાત૦ ાા૭ાા સું. પુત્રી દેઇ સગપણ કરૂં, વધશે પ્રીતિ અત્યંત હો સું; જયમતિ અવસર પ્રામીને, મંત્રીશ્વરને વદંત હો....સું. વાત૦ ાા૮ાા સું. અમ પુત્રી પરણો તમે, યાચના ન કરવી ભંગ હો સું.; એમ કહી તિલક વધાવતાં, લગ્ન લઇ મનરંગ હો....સું. વાત૦ ાા૯ાા ઉત્સવ કરી પરણાવતાં, ગજ રથ ધન બહુ તામ હો સું., કરમોચનવેળા દીએ; રાજા પણ પુર ગામ હો.... સું. વાત૦ ાા૧૦ાા સું. કેતા દિન તસ ઘર રહ્યા, રૂપાળીને ભરસ્નેહ હો સું.; મંત્રી કહે સસરા પ્રત્યે, જઇશું અમે હવે ગેહ હો....સું. વાત૦ ાા૧૧ાા સું.

જયમતિ મુહૂર્ત્ત લેઈને, કરત સજાઈ જામ હો સું.; રૂપાળી માંદી પડી, શૂલરોગે કરી તામ હો....સું. વાત૦ ॥૧૨॥ સું. માતપિતા ઔષધ કરે, તેમ તેમ પીડા વિશેષ હો સું.; જીવ અભવ્યને ગુણ નહિં, અરિહાને ઉપદેશ હો....સું. વાત૦ ॥૧૩॥ સું. કપટ સ્વાભાવિક નારીનું, ¹કોવિદે કળિયું ન જાય હો સું.; તારાગણ ગણતી કરે, નારીચરિત્રે મુંઝાય હો....સું. વાત૦ ॥૧૪॥ સું. વીરસેનને એમ કહે, દંભ ધરી મનમાંહિ હો....સું.; મુજ ભાગ્યે ઉત્તમ તમો, મળતાં વાધ્યો ઉત્સાહ હો....સું. વાત૦ ॥૧૫॥ સું. પણ માંદી પડી આ સમે, ઉપચાર ન લાગ્યો કાંહિ હો સું; સસરા સાસુને જઇ નમું, જો મુજ શાતા થાય હો....સું. વાત૦ ॥૧૬॥ સું. મન ઇચ્છા મનમાં રહી, એમ કહી રૂદન કરંત હો સું.; મંત્રી સાચું સદ્દહે, રૂપે મોહ્યો અત્યંત હો....સું. વાત૦ ॥૧૭॥ સું. ભોજન છંડી સુઇ રહે, ન શકે ઉઠી જામ હો સું.; જયમતિ કહે જામાતને, રહેશો કેતા દિન આમ હો? સું. વાત૦ ॥૧૮॥ સું. શાતા થએ અમે કહાવશું, તેડી જજો તેણી વાર હો સું.; વીરસેન સજી સૈન્યશું, કરતા પંથ વિહાર હો....સું. વાત૦ ॥૧૯॥ સું. દૂરે ગયા જવ જાણીયા, તવ થઇ સાજી તેહ હો સું.; નિજઘર ના ગોવાલશું, લાગ્યો પુરવ નેહ હો....સું. વાત૦ ॥૨૦॥ સું. કામ ક્રીડા રસરંગશું, રમતી તેહની સાથ હો સું.; ખટરસ ભોજન તસ દીયે, બોલાવે કહી નાથ હો....સું. વાત૦ ॥૨૧॥

૧. પંડિતથી.

સું. [1]ધાત મુંઝે સ્ત્રીચરિત્રમાં, અવર શું જાણે વાત હો ? સું.; હોય વિષય આસક્તિમાં, સુખ માને દિન રાત હો....સું. વાત૦ ॥૨૨॥ સું. તસ તાતે જમાતને, તેડાવ્યાં તેણિવાર હો સું.; રૂપે મોહ્યો આવીયો, વીરસેન પરિવાર હો....સું. વાત૦ ॥૨૩॥ સું. જયમતી આદર બહુ દીયે, સા પણ પ્રણમે પાય હો સું.; કહે સ્વામી શાતા થઈ, તે સહુ તુમ પસાય હો....સું. વાત૦ ॥૨૪॥ સું. પૂછે શ્યામમુખી થઈ, ચિંતે આવ્યો પિશાચ હો સું.; કનકસમો ગોવાળ છે, કંતને માને કાચ હો....સું. વાત૦ ॥૨૫॥ સું. બાહ્યથી નેહ દેખાવતી, કામક્રીડા રસરંગ હો; સું.; પતિરંજન બહુધા કરે, જિમ ન લહે કાંઈ [2]વ્યંગ હો....સું. વાત૦ ॥૨૬॥ સું. લીધું મુહૂર્ત્ત જાવા તણું, તવ થઈ ઘેલી તેહ હો સું.; મુશળ ધરી બહુલી ફરે, ભસ્મ લગાવે દેહ હો.... સું. વાત૦ ॥૨૭॥ સું. હાસ્ય કરે શિર ધૂણતી, નયણે બીહાવે લોક હો; સું.; ભાજન ભાંગતી ફોડતી, ધરતી ક્ષણમાં શોક હો....સું. વાત૦ ॥૨૮॥ સું. ગુરૂ લઘુને ગાળો દીએ, વસ્ત્રે ન ઢાંકે અંગ હો....સું.; વિણ હેતુ રોવે હસે, ગાય ગીત નૃત્યરંગ હો....સું. વાત૦ ॥૨૯॥ સું. ક્ષણમાં દક્ષ થઈ કહે, શું થયું મુજને એહ હો સું.; સ્નાન કરી ભોજન કરે, ક્ષણમેં ચાળાં તેહ હો....સું. વાત૦ ॥૩૦॥ સું. જનક ખેદ ભરી ચિંતવે, કામણ કે વલગાડ હો સું.; મંત્રી વિદ્યાધર તેડીયા, જોવે કરી ઓછાડ

૧. વિધાતા-બ્રહ્મા. ૨. શંકા.

હો....સું. વાત૦ ॥૩૧॥ સું. દોષ દેવી દેવ ભૂતડાં, શાકિની પ્રેત લગંત હો સું.; હોમ હવન કરતાં ઘણાં, જ્યોતિષી ગ્રહ ચારંત હો સું.; દિન કેતે મંત્રી ધરે, લાજ શ્વસુરકુળ વાસ હો....સું. વાત૦ ॥૩૪॥ સું. ચોથે ખંડે સાતમી, નારી ચરિત્રની ઢાળ હો; સું. શ્રી શુભવીર વચન સુણી, છંડો એ જંજાળ હો....સું. વાત૦ ॥૩૪॥

॥ દુહા ॥

પાર ન આવ્યો રોગનો, સાસરીએ રહેઠાણ;
રાયની આણા પાળવી, એક હાંસીને હાણ. ॥૧॥
વહૂ પીયર નર સાસરે, સંજમીયા સહવાસ;
એતા હોય અળખામણા, જો માંડે સ્થિરવાસ. ॥૨॥
રૂપવતીને મહાસતી, પ્રિયવચ રાગ ધરાય;
તસ મહાકષ્ટદશા પડી, દેખી મુજ ન શકાય. ॥૩॥
જઈશું પાછા નિજઘરે, મુખ દેખાડીશ કેમ?;
મિત્રાદિક હાંસી કરે, આવ્યા એમના એમ. ॥૪॥
એકે દિશિ સૂજે નહિં, પણ જાવું નિર્ધાર;
દૈવ નચાવે તિણીપરે, નાચવું આ સંસાર. ॥૫॥
સસરાને કહે જાઈશું, જબ ખરી શાતા થાય;
તવ કાળાંતરે આવશું, એમ કહી પંથ પલાય. ॥૬॥
દિન કેતે નિજપુર જઈ, રૂપે મોહ્યો તેહ;
કુળદેવાદિક માનતા, પૂજા કરે સતી નેહ. ॥૭॥
શાકુનિક જોશી લોકને, પૂછી કરાવે જાપ;
મુખ માગ્યું તસ ધન દીએ, દૃષ્ટિરાગનો વ્યાપ. ॥૮॥

પગ પગ પૂછંતો ફરે, કામગ્રહે પીડલ;
કુકડવેલને નર [1]ગ્રહિલ, માને મોહનવેલ. ॥૯॥
મિત્ર રવિદત્ત વણિકને, પૂછે નારી વિચાર;
તે ભણે પરનર લંપટી, નારી ઉપર શો પ્યાર ?. ॥૧૦॥
તુમ દેખત માંદી પડે, વળતાં હોવે સજ્જ;
રક્ત થઈ રહેશો નહિં, એ નારી નિર્લજ્જ. ॥૧૧॥
નારી ભમાડયા જે ભમ્યા, તે દુઃખીયા સંસાર;
સ્ત્રી ચરિત્ર કરે ઘણા, લેશ સુણો અધિકાર. ॥૧૨॥

## ॥ ઢાળ ૮ મી ॥

ગોવાળીયાં રમો મારગડો મેલીને....એ દેશી

સુણ સજ્જન શિખામણ કહું, અતિ સરલપણું નહિં સાર....રસીલા રમો રયણીરસ મેલીને. તરૂ સરલ સકલજન છેદતા, તો કેમ કરી માને નાર....ર૦ ॥૧॥ કવિ વાંચે કથા ઉંઘે સભા, તે સવિ વકતાનો વાંક...ર.; કેમ હોવે નારી પતિવ્રતા, જેહનો છે માટી રાંક....ર. ॥૨॥ ગુણ દેખી પરીક્ષા કાજીએ, શું કરી એ કુળ રૂપ જાત...ર.; સ્નેહાળી સસંભ્રમ દૃષ્ટિએ, વળી જોવી જન્મની રાત....ર૦ ॥૩॥ ઉન્માર્ગી યતિ દ્વિજ મૂરખો, બાળરાજા ને કપટી મિત્ર....ર.; નારી ભરયૌવન અન્યરતિ, નરને નવિ ધરવા ચિત્ત....ર૦ ॥૪॥ એક તિલકપુરે વાડવ વસે, નારાયણ નામે સાર..ર.; તસ કુલટા કોટિ કપટ ભરી, છે પદ્મા નામે નાર....ર૦ ॥૫॥

यदुक्तं अश्वप्लुतं माधवगर्जितं च, स्त्रीणां चरित्रं भवितव्यतां च;
अवर्षणं चापि हि वर्षणं च, देवो न जानाति कुतो मनुष्यः ॥१॥
एतान् वारिकणान् किरंति पुरुषान् वर्षति नाम्भोधराः, शैलाः

[1] ગાંડો માણસ

शाड्वलमुद्गमंति न सृजंतस्ते नरान् नायकान्; त्रैलोक्ये तरवः फलानि कुरुते नैवारभ ते जनान्, घातः किं तव चालयामि कुलटा हेतोस्त्वया किं कृतम्? ॥२॥

॥ પૂર્વ ઢાળ ॥

એક દિન પરદેશે દ્વિજ ચાલ્યો, રહી નારી ઘર નિઃશંક..ર.; એક નરશું રંગરસે રમતી, ગમતી નિશિ શયન પલ્યંક....૨૦ ॥૬॥ તસ પાડોશણુ લાલી નામે, નિત્ય શિખામણુ દીએ તાસ..ર.; તું અબળા ખેલે ખ્યાલ ઘણા, કોઈ દિન તુજ હોય વિનાશ....૨૦ ॥૭॥ પણુ શીખ ન માને કોઈતણી, જે વ્યસની થયાં નરનાર...ર.; [1]ઓતુ પયપાનથી ઓસરે, શિર લાગે ડંડપ્રહાર....૨૦ ॥૮॥ દોય વરસે પતિ ઘર આવીયો, સ્નાન ભોજન ભક્તિ વિધાય..ર.; કટિ બાળ નિશિવેળા ચલી, નામ પિયર સુરાલય જાય....૨૦ ॥૯॥ પૂર્વસંકેતિક જાર તિહાં, મળીયાં આવી એકાંત..ર.; સુત ભૂમિ ઠવી તેહની સાથે, રંગભોગ વિલાસ કરંત....૨૦ ॥૧૦॥ સા કામાંધી પાછા વળતાં, રમે બાળક પડિમા સાથ.... ર.; તજી પુત્રને પડિમા કર ગ્રહી, ઘર આવી જુવે નિજ હાથ....૨૦ ॥૧૧॥ તવ પૂછે પતિ પ્રતિમા કિસી, સા બોલી વિચારી એમ..ર.; તમો દેશાવર જબ ચાલીયા, તવ મેં કરી માનતા પ્રેમ....૨૦ ॥૧૨॥ સુરદેવ યક્ષને એમ કહ્યું, આવશે જ્યારે પ્રાણનાથ... ર.; સુરતીમેળો કરશું ત્યારે, પૂજા કરશું પતિસાથ.... ૨૦ ॥૧૩॥ પણુ અસુર થયું તમે શ્રમભર્યા, તેણે મેં જઈ પૂજા કીધ..ર.; પૂજા રે ઘરાણે સુત લહ્યો, તુમ

૧ બિલાડો

પૂજન પડિમા દીધ....૨૦ ॥૧૪॥ તુમે પડિમાની પૂજા કરો, પછી જઈ સુત લાવું ગેહ..૨.; પાછી પડિમા તસ આપીએ, કરી વિવિધે પૂજા તેહ....૨૦ ॥૧૫॥ ઠાવી પડિમા પુત્રને લાવતી, જુઓ નારી-ચરિત્ર અથાહ..૨.; દ્વિજ જાણે રાગી મહાસતી, મુજ ઉપર શી છે ચાહ?....૨૦ ॥૧૬॥ વંઠેલીશું સુખ માનતો, એક દિન ગયો વનફળ કાજ..૨.; તિહાં સ્થંભ પડ્યો એક કાષ્ઠનો, દીઠો લીધો શિર સાજ....૨૦ ॥૧૭॥ વળી 'ચુઅફળ લેઇ ઘર આવીયો, રમે ઘરમાં જારશું નાર..૨.; બોલાવી આવી તતક્ષણે, ઘર મધ્ય છુપાવી જાર....૨. ॥૧૮॥ દ્વિજ બેઠો ઘરને બારણે, ચિંતાતુર ગઈ સખી પાસ..૨.; લાલીની શિક્ષા શિર-ધરી, થઇ ઘેલી રચિયો પાસ....૨૦ ॥૧૯॥ મસ્તક ઉઘાડે નાચતી, વળી હસતી દેતી ગાળ..૨.; જેમ તેમ મુખથી લવરી કરે, ફરે ગાથા કહે દેઈ તાળ....૨૦ ॥૨૦॥ કાંઈ લાલી કહેતી બાપડી, તું અવળા ખ્યાલ મ ખેલ..;૨.; અલ્યા જ્યાંથી લાવ્યો લાકડું, તિહાંનું તિહાં જઇ મેલ....૨૦ ॥૨૧॥ દ્વિજ ચિંતાતુર વિસ્મય થયો, લક્કડભૂત વળગ્યું હરામ..૨.; લોક વચણે કાષ્ઠ ઉપાડીને, ગયો મૂકવા તે વન ઠામ....૨૦ ॥૨૨॥ ઘરમાંથી જાર નસાડીયો, ભટજી આવ્યા નિજગેહ....૨.; દિન બીજે ચામુંડા ચૈત્યે, સા પૂજી કુસુમે તેહ....૨૦ ॥૨૩॥ કર જોડીને એમ માગતી, મુજ કંતને કરજો અંધ...૨., નિત્ય નિત્ય પૂજે જઇ એમ કહે, દ્વિજ ચિંતે શ્યો પ્રતિબંધ....૨. ॥૨૪॥

ચામુંડાપૂંઠે જઇ રહ્યો, દ્વિજ ગુપ્તપણે દેખંત...ર.; સા આવી કુસુમે પૂજતી, તવ સ્વરભેદે સો વદંત.... ર. ॥૨૫॥ કહે પદ્મા તું નિત્ય મુજ ભક્તિ કરે, હું તૂઠી તું વર માગ...ર.; ભણે સા મુજ પતિ અંધ કરો, મુજ જારનો ફાવે લાગ....ર૦ ॥૨૬॥ કહે દેવી પુત્રી સાંભળો, પતિને દેજો ઘૃત શુદ્ધ...ર. જિમ જિમ ઘૃત ખાવે બહુ, બહુ, તેમ તેમ થાશે તે અંધ...ર૦ ॥૨૭॥ સુણી ઘર જઈ નિત્ય બહુ ઘૃત દિએ, ભોજનમાંહિ ધરી પ્રેમ...ર.; તેમ દિન પ્રત્યે દ્વિજ કહે નારીને, નયને નવિ સૂઝે કેમ ?...ર૦ ॥૨૮॥ ધરી હર્ષ ચામુંડા નિત્ય પૂજે, દ્વિજ પણ ઘૃતથી બળ સાર...ર.; એક દિન કહે અંધ થયા અમે, નવિ દેખાયે ઘરબાર...ર૦ ॥૨૯॥ સા જારશું રમે નિત્ય રંગશું, નિશિદિન આવે ને જાય...ર.; નિદ્રાભર નિશિ બીહુ એકદા, દ્વિજ ડંડ લઇને ધાય...ર૦ ॥૩૦॥ ડંડે ડંડે કરીને હણ્યો, શબ નાખ્યું ગોખથી હેઠ...ર.; ભણે નારીને એમ કરશો ફરી, તુમને પણ કરશું ઠેઠ...ર૦ ॥૩૧॥ એક દિવસે ભિક્ષાકારણે, આવ્યો યોગીશ્વર એક...ર.; સા ભીક્ષા દેતાં મોહી રહી, દેખી રૂપે અતિરેક...ર૦ ॥૩૨॥ જોગી જાતાં સા સાતમે, માળે ચઢી જોવે તાસ...ર.; પુરબાહેર ટેકરી ઉપરે, દીઠો જોગી રહેવાસ...ર૦ ॥૩૩॥ નિશિ કંતને નિદ્રાવશ કરી, ગઇ રાત્રે સા તસ પાસ...ર.; પ્રાર્થના કરતાં યોગી ભણે, આવી પણ જાઓ નિરાશ...ર. ॥૩૪॥ સા કહે શા માટે એમ વદો, ભણે જોગી તું પરનાર...ર.; અમે પર-નારીથી વેગળા, વસી તપ કરીએ સંસાર...ર૦ ॥૩૫॥

સા પાછી ઘર આવી કરી, તરવારે કંત હણંત...ર.; યોગી પાસે જઇ એમ વદે, હું પરસ્ત્રી નહિં તમે કંત...ર૦ ॥૩૬॥ ભણે યોગી કેણી રીતે કહો, મેં માર્યો વદે ભરતાર...ર.; સો ભણે તુજ મુખ જોવું નહિં, જગમાં તું પાપિણી નાર....ર૦ ॥૩૭॥ વીલખી પાછી ઘર આવીને, કરે રોતી સોર બકોર...ર.; બહુ લોક મળ્યાં તબ બોલતી, પીયુ મારી નાઠો ચોર...ર. ॥૩૮॥ પરભાતે સતી થઈ નિકળી, સુતને ઠવી પીયરવાસ...ર.; ચયમાં પતિશું ભેગી બળી, જુઓ નારીચરીત્ર નરપાસ...ર૦ ॥૩૯॥ ચોથે ખંડે કહી આઠમી, એ ઢાળનો લહી આસ્વાદ...ર.; શુભવીર વિવેકી પ્રાણીયા, ધરજો કુળવટ મર્યાદ.... ર૦ ॥૪૦॥

॥ દુહા ॥

મિત્રવચન હિતશીખનાં, ન રૂચ્યાં ચિત્તમઝાર;
દષ્ટિરાગવશ પ્રાણીયા, માને નહીં સંસાર. ॥૧॥
વિજયપુરે રૂપાળીનો, કહું સુણજો અધિકાર;
વીરસેન ગયા પછી, આપે થઈ હુંશીયાર. ॥૨॥
માતપિતા હર્ષિત હુઆ, પણ પડખે બહુ કાળ;
જબ દઢ નિરૂજા થાયશે, તેડાવશું તત્કાળ. ॥૩॥
ઈણ અવસર એક યોગણી, આવી ભિક્ષાહેત;
રૂપાળી અતિ ભક્તિશું, સુંદર ભોજન દેત. ॥૪॥
એમ નિત્ય નિત્ય ઘર તેડતી, રીઝવીને પૂછંત;
માય પસાય કરી દીયો, જિમ હુવે દુશ્મન અંત. ॥૫॥
સુણી જોગણ રાગે કરી, સોહનું વળીયું કીધ;
અર્કમઘા યોગે ઘડી, મંત્રીને તસ દીધ. ॥૬॥

એ વલયું નરનારીને, કંઠ ધર્યે કપિ હોય;
રૂપાળી લેઈ હરખશું, ગુપ્ત પણે ઠવે સોય. ॥૭॥
દિન કેતે જયમતી હવે, તેડાવે જામાત;
આવ્યા આદર બહુ દીએ, સહુને હર્ષ ન માત. ॥૮॥

## ॥ ઢાળ ૯ મી ॥

કર્મ ન છૂટે રે પ્રાણીયા....એ રાગ

રૂપાળીશું રે મોહિયો, વીરસેન પ્રધાન; પીત્તળ સોવનસમ ગણી, કાચ તે હીરા સમાન....ધિક્ ધિક્ વિષયી રે જીવને, રાગ રમાડવો નાગ; નારી નાગણે જે ડસ્યા, ગારૂડી મંત્ર ન લાગ....ધિક્૦ ॥૧॥ કામ ક્રીડા સમે કંતને, રીઝવતી ભણે એમ; વહાલીને કરી વેગળી, દિવસ ગયા બહુ કેમ?....ધિક્૦ ॥૨॥ સ્વામિ વિયોગ અગ્નિ બળ્યો, અંતર દુઃખ ભરપૂર; વિરહ વ્યથાએ રે દુર્બળી, અન્ન ઉદક થયા દૂર....ધિક્૦ ॥૩॥ તુમ સરખો પતિ પામીને, મુજ મન મોહ ભરાય; લોક ભણે એ ઘેહલી થઈ, ક્ષણ લાખેણી આ જાય....ધિક્૦ ॥૪॥ મંત્રી સાચું તે સદ્દહે, વસીયો વશ થઈ તાસ; ચાલો ઘર કહે અન્યદા, જોઈ મુહૂર્ત્ત ખાસ....ધિક્૦ ॥૫॥ પણ પ્રીતમ એક સાંભળો, અમ ઘર દક્ષ ગોપાળ; માગી લેજો છે કામનો, સવિ કામે ઉજમાળ....ધિક્૦ ॥૬॥ પંથે માર્ગે છે ભોમીયો, શીઘ્ર પમાડશે ગામ; ભક્તિવંત સાહેબ તણો, ગોવિંદ એનું છે નામ....ધિક્૦॥૭॥ નીકળતાં મુજ તાતની, પાસે માગજો એહ; લેઇ સાથે તે ચાલશું, માન્યું મંત્રીએ તેહ....ધિક્૦ ॥૮॥ મુહૂર્ત્ત શિરે સસરાદિકે,

કીધો બહુ સત્કાર; વસ્ત્રાભૂષણ હય ગજે, દાસ દાસી પરિવાર....ધિક્૦ ॥૯॥ તિણવેળા કહે મંત્રવી, અનુચર અમ દીયો એક; ગોવિંદ ગોવાળ તુમ તણો, અમ કામે સુવિવેક....ધિક્૦ ॥૧૦॥ સાંભળી તેડીને કહે, જારે જમાઈની સાથ; નિશિદિન સેવા મ ભૂલજે, આજથી એ તુજ નાથ.....ધિક્૦ ॥૧૧॥ નિસુણી તે પણ હરખીયો, કહે તુમ વચન પ્રમાણ; વૈદે મનગમતું કહ્યું, કરતો સાથે પ્રયાણ....ધિક્૦ ॥૧૨॥ રૂપાળીને રે ચાલતાં, વસ્ત્રાદિક અલંકાર; આપી માત પિતા દીએ, હેત શીખામણ સાર....ધિક્૦ ॥૧૩॥ પતિવ્રતા વ્રત પાળજો, ભર્તા દેવ સમાન; સાસુ સસરાની સેવના, નણંદ દીયર બહુમાન....ધિક્૦ ॥૧૪॥ જમજો જમાડીને સર્વને, શોકય [૧]સહોદરી જાણ; એમ અમ કુળ અજવાળજો, સ્ત્રીને લજ્જા મંડાણ....ધિક્૦ ॥૧૫॥ પુત્રી [૨]સ્વૈરણી જાણતાં, પણ શિક્ષા હિત આણ; વરસે ઘન અતિ જળ ભર્યો, ન જુએ ઠાણ કુઠાણ....ધિક્૦ ॥૧૬॥ જોડી હાથ રૂપાળીકા, શીખ ધરે નમી માત; વંચે જગતને જે વશા, તેહને કુણ માત તાત?....ધિક્૦ ॥૧૭॥ મિલણાં લેતાં તે ચાલતાં, પંથશિરે હુંશીયાર; વોળાવીને પાછા વળ્યા, સસરાદિક પરિવાર....ધિક્૦ ॥૧૮॥ બહુ અસવારે રે પરવર્યો, મંત્રી સાથ સામંત; રૂપાળી રથ બેસતી, વેગે ગોપ હાકંત....ધિક્૦ ॥૧૯॥ ત્રીજે દિન નિશિ ઉતર્યા, શ્રૃંખલ પૂર્ણક ગામ; વનતરૂ સુંદર જોઇને, સૈન્યે કિયો વિશ્રામ....ધિક્૦ ॥૨૦॥ ચંદ્રકિરણ રજની જગે, ફરતાં [૩]જંપતી જામ; તરૂતળ

૧. બ્હેન, ૨. વ્યભિચારિણી. ૩. દંપતી

જાતાં પન્નગ ડસ્યો, નારી પડી તે ઠામ....ધિક્૦ ॥૨૧॥ હાહાકાર મંત્રી ભણે, સુભટ સવે તિહાં આય; રાગે મંત્રી મૂર્ચ્છા લહે, શીતળ જળે સજ્જ થાય....ધિક્૦ ॥૨૨॥ બોલે મંત્રી રે હા પ્રિયે!, મેલી મુજ રણમાંહિ; પ્રાણ આધારી! તું કયાં ગઇ, મરવું નિશ્ચય આંહિ....ધિક્૦ ॥૨૩॥ રોતાં સુભટ સકળ તિહાં, કેઇ કરતા ઉપચાર; મંત્ર મણી જડી ઔષધે, ન પડ્યો ફેર લગાર....ધિક્૦ ॥૨૪॥ ચય ખડકી લઇ નારીને, મંત્રી બળવાને ધાય; એણેસમે વનમાં સાધુ રહ્યા, કરતા સૂત્ર સજ્ઝા....ધિક્૦ ॥૨૫॥ સોર સુણી સાધુ આવીયા, બોલે મ કરો રે દાહ; ગરૂલોવવાઇ સૂત્રજ ભણે, આવ્યો ગરૂડ ઉત્સાહ....ધિક્૦ ॥૨૬॥ દેવે નાગ બોલાવીયો, ચૂસી લીયું વિષ તાસ; સજ્જ થઈ સહુ ચિત્તશું, મંત્રી પામ્યો ઉલ્લાસ....ધિક્૦ ॥૨૭॥ મુનિચરણે નમી દંપતી, રાત વસ્યા વનમાંહી; રવિઉદયે સહુ ચાલીયા, નારી ગળે ધરી બાંહી....ધિક્૦ ॥૨૮॥ અર્ધમારગ આવીયા, દીઠાં નિર્મળ નીર; નદીજળ વહેતાં પ્રવાહથી, તરૂગહ્વર સુસમીર....ધિક્૦ ॥૨૯॥ ભોજનવેળારે દેખીને, સૈન્યે ડેરા તે દીધ; ભોજનસામગ્રી સહુ કરે, દંપતી ભોજન કીધ....ધિક્૦ ॥૩૦॥ રૂપાળી કહે કંતને, ચાલો નદતરૂવૃંદ; ક્રીડાકારણ એકલા, કરશું મેળા આનંદ....ધિક્૦ ॥૩૧॥ સુણી મંત્રી રથ જોડીને, સારથી સાથે ગોવાળ; બીજા ભટ નઈતટ રહ્યા, લજ્જા ભય લહી તાળ....ધિક્૦ ॥૩૨॥ દંપતી નઇજળ ખેલતાં, રથ ગોવિંદને હાથ; જળ

ખેલી વનકંદરે, પેઠા કોઈ ન સાથ....ધિક્‌૦ ॥૩૩॥ રથ ચૌદિશિ ગોપ ફેરવે, દંપતી ખેલે એકાંત; એક પ્રહર જબ વહી ગયો, ચિંતા સુભટ કરંત....ધિક્‌૦ ॥૩૪॥ હજીયલગે નવિ નીકળ્યા, આ અટવી ભયકાર; રમતા મુગ્ધરસે ભર્યા, ખમીયે કેતીવાર....ધિક્‌૦ ॥૩૫॥ શંકિત ચિત્ત સુભટ થઇ, ગોપને કરત પોકાર; તિહુ જણમાંહે એકે જણે, ઉત્તર નાપ્યો લગાર....ધિક્‌૦ ॥૩૬॥ સુભટ સવે વન પેસીને, પાદપ નઇજળ જોય; દંપતી હય રથ સારથિ, દીઠાં સુભટે ન કોય....ધિક્‌૦ ॥૩૭॥ મંત્રીખડ્ગ પડ્યું ભૂતળે, લીધું શંકિત ચિત્ત; ગોપ ગવેષ્યો ન દેખીયો, જાણ્યું નબળું ચરિત્ત....ધિક્‌૦ ॥૩૮॥ કરત વિકલ્પ સુભટ મળી, જોતાં પગલાં તે માંહિ; પંખી પગજ્યું ન પેખીયા, શોચત નિશિ રહ્યા ત્યાંહિ....ધિક્‌૦ ॥૩૯॥ [1]ત્રિયામા શતયામ જ્યું, વીતી પ્રગટ્યો [2]વિભાત; સૈન્ય શોકાતુર ચાલતાં, રાજપુરે સહુ જાત....ધિક્‌૦ ॥૪૦॥ વાત બની કહી ભૂપને, કરતા બહુ નૃપ ખેદ; ઠામ ઠામ ભટ મોકલ્યા, પણ ન જડ્યો કાંઈ ભેદ....ધિક્‌૦ ॥૪૧॥ બાળસનેહી વિયોગથી, કરતા રાય વિલાપ; મંત્રી કુટુંબ રૂદન કરે, પ્રગટ્યા પૂર્વ પાપ....ધિક્‌૦ ॥૪૨॥ દિન કેતે હવે ભૂપતિ, સ્થાપી અવર પ્રધાન; રાજ કાજ સહુ ચાલવે, ગાવે મંગળ ગાન....ધિક્‌૦ ॥૪૩॥ ચોથે ખંડે દેખાડીયો, નવમી ઢાળે અનંગ; શ્રી શુભવીર વચન સુણી, છંડો કુલટાનો સંગ.... ધિક્‌૦ ॥૪૪॥

—૦—

૧. રાત્રિ, ૨. પ્રભાત.

॥ દુહા ॥

વીરસેનને ભૂપતિ, સંભારે દિન રાત;
સમરંતા ઉપગાર તસ, વીત્યાં વરસ તે સાત. ॥૧॥
બાજીગર એક અન્યદા, ગીતકળા નૃત્યકાર;
વાનર ટોળું લેઈને, આવ્યો નયરી મઝાર. ॥૨॥
રાજકચેરીએ માંડીયું, નાટક કપિનું સાર;
વાનર વાનરી નાચતાં, ઉચ્ચરે હુહુકાર. ॥૩॥
વાજાં વજાવે કપિ મળી, મલ્લના યુદ્ધ કરંત;
ચુંબન આલિંગન કરે, નવ નવ વેશ ધરંત. ॥૪॥
રાજસભા રંજીત થઈ, દીયે નૃપ વાંછિત દાન;
મુખ્યકપિ વિકસિત નયન, રાયને કરતો સાન. ॥૫॥
આંસુધારા વરસતે, ભૂપને ચરણ નમંત;
વારંવાર પય વળગતો, વિસ્મય રાય લહંત. ॥૬॥
નર વાચા નવિ કહી શકે, ધિક્ પશુનો અવતાર;
દયા કોતુક વિક્રય લહ્યું, ટોળું નિજ દરબાર. ॥૭॥
શિક્ષા રક્ષા કારણે, અધિકારીને દીધ;
અવસરે નાચ નચાવીને, ગ્રાસ અધિક તસ દીધ. ॥૮॥
નવ નવ ભૂષણ કપિ તણાં, નિજઘરે કરી સોનાર;
ભેટ કરે જઈ રાયને, નૃપ કરે તસ સત્કાર. ॥૯॥
નિજ હ તે કપિ મુખ્યને, અંગ ધરે અલંકાર;
લોહવલય તવ દેખીયું, કંઠ ધરત જબ હાર. ॥૧૦॥
નૃપ વચને તે સોનીયે, ભાંગી કાઢયું જામ;
વીરસેન પ્રગટયા તદા, કરે નૃપને પ્રણામ. ॥૧૧॥
વિસ્મત સર્વ સભા થઈ, તાસ કુટુંબ મળંત;
મંત્રી રોતો નવિ રહે, નૃપ તસ કંઠ લગંત. ॥૧૨॥

સ્થિર કરી આસન સ્થાપીયો, વાજે મંગળ તૂર;
નૃપ કહે આ અચરિજ કિશ્યું?, તે ભણે રાય હજૂર. ॥૧૩॥

## ॥ ઢાળ ૧૦ મી ॥

તોરણુથી રથ ફેરવી હો લાલ....એ દેશી.

વીરસેન કહે રાયને હો રાજ, કર્મગતિ અસરાળ મેરે સાહિબા; તિરિયપણું કર્મે લહ્યું હો રાજ, દીધો તમે ઉદ્ધાર....મે૦ ॥૧॥ દાતા કૃપણ ને ધનપતિ હો રાજ, નીચ ઉંચ નર નાર, મે.; ક્ષત્રિય વણિક દ્વિજ નૃપપુરે હો રાજ, હું કર્મે નૃત્યકાર....મે૦ ॥૨॥ અગોચર વાત મનોરથે હો રાજ, કવિવયણે નાવંત... મે.; નાવે સ્વપ્નમાં કોઈ દિન હો રાજ, તે ક્ષણમાં દૈવ કરંત....મે૦ ॥૩॥ સહસ્ર [1]ગવિ ટોળાંવચે હો રાજ, જેમ વળગે વચ્છ માય...મે.; તેમ પૂર્વકૃત કર્મ તે હો રાજ, કર્ત્તાને વળગાય....મે૦ ॥૪॥ કર્મ-ગતિ મુજ સાંભળો હો રાજ, સુભટ મુખે સુણી વાત...મે.; નઈ અંતરવન ગત લગે હો રાજ, કહું આગળ જે થાત....મે૦ ॥૫॥ ગહનવને નૂતનપ્રિયા હો રાજ, જાણી સતી સ્નેહાળ...મે.; મીઠે વયણે મોહિયો હો રાજ, મલયાનિલ સુખકાર....મે૦ ॥૬॥ તરૂ પલ્લવ વન વેલડી હો રાજ, સુરભિ પવન મનરંગ...મે.; કોકીલા ટહૂકા કરે હો રાજ, મુજ મન વ્યાપ્યો અનંગ....મે૦ ॥૭॥ મીઠે વયણે તવ સા કહે હો રાજ, ક્ષણભર રમીએ સ્વામ...મે.; આવો દ્રાક્ષને માંડવે હો રાજ, તુમ અમ મન

૧. ગાયના ટોળામાં

વિશરામ....મે૦ ॥૮॥ તસ વયણે બિહું તિહાં ગયા હો રાજ, પલ્લવ કરીય પથારી...મે.; સુરતક્રીડા સુખ ભજી હો રાજ, બેઠી ચિત્ત સવિચાર....મે૦ ॥૯॥ તેહવે કપિ તિહાં દેખીને હો રાજ, ભાખે મુજને એમ...મે.; માંહી તજી તમે જબ ગયા હો રાજ, બીજીવાર ધરી પ્રેમ....મે૦ ॥૧૦॥ સજ્જ થઈ તુમ વિરહથી હો રાજ, ખેદ ભરે રહું જામ...મે.; મુજઘર ભિક્ષા કારણે હો રાજ, આવી જોગણ તામ....મે૦ ॥૧૧॥ ગાંઠે ઔષધિ બહુવિધા હો રાજ, દીઠી તેહની પાસ...મે.; વિદ્યાનિધિ લહી મેં કીયો હો રાજ, ભોજન ભક્તિ વિલાસ....મે૦ ॥૧૨॥ આદરથી નિત્ય આવતી હો રાજ, પ્રીતિ બની તે સાથ...મે૦; પૂછંતાં મેં ભાખીયું હો રાજ, છે મુજ નેહી નાથ....મે૦ ॥૧૩॥ મેળો કિમહી ન સંપજે હો રાજ, રોગ કરે અંતરાય...મે.; એહવું કરો કાંહી દિલધરી હો રાજ, દંપતી સુખભર થાય....મે૦ ॥૧૪॥ વળી મુજ પીયુને કોઈનો હો રાજ, ઉપદ્રવ નવિ થાય....મે.; તવ સા પૂરણપ્રીતિએ હો રાજ, વયણે એમ ઉચ્ચરાય....મે૦ ॥૧૫॥ સર્વ કામ હું કરી શકું હો રાજ, મુજ શિર હાથ ધરંત..મે.; કહે તુજ રોગ ન કાંઇ હુવે હો રાજ, વળી તુજ સુખીયો કંત....મે. ॥૧૬॥ પણ વન રણ અરિ સંકટે હો રાજ, વાઘ અરિ જાય નાશ..મે.; હેતે વલય દેઈ એમ કહે હો રાજ, તુજ પતિ કંઠ વિલાસ....મે૦ ॥૧૭॥ મંત્રશું ગર્ભિત ઔષધિ હો રાજ, છે અવયવ લઘુ ખાસ..મે.; શિવ વાંછું તુમને સદા હો રાજ, બીજી નહિં મુજ આશ....મે૦ ॥૧૮॥

શીતલવન નિદ્રા કરો હો રાજ, હું બેઠી તુમ પાસ..મે.; વિઘ્નહરણ વલયું ઠવો હો રાજ, ઓશીશે સુખવાસ....મે૦ ॥૧૯॥ પ્રેમવચન રાગે નડ્યો હો રાજ, સાચું માની તામ..મે.; સુરતશ્રમે સૂતો તદા હો રાજ, પામ્યો નિદ્રા જામ..મે. ॥૨૦॥ ઠવતી સા મુજ કંઠમેં હો રાજ, લોહનું વલયું તેહ..મે.; સર્વઘાતિ પયડી કહે હો રાજ, વૈરિણી નિદ્રા એહ.... મે૦ ॥૨૧॥ જાગ્યો કપિરૂપે થયો હો રાજ, દીઠી કપિની દેહ..મે.; ખેદે વિલખો ચિહું દિશે હો રાજ જોતાં ન દીઠી તેહ....મે૦ ॥૨૨॥ મેં જાણ્યું ગઈ છેતરી હો રાજ, કીધો કપિ તિરિ પક્ષ..મે.; મિત્રની શીખ ન ચિત્ત ધરી હો રાજ, ફળ પામ્યો પ્રત્યક્ષ.... મે૦ ॥૨૩॥ તસ પગલે ધાઈ મળ્યો હો રાજ, બેઠી રથ સહ ગોપ..મે.; દેખી દીન હું જોઇ રહ્યો હો રાજ, તવ સા ભણે ધરી કોપ..મે. ॥૨૪॥ રે મૂઢ! કપિ થઇ શું જુવે હો રાજ, એક પખો સો નેહ..મે.; પિશાચ થઇ કેડે પડ્યો હો રાજ, પામ્યો તસ ફળ એહ....મે૦ ॥૨૫॥ જન્મથી એ મુજ સાહિબો હો રાજ, તન મનશું પ્યારો નાથ..મે.; ચોર પડે ચોરી વચ્ચે હો રાજ, તેં એક ઝાલ્યો હાથ..મે૦ ॥૨૬॥ સ્વેચ્છા ચારિણી હું સદા હો રાજ, નહિ તુજશું વશ રહેનાર..મે.; વિશ્વાસ દેવા કુટુંબને હો રાજ, તુજશું નેહ ઉચ્ચાર..મે૦ ॥૨૭॥ ફોગટ મંદ ગ્રથિલ થઈ હો રાજ, કાઢયો તને દોય વાર..મે.; જોગણી-દત્ત મંત્રે કરી હો રાજ, કીધો તિરિ અવતાર....મે૦ ॥૨૮॥ શીખામણ લાગી હવે હો રાજ, ભટકો

વાનરમાંહિ..મે.; અમ ધન લેઇ તાતનું હો રાજ, ભોગવશું સુખ છાંહિ..મે૦ ॥૨૯॥ જા રે કપિ! શું જોઇ રહ્યો હો રાજ, રાય ગોવિંદ તું રાંક..મે.; ત્રીજી વાર શિક્ષા જડી હો રાજ, નથી અમારો વાંક....મે૦ ॥૩૦॥ એમ કહી રથ જોડીયો હો રાજ, કોઇક દિશિ ઉદ્દેશ..મે.; રીસે ફાળ ભરી દોયને હો રાજ, નખે વિદાર્યાં વિશેષ..મે૦ ॥૩૧॥ ગોપે શિર અસિ ઘા દીયો હો રાજ, હું મૂચ્છિત ભૂપાત..મે.; સીત પવન નિશિ ઉઠીયો હો રાજ, જાણું ન પંથની વાત....મે૦ ॥૩૨॥ યૂથપતિ હણી હું થયો હો રાજ, વાનરનો શિરદાર..મે.; બાજીગરે એક દિન ગ્રહ્યો હો રાજ, કૂટ પાસ રચનાર....મે૦ ॥૩૩॥ નૃત્ય શીખાવી બહુ કળા હો રાજ, નચવી ગામોગામ.. મે.; તુમપાસે આવ્યે થકે હો રાજ, પામ્યો નરભવ ઠામ..મે૦ ॥૩૪॥ દશમી વસમી એ કહી હો રાજ, ચોથે ખંડે ઢાળ..મે.; શ્રી શુભવીર સુખી સદા હો રાજ, ન પડે જે મોહ જંજાળ....મે૦ ॥૩૫॥

॥ દુહા ॥

સચિવ વ્યથા સુણી નૃપ ભણે, ખેદ ન કરવો કોય;
ભાવી પદારથ આગળે, ઉદ્યમ નિઃફળ હોય. ॥૧॥
પણ તું પૂરણ આઉખે, આવ્યો નિજઘર વાસ;
રૂઠી નારી રાક્ષસી, જીવિતની શી આશ? ॥૨॥
જેહ રમાડે નાગને, તે રસીથી ન ડરંત;
જે વછનાગને નિત્ય ભખે, ધત્તુર કાય કરંત? ॥૩॥
પ્રીત બની જસ જેહશું, વ વિણ તે ન રહંત;
રાગ ધરી તિહાં એકપખો, તે નર દુઃખ લહંત. ॥૪॥

જેહનો મેળો જિહાં લખ્યો, તિહાં મળવું તસ જાય;
કુંવર સુદર્શનની કથા, સુણતાં અચરિજ થાય. ॥૫॥

## ॥ ઢાળ ૧૧ મી ॥

ઝુંમખડાની દેશી

ધનપુર નગરે નરસિંહ રાજા, પુત્ર સુદર્શન તાસ...મનોહર મિત્ર સુણો. દાનશાળાએ દાન દીએ નિત્ય, તેણે થયો જગત પ્રકાશ....મનો૦ ॥૧॥ નંદી શેઠની નંદિની પદ્મા, નામે રૂપની રેખ..મ.; શાસ્ત્ર-કળા ભણવા નિત્ય જાવે, ઉદ્યમ જાસ વિશેષ....મ૦ ॥૨॥ દાનશાળાએ નૃપસુત બેઠા, જાતાં દિઠી તેહ....મ૦; દિલ ઉલ્લસ્યું એકએકને દેખી, નયણે લાગ્યો નેહ....મ૦ ॥૩॥ કરપલ્લવી કરીને સમજાવી, કુંવરે તેહ કુમારી..મ.; દરવાજા બાહિર વડ હેઠે, સંધ્યા વેળા ધારી..મ૦ ॥૪॥ મેળાખેળા બિહુજણ આપણ, કરશું મળજો ત્યાંહિ..મ.; ચતુરને ચતુરશું વાત કરંતાં, સમજે બિહું મનમાંહિ....મ૦ ॥૫॥ એમ સંકેત કરીને પરસ્પર, બિહુજણ નિજ ઘર પેઠાં..મ.; કામનાં બાણ પરસ્પર લાગત, ઘાયલ થઇને બેઠાં....મ૦ ॥૬॥ શણગાર સોળ ધરી પદ્માવતી, લેઈ જળઘટ વડ જાવે..મ.; નૃપ સુત પણ તંબોલ પ્રમુખ લઇ, સંકેત સ્થાનકે આવે....મ૦ ॥૭॥ પ્રેમરસે રસ વાતવિનોદે, સૂતાં વડતળે જામ..મ.; વડતરૂ કોટર [1]પન્નગ ફરતો, પદ્માને ડશીયો તામ....મ૦ ॥૮॥ વિષ ચડયે મૂર્ચ્છિત થઈ પદ્મા, અંગ સકલ થયું શ્યામ..મ.; મૃતકસમી

---

૧. સર્પ.

દેખી સુદર્શન, રોતો ખેદભર તામ...મ૦ ॥૯॥ મધ્યનિશા [1]દારૂ કરી ભેળાં, ચય કરી માંહે સુવાડી...મ.; દૂર વિલોકી અગ્નિ લેવા, તિહાં ગયો દુઃખ ભારી.... મ૦ ॥૧૦॥ વહ્નિ પ્રજાળી જોગી દેગી, પાવક માગ્યો જામ. મ.; બત્રીશ લક્ષણવંત કુંવરને, દીઠો જોગીએ તામ....મ૦ ॥૧૧॥ સોનાનો પુરસો કરૂં એહનો, એમ ચિંતી કહે યોગી....મ.; એ અપવિત્ર છે સ્મશાનઅગ્નિ, નવિ લેવો સુણ ભોગી....મ૦ ॥૧૨॥ બેસો ઈહાં બીજે દેઊં આણી, અગ્નિ પણ સુણી વીર....મ. રાત્રે ભૂતાદિક ઉપસર્ગે, રક્ષા કરૂં [2]તો શરીર....મ૦ ॥૧૩॥ એમ કહી દોરો કાળો મંત્રી, તસ ગળે બાંધી નિહાળે; મ. નૃપસુત સર્પ થયો તિણીવેળા, યોગી ઘટમાં ઘાલે....મ૦ ॥૧૪॥ ભૂતળ ખાડ કરી ઘટ મેલી, ઉપર પથ્થર ઠાવે....મ.; [3]પુરૂષો કરવા હોમને કારણ, ઔષધ લેવા જાવે....મ૦ ॥૧૫॥ મઠમાં ઔષધિ જોતાં પન્નગ, ડસ્યો મરણ લહે યોગી....મ૦; તેહવે નગરે ઉપદ્રવ ચાલે, મરકી બાળક ભોગી.... મ૦ ॥૧૬॥ શાકિની નિગ્રહ કરવા કારણ, ચિહું દિશિ સુભટ ફરંત....મ.; વળી રાકુજંવર ગયો તસ શોધન, રાયના સુભટ ભમંત....મ૦ ॥૧૭॥ એણે અવસર પદ્માવતી ચયમાં, કાષ્ટ ઘણાં નિશિ ખડકયા; મ.; નાગદમની જડી વેલડી પલ્લવ, સૂતાં તસ તનુ અડકયાં....મ૦ ॥૧૮॥ વિષનો વેગ ગયો તસ દૂરે, આનંદપૂરે ઉઠી..મ.; કુંવરને જોયો પણ નવિ દીઠો,

---

૧ લાકડાં, ૨ તારાં શરીરે, ૩ સુવર્ણ પુરુષ

તવ જળ ભરવા પેઠી....મ૦ ।।૨૧।। જળઘટ શિર ધરી પુરમાં પેસતાં, [1]પ્રત્યુષવેળા ઝાલી; મ. શાકિણી જાણી સુભટે બાંધી, બંધીખાને ઘાલી....મ૦ ।।૨૦।। નયન પટે કરી બાંધી પ્રભાતે, રાયહજૂરે આણી..મ.; ભટ કહે સ્વામી મરકી ઝાલી, પેસતી પુરમાં જાણી....મ૦ ।।૨૧।। આકૃતિ સુંદર વેષ લઇ નૃપ, ચિંતે ન મરકી દુષ્ટા..મ.; નયનપટાદિક બંધન છોડી, વચન મધુરસે પૃષ્ટા....મ૦ ।।૨૨।। સા ભણે તાતજી હું નહિં મરકી, નંદીશેઠની બેટી; મ. કામ વિશેષે જળ ભરવા ગઈ, દ્વાર જડયાં જઈ બેઠી....મ૦ ।।૨૩।। શેષનિશાએ જળ ભરી આવતી, તુમ ભટે ઝાલી આણી..મ.; ઈહાં લગે આવત હુઈ કલંકિણી, લોકે શાકિણી જાણી....મ૦ ।।૨૪।। વળી તુમ સંશય ભેળો ટળશે, તેણે મુજ ધીજ કરાવો..મ.; દુક્કર ધીજ કરૂં રવિસાખે, અગ્નિ ભુજંગ મિલાવો....મ૦ ।।૨૫।। રાયહુકમે ભટ પન્નગ લેવા, ફરતા પુર વન જાવે..મ.; કાકતાલીન્યાયે મઠ જોતાં, તેહજ પન્નગ લાવે....મ૦ ।।૨૬।। ઇષ્ટદેવ સા સમરી ઘટમાં, કર ધરી નાગ નિકાલે... મ.; ફુલમાળપેરે કંઠ ધરંતાં, દોરો શ્યામ નિહાળે.... મ૦ ।।૨૭।। ચિત્ત ચકિતા સા શંકા ભરાણી, દોરો દૂર કરંતી...મ.; નૃપસુત પ્રગટયો સહુ જન દેખે, અભ્રપટલ રવિકાંતી....મ૦ ।।૨૮।। વિસ્મય પામી ભૂપતિ પૂછે, એકાંતે દોય લાવી..મ.; પાય છબાંવ્યા તવ તે બિહુજણે, સાચી વાત સુણાવી....મ૦ ।।૨૯।। રાય વિચારી શેઠ તેડાવી, મોકલે તિલક વધાવી...

[1] પ્રભાત.

મ.; પદ્માવતી કરી ઉત્સવ નિજઘર, લાવ્યા નૃપ પરણાવી....મ૦ ॥૩૦॥ ચંદ્રશેખરને રાસ રસાળે, ચોથે ખંડે વિલાસી...મ.; અગ્યારમી ઢાળે શુભવીરે, દૈવીગતિ પ્રકાશી....મ૦ ॥૩૧॥ યતઃ—

गज भुजंग विहंगम बंधनं, शशिदिवाकरयोर्ग्रहपीडनम्; मतिमतां च निरीक्ष्य दरिद्रतां, विधिरहो बलवानिति मे मति ॥१॥

॥ દુહા ॥

વીરસેનને નૃપ કહે. નિસુણી સુદર્શન વાત;
ચિત્તથી ચિંતા પરિહરો, જો વાંછો સુખ શાત ॥૧॥
નારી સુશીલા લાવશું, જોઈ જાત જુનીયાત;
સુખ વિલસો ઘરમાં રહી, ન કદા હુવે ઉત્પાત ॥૨॥
અણે અવસર એક આવીયો, નૈમિત્તિક શિરદાર;
લોકદેવ અભિધાન તસ, જ્ઞાન રત્ન ભંડાર ॥૩॥
પૂરવધર પ્રમાદથી, પડિ ગૃહિવેષ ધરંત;
વૃત્તિનિમિત્ત બળે કરી, નહિં ધન સુત વિલસંત ॥૪॥
રાજસભામાં આવીયો, નૃપ દીએ આદરમાન;
જ્ઞાની રાજાથી વડો, પામે જગ બહુમાન ॥૫॥
ભૂપતિ પૂછે તેહને, અમ મંત્રીની નાર;
આપની સાથે રથ ચડી, અઈ કપિ કરી ભરતાર ॥૬॥
કેણે દેશે જઈ તે રહી, સકળ કહો તે વાત;
જો તમ વિદ્યા છે ખરી, ટાળો સંશય ત્રાત ॥૭॥

## ॥ ઢાળ ૧૨મી ॥

મજરા મારૂજી આલ્યા ચાકરી રે....એ દેશી.

જ્ઞાની જ્ઞાન ઉપયોગથી રે, શ્રુત નજર કરી

નિર્ધાર; નિમિત્તિયો ભણે સાંભળો રે, કુલટા રૂપાળી નાર રે...કુલટા રૂપાળી નાર૦ ॥૧॥ નઇ તટજળ ઉભી રહી રે, વનતરૂથી લેઈ ફૂલ; નઇ જળદેવી વધાવીને રે, ભણે માત હજો અનુકૂળ રે....ભણે૦ ॥૨॥ વલગણ મુજ પીશાચનું રે, મેં તુમ સાખે કર્યું દૂર; ગોવિંદશું તુમ સાન્નિધે રે, સુખ વિલસીશું ભરપૂર રે....સુ૦ ॥૩॥ એમ કહી વાંદરને તજી રે, રથ બેઠી ડાબડો લેઇ; ધનુપ તીર તરકસ ગ્રહી રે, ગોવિંદ તુરંગમ લેઈ રે....ગો૦ ॥૪॥ દક્ષિણદિશિ ભણી ચાલતાં રે, તેહ જ અટવી મઝાર; વડતરૂ હેઠે ઉતરી રે, વનતરૂફળ કરત આહાર રે....વન૦ ॥૫॥ સંધ્યા પડી રયણી રહ્યા રે, રથ સૂતી રૂપાળી નાર; તસ ચંહુ દિશિ ચોકી ભરે રે, ગોવિંદ લેઈ તરવાર રે.... ગો૦ ॥૬॥ મધ્યનિશાએ ભિલ્લની રે, પડી ધાડ કરી કીકીયાટ; રથ ચિંહુદિશિ વીંટી વળ્યાં રે, નાસવાનો નહિં કાંઈ ઘાટ રે....નાસ૦ ॥૭॥ ગોવિંદ નાઠો એકલો રે, રથ વાળી ગયા ભીલ નેટ; રૂપવતી સા દેખીને રે, કરી પલ્લિપતિને ભેટ રે....કરી૦ ॥૮॥ ભૂષણડાબલો સહુ ગયો રે, રહી રોતી એકલી તેહ; પલ્લિપતિ કહે શે રૂઓ રે, તુજ રાજધણી ધરો નેહ રે....તુજ૦ ॥૯॥ પલ્લિપતિ ઘર સા રહી રે, દિન કેતા ધરી આનંદ; એક દિન તસ ઘર આવીયો રે, ભિક્ષાચર તે ગોવિંદ રે....ભિક્ષા૦ ॥૧૦॥ ભીખ દેઇ સમજાવીયો રે, રહો ચંડીસુરી ઘર નાથ; રયણી સમય અમો આવશું રે, લેઈ પલ્લીપતિને સાથ રે....લેઇ૦ ॥૧૧॥ ગોપ સુણી સુરીદેહરે રે, જઇ રાત્રે રહ્યો

એકાંત; રૂપાળી ઉદરે વ્યથા રે, શૂળ ચૂંકનો રોગ વરતંત રે....શૂ૦ ॥૧૨॥ પોકાર કરતી બહુપરે રે, ન શમે કીયા બહુત ઉપાય; પલ્લિપતિ અતિ રાગશું રે, દુઃખ ધરતો ઘણું વિલપાય....રે દુઃખ૦ ॥૧૩॥ તવ સહસા તે બોલતી રે, સુણો ચંડીદેવી એક વાત; દુઃખ મટશે તો દંપતી રે, કરશું પૂજા આજ રાત રે....કર૦ ॥૧૪॥ એમ કહેતાં પીડા ટળી રે, લહે પલ્લીપતિ વિશ્વાસ; તેહજ રાત્રે બિહું જણાં રે, ગયા ચંડીકા આવાસ રે....ગયા૦ ॥૧૫॥ પૂજા કરી નમી સા કહે રે, લાવો ખડ્ગ દીયો મુજ હાથ; અષ્ટાંગનતિ નિર્ભય કરો રે, કરૂં રક્ષણ તમારૂં નાથ રે....કરૂં૦ ॥૧૬॥ ખડ્ગ દેઈ શિર નામતે રે, માર્યો પલ્લીશ દેહ અસિઘાત; ગોવિંદશું મળી ચાલતી રે, હરખે રણમાં લેઈ રાત રે....હ૦ ॥૧૭॥ ખાવા પીવા નવી મળે રે, ધીંગાણા બહુતેર; નારી નદી નીચ-ગામિની રે, તજી ભૂપસમા સમશેર રે....તજી૦ ॥૧૮॥ માતપિતાને વંચીને રે, જે લાવી હતી ધન કોડિ; વ્યસનીથી ધન વેગળું રે, રહ્યા રણમાં રાંકની જોડ રે....રહ્યા૦ ॥૧૯॥ તોહે કુલક્ષણ ના ગયું રે, કર્મ-હીણને અવળી રે બુદ્ધિ; નીચમતિને નીચ સંગતિ રે, કોઇ કાળે ન પામે શુદ્ધિ રે....કોઇ૦ ॥૨૦॥ ચોથે દિન ચિકુરા નદી રે, જળ વહેતાં જિહાં ભરપૂર; નદી તરૂ વડ હેઠલે રે, દોય વસીયાં આનંદપૂર રે....દોય૦ ॥૨૧॥ નિદ્રાવૈરિણી વશ થયાં રે, જબ રયણી ગઈ એક જામ; ઉન્નત [1]શાર્દૂલ આવીયો રે, ગયો ગોવિંદને

[1] સિંહ.

લેઇ તામ રે....ગયો૦ ॥૨૨॥ થરથર ધ્રૂજતી સા ચઢી રે, [1]પાદપશિર શાખા આધાર; રોતી પશુ રોવરાવતી રે, વળી રાત્રિ ઘોર અંધાર રે....વળી૦ ॥૨૩॥ તેણે સમે બીજે નઇતટે રે, સન્મુખ એક યોગી વસંત; મુખ સુંદર પગે પાંગળો રે, લઈ તંબુર ગીત ગાવંત રે....લેઈ૦ ॥૨૪॥ યતઃ—

सुखिनि सुखनिधानो, दु:खितानां विनोदः
श्रवणहृदयहारि, मन्मथस्याग्रदूतः ॥
अतिचतुरसुगम्यो, वल्लभः कामिनीनां;
जयति जगति नादः, पञ्चमश्चोपवेदः ॥१॥

॥ પૂર્વ ચાલ ॥

કંઠ મધુર ગીત સાંભળી રે, રોતાં ચિત્ત વેધ્યું રે તાસ; ઉતરી નઇ તરી સા ગઈ રે, ધૂણી ઝળકત યોગી પાસ રે....ધૂણી૦ ॥૨૫॥ દેખી યોગીને મોહી ગઇ રે, કહે મરણ ગયો ભરતાર; ચિત્ત સાખે તુમને વરી રે, હવે આ ભવ તું આધાર રે....હવે૦ ॥૨૬॥ યોગી ભણે તમે સત્ય કહ્યું રે, પણ હું છું પંગુળ દેહ, કંત અવર કરો કામિની રે, પાંગુલ નરશું શ્યો નેહ રે?....પાં૦ ॥૨૭॥ લોક અશન આણી દીયે રે, પછે તુજ દેખી ઉભગંત; સા ભણે ભૂષણ વેચીને રે, ખાઇશું ન કરો મન ચિંત રે.... ખા૦ ॥૨૮॥ તે પછે તુમને શિર ધરી રે, ગામ નગર જઇશું મહારાજ; મધુરગીતે લોક રીઝશે રે, તજી લાજ તિહાં મોહોટું રાજ રે....તજી૦ ॥૨૯॥ નયન વચન રૂપ દેખીને રે, યોગીએ ઝાલ્યો હાથ;

---

૧ વૃક્ષ.

સા કહે મુજ ભાગ્યે કરી રે, મુજ મળીયા મહોટા નાથ રે....મુજ૦ ॥૩૦॥ જળ લાવો તુંબી ગ્રહી રે, અમ લાગી બહુત[1]પિપાસ; તુંબડું જળ ભરી લાવીને રે, દીયે હરખે રૂપાળી તાસ રે....દીયે૦ ॥૩૧॥ તવ યોગી ટુકડા દીયે રે, દિન દોયના ઠીંકરમાંહિ; ચાર નયન ભેગાં કરી રે; દોય ખાય પીયે ઉત્સાહિ રે.... દોય૦ ॥૩૨॥ પાંચ વરસ ખરચી ચલી રે, પછે ભરણો લાવત એક; માંહે બેસાડી યોગીને રે, શિર ધરી ચાલે બહુ ટેક રે....શિર૦ ॥૩૩॥ ગામ નગર ચહુટે ઘરે રે, નર માદા ગાવે રે, ગીત; લોક સુણી તેહને દીએ રે, અશનાદિક વર પ્રીત રે....અ૦ ॥૩૪॥ યોગી જુલમપુરી તણી રે, થઈ યોગણી ઇચ્છા નામ; ભાંગ પીયે હોક્કા ભરે રે, ફરે વન રહે ગામો ગામ રે....ફરે૦ ॥૩૫॥ વિષયીને સુખ નહિં કદા રે, કામી નર જગનો દાસ; કામી સગો નહિં કોઇનો રે, કરે વિશ્વાસીનો નાશ રે....કરે૦ ॥૩૬॥ નિમિત્તીયાના મુખ થકી રે, સુણી કુલટાકેરી વાત; નૃપ સત્કાર કરી ઘણો રે, વિસર્જ્યો નિમિત્તીયો જાત રે....વિ૦ ॥૩૭॥ ચોથે ખંડે બારમી રે, ઢાળ ભાખે શ્રી શુભવીર; વિષયથી વસીયા વેગળાં રે, તે પામ્યા ભવજળ તીર રે.... તે૦ ॥૩૮॥

॥ દુહા ॥

મંત્રી નૃપ એમ સાંભળી, વિસ્મય પામ્યા ચિત્ત;
આ ભવ કામી દુઃખ લહે, પરભવ નરકની ભીત ॥૧॥

---

૧ તૃષા.

મંત્રી ભણે સુણ સાહિબા!, પૂર્વે તમે કહી વાત;
નવી પરણી સુખ ભોગવો, લાવીશું બુનીયાત ॥૨॥
તુમ બોહાં દુક્કર નહિં, જે કરવું મુજ કામ;
પણ હું ભય પામું ઘણો, નારીનું લેતાં નામ ॥૩॥
સર્વ રમણી દૂરે તજી, તપ કરશું વનમાંહે;
ઈહ પરભવ સુખ પામશું, જ્ઞાન આનંદ ઉત્સાહ ॥૪॥

## ॥ ઢાળ ૧૩ મી ॥

નદી યમુના કે તીર ઉડે દોય પંખીયા....એ દેશી.

મંત્રી વયણ સુણી રાય, તિંહા મન ચિંતવે, રાજ્ય તજી વનવાસ, લીયે દુઃખ સંભવે; સૈન્ય સબળ મુજ ગેહ, સ્નેહી એ સહી, અબળાકૃત દુઃખ ઉદ્ધરવા શક્તિ નહિં. ॥૧॥ આ સંસારે શરણરહિત સવિ જીવડા, વિવિધ કર્મ સંતાપે પીડયાં બાપડાં; દેવ તિરિય અવતાર ને ચક્રી નરક ભવે, ઠાકર ચાકર ધનવંતો નિર્ધન હુવે. ॥૨॥ સુભગ દોભાગી રોગી નીરોગીપણું વરે, રૂપવંત કદરૂપ સુખી દુઃખી કરે; ભવભવ કર્મ નચાવે તેણીપરે નાચવું, રહીએ સદા સુખમાં જગ ઠામ ન એહવું. ॥૩॥ માતપિતાદિક સર્વથી સ્ત્રીને અધિકી ગણે, [1]નારીઆહેડી નરહરણાં [2]પાસે હણે; રમણીને રાગે કાષ્ટ-ભક્ષણ કીધો જેણે, તે પતિને કપિ કીધ ખડ્ગે વાહ્યો તેણે. ॥૪॥ એક રમણીથી મંત્રી દુઃખ પામ્યો ઘણું, મારે તો બહુ નારી નહિ ઉગરવાપણું; એણીપરે વૈરાગ્યરાગે રાજા વાસીયો, તેણે સમે ભૂપને આવી બોલે દાસીયો. ॥૫॥ શિર ધરી [3]ભરણે જોગી જોગણ આવીયાં, ગાતાં

૧ નારીરૂપ શીકારી, ૨ પાસમાં=ફંદામાં નાખીને, ૩ ટોપલો.

દેખી તાસ અમે ઇહાં લાવીયા; એમ કહી સા આવી ટોપલો ભૂ ધરે, નરમાદા ગીત ગાન મધુર કંઠે કરે. ॥૬॥ મંત્રી કહે નૃપને નિમિત્તિએ જે કહી, દેખો નજરે વાત કે આ સન્મુખ રહી; ઈંગિત આકારે કરી મેં ઓળખી સહી, કપિરૂપ કરી ગઈ મુજ તેણે એ ઓળખે નહિં. ॥૭॥ રાય કહે તું પંગુને શિર ધરી કેમ ફરે ?; પંગુ તજી ભરતાર અવર કેમ ના કરે ?; સા વદે પંચની સાખે જે પિતરે દીયો, હું રે સતી તેણે દેવ કરીને માનીયો. ॥૮॥ પતિવ્રતા-વ્રત ધર્મ ન લોપું હું કદા, યાચના વૃત્તિએ કંત જમાડી જમું સદા; શિયળ વિભૂષણ શોભા છે મુજ જેહની, સુરપતિ નરપતિને ઘર નારી ન એહવી. ॥૯॥ એહને છંડી અવરશું નજર ન હું ધરૂં, 'અલકનું ઘર છે ઉજવળ કેમ મેલું કરૂં ?; અશન વસન ભરપૂર દેઇ ભણે ભૂપતિ, સકળ સભાજન દેખે જોગણી મહાસતી. ॥૧૦॥ પ્રણયો પ્રીતમ પહેલો વાંદરો તસ કર્યો, કરી અસિ ઘા થઈ નિર્દય રણવગડે ધર્યો; ગોપાળશું ગઈ પલ્લીપતિ ચૈત્યે હણ્યો, રાજુ વાઘે તરૂ તંબુર સુણ્યો ॥૧૧॥ પાંગળો જોગી કીયો પતિ નિશિ નઇ જળ તરી, ચાર કર્યા ભરતારે અવર મનમાં ધરી; પતિવ્રતા વ્રત ધર્મ ભલો તું પાળતી, નિજકુળ અલક ઘર અજુઆલણ તું સતી. ॥૧૨॥ મુખપર વસ્ત્ર ધરી પુર બાહિર નીકળો, ભગવો વેશ ધર્યો તેહને દંડ ન આકરો; સુણી ચલી ગઇ

આમાંતર લજ્જા અવગણી, તેણે સમે દિયે વનપાળક નૃપને વધામણી. ॥૧૩॥ સ્વામી ગોવિંદજટી તાપસ ટોળે વર્યાં, તુમ પુર બાહિર ઉત્તર વનમેં સમોસર્યા; તાપસ ભક્તિ ભૂપ સુણી હર્ષિત થયો, પટ્ટરાણી વીરસેનશું તિહાં વંદન ગયો. ॥૧૪॥ નમતાં આશીષ પામી સુઠામે બેસતા, આ સંસાર અસાર ગુરૂ ઉપદેશતા; પૂર્વે વિરક્ત સુણી અધિક ઉદાસી એ, રાજ્યે ઠવી સુત મંત્રી નૃપ દીક્ષા લીએ. ॥૧૫॥ પટ્ટરાણી પ્રતિબોધ લહી થઇ તાપસી, વિઘ્નભયે નિજગર્ભ વાત ન કહી કશી; સોવનજટી ગુરૂનામ દીએ નૃપને મુદા, મિથ્યાત્વધર્મે તપ કરી એ તિહું જણ સદા. ॥૧૬॥ પાંચશે તાપસ ભેળા ગુરૂ આ વન વસે, રાણી દિન દિન ગર્ભ વધે તન ઉલ્લસે; પૂછંતા સુણી સાચું તપસ્વી હરખીયો, સમયે સુલગ્ને [1]શચિસમ પુત્રી જનમ થયો. ॥૧૭॥ તાપસી લાલતી પાલતી વર લક્ષણ ભરી, કનકવતી ઠવ્યું નામ અતિરૂપે કરી; આઠ વરસની થઈ મતિ એ જિમ શારદા, તાતે સ્નેહે શીખાવી કળા ચોસઠ મુદા. ॥૧૮॥ પલ્યંક વિદ્યા સધાવી સોવનજટી થાપીયા, નિજપાટે ગુરૂ ગોવિંદ સ્વર્ગે સિધાવીયા; કુલપતિ સ્વર્ણજટી પછે તપસી પાળતાં, પલ્યંકે બેસી અડસઠ તીરથ વાંદતા. ॥૧૯॥ યૌવનવય પામી નિજ પુત્રી દેખતાં, સમ વર જોવા પલ્યંકે બેસી ગવેષતા; એક દિન કોઈક રાજકુમારને જોઇને, આવ્યા પલ્યંક બેસી સુવરરૂપ લેઇને. ॥૨૦॥ દેખી ભય લહી તાપસ નાસે દશે દિશે, દંતીએ ભૂમિ

૧ ઈન્દ્રાણી

લખીને સર્વને વિશ્વસે; દેઈ શરાપ કીયો મુજ [1]સૂકર [2]નિર્જરે, ધર્મતત્ત્વનો જાણ આવે તો સજ્જ કરે. ॥૨૧॥ વાંચી વિચારે ધર્મી કો નહિ અમસમા, મંત્ર જંત્ર કીધા અમે પણ વીલસં ગમા; સૌગત સાંખ્ય ઉપાય સવે નિઃફળ થયા, બ્રહ્મવને વૃદ્ધતાપસ પાસે સવે ગયા. ॥૨૨॥ તેહ વિભંગે નિહાળી. કહે દિન આઠમે, આવશે તાત્ત્વિક તે એ રૂપને અવગમે; જાણી એ તાપસલોકને ભાગ્યે ભાવીયા, અષ્ટમવાસર આજ તમે પણ આવીયા. ॥૨૩॥ કુળપતિ રૂપકરણ જો શકિત તુમ સ્ફુરે, તો કરો એ ઉપગાર કદાપિ ન વિસરે; ચોથે ખંડે ઢાળ રસાળ એ તેરમી, શ્રી શુભવીર વિવેકી સભાને ચિત્ત ગમી. ॥૨૪॥

॥ દુહા ॥

વીરસેન મુખ એમ સુણી, કુંવર કહે કરૂં કામ;
પણ સવિ તાપસ જૈન મત, ધરશો કહો ધરી હામ ॥૧॥
સુણી સઘળા તાપસ ભણે, તુમ ગુરૂ તુમહીજ વાચ;
કુળપતિ સાથે જૈનમત, આદરશું એ સાચ ॥૨॥
વસ્તુ મિલાવે કુંવર તવ, આડંબર બહુ કીધ;
સોમ અગ્નિ મંત્રાદિકે, ક્ષેત્રપાળ બળી દીધ ॥૩॥
[3]તાસદત્ત સુંઘાવીને, કુળપતિ રૂપ કરંત;
તાપસ દેખી હરખતાં, નિજગુરૂ પાય નમંત ॥૪॥
કુળપતિ કુંવરને પ્રણમીને, કહે કીધો ઉપકાર;
ચિંતામણિસમ તુમે દીયો, માણસનો અવતાર ॥૫॥
નૃપસુત તાપસ પૂછતાં, કહે કુળપતિ નિજ વાત;
ગિરિપર ચલત ગગનથકી, પલ્યંકસહ [4]ભૂપાત ॥૬॥

૧ ભુંડ, ૨ દેવ. ૩ ક્ષેત્રપાળે આપેલી ઓષધિ, ૪ પૃથ્વીએ પડયો

જૈનમુનિ તિહાં ધ્યાનસર, [1]ગિરિસુર કરતા સેવ;
મુજ ગુરૂ માથે તું ચસે, ફળ પામો કહે દેવ ॥૭॥
મુખરરૂપ તાહરૂં હશે, પલ્યંકમેં બખસાય;
ઈમ શાપે સુઅર બન્યો, આવ્યો હું એણે ઠાય ॥૮॥
પણ તે દેવે એમ કહ્યું, જે કરશે મૂળરૂપ;
કન્યા દેજો તેહને, તેહ છે મહોટો ભૂપ ॥૯॥
તેણે પરણી મુજ કન્યકા, દીયો જિનમત ઉપદેશ;
સવ કુંવરે ઓળખાવીયો, દુવિધ ધર્મ સુવિશેષ ॥૧૦॥
સુણી પ્રતિબુધ્ધા તાપસો, અણુવ્રત સર્વ ધરંત;
પછે સવિ તાપસણી મળી, ગીત ધવળ ગાવંત ॥૧૧॥
ક્ષેત્રપાળ તિહાં આવીયો, સર્વ સામગ્રી મિલાય;
કન્યા શણગારી કરી, ઓછવશું પરણાય ॥૧૨॥
પલ્યંક દીયે કરમોચને, સુર કરે આવાસ;
કુંવર પ્રિયાશું તિહાં રહે, સુખભર મન ઉલ્લાસ ॥૧૩॥
ક્ષેત્રપાળ અદૃશ્ય થયો, એક દિને સસમ માળ;
નિશિ અંબરથી ઉતરી, કન્યા રૂપ રસાળ ॥૧૪॥
પૂછે કુંવર તેહને, આવ્યા તુમે કિણ હેત?;
નામ ઠામ તુમે કોણ છો?, સુણી સા એમ વદેત ॥૧૫॥

## ॥ ઢાળ ૧૪ મી ॥

॥ છેલ છબીલા નંદના કુંવર છેલ જો.... એ દેશી.

રંગ રંસીલા રસિયા સુણુ એક વાત જો, દેશ વિદેશ જુઓ ફરતાં દિન રાત જો; પણ હિમવંત ગુફાએ જાવું કિમ પડયું જો?. ॥૧॥ કુંવર કહે

[1] પર્વત દેવતા.

સુણ છેલ છબીલા નાર જો, કારણ વિણ પરઘર નવિ જાવે ગમાર જો; કામ વિશેષે હિમાચળ અમ જાવું થયું જો. ॥૨ જાવું થયું તો પર્વત નઈ વન ભાળ્યાં જો, ચતુરપણે કરી સુરવરચૈત્ય નિહાળ્યાં જો, મનોવેગ વિદ્યાધર સાધક કિમ મારીયો જો.? ॥૩॥ માર્યો તે મેં જાણી ખેટને ચોર જો, નારી હરી તસ સુણીયો સોર બકોર જો, મૂકાવતાં થયો સાહામો ન તજી નારીને જો. ॥૪॥ એમ નારીયો કેઇ વિદ્યાધર લાવે જો, ક્ષત્રી ઘણા જગ છે પણ નવિ છોડાવે જો, સગપણ વિણ નરરત્ન હણી પાપ જ લીયો જો. ॥૫॥ પાપ ન હોવે હણતાંને જો હણીએ જો, મુજ પરણી તે સગપણ નારીનું ગણીએ જો, પશુપંખી પણ નારી પરાભવ નવિ ખમે જો. ॥૬॥ નવિ ખમે તે જેહને એક જ નારી જો, તમે બહુ પરણી ગામો-ગામ વિસારી જો, તેહમાં ગઇ એક તે સંભારવી નવિ ઘટે જો. ॥૭॥ નવિ ઘટે તો ઇંદ્રને ઘર નવિ ખોટ જો, ૧શચીઓ ઝાઝી બાવીશ કોડ કોડા જો, એક રીસાઇ મનાવે તસ શે કારણે જો.? ॥૮॥ શે કારણ વળી યમુના નદીય કિનાર જો, તમે ગયા તિહાં વન-ખંડ મઝાર જો; વંશ જાળમાં વિદ્યાસાધક કિમ હણયો જો.? ॥૯॥ કેમ હણયો પૂછો છો બીજીવાર જો, પારકી વાતે રસીઓ સહુ સંસાર જો, પરનરની વાતો તે સતીયો નવિ કરે જો. ॥૧૦॥ નવિ કરે સતીયો પરનરનો સંગ જો, નજર મિલાવે વ્રતનો થાયે ભંગ જો; લિંબની વાત કર્યે મુખ કડવું નવિ હુવે જો.

૧ ઇંદ્રાણીઓ

॥૧૧॥ હોવે તુમ અણગમતો અમ ઉપદેશ જો, જાણું કાંઈક સગપણ લાગે વિશેષ જો, પગતળ બળતો વિણુ કો નવિ પૂછે ઘણું જો. ॥૧૨॥ ઘણું પોકારે નિજ ઘર બળતું દેખી જો, પરઘર બળતે પંથે જાય ઉવેખી જો, સગપણ અંતરદાહે તુમને પૂછીએ જો. ॥૧૩॥ પૂછો ભલે તો ઉત્તર તમને દેશું જો, પણ બોલો તુમ સગપણ શું છે એહશું જો, જે અંતરનો ઘા લાગ્યો તુમને અતિ જો. ॥૧૪॥ અતિશે જન્મથી એહશું રાગ ધરાય જો, અડ સહોદરીના બે બાંધવ થાય જો, માડી જાયા ભાઇ કહો કેમ વિસરે જો.? ॥૧૫॥ વિસરે નહિં પણ પૂછણ આ નિશિવેળા જો, એકલડાં ફરવું ને ઝેર ભરેલાં જો, કુલવતિ નારીને કહેવત છે એ કારણે જો. ॥૧૬॥ કારણે ચાલ્યા અરિહા સારી રાત જો, વિદ્યાચારણ મુનિ પણ રાત્રે જાત જો, ખેચરી વિજળી ફરતાં કુણ વારી શકે જો. ॥૧૭॥ વારી શકે એક નારીને ભરતાર જો, વિજળી પૂંઠે ગર્જારવ ભયકાર જો, પુરુષજુઆરી નારી કુમારી નવિ ડરે જો. ॥૧૮॥ નવિ ડરે તુમ સરીખા નિર્દય જાત જો, વિણ અપરાધે હણ્યો થઇ ક્ષત્રી જ્ઞાત જો, વાત કહો તો સંશયથી ટળીએ અમો જો. ॥૧૯॥ અમો ગયા યમુના વનખંડ મઝાર જો, દીઠી તરૂ લટકંતી એક તરવાર જો, મેં જાણ્યું વિદ્યાધર કોઇ વિસરી ગયો જો. ॥૨૦॥ વિસરીયો તે ફરી કિમ લેવા નાવે જો, મણિરયણે જડયું ખડ્ગ અમૂલ સુહાવે જો, સ્વામી એકાંતે રહેશો એમ નવિ ચિંતવ્યું જો. ॥૨૧॥ ચિંતવ્યું જોયું પણ નવિ દીઠો કોઇ જો, લેઈ

ખડ્ગને ધાર પરીક્ષા જોઈ જો, વંશજાળ કાટંતા સાધક શિરગયું જો૦ ॥૨૨॥ ગયું અમારું ન ગયું તમારું કાંય જો, વાયુવેગ ગયો મરી પરભવ તાંય જો, પણ તુમ ચિત્તમાં નવિ કાંઇયે પરિતાપ છે જો. ॥૨૩॥ તાપ ઉતાપ થયો મુજ પશ્ચાતાપ જો, વિણુ અપરાધી મારી લીધું પાપ જો, ચિંતા ઝાળ ઉઠી તે જાણે કેવળી જો. ॥૨૪॥ કેવળી દીઠા સર્વ પદાર્થ થાવે જો, પણ દોય ભાઈ ગયા તે પાછા નાવે જો, આઠ સહોદરી વાત સુણી રૂદન કર્યું જો. ॥૨૫॥ કર્યું એ નબળું કામ થયો ઓશીયાળો જો, પણ નથી વાંક અમારો ચિત્ત નિહાળો જો, ભૂલચુક કરી માફી વૈર ન રાખવું જો. ॥૨૬॥ રાખવું વૈર નથી તુમશું ચિત્ત સાખે જો, જ્ઞાની ગુરુનાં સમરી વયણવિશેષે જો, ભાઇ થકી સ્ત્રી પૂંછે કુશળ તે કંતને જો. ॥૨૭॥ કંત તુમારે કયાં છે કન્યાવેશ જો, જ્ઞાનીગુરુનો શો શો સુણીયો ઉપદેશ જો, આઠ સહોદરી બાંધવ કિહાં રહો છો તુમે જો.? ॥૨૮॥ તુમે જાણો છો સઘળી વાતો મનમાં જો, ચંદ્રાવળી મુખ સાંભળી જે મળી વનમાં જો, નવલું કામ કરીને પૂછો કૂડમાં જો. ॥૨૯॥ કૂડ કપટ છળ ભેદ ઘણા સ્ત્રીમાંહિ જો, નવિ દીઠાં કોઈ દિન તુમને વળી કયાંહિ જો, જગત અજાણી નારી કેમ વિશવાસીએ જો? ॥૩૦॥ વિશ્વાસી નારી છે કપટ ન લેશ જો, વાંઢો નર પરઘર જઈ કોઇ ન પેસે જો, અણુ વિશ્વાસી નર ભડકણ બીકણ બહુ જો. ॥૩૧॥ બહુ બીકણ ભડકણ અમને કેમ જાણો જો, થોડું બોલો ન કરો તાણાતાણો જો, પ્રતીત નવિ આવે તુમ જૂઠું બોલતાં

જો. ॥૩૨॥ જૂઠા બોલ્યાનો અમને છે નેમ જો, ચંદ્રાવળી વચણા સુણી ધરીયો પ્રેમ જો, દોય ઘડીમાં નાઠા કેમ નવિ થીર રહ્યાં જો.? ॥૩૩॥ રહ્યા અમે સા ગઈ હાથે દેઈ કોલ જો, પછી ગયા તે દેખી અવળો બોલ જો, નર મ્હોટા મહિલાશું કેમ ઝઘડો કરે જો.? ॥૩૪॥ ઝઘડો કરતાં વિઘટે અંતર પ્રેમ જો, શ્યો કીધો ચંદ્રાવળીએ સંકેત જો?, સાચ વદો તો અમે પણ અંતર ખોલીએ જો. ॥૩૫॥ ખોલો ચિત્ત કહ્યું રાણીએ રક્ત હલાવું જો, તો રહેવું ધ્વજ પીળે દૂરે જાવું જો, દેખી ગયા ધ્વજ હલાવ્યો પીત ચંદ્રાવળી જો. ॥૩૬॥ ચંદ્રાવળી મુખ નીસુણી બાંધવ ઘાત જો, પણ નવિ ચિંત્યો કોઈએ તુમ ઉપઘાત જો, ગુરુ વયણા સંભારી ઉપશમ ધારીયો જો. ॥૩૭॥ ધાર્યું અમે હણી બાંધવ પ્રગટયા ચોર જો, વાત સુણી ભરખેદે પડીયો ઘોર જો, મુજ સંકેતે પીળો ધ્વજ હલાવ્યો સહી જો. ॥૩૮॥ સહીયો હરખી સાઠ જણની ટોળે જો, ભાઈ મુઆ સહુને પતિમેળો મેલી જો, હર્ષદીવાની ચંદ્રાવલી ભૂલી ગઈ જો. ॥૩૯॥ ભૂલી ગઈ તો અમને લાભ વિશેષ જો, નવ નવ ગામ નગર દીઠા બહુ દેશ જો, સાસયચૈત્ય નિહાળ્યે, બહુ યાત્રા કરી જો. ॥૪૦॥ યાત્રા કરી તો ભલે કરી મહારાજ જો, અમે પણ યાત્રા કરીને આવ્યા આજ જો, તુમ દર્શન દેખીને મનોવાંછિત ફળ્યાં જો. ॥૪૧॥ ચોથે ખંડે ભાખી ચૌદમી ઢાળ જો, એક એક ગાથા અંતર વચન રસાળ જો, શ્રી શુભવીર કુંવરી આગળ કુંવર પછે જો. ॥૪૨॥

॥ દુહા ॥

રતિમાળાને કુંવર ભણે, નહિં અમ એકજ ઠામ;
ખબર પડી કિમ અમતણી, આવ્યા તાપસ ગામ? ॥૧॥
વળી યમુનાવન મહેલમેં, ત્રેસઠ નિવસે ત્યાંહિ,
એકણ પિંડે કિમ તમો, નીકળી આવ્યાં આંહિ? ॥૨॥
કામદેવ મંદિર નિશિ, ચોસઠ કરી નૃત્યશાળ;
વિનયે નમી વર માગતી, સુંદર ચંપકમાળ. ॥૩॥
કંચુક ખડ્ગાદિક દિયાં, વલતાં વચન વદંત;
જઈશું અમે નિજ મંદિરે, અવસરે મળશું સંત. ॥૪॥
એમ કહી તમે ઘર ગયા, અમે ચાલ્યા પરદેશ;
તે દિન મેળા સંપજે, જે દિન લિખિત વિશેષ. ॥૫॥

## ॥ ઢાળ ૧૫ મી ॥

રાગ:- જગપતિ નાયક નેમિજીણંદ........

ચિત્તહર રતિમાળા કહે તામ, સાંભળો સાહેબ મનરૂલી; ચિત્તહર તુમને કરી સંકેત, ચંદ્રાવળી આવી મળી. ॥૧॥ ચિ૦ સાંભળી બાંધવ ઘાત, શોકાતુર સ્નાન જ કર્યાં; ચિ૦ સાચો ગુરુ ઉપદેશ, તાસ વચન ચિત્ત સાંભર્યા. ॥૨॥ ચિ૦ બંધુ ગયા નાવંત, ચંપકમાળા ચિંતવે; ચિ૦ સહીયરો કરો પતિશોધ, કંતવિના દુઃખીયાં હવે. ॥૩॥ ચિ૦ કોણ બંધુ હણનાર, બોલાવો પ્રેમજ ધરી?; ચિ૦ ચંદ્રાવળી કહે તામ, મેં રાખ્યો છે સ્થિર કરી. ॥૪॥ ચિ૦ તેડી લાવું સમજાય, હર્ષ દિવાની થઈ ચલી; ચિ૦ પીળો હલાવ્યો [1] કેતુ,

[1] ધ્વજા

દેખી તમે નાઠા વળી. ॥૫॥ ચિં૦ વક્રગતિ ગ્રહ થાય, તુરત ન રાશિ તે ભજે; ચિં૦ પાછો આવે ઠામ, કાળાંતર ગતિ તે તજે. ॥૬॥ ચિં૦ ચંદ્રાવળી ગઈ ત્યાંહિ, વનતરૂખંડે જોઈ વળી; ચિં૦ દીઠા ન તુમને કયાંહિ, પાછી આવી અમ મળી. ॥૭॥ ચિં૦ શીઘ્ર વિચાર તે સાથ, હાથ વિછૂટો હાથીયો; ચિં૦ સંકેતમાં કાંઈ ભૂલ, દેખી દેશાવર ગયો. ॥૮॥ ચિં૦ પૂછયા પછી કહી વાત, ધ્વજ સંકેત કર્યો હતો; ચિં૦ હર્ષે પડી મુજ ભૂલ, પીત ધ્વજાએ તે જતો. ॥૯॥ ચિં૦ સુણી કહે ચંપકમાળ, હાથે ખેલ બગાડીયો; ચિં૦ હુકમ દીયો મુજ એમ, જુઓ ગિરિ પુર વન વાડીઓ. ॥૧૦॥ ચિં૦ હું કરી દેશ વિદેશ, યમુના કિનારા જોઈ વળી; ચિં૦ જાતા ગિરિ એક શ્રૃંગ, તિહાં ખેચર ટોળી મળી. ॥૧૧॥ ચિં૦ અષ્ટાપદગિરિ જાય, અમિતગતિ ટોળીપતિ; ચિં૦ હું પણ ગઈ તે સાથ, કરી અરિહાને જઈ નતિ. ॥૧૨॥ ચિં૦ ભરતે ભરાવ્યાં ચૈત્ય, ચઉ અઠ દશ દોય વંદીયાં; ચિં૦ ચારણ મુનીવર દોય, તિહાં એક દિશિ ઉપવેશીઆ. ॥૧૩॥ ચિં૦ વિનયે નમી તસ પાય, મેં ચિત્તભાવ તે પૂછીયો; ચિં૦ ચઉનાણી મુનિ એક, કરુણા કરી ઉપદેશીયો. ॥૧૪॥ ચિં૦ મુનિ- ભણે સાંભળ વત્સ!, ચંદ્રશેખર નૃપ સુતજયો; ચિં૦ પીળી ધ્વજાંચલ દેખ, દેવ અટવી સરોવર ગયો. ॥૧૫॥ ચિં૦ તિલક તરુ તળે નિંદ, લેવે અચળછાયા ઠરી; ચિં૦ જાગ્યો દેખે તામ, ઉભા સુભટ ખેટ ખેચરી. ॥૧૬॥ ચિં૦ સાંભળી વિનંતિ તાસ, સાથે ગયા તુરંગે ચઢી; ચિં૦ પૂર્વે કરી રહ્યા ખેટ, રણમાં મહેલ કનક ગઢી. ॥૧૭॥

ચિ૦ આવ્યા કુંવર દોય રાય, તિહાં ઉત્સવ તે દિન કિયાં; ચિ૦ કન્યા છશેં છત્રીશ, પરણી વૈતાઢયગિરિ ગયા. ॥૧૮॥ ચિ૦ નંદીશ્વર વર દ્વીપ, મેરૂ પ્રમુખ નતિ આચરી; ચિ૦ પુનરપિ તીરથ પંચ, સમેત શિખર યાત્રા કરી. ॥૧૯॥ ચિ૦ જયપુર જયરથ રાય, પુત્રી રતિ પ્રીતિ સુંદરી; ચિ૦ પરણાવ્યાં ધરી નેહ, સુર દેવીએ ઉત્સવ કરી. ॥૨૦॥ ચિ૦ તાપસવિદ્યા સિદ્ધ, કરણ ઉત્તર સાધક થયા; ચિ૦ ક્ષેત્રપાળ વશ કીધ, તાપસ ગામે પછી ગયા. ॥૨૧॥ ચિ૦ કુળપતિ સૂકરરૂપ, દેખી કરુણા બહુ ધરી; ચિ૦ ઔષધિબળથી તાસ, કુળપતિને રૂપે કરી. ॥૨૨॥ ચિ૦ રાજારાણી સાથ, વૈરાગ્યે તાપસ ભયો; ચિ૦ રાણી સગર્ભા ત્યાંય, પુત્રી સરૂપા જનમ થયો. ॥૨૩॥ ચિ. તે કુળપતિ નિજરૂપ, દેતાં રાગ વધ્યો ઘણો; ચિ૦ મેના રંભા તુલ્ય, પુત્રી લહી જોબનપણો. ॥૨૪॥ ચિ૦ કુંવરને દીધી તેહ, ક્ષેત્રપાળ પરણાવતો; ચિ૦ સુંદર મંદિર કીધ, અશન ચીરાદિક પૂરતો. ॥૨૫॥ ચિ૦ કનકવતીને નેહ, ગેહે રહ્યા રસશું ભળી; ચિ૦ મુનિ મુખ સાંભળી વાત, આવી ઈહાં ઉતાવળી. ॥૨૬॥ ચિ૦ દેખી તુમ મુખચંદ, દુઃખના દહાડાં દુરે ટળ્યાં; ચિ૦ અમીએ વરસ્યા મેહ, મુખ માંગ્યાં પાસાં ઢળ્યાં. ॥૨૭॥ ચિ૦ ચોથે ખંડે ઢાળ, પન્નરમી મુનિ સુચવ્યા; ચિ૦ શ્રી શુભવીરે તાસ, મેળા વિખૂટા મેળવ્યા. ॥૨૮॥

॥ દુહા ॥

રતિમાળા વયણા સુણી, કનકવતી કહે એમ;
નરભમરા ફરતા ફરે, ઘર થઈ નવ નવ પ્રેમ. ॥૧॥

પણ હું જૈનમતી થઈ, ન કરી યાત્રા એક;
સંપ્રતિ સિદ્ધાચળ તણી, યાત્રા કરાવો છેક. ॥૨॥
તવ રતિમાળા કુંવરને, કહે ન કરું અંતરાય;
હું લઘુ એહ ગુરુ બહેનની, ઈચ્છા સફળ કરાય. ॥૩॥
દોય માસમાં આવીને, રહેજો કુળપતિ ગામ;
વાટ જુએ સહુ માહરી, દેઊં વધામણી તામ. ॥૪॥
ભગિની સવિ હર્ષિત કરી, જઈ શું જનની પાસ;
વાત કરી સમજાવીને, કરશું શોક વિનાશ. ॥૫॥
સ્વજનવર્ગ ભેળા કરી, લાવી યમુના પાસ;
લગ્ન સમય રહેશે સહુ, નિજ નિજ કરી આવાસ. ॥૬॥
દુગમાસાંતર તેડવા, આવશે ખેચર આંહિ;
તેહની સાથે પધારવું, બેસી વિમાને ત્યાંહિ. ॥૭॥
નિશ્ચય કર કોલજ કરી, રાત વસી તિણે ઠાય;
પ્રભાતે જઈ વેગશું, બહેનને દેત વધાઈ. ॥૮॥
લેઈ કુંવર કનકાવતી, બેસી નિજ પલ્યંક;
યાત્રા કારણ ચાલીયા, ગગને દોય નિઃશંક. ॥૯॥
જાતાં ઉઆટવી વચ્ચે, છે વટવૃક્ષ વિશાળ;
અગ્નિકુંડ દીઠા તિહાં, ધૂપઘટા લગી ઝાળ. ॥૧૦॥
ઝગડાં કરતા એક દીશે, દીઠા યોગી આઠ;
અર્ચિત શિર લઘુ બાળીકા, તે પણ રોતી આઠ. ॥૧૧॥
કૌતુક દેખી ઉતર્યાં, કરી નારી નર રૂપ;
યોગી સર્વ બોલાવીને, પૂછંતા ધરી ચૂપ. ॥૧૨॥

## ॥ ઢાળ ૧૬મી ॥

રાગ :- બંગાલ......કિસકે ચેલે કિસકે બે પૂત એ દેશી.

કુંવર ભણે તુમે યોગી જાત, કાહેકું કલેશ કરો

દિન રાત શિખ સાંભળો; મહોટો રોગ કલહ કાળ કામળો....એ આંકણી. કલેશે વાસિત હે સંસાર, કલેશ રહિત ચિત્ત ભવ નિસ્તાર....શિખ૦ ॥૧॥ તુમકું નહી જગ કોઇકી આશ, સંસાર છોડ રહો વનવાસ, શિખ૦; સંસાર વિષયા ભોગીભોરા, દૂર તજી લીયા સુંદર જોગ....શિખ૦ ॥૨॥ ઝઘડા કરંતે તુમ કોણ કાજ, વહેંચી લેણા હૈ કયા રાજ,? શિ૦; અંતર ખોલી બોલો તેહ, કુંવારિકા લાવ્યા કિમ એહ?.... શિખ૦ ॥૩॥ યોગી વિચારે બેસી એકાંત, નર મળ્યો બત્રીશ લક્ષણવંત...શિ.; ઇનકું ભોળવી અંતર દેઈ, સોવન પુરસો હવન કરેઈ....શિખ૦ ॥૪॥ ચિંતી કુંવરને ભાખે એમ, તુમ મુખ દેખી લાગ્યો પ્રેમ.... શિખ૦; હમેરી પાસ હે વસ્તુ આઠ, ચોપડીમેં હૈ તસ વિધિ પાઠ....શિખ૦ ॥૫॥ મંત્ર જાપ કિયા તે વિધિ જોત, ફળ દાયક એક નવિ હોત....શિ૦; મિલીયા હમકું કાપાલિક એક, તેણે બતાયા એહ વિવેક.... શિખ૦ ॥૬॥ આઠ કુમારિકા હવન કરંત, આઠ દિશાકું ભોગ દિયંત....શિ૦ જાપ જપ્યે અઠ વસ્તુ સિદ્ધ, પ્રથમ કહે કરો ભાગ પ્રસિદ્ધ....શિખ૦ ॥૭॥ તિમ ઢીયે માગત ભાગ શ્રીકાર, ઓરકું આવે ભાગ ન સાર, શિ૦; બાત લડાઇકી ભાખી એહ, ભાગ કરી દીયો અમને તેહ....શિખ૦ ॥૮॥ તુમ નજરે હોય હવન પ્રયોગ, તો સવિ વસ્તુકો સીઝે યોગ....શિ૦; તુમ પીછે ઉત્તરસાધક જોત, સોવનફરસો તતક્ષણ હોત.... શિખ૦ ॥૯॥ ઉનકું વાંછિત દેઇ એમ, ભાગ પીછે કરણા હમ પ્રેમ શિ૦; કુંવર ભણે દેખાવો વસ્ત, તે

દીયે આઠે લાવી સમસ્ત....શિખ૦ ॥૧૦॥ પાવડી કંથા પાત્ર ને દંડ, કંબા હુબુદ્દી અંચળ ખંડ શિ૦;....ગુટકો લેઇ બોલાવી બાળ, સમ અડ વરસની છે સુકુમાળ ....શિખ૦ ॥૧૧॥ નામ લખી કિયા યોગી દૂર, પૂછે કુંવારીયો કરિય હજૂર....શિ૦; વિમલાપુરી ભણે તે હમ માત, તાત રહે બ્રાહ્મણુની જાત....શિખ૦ ॥૧૨॥ નૃપ સુણી યોગીને વાંદરા કીધ, આઠ વરસની અવાધ દીધ....શિ૦; હુકાહુક કરતા વન જાત, કુંવરી પલ્યંક ધરી કુંવર પ્રયાત....શિખ૦ ॥૧૩॥ યોજનગત વન દીઠો એક, વૃદ્ધ યોગી રોતો અતિરેક....શિ.; ઉતરી પૂછત બોલે વૃદ્ધ, મેં હું ઇણ વન યોગી સિદ્ધ....શિખ૦ ॥૧૪॥ અવિનીત ચેલા મળીયા દુષ્ટ, અડ ચીજ લેઈ ગયા દેઈ કષ્ટ....શિ૦; કુંવરે સુણાવી વાત અશેષ, હરખ લહે ગુરૂ રાય વિશેષ....શિખ૦ ॥૧૫॥ સર્વ ચીજ દીયે કુંવર જ તાસ, કુંવરને દંડ કંથા વાસ....શિ૦; કંથા દીયે શત પંચ દિનાર, દંડ કરે સહુ શત્રુ સંહાર.... શિખ૦ ॥૧૬॥ પાઠ સિદ્ધ લેઈ વંદી ચલંત, વિમલા-પુરી વનમાં આવંત....શિ૦; દીયે શણગારી બાલા પ્રભાત, હર્ષે પિતર ઘરે સાંભળી વાત....શિખ૦ ॥૧૭॥ તેણે સમે પડહો વાગે ત્યાંહિ, પૂછે કુંવર જન બોલે ઉત્સાહિ શિ૦; વસુનૃપપુત્રી વિમલા નામ, અંધપણું પામી ગુણધામ....શિખ૦ ॥૧૮॥ નયન દીયે કોઈ તેજ પ્રકાશ, નૃપ દીયે કન્યા પુર શિરિ તાસ શિ૦; પડહ છબે સુણી તામ કુમાર, રાયે તેડયા નિજ દરબાર....શિખ૦ ॥૧૯॥ સજ્જ કરી પરણી ઠવી ત્યાંહિ, સિદ્ધાચળ દોય પહોતા ઉત્સાહિ શિ૦; ઋષભદેવ વંદી ભગવંત,

લાખેણી એક પૂજા રચંત....શિખ૦ ॥૨૦॥ પૂંજી પગલાં પંચ સ્નાત્ર, ધ્વજા ધરે ચામર છત્ર શિ.; દેઈ પ્રદક્ષિણા ગઢ ગિરનાર, યાત્રા કરી વળીયા નરનાર ....શિખ૦ ॥૨૧॥ અનુક્રમે આવ્યા તાપસગામ, તેડવા આવ્યા ખેચર તામ શિ૦; તે સાથે ગયા યમુનાતીર, જલ ઝીલી પીયે શીતલ નીર....શિખ૦ ॥૨૨॥ વધામણી ગઈ મહેલ મઝાર, ચંપમાલા થઈ હુંશીયાર શિ.; સજ્જન સન્મુખ તેડું કીધ, જાનીવાસે ઉતારો દીધ....શિખ૦ ॥૨૩॥ છસેં છત્રીશ બેટી તાત, સાંભળી આવ્યા સહુ એક રાત શિ.; વરની તરફ તે કરતાં કામ, ચોરી ચિત્રી કન્યા ઠામ....શિખ૦ ॥૨૪॥ વરઘોડે ચઢી તોરણ ત્યાંહિ, સાસુ પોંખી લીયે માયરામાંહિ શિ.; ચોરીયે કરમેલાવો કીધ, ચોસઠ કન્યાદાન જ દીધ....શિખ૦ ॥૨૫॥ મંગલ વાજે પરણી ત્યાંહ, આવ્યા વિજયાપુર ઉત્સાહ શિ.; ચોથે ખંડે સોળમી ઢાળ, શ્રી શુભવીર રહે સુખ વિશાલ....શિખ૦ ॥૨૬॥

॥ દુહા ॥

ચંદ્ર જીસા યશ ઝગમગે, વસત વિજયપુરમાંહિ;
ચોસઠ નારીશું રમે, વન જળક્રીડા ત્યાંહિ. ॥૧॥

એક દિન સાસુ ગુણાવળી, કુંવરને કહે ધરી પ્રેમ;
શત્રુઘરે સસરો રહે, નવિ છોડાવો કેમ? ॥૨॥

વળતું જંપે કુંવર તે, મ ધરો દુઃખ લગાર;
હરિબળ નિજઘર આવશે, મણિચૂળ જમ દરબાર. ॥૩॥

કુંવરે શીખાવી મોકલ્યો, દૂત ગયો તેણિવાર;
શંખપુરે મણિચૂળ નૃપ, પાસે કરત ઉચ્ચાર. ॥૪॥

સુરનર જસ કીર્ત્તિ કરે, કિન્નર જસ ગુણ ગાય;
ભૂચર ખેચર તુમસમ, પ્રણમે જેહના પાય. ॥૫॥
હરિબલની આઠ કન્યકા, છપ્પન રાજકુમાર;
લીલાએ વરી જેહને, તેજે કિરણ હજાર. ॥૬॥
શીતલતાએ ચંદસમ, ચંદ્રશેખર તસ નામ;
તેણે મુજને ઈહાં મોકલ્યો, કરણ તમારૂં કામ. ॥૭॥
હરિબલરાયને તેડીને; તુમે ચાલો મુજ સાથ;
ચંદ્રશેખર ચરણે નમો, તુમે પણ થશો સનાથ. ॥૮॥
સાંભળી મણિચૂલ કોપીયો, બોલ્યો ધરી અભિમાન;
બાલમતે તુજ મોકલ્યો, ચંદ્રશેખર નાદાન. ॥૯॥
નટ વિટશું ફરતો ફરે, જાણું ભસે એ શ્વાન;
પણ હવે હડકવા હાલીયો, આવ્યું મરણ નિદાન. ॥૧૦॥
દૂતને હણવો નવિ ઘટે, તેણે તું જા સુખમાંહિ;
જેહવું આવે નજરમાં, તેવું કહેજે ત્યાંહિ. ॥૧૧॥
પાછો આવી દૂત તે, કુંવરને વાત કરંત;
કાને કડવાં તે સુણી, સૈન્ય સકળ મેલંત? ॥૧૨॥
સસરા સાળા બહુ મળ્યા, ત્રિક અક્ષોહિણી સંગ;
કુરુચભૂમિ તટિનીતટે, જઈ દીયે તંબુ ઉત્તુંગ. ॥૧૩॥

अक्षौहिणी सेना प्रमाण

॥શ્લોક॥

अक्षौहिण्याः प्रमाणं तु, खगाङ्गैकद्विकैर्गजैः ।
रथैरेतैर्हयैस्त्रिघ्नैः पंचघ्नैश्च पदातिभिः ॥१॥

૨૧૮૭૦ હસ્તી, ૨૧૮૭૦ રથ, ૬૫૬૧૦ અશ્વ, ૧૦૯૩૫૦ પાયદળ, સર્વ એકઠાં કરવાથી ૨૧૮૭૦૦ પ્રમાણ એક અક્ષૌહિણી સેના થાય છે.

## ॥ ઢાળ ૧૭મી ॥

કડખાની દેશી....

મુદિત મંદાર વરમાળ મૌલીધરા, બંધુરા સિંધુરા રૂદ્ધ નિકસે; ભટ વિકટ કુંકુમા–રૂણ વસન વિગ્રહાલંકૃતિ શસ્ત્ર પૂજંત નિકસે....મુ૦ ॥૧॥ શંખપુર ભૂપ મણિચૂળ પ્રતિકુળ થઇ, ચાર અક્ષૌહિણી સૈન્ય લેવે; આવે નિકટ ભટ વિકટ રણ ભૂમિએ, ઝકટ કરિ દોય રણ સ્થંભ દેવે....મ૦ ॥૨॥ મણિચૂળ સૈન્ય રણજીત સેનાપતિ, ચંદ્રશેખર તણે, વિજય મલ્લો; દોય સેનાપતિ હુકમ ભટરણ મચે, જિમ નચે નક્રવા વાદ્દી મલ્લો,....મુ૦ ॥૩॥ ભેરી કાહલ પટહ નાદે દિશિ ગાજતે, વાજતે તૂર રણ સૂર ચઢતાં; બંદી બિરુદાવળી બોલતે ડોલતે, અમલ આરોગ તે સુભટ લડતે,....મુ૦ ॥૪॥ હસ્તીએ હસ્તી તુરગે તુરગ રથ રથે, ખડ્ગે ખડ્ગગ્રહી કુંત ભાલા; બાણે બાણાવળી, દોય સૈન્યેમળી, યુદ્ધ ચિરકાળ કરતાં યુધાળા....,મુ૦ ॥૫॥ ક્ષણ શસ્ત્રે ભુજા દંડ મુષ્ટી યુદ્ધે, ચરણ ચરણે હણે દંત કેશા; નખ નખે મસ્તકે સુર નર કેચના, મોઘરે ભંજતા રથ વિશેષા,....મુ૦ ॥૬॥ ગિરિશિખર જ્યું ગંદા ઘાતે ગજની પતતી, અશ્વને પદ ગ્રહી એઉછાળે; સુભટ મૂચ્છિંત પડ્યા, ગૃદ્ધ પક્ષાનિલે, સજ્જ થઇ યુદ્ધ કરતાં સફાળે....મુ૦ ॥૭॥ પતિત પત્તિ કરી અશ્વ રથ ભાગતે, રણ ભુડુશ્વર થઈ પ્રેત નાચે; ભાગતું સૈન્ય લહી ચંદ્રશેખર તણું, સૈન્યપતિ વિજયમલ ધનુષ્ય ખેંચે,....મુ૦ ॥૮॥ સજ્જ તવ સૈન્યભટ વીર

વલયાં ધરી, આવતાં દેખિ રણજીત ઉઠે; દોય સેનાપતિ યુદ્ધ કરતા લહી, ગગન વ્યંતર તણા દેવ તૂઠે,....મુ૦ ॥૯॥ સૈન્ય નિજ ભાગતે મણિચૂળ ઉઠીયો, શ્વસુર સહ ચંદ્રશેખર સરોષે; ધાઈયો સન્મુખે તીર તરકસ ગ્રહી વદતો મણિચૂળ ક્રોધાભિવેશે,....મુ૦ ॥૧૦॥ અમ પ્રિયા આઠ યમુના તટે તસ્કરી, તસ્કરા જીવ લેતાં ન મૂકું; ચંદ્ર કહે મેં વર નારી થઈ સિંહની, જંબુકા પાપી મરણે ન મૂકું....મુ૦ ॥૧૧॥ વદત ક્રોધ બિહુ દુર્ધરા રથ ચઢી, પ્રાણહર બાણ વરશે ઝગંતા; ઉભય બાણે કરી ગગને મંડપ ભયો, અવર રણ ભટ્ટને છાયા તપંતા....મુ૦ ॥૧૨॥ ભણત મણિચૂળ શ્વસુરાદિ પરબળ તપે, વાલું કાંકરે તપી કિયતી વેળા; ચંદ્ર કહે વડની તાપિત અયસ ગોળ કિમુ, ન દહે તૃણ પુંજ ગંજી ભરેલા....મુ૦ ॥૧૩॥ ભટ ભૂજાસ્ફોટ ગજ ગરજ હય હેષિતે, તૂર્ય રવ વીરહક્ક ગગનભેદે; વીર ત્રિહુ ઉજળે, સૈન્યપતિ બિહુ તદા, એક એક સર્વના રથ ઉચ્છેદે.... મુ૦ ॥૧૪॥ રણજીત સૈન્યશું યુદ્ધ કરતો ચિરં, વિજય-મલ્લ સૈન્ય પણ નવિય થાકે; યોગિદત્ત દંડ રથ સ્થાપી મૂકયા તદા, શત્રુ સૈન્યાદિ ભટ ધૂડ ફાકે....મુ૦ ॥૧૫॥ સુભટ નાઠા પડયા દેખી મણિચૂળ. શતરૂપ કરી કુંવરને વીંટી લેવે; કુંવર પણ લક્ષરૂપે બની શત-ગણા, ખંડ કરી ભૂત બળિદાન દેવે....મુ૦ ॥૧૬॥ ચંદ્રશેખર તણો જગ જસ વિસ્તર્યો, ફુલની વૃષ્ટિ કરી સુર વધાવે; વિજય મંગલરવે શંખપુરી સંચરી, શ્વસુર ચરણે જઇ શિર નમાવે,....મુ૦ ॥૧૭॥ તાતજી ચાલીયે ઘર જઇ ભાળીયે એમ કહી હસ્તી શિર તાસ સ્થાપે;

હરિબલ રાયની આણ વર્તાવી તિહાં, પુનરપિ રાજ્ય તસ સુતને આપે....મુ૦ ॥૧૮॥ વિજયડંકા કરી વિજયપુર આવીયા, સાસુએ મોતિ થાળે વધાવ્યા; ખેટ બહુ કન્યકા લાવી પરણાવતા, દક્ષિણ શ્રેણિ હુકમે જમાવ્યા. ....મુ૦ ॥૧૯॥ અન્યદા આવી કહે દેવી ત્રીલોચના, સમેતશિખર જતાં કાશી પહોતી; નિશિભરે દુઃખભરે સાંભળી મંદિરે, માત તુમ નારી મેં જાણી રોતી.... મુ૦ ॥૨૦॥ તેની પાસે જઈ થિર કરી પૂછયું, તવ તુમ વિરહનું દુઃખ પ્રકાશ્યું; મેં કહ્યું માસ એક માંહે લાવું ઈહા, દુઃખ મ ધરશો અમે તિહાં જાશું.... મુ૦ ॥૨૧॥ નામે ત્રિલોચના હું તુમ સુતતણી, દેશ પરદેશ સાનિધ્યકારી; એમ કહી આવતાં, રોતી મૃગસુંદરી દેખી બોલવી આશાયે ઠારી....મુ૦ ॥૨૨॥ વિરહ વલ્લભતણો નારીને દુઃખ ઘણો, રજનીદિન વન્ન વિણ દાહ પડતો; શંકરે સ્મર કહ્યો વૈર શિવસેં રહ્યો, ભ્રાંતિએ રમણીને કામ નડતો....મુ૦ ॥૨૩॥ યતઃ

> हारा मयं वेणी फणकचकलापो न गरलं,
> गले कस्तुरीयं शिरसि शशिलेखा न कुसुमम ॥
> इयं भूतिर्नांगे प्रिय विरहजन्मा धवलिमा,
> पुरारातिभ्रांत्या कुसुमशर किं मां व्यथयेसि ! ॥१॥

॥ ઢાળ પૂર્વલી ॥ આવી તુમને કહું આપસુખમાં પડચા, માતને તાત મેલ્યા, વિસારી; શિઘ્રવેગે ચલો, પિતરને જઈ મળો, પુત્રરત્ન પિતરને સૌખ્યકારી; મુ૦ ॥૨૪॥ સતરમી ઢાળ એ ખંડ ચોથે ભણી, દેશી કુંડખાતણી રાગ વિષમી; શ્રી શુભવીર સુણી ચિત્ત ઉલ્કંઠિયો, નવિ વિસરે જનને જન્મભૂમિ....મુ૦ ॥૨૫॥

॥ દુહા ॥

સાંભળી ત્રિનયના વચન, ચિંતે ચિત્ત કુમાર;
હું અવિનીત મા બાપને, દુઃખ દાયક ધિક્કાર. ॥૧॥
હરિબળ આદે શ્વસુર ઘણા, મેળવી પૂછે એમ;
સુજને વોળાવો તાકીદે, પિતરને મળીયે જેમ. ॥૨॥
માત પિતાની રજા વિના, નીકળીયો પરદેશ;
પુત્ર વિયોગે પિતરને, અહોનિશ હુવે કલેશ. ॥૩॥
તે માટે અમે ચાલશું, મ કરો ઘડીય વિલંબ;
એમ કહી વર મુહુર્ત લીયું, મળવાને નિજ અંબ. ॥૪॥

## ॥ ઢાળ ૧૮મી ॥

સાહેલાં હે....એ દેશી....

સાહેલાં હે સાસુ હવે વડી તીન, બીજી પણ સાસુ મળી હો લાલ, સા.; દીકરીયોને એમ શિખામણ દેતી વળી, હો લાલ. ॥૧॥ સા. સાસુ સસરા સેવ, પતિવ્રતા ધર્મ પાળજો હો લાલ; સા. બેટસુતા તજી ગર્વ, તાતનું કુળ અજૂઆળ જો હો લાલ. ॥૨॥ સા. શોકય સહોદરી તુલ્ય, જાણી રહો પ્રીતિ ઘણે હો લાલ; સા. ચંદ્રશેખરને એમ, સસરા મળી પ્રેમે ભણે હો લાલ. ॥૩॥ સા. પુત્રી જીવિતપ્રાય, તુમ હાથે થાપણ ઠવી હો લાલ; સા. સહુ પર ધરજો પ્રેમ, જો પણ પરણો નવ નવી હો લાલ. ॥૪॥ સા. એમ કહી ભૂષણ રત્ન-વસ્ત્રાદિક દીએ દીદાનમાં હો લાલ; સા. કુંવર સકળ સ્ત્રી સાથ, બેસે જઇ વૈમાનમાં હો લાલ. ॥૫॥ સા. નવશત ઉપર સોળ, ખેચરી પરણી સવિ મળી હો લાલ; સા. અક્ષૌહિણી એક

સૈન્ય, દાસ દાસી પરિકર મળી હો લાલ. ॥૬॥ સા. મોકલે કામો કામ, ખેચર એક દશ દાસીયો હો લાલ; સા. મૃગસુંદરીને ગામ, મેલજો ભૂચર નારીયો હો લાલ. ॥૭॥ સા. વેગે કુંવર ચલંત-બહુલ વિમાને પરિવર્યા હો લાલ; સા. પદ્મપૂરે આવંત, મૃગ-સુંદરી મેળો કર્યો હો લાલ, ॥૮॥ સા. નિજ નિજ સૈન્યે મળંત, રતિસુંદરી આદે બહુ હો લાલ; સા. બીજા પણ તિહાં રાય, ભેટણા કરી નમતા સહુ હો લાલ ॥૯॥ સા. દેવી વિસર્જી ત્યાંહિ, ત્રિલોચના કાશી ઘરે હો લાલ; સા. ભરૂઅચ્ચ રાય સમેત, ચાલંતા સવિ અંબરે હો લાલ. ॥૧૦॥ સા. કાશીવન પામંત, વધામણી નૃપને ગઈ હો લાલ; સા. મહસેન મુદિત નરેશ, આવ્યા સહુ ઉત્સુક થઈ હો લાલ. ॥૧૧॥ સા. જનકના નમતા પાય, ભૂતળ કુંવરી ઉતરી હો લાલ; સા. નયરી વારાણસી તામ, શણગારી કરી સુરપુરી હો લાલ. ॥૧૨॥ સા. રત્નવતી નિજ માય, પ્રથમ-પ્રિયા ગુણસુંદરી હો લાલ; સા. સુલોચના દિયે તાસ, રત્નભૂષણ પેટી ભરી હો લાલ. ॥૧૩॥ સા. દિવ્ય બનાવી મહેલ, ત્રિલોચના ગઈ નિજઘરે હો લાલ; સા. શણગારી ગજરત્ન, બેસી પુરમાં સંચરે હો લાલ. ॥૧૪॥ સા. નૃત્ય મહોત્સવ સાથ, રાજકચેરીએ ઉતર્યાં હો લાલ; સા. વિદ્યાધર સહુ સાથ, જમવાને ઘેર નોતર્યાં હો લાલ. ॥૧૫॥ સા. જનની ચરણ સરોજ, નમતા કુંવર હરખ ભરે હો લાલ; સા. પુત્રને દેઈ આશીષ, માતા શિરચુંબન કરે હો લાલ ॥૧૬॥ સા. વહુરો પાય પડંત, સાસુને પ્રથમ પ્રિયાતણે હો

લાલ; સા. નવ નવ ભેટ કરંત, પંથની વાત સકળ ભણે હો લાલ. ॥૧૭॥ સા. સાસુ વહુને દેઇ મહેલ, સસરાદિકને વિસર્જતા હો લાલ; સા. ધનસાગર નિજઘેર, સર્વવધૂને તેડતા હો લાલ. ॥૧૮॥ સા. ગણી નિજ પુત્રી સમાન, ખટરસ પાકે જમાડીયે હો લાલ; સા. વસ્ત્રાદિક બહુમાન, સાસરવાસો બહુ દીએ હો લાલ ॥૧૯॥ સા. સુરપરે સુખ વિલસંત, કેતા કાળ ગમાવંતા હો લાલ; સા. સ્થાપી કુંવરને રાજ્ય, મહસેન સ્વર્ગ સિધાવતા હો લાલ. ॥૨૦॥ સા. પૂર્વ-વચન સંકેત, રવિશેખરને તેડાવતા હો લાલ; સા. કરી મંત્રી સુરદેવ, સેનાપતિ કરી સ્થાપતા હો લાલ. ॥૨૧॥ સા. મંત્રી સેનાપતિ સૈન્ય, સાથે દંડ રતન ગ્રહી હો લાલ; સા. ત્રણે ખંડના રાય, સાધી ઘેર આવ્યા સહી હો લાલ. ॥૨૨॥ સા. સ્થાપી સોળ પટનારી, ભૂચરી અઠ અઠ ખેચરી હો લાલ; સા. સાસુને વસિ ચિત્ત, ચરિત્ર સુણી મૃગસુંદરી હો લાલ. ॥૨૩॥ સા. ક્ષણ એક ન રહે દૂરે, લાગ્યો રાગ અતિ તેહશું હો લાલ; સા. નિજ હાથે શણગાર, સાસુ ધરાવે નેહશું હો લાલ. ॥૨૪॥ સા. ભેળાં જમે કરે વાત, રત્નવતી મૃગસુંદરી હો લાલ; સા. માત સુતાથી અધિક, રાગદશા બની આકરી હો લાલ. ॥૨૫॥ સા. ચોથે ખડે એહ, ભાખી ઢાળ અઢારમી હો લાલ; સા. શ્રી શુભવીર વિનોદ, ગુણી સંગત ગુણીને ગમી હો લાલ. ॥૨૬॥

॥ દુહા ॥

રાજ્ય નિઃકંટક પાળતો, બહુલાં વર્ષ ગમંત;
એક દિન માઝી સમાસિરે, આઈ વધાઈ દેયંત. ॥૧॥

વિમળનાથ સંતાનીયા, વિમળમતિ અણગાર;
કેવળનાણી દ્રુમ વને, આવ્યા મુનિ પરિવાર. ॥૨॥
સાંભળી રાય વધામણી, દેઈ સજી તિણીવાર;
હય ગય રથશું નિકળ્યા, નમન જ્ઞાન ભંડાર. ॥૩॥
સર્વ વધુશું રતનવતી, સામઈસું સજી જાય;
કેવળી ચરણ નમી કરી, બેસે યથોચિત ઠાય. ॥૪॥
સુણવા વંછે ધર્મ નૃપ, ગુરૂ સન્મુખ સુવિનીત;
સૂરિ પણ તેહને દેશના, દીયે નય સમય વદીત. ॥૫॥

## ॥ ઢાળ ૧૯ મી ॥

ચિત્ત ચેતો રે.......એ દેશી.......

પ્રાણી જિનવાણી સુણો, ચિત્ત ચેતો રે, જ્ઞાન દશા દિલધાર, ચતુર ચિત્ત ચેતો રે; મોહની છાકે જે છકયા ચિ., તે રઝળે સંસાર....ચ૦ ॥૧॥ સંસાર ચરમજળધિ સમો ચિ૦, શ્રોતા વરત વિભેદ ચ૦; ભૂ જળ જવલન અનિલ તરૂ ચિ૦, એ ભવ રસના છેદ....ચ૦ ॥૨॥ નિઃકામ નિર્જરા યોગથી ચિ૦, વિગલ પણિંદી જાત ચ૦; નાસા નયન શ્રુતિ વિણુ ભજ્યો ચિ૦, લહી અજ્ઞાનનો ધાત....ચ૦ ॥૩॥ પંચેન્દ્રિય તિરિ નારકી ચિ૦, પરભવે દુઃખીયા દીન ચ૦; વિરતિહીન ગતિ દેવની ચિ૦, લોભ વિષય આધીન.... ચ૦ ॥૪॥ દશ દૃષ્ટાંતે દોહીલો ચિ૦, લહી માનવ અવતાર ચ૦; ગિરિસરીદુપલના ન્યાયથી ચિ૦, ચરમ-[1]દધિનો કિનાર....ચ૦ ॥૫॥ તેર મોહાદિક તસ્કરા ચિ૦, સંગે વળી ફરી જાય ચ૦; સુગુરુ ગિરા [2]નૌ

૧. સમુદ્ર ૨. નાવડી

લોકતાં ચિ૦, કેતા નયન ઠરાય....ચ૦ ॥૬॥ ભક્તિએ ગુરુ વયણા સુણી ચિ૦, તત્વરમણતા થાય ચ૦; મિથ્યાત્વબંધ શિથિલ હુવે ચિ૦, મોહનો છાક તે જાય....ચ૦ ॥૭॥ સમકિત લક્ષણ દિલ ધરી ચિ૦, તત્વત્રયી ફરસંત, ચ૦; દેશ સર્વ વ્રત [1]પોતમાં ચિ૦, નિરતિચારે ચઢંત....ચ૦ ॥૮॥ જ્ઞાન દશાએ જોવાતાં, ચિ૦, દેખે દોય તે પંથ ચ૦; હેયજ્ઞેય ઉપાદેયથી ચિ૦ શ્રાવક ને નિર્ગ્રંથ....ચ૦ ॥૯॥ જ્ઞાન ક્રિયા શિવસાધને ચિ૦ પણ ક્રિયા નિર્દોષ ચ૦; દગ્ધ શૂન્ય અવિધિ તજો ચિ૦, અતિ પ્રવૃત્તિ પોષ....ચ૦ ॥૧૦॥ નિશ્ચય નજર હૃદય ધરી ચિ૦, પાળે જે વ્યવહાર ચ૦; સ્વર્ગાદિક સુખ અનુભવી ચિ૦, પામે ભવનો પાર....ચ૦ દાનશીયલ તપ ભાવના ચિ૦, ધર્મના ચાર પ્રકાર ચ૦ તેહમાં મુખ્ય તે દાન છે ચિ૦ જ્ઞાન દાન અણગાર....ચ૦ ॥૧૨॥ નાણોપયોગે કેવળી ચિ૦, શિવ સમયે સાકાર ચ૦; કર્મનો ક્ષય જ્ઞાને હુવે ચિ૦, જ્ઞાની વડો સંસાર....ચ૦ ॥૧૩॥ નવવિધ પુણ્ય ગૃહસ્થને, ચિ૦, બીજે અંગ વિચાર ચ૦; અશન વસન આદે કહ્યાં ચિ., સંબંધી અણગાર....ચ૦ ॥૧૪॥ જેમ હરિનંદ રાજવી ચિ., દાન સુપાત્રે દીધ ચ.; વ્રત ધરી સુર સુખ અનુભવી ચિ.. પરભવ ઋદ્ધિ લીધ....ચ૦- ॥૧૫॥ પૂછે નૃપ તુમ મુખે ચઢયો ચિ. કોણ હરિનંદ નરેશ ચ.; ચિઉવિહ વાણીએ કેવળી ચિ , દેતાં તવ ઉપદેશ....ચ૦ ॥૧૬॥ હરિનંદરાય તિલકપુરે ચિ., રાણી છે તસ સાત ચ.; સુભદ્રા ને

૧. નાવડી

ધારિણી...ચિ૦, લક્ષ્મી લીલાવતી ખ્યાત....ચ૦ ॥૧૭॥ વિજયા જયા ને સુલોચના...ચિ૦, રાયને સહુશું નેહ ચ૦; સાતે રાણીશું એકદા ચિ૦, વનક્રીડા ગત તેહ.... ચ૦ ॥૧૮॥ તેણે સમે વનમાં સમોસર્યા...ચિ૦, ધર્મ-ઘોષસૂરિરાય...ચ૦; પંચસયાં પરિવારશું...ચિ૦, નૃપ બેસે નમી પાય....ચ૦ ॥૧૯॥ ધર્મ સુણી નૃપ રીઝીયો ...ચિ૦, સમકિતશું વ્રત બાર...ચ૦; રાણીયો સાથે ઉચ્ચરી...ચિ૦, પૂછંતો તેણીવાર....ચ૦ ॥૨૦॥ હેતુ કિશ્યે શ્યાં તપ કરે...ચિ૦, સૂરિ ભણે અરિહા ધ્યાન. ચ૦; મોહરાયને મારવા...ચિ૦, કરતાં મંત્રી વિધાન.... ચ૦ ॥૨૧॥ મમતા માયા નિવારીને...ચિ૦, તપ તપતા ધરી હામ...ચ૦; મણિ મોતી કનકનાં ભૂષણાં...ચિ૦, સમ સ્થાપન તમામ....ચ૦ ॥૨૨॥ કનકાવલી રત્ના-વલી...ચિ૦, મુક્તાવલી દોય હોય...ચ૦, ચક્રવાલ એકાવલી...ચિ૦, સિંહનિક્રીડિત દોય....ચ૦ ॥૨૩॥ પડિમા ધર આદે ઘણા...ચિ૦, જંગમ તીર્થ એહ...ચ૦; સાંભળી નૃપ ભક્તિ કરી...ચિ૦, સૂરિ પધરાવ્યા ગેહ.... ચ૦ ॥૨૪॥ લક્ષ કનક ચરણે ધરે...ચિ૦, રાણીએ પણ લક્ષ સાત...ચ૦; પડિલાભ્યા મુનિ પાંચશે...ચિ૦, અશન વસન બહુજાત....ચ૦ ॥૨૫॥ પુણ્ય અનંતુ બાંધીયું...ચિ૦, સાધારણ સહુ સાથ...ચ૦; વનમાં વિસર્જ્યા ઉત્સવે...ચિ૦, વળીયા નમી ગુરુનાથ....ચ૦ ॥૨૬॥ શ્રાવકના વ્રત પાળતાં...ચિ૦, જીવદયા ધરી ચિત્ત...ચ૦; અતિથિવ્રતે સુપાત્રને...ચિ૦, દાન દિયે બહુ નિત્ય....ચ૦ ॥૨૭॥ જીવ અમારી સ્વદેશમાં...ચિ૦,

વીત્યો કેટલો કાળ....ચં૦; આઉખે સહુ ઉપના.... ચિં૦, સોહમ સ્વર્ગ વિશાળ....ચં૦ ॥૨૮॥ સુલોચના ચવી સ્વર્ગથી....ચિં૦, ચંપાપુરી નૃપગેહ....ચં૦; પુત્રી મુનિ સાન્નિધે....ચિં૦, લીયે દીક્ષા ધરી નેહ....ચં૦ ॥૨૯॥ દેવી ત્રિલોચના તે થઇ....ચિં૦, ચરણ વિરાધક જેણ....ચં૦; કાળાંતર રાજા ચ્યવી....ચિં૦, ચંદ્રશેખર તમો તેણ....ચં૦ ॥૩૦॥ ગુણસુંદરી રતિસુંદરી....ચિં૦, સુભદ્રા ધારણી જીવ....ચં૦; ચંપકમાળા ખેચરી....ચિં૦ લીલાવતીનો જીવ....ચં૦ ॥૩૧॥ લક્ષ્મી ને જયસુંદરી....ચિં૦, બહેનો રતિ પ્રીતિ હોય....ચં૦; પન્નર પ્રશ્નોત્તર કરી....ચિં૦, જે તુમે પરણ્યા દોય....ચં૦ ॥૩૨॥ કનકાવતી તપસી સુતા....ચિં૦, થઈ વિજયાનો જીવ....ચં૦; દેખી તમે વન હીંચતી....ચિં૦, લાગ્યો રાગ અતીવ....ચં૦ ॥૩૩॥ પરભવ દાનાદિક થકી....ચિં૦, વિદ્યા ઋદ્ધિ બનાવ....ચં૦; ગુરૂમુખ સુણી સાતે લહ્યા....ચિં૦, જાતિ સમરણ ભાવ.... ચં૦ ॥૩૪॥ ચોથે ખંડે ઢાળ એ....ચિં૦, ઓગણીશમી કહી ખાસ....ચં૦; શ્રી શુભવીર નરેન્દ્રને....ચિં૦, પ્રગટયો જ્ઞાન પ્રકાશ....ચં૦ ॥૩૫॥

॥ દુહા ॥

એણીપરે દેઈ દેશના, જામ રહ્યા મુનિરાય;
તામ નરેશ્વર વિનવે, વિનયે પ્રણમી પાય. ॥૧॥

ચરણ ધરણ શકિત નહિં, મુજને સુણો મહારાજ;
ઉચિત કરણ તિણે ઉપદિસો, જિમ સવિ સીઝે કાજ. ॥૨॥

જ્ઞાની કહે સુણ રાજવી, આ ભવ ચરણ ન હુંત;
વ્રત દ્વાદશવિધ પાળતાં, વળી મુનિ દાન દિયંત. ॥૩॥

દેવલોક દશમે જશો, સકળ ધર્મ સહકાર;
તેણે પન્નર પટ્ટરાણીયો, તે પણ તિહાં અવતાર. ॥૪॥
નર સુર અંતર ભવ કરી, સાતમે ભવ શિવવાસ;
એણે સમે મૃગસુંદરી ભણે, ભૂપને ધરી ઉલ્લાસ. ॥૫॥
આ સંસાર દાવાનળે, નહિં સુખનો લવલેશ;
મુનિ સુખીયા સંસારમેં, ચિત્ત વસ્યો ઉપદેશ. ॥૬॥
હું નહિં રહું સંસારમેં, આપો રજા એણે ઠાય;
સાસુ રત્નવતી તદા, આવી એમ ઉચ્ચરાય. ॥૭॥

## ॥ ઢાળ ૨૦મી ॥

સાહેલડીયાની દેશી....

વત્સ સુકોમળ લઘુવયે, સુણો સુંદરી, સંયમ કેમ લેવાય? ગુણમંજરી; વદન [1]મદનદશને કરી, સુ., લોહચણા ન ચવાય....ગુણ૦ ॥૧॥ કાચી પાંખે ઉડવું સુ., ધરવો મેરૂભાર ગુ.; તરવો અંતિમ જળનિધિ સુ., તેહવાં મહાવ્રત ચાર....ગુણ૦ ॥૨॥ સંયમ અવસર જબ થશે સુ., પુત્રાદિક પરિવાર ગુ.; તુમે અમે તવ લેઇશું સુ., સાથે સંયમભાર....ગુણ૦ ॥૩॥ મૃગસુંદરી કહે સાસુને સુ., કાળ ભમે તનુચ્છાય ગુ.; ડાભ અણી જળબિંદુઓ સુ., ચંચળ નરનું આય.... ગુણ૦ ॥૪॥ સુખમાં વિઘ્ન કરે નહિં સુ., સાચા સજ્જન તેહ ગુ.; પંખી પણ વર્ષાસમે સુ., સુંદરતરૂ કરે ગેહ.... ગુણ૦ ॥૫॥ સંબળવિણ નવિ સંચરે સુ., પંથે પંથી ગમાર ગુ.; નિશિ તરૂમેળો પંખીનો સુ., પ્રાત દશોદિશિ ચાર....ગુણ૦ ॥૬॥ જેમ તીર્થમેળે મળે સુ., જન વાણિજની ચાહ ગુ.; કેઇ ટોટા કેઈ લાભને સુ.,

[1] મીણના દાંતથી

લેઈ લેઇ નિજગૃહ જાય....ગુણ૦ ॥૭॥ પંથશિરે પંથિ મળે સુ.. કરે પરસ્પર પ્રેમ ગુ.; રાત વસે પ્રહ ઉઠ ચલે સુ., નેહ નિવાહે કેમ ?....ગુ૦ ॥૮॥ માતપિતા સુત બાંધવા સુ., મેળો સ્ત્રી ભરતાર ગુ.; નહિં કોઈ કોઇનો સગપણે સુ., સ્વારથીયો સંસાર....ગુણ૦ ॥૯॥ ધન ઘર નારી વિસામણે સુ. સજ્જન ઠરે સ્મશાન ગુ.; ચય તનું આખર એકલો સુ., પરભવ જાય નિદાન.... ગુણ૦ ॥૧૦॥ સંસારમાયા કારમી સુ., વિરૂઆ વિષય-વિકાર ગુ.; જન્મ જરા મરણાદિકે સુ., શરણ ન કો સંસાર....ગુણ૦ ॥૧૧॥ ભવભયથી હું ઉભગી સુ., લેશું સંયમસાર ગુ.; બળીયાને અવલંબતા સુ., ઉતારે ભવપાર....ગુણ૦ ॥૧૨॥ નિશ્ચય લહી નૃપ સજ્જના સુ., ગુરૂ વંદી ઘર જાય ગુ.; તીર્થોદક જળ લાવીને સુ. દીક્ષાભિષેક કરાય....ગુણ૦ ॥૧૩॥ મૃગસુંદરી માતાપિતા સુ., તેડાવે તેણીવાર ગુ.; નિશિદિન વેગે ચાલતાં સુ., સયણ વર્ગ પરિવાર....ગુણ૦ ॥૧૪॥ સૈન્યસહિત તે ઉતર્યાં સુ., ગંગાનદઇ ઉપકંઠ ગુ.; પુત્રીશું માતા મળી સુ., રોતી મોકળે કંઠ....ગુણ૦ ॥૧૫॥ મૃગસુંદરી કહે માયને સુ., આ ભવ કેરી સગાઇ ગુ., ભવભવ સગપણ બહુ કર્યાં સુ., માત સુતા શી નવાઇ ?....ગુણ૦ ॥૧૬॥ માત પિતા સમ-જાવીને સુ., આવી સાસુ પાસ ગુ., અઠ્ઠાઈ મહોત્સવ જિનગૃહે સુ., નાચ પૂજા શુભવાસ....ગુણ૦ ॥૧૭॥ શિબિકા સુંદર રચી સુ., લગ્ન દિવસ શ્રીકાર ગુ.; સામંત શેઠ પટાવતની સુ., ત્રણશેં ક્ષત્રીનાર....ગુણ૦ ॥૧૮॥ ઘરઘરથી ઉત્સવ કરી સુ., આવી રાજદુવાર

ગુ.; ચંપકમાળાદિક ધરે સુ., મૃગસુંદરી શણગાર.... ગુણ૦ ॥૧૯॥ શાસનદેવી અપ્સરા સુ., ગાવે ગીત ઉત્સાહ ગુ.; સાસુ રોતી કર ધરી સુ., બેસારે શિબિકા-માંહ....ગુણ૦ ॥૨૦॥ બહુ શિબિકાએ પરવરી સુ., જંગમ મોહનવેલ ગુ.; અષ્ટમંગળ આગળ ચલે સુ., લોક જુવે રંગરેલ....ગુણ૦ ॥૨૧॥ છાબ ભરી ઉપ-ગરણની સુ., માંહે રહે લેઈ નાર ગુ.; ખેચરી દો ચામર કરે સુ., એક અરીસા ધાર....ગુણ૦ ॥૨૨॥ પૂર્ણ કળશ જળ ઝારીયો સુ., ઉંચી કરી [1]વિજયંત ગુ.; ઈંદ્રિ ધ્વજા પાવડી ધરા સુ., દાસી દાસ ચલંત.... ગુણ૦ ॥૨૩॥ લષ્ટિ કુંત ખડ્ગધરા સુ., ચામર ચાપ ને પાસ ગુ.; પૂગીફળ તાંબૂલગ્રહા સુ., ભાજન તૈલ સુવાસ....ગુણ૦ ॥૨૪॥ ચિત્રફલક હાંસીકરા સુ., મોરપિચ્છ વહેનાર ગુ.; વીણા વાજિંત્ર ગાયના સુ., યોગી જટા ધરનાર....ગુણ૦ ॥૨૫॥ કૌતુકીયા રણ હોંશીયા સુ., જય જય શબ્દ કરંત ગુ.; કુંતલ હય ગય રથ ચલે સુ., એકસય અડ સવિ તંત....ગુણ૦ ॥૨૬॥ ઘંટ ધ્વજા તોરણધરા સુ., વાજે બહુ વાજિંત્ર ગુ.; પગ પગ [2]ગૂડી ઉછળે સુ., બિરૂદ પઢંતે છાત્ર.... ગુણ૦ ॥૨૭॥ રાજેશ્વર ઇભ્ય તલવરા સુ., શેઠ સેના-પતિ દૂત ગુ.; સહસગમે રથ શોકયના સુ., ચાલે ભટ રજપૂત....ગુણ૦ ॥૨૮॥ કેતા નર કર વીંજણા સુ., પાત્ર નચે રહી પાટ ગુ.; મુખ મંગળીક નરા ભણે સુ., મૃગસુંદરી ગુણઘાટ....ગુણ૦ ॥૨૯॥ યાચક દાન અતુલ લીયે સુ. ધૂપઘટા મહકંત ગુ.; કંસતાલ ગ્રહી

૧ ધ્વજાઓ ૨ ધૂળ.

ધૂમતા સુ., આગે નિશાન ગજંત....ગુણ૦ ॥૩૦॥ કાશીમાંહે ચાલતાં સુ., જોતાં થુણતાં લોક ગુ.; કર-જોડીને પ્રણમતાં સુ., નરનારીના થોક....ગુણ૦ ॥૩૧॥ સાસુ ને ચંપકમાળા સુ., ઢાળે ચામર દોય ગુ.; ખેચર જન મુકતાફળે સુ., વધાવતાં મુખ જોય....ગુણ૦ ॥૩૨॥ દેવ દેવી ગગને જુવે સુ.; પગ ધરવા નહિં ઠામ ગુ.; વરઘોડો જઈ ઉતર્યો સુ., જિહાં મુનિ મનવિશ્રામ.... ગુણ૦ ॥૩૩॥ રાય શિબિથી ઉતારીને સુ., કેવલીને વદંત ગુ.; રત્નવતી ગદગદ સ્વરે સુ., કેવળીને ભાસંત....ગુણ૦ ॥૩૪॥ રાજધાની ત્રણ ખંડની સુ., મધ્યે રત્ન એ નાર ગુ.; તુમ હાથે થાપણ ઠવી સુ., લેવા ચરણ હુંશીયાર....ગુણ૦ ॥૩૫॥ નિજ હાથે ઉતારતી સુ., ભૂષણ વસ્ત્ર અશેષ ગુ.; મહત્તરીકા આવી તે લહે સુ., દેતી શુભ ઉપદેશ....ગુણ૦ ॥૩૬॥ વેશ દીયે શાસનસુરી સુ., ઉચ્ચરે મહાવ્રત ચાર ગુ.; વાસક્ષેપ કરે કેવળી સુ., સાસુ આંસુધાર....ગુણ૦ ॥૩૭॥ કેવળીને એમ વિનવે સુ., ઇહાં રહો પંચરાત ગુ.; પલક કરી નથી વેગળી સુ., વિરહ ખમ્યો નવિ જાત....ગુણ૦ ॥૩૮॥ મૃગસુંદરી ચરણે નમે સુ., ચંદ્રશેખર નૃપ સાથ ગુ.; કોઇ દિન દર્શન આપજો સુ., નૃપ વંદે જોડી હાથ....ગુણ૦ ॥૩૯॥ સાસુ કહે વત્સ ! સાંભળો સુ., તું દેહે સુકુમાળ ગુ.; ફૂલનો ભાર ન શિર વહે સુ., કેમ વહો મેરૂભાર ?....ગુણ૦ ॥૪૦॥ પણ તું ત્રિહું પખ ઉજળી સુ., ચોથો ગુરૂકુલ વાસ ગુ.; દીક્ષા તુજ દુક્કર નહિં સુ., પણ મુજ કીધ નિરાશ....ગુણ૦ ॥૪૧॥ તું નિઃસ્નેહી થઇ ચલી સુ.,

મુજ તરછોડી હાથ ગુ.; જાઇશ ઘેર કેમ એકલી સુ., ભોજન કરૂં કીણુ સાથ?....ગુણુ૦ ॥૪૨॥ નીરાગી થઇ નીકળ્યા સુ., પણુ વરસે એકવાર ગુ.; રત્નવતી મુજ સાસુને સુ., સંભારજો ધરી પ્યાર....ગુણુ૦ ॥૪૩॥ આ વનમાં નથી આવવું સુ., શત્રુસમ વન એહ ગુ.; જોતી ને રોતી વળી સુ., વહુરોશું ગઈ ગેહ....ગુણુ૦ ॥૪૪॥ પણુ રતિ ન લહે એક ઘડી સુ., જઈ સમજાવે નરિંદ ગુ.; તો પણુ ભોજન નવિ કરે સુ., નાઠી નયણે નિંદ....ગુણુ૦ ॥૪૫॥ રાતિ સમે ચિત્ત ચિંતવે સુ., ગઈ મૃગલી વનવાસ ગુ.; ભૂમિશયન શીતભોજને સુ., નહિં કોઇ સેવક પાસ....ગુણુ૦ ॥૪૬॥ બાળપણે એ ગુણવતી સુ., દુક્કર સાધન કીધ ગુ.; વૃદ્ધપણે હું ઘર રહી સુ., અવસર ચરણુ ન લીધ....એ ગુણુ૦ ॥૪૭॥ લીલાં જવ [1]અજભક્ષણે સુ., સૂકો ગાયને ઘાસ ગુ.; ગાય સ્વસ્થા સુખ ભજે સુ., પામ્યો છાગ વિનાશ....ગુણુ૦ ॥૪૮॥ ગાયસમી મૃગસુંદરી સુ., ફાસું ખાશે ધાન્ય ગુ.; સ્વર્ગતણાં સુખ પામશે સુ., હું અજપરે દુઃખ ખાણુ....ગુણુ૦ ॥૪૯॥ રાગ કરી અંતે તજી સુ., મુજને પડો ધિક્કાર ગુ.; રવિ ઉદયે ભેગી મળું સુ., લેઉં સંયમ સાર....ગુણુ૦ ॥૫૦॥ ચિંતવી રાયને તેડીયા સુ., કહે સુણો મુજ વાત ગુ.; કરો સજાઇ ચરણુની સુ.; અમે ઇહાં આજ રાત.... ગુણુ૦ ॥૫૧॥ એહ અમ હુકમ ન ફેરવો સુ., સુજ્ઞ છો પુત્ર સુજાણુ ગુ.; ગામ વહુ સહુ જાગીયા સુ., પસરી સઘળે વાત....ગુણુ૦ ॥૫૨॥ પ્રભાતે ઉત્સવ

૧ બોકડો.

કરી સુ., માતાએ દીક્ષા લીધ ગુ., પૂર્વ દીક્ષિત સહુ પરિકરે સુ., ગુરૂએ વડેરી કીધ....ગુણ૦ ॥૫૩॥ ગુરૂ-કુળવાસે વિચરતાં સુ., તપ જપ જ્ઞાનને ધ્યાન ગુ.; બીહુ જણ સમ સમયક્રિયા સુ., એક સુરત દોય કાન....ગુણ૦ ॥૫૪॥ ઉપશમ શ્રેણિએ બિહું ચઢચાં સુ., કાળાંતર કરી કાળ ગુ.; સર્વાર્થ સિદ્ધે ગયાં સુ., પામ્યાં સુખ વિશાળ....ગુણ૦ ॥૫૫॥ નૃપ પણ પૂરણ આઉખે સુ., પામ્યા પ્રાણુત સ્વર્ગ ગુ.; કેવળી વચને પામશે સુ., ચરણ ધરી અપવર્ગ....ગુણ૦ ॥૫૬॥ ચોથે ખંડે પૂર્ણ થઈ સુ., વીશમી ઢાળ રસાળ ગુ.; શ્રી શુભવીર વચને હજો સુ., ઘર ઘર મંગળ-માળ....ગુણ૦ ॥૫૭॥

॥ દુહા ॥

ચંદ્રશેખર નૃપની કથા, ભાખી શ્રી જિનવીર;
જીવ ભવિક સુણી વ્રત ધરી, પામ્યા ભવજળ તીર ॥૧॥
સભા વિસર્જી લોક સહુ, પહોતા નિજ નિજ ઠાણ;
પ્રભુ પણ વિચર્યા ભૂતળે, ભવિકજ વિકસત ભાણ ॥૨॥

अथ कलश

॥ તૂઠો તૂઠો રે મુજ સાહિબ જગનો તૂઠો...એ દેશી ॥

સેવો સેવો રે, શંખેશ્વર સાહિબ સેવો, પુરિ-સાદાણી પાસ કહાવે, દુનિયામાં દેવ ન એવો; સુરસેના જીતી લઘુ વયમાં, માય કહે ચિરંજીવો રે....શંખે૦ ॥૧॥ યાદવલોકની જરા નિવારી, જબ પ્રગટચો જગદીવો; રોગ વિઘન હરવા સુખ કરવા, નામ સુધારસ પીવો રે....શંખે૦ ॥૨॥ સિદ્ધસેનસૂરિ વિક્રમ-

બોધન, એ પ્રભુસ્તવન ઉખેવો; શિવપિંડી ફાટી સ્તવ કરતાં, પાર્શ્વપ્રભુ પ્રગટેવો રે....શંખે૦ ॥૩॥ જળ નિધિ સુર વૈમાનિક પૂજી, કેતા કાળ નાગદેવો; કાળ અસંખ્ય થયો પડિમાને, પણ મહિમા છે તેહવો રે....શંખે૦ ॥૪॥ જિન ગુરૂ જનની સરસતી સમરી, પાસજી પંચમ લેવો; એ પરમેષ્ઠી પસાયે, ઉદ્યમ કૃત સફળેવો રે....શંખે૦ ॥૫॥ રયણકથા કોશે જ્ઞાનસાગર, સૂરિ રચનાએ ભરેવો; અલ્પ લઘુતર ચરિત્ર મનોહર, દેખી ચિત્ત ઉલ્લસેવો રે....શંખે૦ ॥૬॥ ચર્મ રતન ચક્રી કર ફરસે, દ્વાદશ યોજન ચાવો; હય ગય રથ ભટ સુખમાં માહાલે, હોવે સૈન્ય જમાવો રે....શંખે૦ ॥૭॥ એણી વિધિ શ્રુતપદ ઉક્તિ સુયુક્તિ, ફરસીને વિસ્તર થેવો; શ્રવણરસિક શ્રોતા મન હીસે, તો શ્રમ સફળ ગણેવો રે....શંખે૦ ॥૮॥ એક શ્રુતપદનો અર્થ અનંતો ભાખે ગણધર દેવો; પંચાંગી પરમાણે સાચો, ભવભીરૂ મન લાવો રે....શંખે૦ ॥૯॥ મંદમતિએ મૂર્ખ ટોળો, બોલે [1]કનકભખી જેવો; ત્રિપદી થકી કિમ ગણધર રચીયાં, આગમ અમૃતમેવો રે....શંખે૦ ॥૧૦॥ ટીકા ચૂર્ણિ ભાષ્ય નિર્યુક્તિ, ગ્રંથ ચરિત્ર બનાવો; કર્ત્તા સૂરિ પંડિતને લોપે, તાસ નિગોદ વસાવો રે....શંખે૦ ॥૧૧॥ પંડિત રચના [2]આલીશ હેલે, અજ્ઞાનગર્વ ભરેવો; કંચુકી કારણ નિંદે કૃશાંગી, જાણે ન ગર્ભ ધરેવો રે....શંખે૦ ॥૧૨॥ જેમ કપિ ગુંજાપુંજ કરીને, અગ્નિ જ્યું શીત મિટેવો; પથ નરદત્ત કપિકુળ સંગે, શીતાર્ત્તે ન ગમેવો રે....શંખે૦ ॥૧૩॥ ગ્રંથે ન કુશળ

૧ ધતુરો ખાનાર, ૨ મૂર્ખ,

[૧]મૂશળમતિ બોલે, માણેક મૂલ ન ઠાવો; બહુશ્રુત સુવિહિત નયણે જોશે, તવ અમ શ્રમ સફળેવો રે.... શંખે૦ ॥૧૪॥ પંડિત આગે શ્રોતારાગે, સુંદર શાસ્ત્ર સુણાવો; વિસ્તરશે વટશાખા પુણ્યની, લેશે શિવફળ મેવો રે....શંખે૦ ॥૧૫॥ પુણ્ય માર્ગ શ્રુત ગુણતાં જાણે, જાણે પાપ ફળેવો; જાણે ઉભય સદ્‌ગુરૂમુખથી, તિહાં શુભફળ દાયક સેવો રે....શંખે૦ ॥૧૬॥

॥ अथ प्रशस्ति ॥

॥ રાગ ધનાશ્રી ॥

તપગચ્છનંદન દેવતરૂપમ- વિજયદેવસૂરિરાયા જી; નામ દશોદિશ જેહનું ચાવું- ગુણિજન વૃંદે ગાયા જી; વિજય સિંહસૂરિ તસ પટધર- કુમતિમાતંગ સિંહો જી, તાસ શિષ્ય સૂરિપદ લાયક- લક્ષણ લક્ષિત દેહો જી. ॥૧॥ સંઘ ચતુર્વિધ દેશવિદેશી- મળીયા તિંહા સંકેતે જી, વિવિધ મહોત્સવ કરતા દેખી- નિજ સૂરિપદને હેતે જી, પ્રાયઃ શિથિલ મુનિ બહુ દેખી, મન વૈરાગ્યે વાસી જી, સૂરિવર આગે વિનય વિરાગે- ચિત્તની વાત પ્રકાશી જી. ॥૨॥ સૂરિપદવી નથી લેવી સ્વામી- કરશું ક્રિયા ઉદ્ધાર જી, સૂરિ ભણે આ ગાદી છે તુમચી- તુમ વશ ગચ્છ અણગાર જી; એમ કહી સ્વર્ગ સિધાવ્યા સૂરિવર- સંઘને વાત સુણાવી જી, સત્યવિજય પંન્યાસની આણા- મુનિગણમાં વરતાવી જી. ॥૩॥ સંઘની સાથે તેણે નિજ હાથે- વિજયપ્રભસૂરિ સ્થાપી જી, રંગિત વસ્ત્ર લહી જગ વંદે- ચૈત્ય ધ્વજાએ લક્ષી જી; સૂરિ પાઠક રહે સન્મુખ

૧ સાંબેલાસરિખી બુદ્ધિ,

ઉભા, વાચક જસ તસ પક્ષી જી. ॥૪॥ મુનિ સંવેગી ગૃહી નિર્વેદી- ત્રીજો સંવેગ પાખી જી, મુક્તિ માર્ગ એ ત્રણે કહીએ- જિહાં સિદ્ધાંત છે સાખી જી, આર્ય-**સુહસ્તી**સૂરિ જેમ વંદે- આર્ય મહાગિરિ દેખી જી, **દો** તિન પાટ રહી મર્યાદા- પણ કળિયુગ વિશેખે જી. ॥૫॥ અહિલ જલાશી જનતા પાસી- નૃપ મંત્રી પણ ભળીયા જી, સત્યવિજય ગુરૂ શિષ્ય બહુશ્રુત- કપૂર-વિજય મતિ બળીયા જી. તાસ શિષ્ય શ્રી ક્ષમા વિજય બુધ- વિદ્યા શક્તિ વિશાળી જી, જાસ પસાએ જગતમાં ચાવો- કપૂરચંદ ભણશાળી જી. ॥૬॥ તાસ શિષ્ય શ્રી સુજસ વિજય બુધ- તાસ શિષ્ય ગુણવંતા જી, ી શુભવિજય વિજય જસ નામે- જે મહિમાંહિ હંતા જી; પંડિત વીરવિજય તસ શિષ્યે- ચિત્ત ત્તિ ઉલ્લાસે જી, ચંદ્રશેખરનૃપ ગુણમણિમાળા- ગુંથી આ રાસે જી. ॥૭॥ સંવત ઓગણીશ સય દોય સે (૧૯૦૨), વિજયાદશમી પ્રસિદ્ધિ જી, રાજનગરમાં ચોમાસું, રાસની રચના કીધી જી; વિજયદેવેન્દ્ર-સામ્રાજ્યે- ભાખ્યો વ્રત આચારો જી; દક્ષ પરીક્ષક જો સુણશે- તો શ્રમ સફળ અમારો જી. ॥૮॥ સોહમપતિ ઇંદ્રને નંદન- નામે રાજ જયંતા જી, રાજેશ્રી શેઠ હેમાભાઈ- તસ નંદન ગુણવંતા જી; વરાજપદે પદલાયક- પ્રેમાભાઈ બીરાજે જી, રાસ મેં રચના કીધી- તેહને સુણવા કાજે જી. ॥૯॥ સફળતા શ્રવણે સુણતાં- ભણતાં સફળ તે જીહા ણીજન ગોઠે ગુણીગુણ હોઠે- સફળ જન્મ ને ?; જે ભાવે એ ભણશે ગણશે, શ્રવણ ધરી

સાંભળશે જી, શ્રદ્ધા ભાસન તત્ત્વરમણતા– સીંચત તરૂ વ્રત ફળશે જી. ॥૧૦॥ દેહ નિરામય સ્નેહી સુખાશ્રય– અશન સુધામય કરશે જી, મંદરીએ પગપગ ઝળકંતી– કમળા ચપળા વરશેજી; પુત્ર પવિત્ર કલત્ર વિચિત્રા– નેત્રાનંદે વિચરશે જી; વાજી રાજિ વિરાજિત બંધુર– સિંધુર ચઢી સંચરશે જી. ॥૧૧॥ પ્રતિદિન આનંદ સંદોહ પામી– રત્નમહેલમેં સહેલ કરશે જી, જિન ગુરૂ ગીત ગાન નૃત્યશાળા– મંગળિક માળા વરશે જી; ભવ તરશે સવિ પાતક– સ્નાતક પદ અનુ-સરશે જી, સુખભર શિવસુદરી વરમાળા– વિમળા કંઠે ધરશે જી૦ ॥૧૨॥

इति श्रीमत्तपागच्छे भट्टार्के श्री विजयसिंहसंतानीय पंडित श्री १०८ पंडितश्री शुभविजयगणिशिष्यभुजिष्य पंडितश्री वीरविजयगणि-विरचिते श्री चंद्रशेखरचरित्रे प्राकृतप्रबंधे पंचदशप्रश्नोत्तरार्थकथनेन रतिसुंदरीप्रीतिसुन्दर्योः करग्रहण–क्षेत्रपालवशीकरण–शृंगदत्तकथा-श्रवण – द्विजपत्नीकुलटाप्रबंधकथन – सुदर्शनकुंवरोपनयप्रकाशन – तापसपुत्रीकनकावतीविमला पाणिग्रहण–त्रिलोचनावचनेन मातृ-पितृमीलन–स्वर्गगमननामा चतुर्थः खंडः संपूर्णः ॥४॥ सर्वगाथा ॥८४०॥ प्रथमखंडगाथा ॥२८२॥ द्वितीयखंडगाथा ॥३६३॥ तृतीयखंड-गाथा ॥७५८॥ चतुःखंडानां मिलित्वा गाथा ॥२२४३॥ समाप्तोऽयं ग्रन्थः ॥ सर्वाग्रश्लोकसंख्याप्रमाण ॥२९९१॥ सर्वढाल ॥५७॥ कलशः ॥

## ઇતિ શ્રી ચન્દ્રશેખરનૃપરાસઃ સંપૂર્ણઃ

## શ્રી શાસનકંટકોદ્ધારકસૂરિજી જૈન જ્ઞાન મંદિરનું

# નવું પ્રકાશન

શ્રી તાલધ્વજગિરિ-તલાજા તીર્થે વિ. સં. ૨૦૪૧ ના અષાડ શુદિ ૫ ને રવિવારે દીર્ઘસંયમી પ્રૌઢ સંયમમૂર્તિ પૂજ્ય સાધ્વીજી શ્રી અંજનાશ્રીજી મહારાજ શ્રી ચતુર્વિધ સંઘની નિર્યામણા સાથે સમાધિ પૂર્વક સ્વર્ગવાસ પામ્યા હતા. તેઓશ્રીના પુણ્ય સ્મારક રૂપે-

## પૂ. સાધ્વીજી શ્રી અંજનાશ્રીજી સ્મારક ગ્રંથમાળા

તરફથી જુના અને અપ્રાપ્ય રાસાઓ છપાવવાની જ્યોતિર્વિદ પૂ. પં. શ્રી નરેન્દ્રસાગરજી મ. તથા પૂ. સાધ્વીજી શ્રી વિદ્યાશ્રીજી મ. ને ભાવના થતાં તેઓશ્રીની પ્રેરણાથી અમોએ આ નવું પ્રકાશન શરૂ કર્યું છે. અને નીચે જણાવ્યા મુજબ રાસમાલા સંગ્રહના બે ભાગ પ્રસિદ્ધ થયા છે. કોપી મર્યાદીત હોવાથી તુરત વસાવી લેવા વિનંતિ છે.

### શ્રી રાસમાલા સંગ્રહ ભાગ ૧ લો. રૂ. ૫-૦૦

૧-મહાસતી શ્રી અંજનાસુંદરીનો રાસ, ૨-શ્રી ગૌતમ પૃચ્છા ચોપાઇ, ૩-કર્મવિપાક અથવા શ્રી જંબૂપૃચ્છાનો રાસ, ૪-શ્રી લીલાવતી રાણી-સુમતિવિલાસનો રામ.

### શ્ર રાસમાલા સંગ્રહ ભાગ ૨ જો. રૂ. ૫-૦૦

૧-શ્રી કયવન્ના શાહનો રાસ, ૨-શ્રી ધન્નાશાલિભદ્રનો રાસ

### શ્રી રાસમાલા સંગ્રહ ભાગ ૩ જો. રૂ. ૧૦-૦૦

ગ્રહ ભાગ ૧ લો. રૂ.

૧-શ્રી ચંદ્રશેખર રા

નાસુંદરીનો રાસ, ૨-શ્રી ગૌતમ પૃ

### શ્રી રાસમાલા સ ... -૦૦

ક અથવા શ્રી જંબૂપૃચ્છાનો

૧-શ્રી મહાબલ-મ

-સુમતિવિલાસનો રામ.

ભાગ ૨ જો. રૂ

**શ્રી શાસનકંટકોદ્ધારકસૂરિજી જૈન જ્ઞાન મંદિર**

જી. ભાવનગર, વાયાઃ તળાજા, મુ. ઠળીયા.